**સન ૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૭.**

## ગુજરાત સમાન નાગરિક સંહિતા, ૨૦૨૬.

### અનુક્રમણિકા


| કલમો | વિગત |
|---|---|
| | **પ્રારંભિક** |
| ૧. | ટૂંકી સંજ્ઞા, આરંભ અને વ્યાપ્તિ. |
| ૨. | અનુસૂચિત આદિજાતિને અને વ્યક્તિઓના અમુક અન્ય જૂથોને આ સંહિતા લાગુ નહિ પડવા બાબત. |
| ૩. | વ્યાખ્યા. |
| | **ભાગ-૧**<br>**લગ્ન અને છૂટાછેડા** |
| | **પ્રકરણ-૧**<br>**લગ્નની વિધિ / લગ્નના કરાર કરવા માટેની શરતો** |
| ૪. | માન્ય લગ્ન માટે જરૂરી શરતો. |
| ૫. | લગ્ન માટેના સમારોહ. |
| | **પ્રકરણ – ૨**<br>**લગ્ન અને છૂટાછેડાની નોંધણી** |
| ૬. | આ સંહિતાના આરંભ પછી વિધિવત કરેલા / કરાર કરેલા લગ્નની ફરજિયાત નોંધણી બાબત. |
| ૭. | આ સંહિતાના આરંભ પહેલાં વિધિવત કરાયેલા/ કરાર કરાયેલા લગ્નની નોંધણી બાબત. |
| ૮. | આ સંહિતાના આરંભ પછી આખરી થયેલા છૂટાછેડા અથવા (લગ્ન) રદ કરવાના હુકમનામાની નોંધણી બાબત. |
| ૯. | આ સંહિતાના આરંભ પહેલાં આખરી થયેલા છૂટાછેડા અથવા (લગ્ન) રદ કરવાના હુકમનામાની નોંધણી બાબત. |
| ૧૦. | કલમ ૬ અને કલમ ૭ હેઠળ લગ્નની નોંધણી માટેની મુદત અને કાર્યરીતિ. |

| | |
|---|---|
| ૧૧. | કલમ ૮ અને કલમ ૯ હેઠળ છૂટાછેડા અથવા (લગ્ન) રદ કરવાના હુકમનામાની નોંધણી માટેની મુદત અને કાર્યરીતિ. |
| ૧૨. | રજિસ્ટ્રાર જનરલ અને રજિસ્ટ્રારની નિમણૂક. |
| ૧૩. | કલમ ૧૦ અથવા કલમ ૧૧ હેઠળ યાદી પ્રાપ્ત થયેથી કાર્યવાહી કરવા બાબત. |
| ૧૪. | નોંધણીનો અસ્વીકાર કરવા સામે અપીલ. |
| ૧૫. | રજિસ્ટરનું નિરીક્ષણ. |
| ૧૬. | અમુક દસ્તાવેજોનું પુરાવાકીય મૂલ્ય. |
| ૧૭. | ઉપેક્ષા અથવા ખોટા નિવેદન માટે દંડ.. |
| ૧૮. | નોંધણી ન કરાવવાના કિસ્સામાં કાર્યરીતિ. |
| ૧૯. | રજિસ્ટ્રારની નિષ્ક્રિયતા માટે શિક્ષા અને આવી શિક્ષા સામે અપીલ. |
| ૨૦. | નોંધણી ન કરાવવાથી લગ્ન અમાન્ય ગણાશે નહિ. |
| ૨૧. | લગ્ન નોંધણી પ્રમાણપત્રની ખરાઈ અંગે નોકરીએ રાખનાર, વગેરેની જવાબદારી. |
| ૨૨. | રજિસ્ટર ગુપ્ત રાખવા, તેનો નાશ કરવા અથવા તેમાં ફેરફાર કરવા બદલ શિક્ષા. |
| ૨૩. | રજિસ્ટ્રારને જાહેર સેવક ગણવા બાબત. |
| ૨૪. | રજિસ્ટ્રારને જાહેર સેવક ગણવા બાબત. |
| ૨૫. | આદેશો આપવાની રાજ્ય સરકારની સત્તા. |
| | **પ્રકરણ – 3**<br>**દાંપત્ય અધિકારોની પુનઃસ્થાપના અને ન્યાયિક (આંશિક) લગ્ન-વિચ્છેદ** |
| ૨૬. | દાંપત્ય અધિકારોનું પુનઃસ્થાપન. |
| ૨૭. | ન્યાયિક લગ્ન-વિચ્છેદ. |
| | **પ્રકરણ – ૪**<br>**લગ્ન અને છૂટાછેડા રદ કરવા બાબત** |
| ૨૮. | રદબાતલ લગ્નો. |
| ૨૯. | રદ કરવા યોગ્ય લગ્નો. |
| 30. | લગ્ન રદ કરવા માટેના હુકમનામા માટે અરજી દાખલ કરવા અંગેની મર્યાદાઓ. |
| ૩૧. | છૂટાછેડા. |
| ૩૨. | છૂટાછેડાની કાર્યવાહીમાં વૈકલ્પિક રાહત. |
| ૩૩. | પરસ્પર સંમતિથી છૂટાછેડા. |
| ૩૪. | લગ્નના એક વર્ષની અંદર છૂટાછેડા માટેની અરજી પર પ્રતિબંધ. |

| | |
|---|---|
| ૩૫. | લગ્ન-વિચ્છેદ પર પ્રતિબંધ. |
| ૩૬. | છૂટાછેડા અથવા લગ્ન રદ કરવાનું હુકમનામું કરવામાં આવ્યું હોય, ત્યારે વ્યક્તિનો પુનર્લગ્ન કરવાનો અધિકાર. |
| ૩૭. | રદબાતલ અને રદ કરવા યોગ્ય લગ્નોના બાળકોની કાયદેસરતા. |
| ૩૮. | અમુક જોગવાઈઓના ઉલ્લંઘન બદલ શિક્ષા. |
| | **પ્રકરણ – ૫**<br>**આનુષંગિક કાર્યવાહી** |
| ૩૯. | દાવો પડતર હોય તે દરમિયાન (Pendent lite) ભરણપોષણ અને કાર્યવાહીનું ખર્ચ. |
| ૪૦. | કાયમી નિર્વાહ-ખર્ચ અને ભરણપોષણ. |
| ૪૧. | બાળકોની કસ્ટડી અને સંભાળ. |
| ૪૨. | મિલકતનો નિકાલ. |
| | **પ્રકરણ – ૬**<br>**હકૂમત અને કાર્યરીતિ** |
| ૪૩. | જ્યાં અરજી રજૂ કરવામાં આવશે તે કોર્ટ. |
| ૪૪. | આ ભાગ હેઠળના નિવેદનો. |
| ૪૫. | આ ભાગ હેઠળની કોર્ટની કાર્યવાહીઓ માટેની કાર્યરીતિ. |
| ૪૬. | અમુક કિસ્સાઓમાં અરજીઓ તબદીલ કરવાની સત્તા. |
| ૪૭. | આ ભાગ હેઠળ અરજીઓની અદાલતી કાર્યવાહી અને તેના નિકાલને લગતી ખાસ જોગવાઈ. |
| ૪૮. | દસ્તાવેજી પુરાવા. |
| ૪૯. | કાર્યવાહીમાં હુકમનામું. |
| ૫૦. | છૂટાછેડા અને અન્ય કાર્યવાહીમાં પ્રતિવાદીને રાહત. |
| ૫૧. | શિક્ષા કરવાની સત્તા અને તે માટેની કાર્યરીતિ. |
| | **પ્રકરણ – ૭**<br>**પૂરક જોગવાઈઓ** |
| ૫૨. | હુકમનામા અને હુકમોમાં અપીલ. |
| ૫૩. | હુકમનામા અને હુકમોનો અમલ. |
| ૫૪. | નિયમો કરવાની સત્તા. |
| | **ભાગ – ૨** |

| | |
|---|---|
| | **વારસાહક (ઉત્તરાધિકાર)** |
| | **પ્રકરણ – ૧**<br>**બિન-વસિયતી વારસાહક** |
| **૫૫.** | વારસાહકના સામાન્ય નિયમો. |
| **૫૬.** | વારસાહકની રીત. |
| **૫૭.** | વર્ગ-૧-ના વારસદારો વચ્ચે મિલકતની વહેંચણી. |
| **૫૮.** | વર્ગ-૨-ના વારસદારો વચ્ચે મિલકતની વહેંચણી. |
| **૫૯.** | અન્ય સંબંધીઓ વચ્ચે મિલકતની વહેંચણી. |
| **૬૦.** | પેઢીઓની ગણતરી. |
| **૬૧.** | ગર્ભમાંના બાળકનો અધિકાર. |
| **૬૨.** | એક સાથે થયેલા મૃત્યુના કિસ્સાઓમાં અનુમાન. |
| **૬૩.** | પુનર્લગ્ન કર્યેથી ગેરલાયકાત. |
| **૬૪.** | ખૂનીને ગેરલાયક ઠરાવવા બાબત. |
| **૬૫.** | વારસદાર ગેરલાયક ઠરે ત્યારે વારસાહક. |
| **૬૬.** | રોગ, ખામી અથવા ખોડખાંપણને  કારણે ગેરલાયક ઠરાવવામાં આવશે નહીં. |
| | **પ્રકરણ – ૨**<br>**વસિયતી વારસાહક** |
| **૬૭.** | વસિયત કરવા સક્ષમ વ્યક્તિ. |
| **૬૮.** | કપટથી, બળજબરીથી અથવા દુરાગ્રહથી મેળવેલી વસિયત. |
| **૬૯.** | વસિયત રદ કરી શકાશે અથવા તેમાં ફેરફાર કરી શકાશે. |
| **૭૦.** | વસિયત તૈયાર કરવા બાબત. |
| **૭૧.** | સંદર્ભ દ્વારા કાગળોનો સમાવેશ. |
| **૭૨.** | હિતને કારણે અથવા અમલકર્તા હોવાને કારણે સાક્ષીને ગેરલાયક ઠેરવવામાં આવશે નહિ. |
| **૭૩.** | વસિયત અથવા પૂરક વસિયતનામું રદ કરવા બાબત. |
| **૭૪.** | બિન-વિશેષાધિકાર પ્રાપ્ત વસિયતમાં કોઈ મજકૂર ભૂંસી નાખવાની, તેની લીટીઓની વચ્ચે કોઈ મજકૂર લખવાની અથવા તેમાં ફેરફારની અસર. |

| | |
|---|---|
| ૭૫. | બિન-વિશેષાધિકારપ્રાપ્ત વસિયતનામું તાજું કરવા બાબત. |
| ૭૬. | વસિયતના શબ્દો. |
| ૭૭. | વસિયત મેળવનાર અથવા તેના વિષય અંગેના પ્રશ્નો અંગે નિર્ણય કરવા માટેની તપાસ. |
| ૭૮. | (વારસો) મેળવનારનું ખોટું નામ અથવા ખોટું વર્ણન. |
| ૭૯. | શબ્દોની પૂર્તિ ક્યારે કરી શકાય. |
| ૮૦. | વિષયવસ્તુના વર્ણનમાંની ખોટી વિગતોને અગ્રાહ્ય રાખવા બાબત. |
| ૮૧. | ક્યારે વર્ણનનો ભાગ ભૂલભરેલો ગણીને અગ્રાહ્ય રાખી શકાય નહિ. |
| ૮૨. | પ્રત્યક્ષ અસ્પષ્ટતાના કિસ્સાઓમાં બાહ્ય પુરાવાની ગ્રાહ્યતા. |
| ૮૩. | પ્રત્યક્ષ સંદિગ્ધતા અથવા ખામીના કિસ્સામાં બાહ્ય પુરાવાની અગ્રાહ્યતા. |
| ૮૪. | ખંડનો અર્થ સમગ્ર વસિયતમાંથી નક્કી કરવા બાબત. |
| ૮૫. | શબ્દોને ક્યારે મર્યાદિત અર્થમાં સમજી શકાય અને ક્યારે સામાન્ય કરતાં વધુ વ્યાપક અર્થમાં સમજી શકાય. |
| ૮૬. | બે શક્ય અર્થઘટનોમાંથી કયું પસંદ કરવામાં આવશે.. |
| ૮૭. | જો વાજબી અર્થઘટન કરી શકાય, તો કોઈ ભાગ અગ્રાહ્ય રાખવામાં આવશે નહિ. |
| ૮૮. | વસિયતના જુદા જુદા ભાગોમાં વારંવાર લખાયેલા શબ્દોનું અર્થઘટન. |
| ૮૯. | શક્ય હોય ત્યાં સુધી વસિયત કરનારનો ઈરાદો અમલમાં મૂકવો. |
| ૯૦. | બે અસંગત ખંડોમાંથી છેલ્લો ખંડ પ્રવર્તમાન રહેશે. |
| ૯૧. | અનિશ્ચિતતા માટે વસિયત અથવા વારસો રદબાતલ ગણાશે. |
| ૯૨. | વિષયવસ્તુનું વર્ણન કરતાં શબ્દોથી, વસિયત કરનારના મૃત્યુના સમયે, વર્ણનને અનુરૂપ મિલકતનો નિર્દેશ થવા બાબત. |
| ૯૩. | સામાન્ય વસિયતથી કરવામાં આવેલી નિમણૂકની સત્તા. |
| ૯૪. | નિમણૂકના અભાવના કિસ્સામાં સત્તાના ઉદ્દેશો માટે ગર્ભિત ભેટ. |
| ૯૫. | ચોક્કસ વ્યક્તિના "વારસદારો" વગેરેને વિશેષિત શબ્દો વિના વારસો. |
| ૯૬. | ચોક્કસ વ્યક્તિના "પ્રતિનિધિઓ" વગેરેને વસિયત. |
| ૯૭. | મર્યાદા સંબંધી શબ્દો વિનાની વસિયત. |
| ૯૮. | વૈકલ્પિક વસિયત. |
| ૯૯. | વ્યક્તિની વસિયતમાં ઉમેરવામાં આવેલા વર્ગનું વર્ણન કરતા શબ્દોની અસર. |
| ૧૦૦. | ફક્ત સામાન્ય વર્ણનવાળી વ્યક્તિઓના વર્ગને વસિયત. |

| | |
|---|---|
| **૧૦૧.** | શબ્દોનું અર્થઘટન. |
| **૧૦૨.** | વસિયતમાં એક જ વ્યક્તિને બે વારસા આપવાનું અભિપ્રેત હોય, ત્યારે અર્થઘટનના નિયમો. |
| **૧૦૩.** | શેષ વારસાદારોની રચના. |
| **૧૦૪.** | શેષ વારસાદાર જેના માટે હકદાર છે તે મિલકત. |
| **૧૦૫.** | સામાન્ય શબ્દોમાં વારસો સોંપવાનો સમય. |
| **૧૦૬.** | કયા કિસ્સામાં વારસો રદ થાય. |
| **૧૦૭.** | જો બે સંયુક્ત વારસાદારમાંથી એકનું વસિયત કરનાર પહેલાં મૃત્યુ થાય તો વારસો રદ થતો નથી. |
| **૧૦૮.** | ચોક્કસ હિસ્સો આપવાનો વસિયત કરનારનો ઈરાદો દર્શાવતા શબ્દોની અસર. |
| **૧૦૯.** | રદ થયેલો હિસ્સાને ક્યારે બિનનિકાલ થયેલા હિસ્સા તરીકે ગણવામાં આવે છે. |
| **૧૧૦.** | વસિયત કરનારના બાળક અથવા ઔરસ (સીધી લીટીના) વંશજ માટે કરવામાં આવેલી વસિયત, વસિયત કરનારના જીવનકાળ દરમિયાન તેણીનું/તેનું મૃત્યુ થયેથી ક્યારે રદ ન થાય. |
| **૧૧૧.** | B ના લાભ માટે A ને આપેલો વારસો A ના મૃત્યુથી રદ થતો નથી. |
| **૧૧૨.** | વર્ણવેલ વર્ગ માટેની વસિયતના કિસ્સામાં ઉત્તરજીવિતા. |
| **૧૧૩.** | વસિયત કરનારના મૃત્યુ સમયે અસ્તિત્વમાં ન હોય તેવી ચોક્કસ વર્ણનવાળી વ્યક્તિને વસિયત. |
| **૧૧૪.** | વસિયત કરનારના મૃત્યુ સમયે અસ્તિત્વમાં ન હોય તેવી વ્યક્તિને પૂર્વ-વસિયતને અધીન રહીને વસિયત. |
| **૧૧૫.** | શાશ્વતતા વિરુદ્ધ નિયમ. |
| **૧૧૬.** | એવા વર્ગને વસિયતી બક્ષિસ જેમાંના કેટલાક કલમ ૧૧૪ અને ૧૧૫ માંના નિયમો હેઠળ આવતા હોય. |
| **૧૧૭.** | પૂર્વ વસિયતની નિષ્ફળતા પર વસિયતનું અમલમાં આવવું. |
| **૧૧૮.** | આવક એકઠી થવા દેવાના આદેશની અસર. |
| **૧૧૯.** | ચુકવણી અથવા કબજો મુલતવી રાખવામાં આવે, ત્યારે વસિયતી વારસો નિહિત થવાની તારીખ. |
| **૧૨૦.** | વારસો નિર્દિષ્ટ અનિશ્ચિત ઘટના પર આધારિત હોય, ત્યારે નિહિત થવાની તારીખ. |

| | |
|---|---|
| ૧૨૧. | અમુક વર્ગની વ્યક્તિઓ પૈકી જે વ્યક્તિઓ અમુક વયની હોય તેમને આપેલી વસિયતી બક્ષિસમાંનું હિત નિહિત થવા બાબત. |
| ૧૨૨. | બોજાવાળી વસયતી બક્ષિસો. |
| ૧૨૩. | એકજ વ્યક્તિને આપેલી બે જુદી જુદી અને સ્વતંત્ર વસિયતી બક્ષિસો પૈકીની એક સ્વીકારી શકાય અને બીજી સ્વીકારવાની ના પાડી શકાય. |
| ૧૨૪. | અમુક અનિશ્ચિત બનાવ બનવાનો સમય જણાવેલો ન હોય ત્યારે, તે બનાવ બનવા ઉપર અવલંબતી વસિયતી બક્ષિસ. |
| ૧૨૫. | નિર્દિષ્ટ કર્યો ન હોય તેવા અમુક સમયે ચોક્કસ વ્યક્તિઓ પૈકી હયાત હોય તેમને આપેલી વસિયતી બક્ષિસ. |
| ૧૨૬. | અશક્ય શરતે આપેલી વસિયતી બક્ષિસ. |
| ૧૨૭. | ગેરકાયદેસરની અથવા અનૈતિક શરતે આપેલી વસિયતી બક્ષિસ. |
| ૧૨૮. | વસિયતી વારસો નિહિત થવા માટેની પૂર્વવર્તી શરતનું પાલન. |
| ૧૨૯. | "A"ને આપેલી વસિયતી બક્ષિસ અને જો તે નિષ્ફળ જાય તો "B"ને આપેલી વસિયતી બક્ષિસ. |
| ૧૩૦. | પહેલી વસિયતી બક્ષિસ નિષ્ફળ જતાં બીજી બક્ષિસ જ્યારે અમલી ન બને. |
| ૧૩૧. | અમુક અચોક્કસ બનાવ બને તો અથવા ન બને તો બીજી વ્યક્તિને જતી વસિયતી બક્ષિસ. |
| ૧૩૨. | શરતનું ચૂસ્તપણે પાલન કરવું પડશે. |
| ૧૩૩. | બીજી વસિયતી બક્ષિસ અમાન્ય હોવાને કારણે મૂળ વસિયતી બક્ષિસને અસર થતી નથી. |
| ૧૩૪. | અમુક ચોક્કસ બનાવ બને અથવા ન બને ત્યારે અમલમાં રહેશે નહિ એવી શરતે આપવામાં આવેલી વસિયતી બક્ષિસ. |
| ૧૩૫. | કલમ ૧૨૦ હેઠળ આવી શરત અમાન્ય ન હોવી જોઈએ. |
| ૧૩૬. | જે કાર્ય કરવા માટે કોઇ સમય નિર્દિષ્ટ કરવામાં આવ્યો ન હોય અને જે ન કરવાથી વસિયતી બક્ષિસની વિષયવસ્તુ બીજી વ્યક્તિને જવાની હોય એવું કાર્ય વસિયતી વારસદાર અશક્ય બનાવે અથવા અચોક્કસ મુદત માટે મુલતવી રાખે તો તેનું પરિણામ. |
| ૧૩૭. | નિર્દિષ્ટ સમયની અંદર પૂર્વવર્તી અથવા પછીની શરતનું પાલન કપટના દાખલામાં વધુ સમય આપવા બાબત. |

| | |
|---|---|
| **૧૩૮.** | કોઈ વ્યક્તિને અથવા તેના ફાયદા માટે વસિયતી બક્ષિસ અબાધિત રીતે આપ્યા પછી આપેલા ભંડોળનો અમુક રીતે ભોગવટો કરવાનો આદેશ. |
| **૧૩૯.** | અબાધિત રીતે આપેલી વસિયતી બક્ષિસનો ભોગવટો કરવાની રીત, વસિયતદારને કોઇ નિર્દિષ્ટ ફાયદો મળે તે માટે મર્યાદિત રાખવાનો આદેશ. |
| **૧૪૦.** | અમુક હેતુઓ માટેની કોઇ ભંડોળની વસિયતી બક્ષિસના કેટલાક હેતુઓ પૂરા ન થાય તેવી બક્ષિસ. |
| **૧૪૧.** | એક્ઝીક્યુટર તરીકે નિમાયેલો વસિયતદાર જો પોતે એક્ઝીક્યુટર તરીકે કાર્ય કરવાનો ઇરાદો દર્શાવે નહિ તો તેણીને/તેને કંઈ મળી શકે નહિ. |
| **૧૪૨.** | યથાનિર્દિષ્ટ વસિયતી વારસાની વ્યાખ્યા. |
| **૧૪૩.** | અમુક રકમની વસિયતી બક્ષિસ, જે સ્ટોક વગેરેમાં તેનું રોકાણ કરવામાં આવ્યું હોય તે સ્ટોકનું વર્ણન કર્યું હોય ત્યારે. |
| **૧૪૪.** | કોઇ સ્ટોકની વસિયતી બક્ષિસ વિલની તારીખે વિલ કરનાર પાસે એટલી જ રકમનો અથવા વધુ રકમનો એજ પ્રકારનો સ્ટોક હોય ત્યારે. |
| **૧૪૫.** | કોઇ રકમની વસિયતી બક્ષિસ, જ્યારે તે રકમ વિલ કરનારની મિલકતના કોઇ ભાગનો અમુક રીતે નિકાલ થાય ત્યાં સુધી ચૂકવવાની ન હોય ત્યારે. |
| **૧૪૬.** | વિગતે દર્શાવેલી ચીજવસ્તુઓ વિલથી યથાનિર્દિષ્ટ રીતે બક્ષિસ આપેલી છે એમ ક્યારે ન ગણાય. |
| **૧૪૭.** | ઉત્તરોઉત્તર કેટલીક વ્યક્તિઓને આપેલી યથાનિર્દિષ્ટ વસિયતી બક્ષિસને એજ સ્વરૂપે રાખવા બાબત. |
| **૧૪૮.** | ઉત્તરોઉત્તર બે કે વધુ વ્યક્તિઓને વિલથી આપેલી મિલકતનું વેચાણ અને ઊપજે તે રકમનું રોકાણ. |
| **૧૪૯.** | વસિયતી વારસા આપવા માટે અસ્ક્યામત ઓછી પડે ત્યારે સામાન્ય વસિયતી વારસો ઘટે તેની સાથે યથાનિર્દિષ્ટ વસિયતી વારસો ઘટશે નહિ. |
| **૧૫૦.** | મિલકતદર્શક વસિયતી વારસાની વ્યાખ્યા. |
| **૧૫૧.** | યથાનિર્દિષ્ટ વસિયતી વારસાનો વિષય હોય એવા ભંડોળમાંથી કોઇ વસિયતી વારસો આપવાનો આદેશ કરવામાં આવે ત્યારે ચુકવણીનો ક્રમ. |
| **૧૫૨.** | વિલોપનનો અર્થ. |
| **૧૫૩.** | મિલકતદર્શક વસિયતી વારસો વિલ સુધી થતો નથી. |

| | |
|---|---|
| ૧૫૪. | કોઇ ત્રીજી વ્યક્તિ પાસેથી કંઈ મેળવવાના હકની યથાનિર્દિષ્ટ વસિયતી બક્ષિસનું વિલોપન. |
| ૧૫૫. | વિલથી નિર્દિષ્ટ રીતે આપેલી આખી વસ્તુનો કોઇ ભાગ વિલ કરનાર મેળવી લે તો, તેટલા પૂરતું વિલોપન. |
| ૧૫૬. | વિલથી આખા ભંડોળનો કોઇ ભાગ નિર્દિષ્ટ રીતે આપવામાં આવેલ હોય અને વિલ કરનાર તેનો કોઇ ભાગ મેળવી લે તો તેટલા પૂરતું વિલોપન. |
| ૧૫૭. | વિલથી કોઇ ભંડોળનો અમુક ભાગ નિર્દિષ્ટ રીતે કોઇ વસિયતદારને આપવામાં આવ્યો હોય અને બીજી વ્યક્તિને આપેલા વસિયતી વારસાનો બોજો એ જ ભંડોળ ઉપર રાખવામાં આવ્યો હોય, અને સદરહુ ભંડોળનો અમુક ભાગ વિલ કરનારે મેળવી લીધો હોવાથી તેનો શેષ ભાગ બંને વસિયતી વારસા આપવા માટે અપૂરતો હોય ત્યારે ચુકવણીનો ક્રમ. |
| ૧૫૮. | વિલથી નિર્દિષ્ટ રીતે આપવામાં આવેલો સ્ટોક વિલ કરનારના મૃત્યુ સમયે અસ્તિત્વમાં ન હોય, ત્યારે વિલોપન. |
| ૧૫૯. | વિલથી નિર્દિષ્ટ રીતે આપેલા સ્ટોકનો અમુક જ ભાગ વિલ કરનારના મૃત્યુ સમયે અસ્તિત્વમાં હોય, ત્યારે તેટલા પૂરતું વિલોપન. |
| ૧૬૦. | અમુક સ્થળ સાથે સંબંધ ધરાવતા માલ તરીકે વર્ણવેલા માલની યથાનિર્દિષ્ટ વસિયતી બક્ષિસ, તે માલ બીજે ખસેડવામાં આવે એટલા જ કારણે વિલુપ્ત થતી નથી. |
| ૧૬૧. | વિલથી આપેલી વસ્તુ ખસેડવાથી ક્યારે વિલોપન થતું નથી. |
| ૧૬૨. | વિલથી આપેલી વસ્તુ, વિલ કરનારે કોઇ ત્રીજી વ્યક્તિ પાસેથી મેળવવાની કોઇ મુલ્યવાન વસ્તુ હોય અને વિલ કરનાર પોતે અથવા તેનો પ્રતિનિધિ તે મેળવી લે ત્યારે. |
| ૧૬૩. | વિલની તારીખ અને વિલ કરનારના મૃત્યુ દરમિયાન યથાનિર્દિષ્ટ વસિયતી બક્ષિસની વિષય વસ્તુમાં અમલથી થયેલો ફેરફાર. |
| ૧૬૪. | વિલ કરનારની જાણ વિના વિષય વસ્તુમાં ફેરફાર. |
| ૧૬૫. | વિલથી નિર્દિષ્ટ રીતે આપેલો સ્ટોક, તે પાછો આપવાની શરતે કોઇ ત્રીજી વ્યક્તિને ઉછીનો આપવામાં આવે ત્યારે. |
| ૧૬૬. | વિલથી નિર્દિષ્ટ રીતે આપેલો સ્ટોક વેચી નાખવામાં આવે પણ તેની જગ્યાએ એવો જ સ્ટોક લેવામાં આવે અને તે સ્ટોક વિલ કરનારના મૃત્યુ સમયે તેની પાસે હોય ત્યારે. |

| | |
|---|---|
| ૧૬૭. | યથાનિર્દિષ્ટ વસિયતદારોને જવાબદારીમાંથી મુક્ત કરવાની એક્ઝીક્યુટરોની જવાબદારી નથી. |
| ૧૬૮. | વિલથી આપેલી વસ્તુઓનો વિલ કરનારનો હક તેણીની/તેની એસ્ટેટ્‌ના ખર્ચે પૂર્ણ કરવા બાબત. |
| ૧૬૯. | જેને માટે નિયત સમયે મહેસૂલ અથવા ભાડું ચૂકવવાનું હોય એવી વસિયતદારની સ્થાવર મિલકતની જવાબદારીમાંથી મુક્તિ. |
| ૧૭૦. | યથાનિર્દિષ્ટ વસિયતદારના જોઇન્ટ સ્ટૉક કંપનીના સ્ટોકની જવાબદારીમાંથી મુક્તિ. |
| ૧૭૧. | સામાન્ય શબ્દોમાં વર્ણવેલી વસ્તુઓની વસિયતી બક્ષિસો. |
| ૧૭૨. | કોઇ ભંડોળના વ્યાજ અથવા ઊપજની વસિયતી બક્ષિસ |
| ૧૭૩. | વિલમાં વિરૂદ્ધ ઇરાદો જણાતો ન હોય તો વિલથી ઊભું કરેલું વર્ષાસન ફક્ત જીવનપર્યંત આપવાનું રહેશે. |
| ૧૭૪. | મિલકતની ઊપજમાંથી અથવા મિલકતમાંથી વર્ષાસનની જોગવાઇ કરવાનો વિલમાં આદેશ કરવામાં આવ્યો હોય અથવા વર્ષાસન ખરીદવામાં રોકવા માટે કોઇ રકમ વિલથી આપવામાં આવી હોય ત્યારે નિહિત થવાનો સમય. |
| ૧૭૫. | વર્ષાસનનો ઘટાડો. |
| ૧૭૬. | વર્ષાસનની અને શેષ મિલ્કતની બક્ષિસ હોય ત્યારે આખું વર્ષાસન પ્રથમ આપવું જોઇશે. |
| ૧૭૭. | લેણદાર વસિયતી વારસા માટે તેમજ તેના લેણાં માટે પ્રથમ દર્શને હકદાર છે. |
| ૧૭૮. | સંતાન વસિયતી વારસા માટે તેમજ પોતાના હિસ્સા માટે પ્રથમ દર્શને હકદાર છે. |
| ૧૭૯. | વસિયતદાર માટે પછીથી જોગવાઇ કરવાથી વિલોપન થતું નથી. |
| ૧૮૦. | કેવા સંજોગોમાં પસંદગી કરવી જોઇશે. |
| ૧૮૧. | માલિકે જતું કરેલું હિત  પ્રાપ્ત થવા બાબત. |
| ૧૮૨. | પોતાની માલિકી વિષે વસિયત કરનારની માન્યતા મહત્વની નથી. |
| ૧૮૩. | કોઇ વ્યક્તિના ફાયદા માટે આપેલી વસિયતી બક્ષિસ પસંદગીના હેતુ માટે કેવી ગણાય. |
| ૧૮૪. | પરોક્ષ રીતે ફાયદો મેળવનાર વ્યક્તિને પસંદગી કરવાની રહેતી નથી. |
| ૧૮૫. | કોઇ વિલ હેઠળ પોતાની વ્યક્તિગત હેસિયતથી ફાયદો મેળવનાર વ્યક્તિ તેની બીજી હેસિયતમાં વિલથી વિરૂદ્ધ લેવાનું પસંદ કરી શકે છે. |
| ૧૮૬. | છેલ્લી છ કલમોની જોગવાઈઓનો અપવાદ. |

| | |
|---|---|
| ૧૮૭. | વિલથી આપવામાં આવેલો ફાયદો સ્વીકારવાથી વિલ હેઠળ લેવાનું ક્યારે પસંદ કર્યું ગણાય. |
| ૧૮૮. | કેવા સંજોગોમાં જાણ હોવાનું અથવા જતું કર્યું હોવાનું માની શકાય અથવા એવું અનુમાન કરી શકાય. |
| ૧૮૯. | વિલ કરનારના પ્રતિનિધિઓ વસિયતદારને પસંદ કરવાનું ક્યારે કહી શકે. |
| ૧૯૦. | અસમર્થતાના દાખલામાં પસંદગી મુલતવી રાખવા બાબત. |
| ૧૯૧. | મૃત્યુ નજીક છે એમ માનીને આપેલી બક્ષિસથી મિલકત તબદીલ કરવા બાબત. |
| | **પ્રકરણ - ૩**<br>**મૃતક વ્યકિતની મિલકતનું રક્ષણ** |
| ૧૯૨. | મૃતક વ્યકિતની મિલકત ઉપર વારસાહકની રૂએ દાવો કરનાર વ્યકિત ગેર-કાયદે કબજા સામે દાદ માંગી શકશે. |
| ૧૯૩. | ન્યાયાધીશે કરવાની તપાસ. |
| ૧૯૪. | કાર્યરીતિ. |
| ૧૯૫. | કાર્યવાહી પૂરી થતાં સુધી ક્યુરેટરની નિમણૂંક. |
| ૧૯૬. | ક્યુરેટરને આપી શકાય તેવી સત્તા. |
| ૧૯૭. | ક્યુરેટરોએ અમુક સત્તાઓ વાપરવાનો પ્રતિબંધ. |
| ૧૯૮. | ક્યુરેટરે જામીનગીરી આપવી જોઇશે અને તે મહેનતાણું મેળવી શકશે. |
| ૧૯૯. | એસ્ટેટમાં મહેસૂલ ભરતી જમીનનો સમાવેશ થતો હોય ત્યારે કલેક્ટર પાસેથી રિપોર્ટ. |
| ૨૦૦. | દાવાઓ માંડવા અને તેની સામે બચાવ કરવા બાબત. |
| ૨૦૧. | કયુરેટર પાસે હવાલો હોય તે દરમિયાન દેખીતા માલિકોને ભથ્થાં. |
| ૨૦૨. | ક્યુરેટરે હિસાબ રજૂ કરવા બાબત. |
| ૨૦૩. | હિસાબની તપાસણી અને હિત ધરાવતા પક્ષકારોને તેની બીજી પ્રત રાખવાનો હક. |
| ૨૦૪. | એ જ મિલકત માટે બીજો ક્યુરેટર નીમવાનો બાધ. |
| ૨૦૫. | ક્યુરેટર નીમવા માટે અરજી કરવાની મુદત. |
| ૨૦૬. | મૃતક વ્યક્તિએ કરેલી જાહેર વ્યવસ્થા અથવા આપેલા કાયદેસરના આદેશો સામે આ ભાગના અમલને બાધ. |
| ૨૦૭. | દાવો લાવવાના હકનો અપવાદ. |
| ૨૦૮. | સંક્ષિપ્ત કાર્યવાહીના નિર્ણયની અસર. |

| | |
|---|---|
| ૨૦૯. | સરકારી ક્યુરેટરોની નિમણૂક. |
| | **પ્રકરણ - ૪**<br>**મૃતકની મિલકત વારસામાં જતાં તે મિલકતના પ્રતિનિધિત્વનો હક** |
| ૨૧૦. | એક્ઝીક્યુટરની અથવા વહીવટ-કર્તાની એકઝીક્યુટર તરીકેની અથવા વહીવટકર્તા તરીકેની હેસિયત અને તેની મિલકત. |
| ૨૧૧. | મૃતક વ્યકિતઓના દેણદારો પાસેથી કોર્ટો મારફત વસુલાત કરવા માટે પ્રતિનિધિત્વના હકની સાબિતી પૂર્વશરત છે. |
| ૨૧૨. | પાછળથી આપેલા પ્રોબેટ અથવા વહીવટ પત્રની સર્ટિફિકેટ ઉપર અસર. |
| ૨૧૩. | પ્રોબેટ અથવા વહીવટ પત્ર રદ કરવામાં ન આવે ત્યાં સુધી જેને તે આપવામાં આવેલ હોય તે જ વ્યક્તિથી દાવો માંડી શકાશે વગેરે. |
| | **પ્રકરણ-૫**<br>**પ્રોબેટ, વહીવટપત્ર અને મૃતક વ્યક્તિની અસ્કયામતનો વહીવટ** |
| ૨૧૪. | આ પ્રકરણ લાગુ પાડવા બાબત. |
| ૨૧૫. | વહીવટ કરવાનો અધિકાર કોને આપવા બાબત. |
| ૨૧૬. | વહીવટપત્રની અસર. |
| ૨૧૭. | વહીવટ કરવાનો અધિકાર મળવાથી કાર્યો માન્ય ન થવા બાબત. |
| ૨૧૮. | નિમાયેલા એકઝીક્યુટરને જ પ્રોબેટ આપવા બાબત. |
| ૨૧૯. | કોને પ્રોબેટ આપી ન શકાય. |
| ૨૨૦. | કેટલાંક એકઝીક્યુટરો-ને એક સાથે અથવા જુદાં જુદાં સમયે પ્રોબેટ આપવા બાબત. |
| ૨૨૧. | પ્રોબેટ આપ્યા પછી મળી આવેલી કોડિસિલનું જુદું પ્રોબેટ. |
| ૨૨૨. | હયાત એકઝીક્યુટર-ને પ્રતિનિધિત્વ પ્રાપ્ત થવા બાબત. |
| ૨૨૩. | પ્રોબેટની અસર. |
| ૨૨૪. | રાજ્ય બહાર સાબિત કરેલા વિલની પ્રમાણિકૃત નકલનો નકલ જોડેલ વહીવટ કરવાનો અધિકાર આપવા બાબત. |
| ૨૨૫. | એકઝીક્યુટરે એકઝીક્યુટરપદ છોડી દીધુ ન હોય ત્યારે વહીવટ કરવાનો અધિકાર આપવા બાબત. |
| ૨૨૬. | એકઝીક્યુટર પદ છોડી દેવાની રીત અને તેની અસર. |
| ૨૨૭. | મર્યાદિત સમયમાં એકઝીક્યુટર, એકઝીક્યુટરપદ છોડી ન દે અથવા સ્વીકારે નહિ ત્યારે અનુસરવાની કાર્યરીતિ. |

| | |
|---|---|
| ૨૨૮. | તમામ મિલકતના અથવા શેષ મિલકતના વસિયતદારને વહીવટ કરવાનો અધિકાર આપવા બાબત. |
| ૨૨૯. | મૃતક શેષ વસિયતદારના પ્રતિનિધિને વહીવટ કરવાનો અધિકાર મેળવવાનો હક. |
| ૨૩૦. | એકઝીકયુટર અથવા કોઈ શેષ વસિયતદાર અથવા શેષ-વસિયતદારનો પ્રતિનિધિ ન હોય ત્યારે વહીવટ કરવાનો અધિકાર આપવા બાબત. |
| ૨૩૧. | તમામ મિલકતના અથવા શેષ મિલકતના વસિયતદાર સિવાયના બીજા વસિયતદારને વહીવટ કરવાનો અધિકાર આપતાં પહેલાં આજ્ઞાપત્ર કાઢવા બાબત. |
| ૨૩૨. | કોને વહીવટ કરવાનો અધિકાર આપી શકાય નહીં. |
| ૨૩૩. | રાજ્ય વિધાનમંડળ સમક્ષ નિયમો મુકવા બાબત. |
| ૨૩૪. | ખોવાઈ ગયેલ વિલની નકલ અથવા મુસદ્દાનું પ્રોબેટ. |
| ૨૩૫. | ખોવાઈ ગયેલા અથવા નષ્ટ થયેલા વિલના મજકૂરનું પ્રોબેટ. |
| ૨૩૬. | અસલ વિલ અસ્તિત્વમાં હોય ત્યારે તેની નકલનું પ્રોબેટ. |
| ૨૩૭. | વિલ રજૂ ન થાય ત્યાં સુધી વહીવટ કરવાનો અધિકાર આપવા બાબત. |
| ૨૩૮. | ગેરહાજર એક્ઝીક્યુટરના એટર્નીને વિલ જોડેલો વહીવટ કરવાનો અધિકાર આપવા બાબત. |
| ૨૩૯. | પોતે હાજર હોત અને વહીવટ કરવા હકદાર હોત એવી ગેરહાજર વ્યક્તિના એટર્નીને વસિયત જોડેલો વહીવટ કરવાનો અધિકાર આપવા બાબત. |
| ૨૪૦. | બિન વસિયતતાના દાખલામાં વહીવટ કરવા  હકદાર વ્યક્તિ ગેરહાજર હોય તો તેના એટર્નીને વહીવટ કરવાનો અધિકાર આપવા બાબત. |
| ૨૪૧. | એકમાત્ર એક્ઝીક્યુટર અથવા શેષ વસિયતદારની સગીરાવસ્થા દરમિયાન વહીવટ કરવાનો અધિકાર આપવા બાબત. |
| ૨૪૨. | એકથી વધુ એક્ઝીક્યુટરો અથવા શેષ વસિયતદારોની સગીરાવસ્થા દરમિયાન વહીવટ કરવાનો અધિકાર આપવા બાબત. |
| ૨૪૩. | પાગલ અથવા સગીર વ્યક્તિના ઉપયોગ અને ફાયદા માટે વહીવટ કરવાનો અધિકાર આપવા બાબત.. |
| ૨૪૪. | દાવો ચાલુ હોય ત્યાં સુધી વહીવટ કરવાનો અધિકાર આપવા બાબત. |
| ૨૪૫. | વિલમાં નિર્દિષ્ટ કરેલા હેતુ પૂરતું મર્યાદિત પ્રોબેટ. |
| ૨૪૬. | ખાસ હેતુ પૂરતો વિલ જોડેલો વહીવટ કરવાનો મર્યાદિત અધિકાર આપવા બાબત. |

| | |
|---|---|
| **૨૪૭.** | જેમાં કોઇ વ્યક્તિને ફાયદાકારક હિત હોય તે મિલકત પૂરતો વહીવટ કરવાનો મર્યાદિત અધિકાર આપવા બાબત. |
| **૨૪૮.** | દાવા પૂરતો વહીવટ કરવાનો મર્યાદિત અધિકાર. |
| **૨૪૯.** | વહીવટ કરનાર સામે લાવવાના દાવામાં પક્ષકાર બનવાના હેતુ પૂરતો વહીવટ કરવાનો મર્યાદિત અધિકાર. |
| **૨૫૦.** | મૃતક વ્યક્તિની મિલકત એકત્રિત કરવા અને સાચવવા પૂરતો વહીવટ કરવાનો મર્યાદિત અધિકાર. |
| **૨૫૧.** | સાધારણ સંજોગોમાં વહીવટ કરવા માટે હકદાર વ્યક્તિ સિવાયની કોઇ વ્યક્તિની વહીવટકર્તા તરીકે નિમણૂક. |
| **૨૫૨.** | અપવાદને અધીન પ્રોબેટ અથવા વિલ જોડેલો વહીવટ. |
| **૨૫૩.** | અપવાદ સાથે વહીવટ કરવાનો અધિકાર. |
| **૨૫૪.** | શેષ મિલકતનું પ્રોબેટ અથવા વહીવટ કરવાનો અધિકાર. |
| **૨૫૫.** | વહીવટ કર્યા વિનાની માલમત્તાનું પ્રોબેટ અથવા વહીવટપત્ર આપવા વિષે. |
| **૨૫૬.** | વહીવટ કર્યા વિનાની માલમત્તાનું પ્રોબેટ અથવા વહીવટપત્ર આપવા અંગેના નિયમો. |
| **૨૫૭.** | મર્યાદિત પ્રોબેટ અથવા વહીવટપત્રથી આપેલો અધિકાર પૂરો થયો હોય અને એસ્ટેટનો કોઇ ભાગ વહીવટ કર્યા વિનાનો રહ્યો હોય ત્યારે વહીવટ કરવાનો અધિકાર આપવા બાબત. |
| **૨૫૮.** | કોર્ટથી કઈ ભૂલો સુધારી શકાય. |
| **૨૫૯.** | વિલ જોડેલો વહીવટપત્ર આપ્યા પછી કોડિસિલ મળી આવે ત્યારે અનુસરવાની કાર્યરીતિ. |
| **૨૬૦.** | વ્યાજબી કારણસર પાછું ખેંચી લેવા અથવા રદ કરવા બાબત. |
| **૨૬૧.** | પ્રોબેટ વિગેરે આપવાની અને રદ કરવાની જિલ્લા ન્યાયાધીશની હકૂમત. |
| **૨૬૨.** | બિન તકરારી કેસો ચલાવવા માટે જિલ્લા મેજિસ્ટ્રેટના પ્રતિનિધિ (ડેલિગેટ) નીમવાની સત્તા. |
| **૨૬૩.** | પ્રોબેટ અને વહીવટ કરવાનો અધિકાર આપવા અંગે જિલ્લા ન્યાયાધીશની સત્તા. |
| **૨૬૪.** | જિલ્લા ન્યાયાધીશ સંબંધિત વ્યક્તિને વસિયતી દસ્તાવેજો રજૂ કરવાનો હુકમ કરી શકશે. |

| | |
|---|---|
| **૨૬૫.** | પ્રોબેટ અને વહીવટ કરવાના અધિકારના સંબંધમાં જિલ્લા ન્યાયાધીશની કોર્ટની કાર્યવાહી. |
| **૨૬૬.** | મિલકતનું રક્ષણ કરવા માટે જિલ્લા ન્યાયાધીશે ક્યારે અને કેવી રીતે દરમિયાનગીરી કરવી. |
| **૨૬૭.** | જિલ્લા ન્યાયાધીશે ક્યારે પ્રોબેટ અથવા વહીવટ કરવાનો અધિકાર આપી શકે. |
| **૨૬૮.** | મરહૂમ વ્યક્તિને જેમાં કાયમી રહેઠાણ ન હોય એવા જિલ્લાના ન્યાયાધીશને કરેલી અરજીનો નિકાલ. |
| **૨૬૯.** | ડેલિગેટથી પ્રોબેટ અને વહીવટપત્ર આપી શકાશે. |
| **૨૭૦.** | પ્રોબેટ અથવા વહીવટપત્રની નિર્ણયાત્મકતા. |
| **૨૭૧.** | કલમ ૨૭૦ના પરંતુક હેઠળ આપવામાં આવેલ પ્રોબેટ અથવા વહીવટપત્રનું પ્રમાણપત્ર હાઇકોર્ટોને મોકલવા બાબત. |
| **૨૭૨.** | પ્રોબેટ અથવા વહીવટ કરવાના અધિકાર માટેની અરજી યોગ્ય રીતે અને ખરાઈ કરીને કરવામાં આવી હોય તો તેની નિર્ણયાત્મકતા. |
| **૨૭૩.** | પ્રોબેટ માટે અરજ. |
| **૨૭૪.** | કયા દાખલામાં વિલનું ભાષાંતર અરજ જોડે રાખવું જોઇએ. કોર્ટના ભાષાંતરકાર સિવાયની બીજી વ્યક્તિ દ્વારા ભાષાંતરની ખરાઇ. |
| **૨૭૫.** | વહીવટપત્ર માટે અરજ. |
| **૨૭૬.** | અમુક દાખલામાં પ્રોબેટ અથવા વહીવટપત્ર માટેની અરજ વગેરેમાં કરેલા નિવેદનમાં વધારો. |
| **૨૭૭.** | પ્રોબેટ વગેરે માટેની અરજ ઉપર સહી કરવી જોઇશે અને તેની ખરાઈ કરવી જોઇશે. |
| **૨૭૮.** | વિલના એક સાક્ષીએ પ્રોબેટ માટેની અરજની ખરાઈ કરવા બાબત. |
| **૨૭૯.** | અરજમાં અથવા એકરારમાં ખોટી હકીકત જણાવવા માટે શિક્ષા. |
| **૨૮૦.** | જિલ્લા ન્યાયાધીશની સત્તા. |
| **૨૮૧.** | પ્રોબેટ અથવા વહીવટ<br>(પત્રો) આપવા સામે વાંધાપત્રો (કેવિયટ્સ). |
| **૨૮૨.** | વાંધાપત્ર દાખલ કર્યા પછી, વાંધો લેનારને નોટિસ આપવામાં ન આવે ત્યાં સુધી પિટિશન (અરજી) પર કોઈ કાર્યવાહી ન કરવા બાબત. |
| **૨૮૩.** | જિલ્લા પ્રતિનિધિએ ક્યારે પ્રોબેટ અથવા વહીવટ કરવાનો અધિકાર ન આપવો. |

| | |
|---|---|
| ૨૮૪. | જેમાં કોઈ વિવાદ ન હોય તેવા શંકાસ્પદ કેસોમાં જિલ્લા ન્યાયાધીશને નિવેદન મોકલવાની સત્તા. |
| ૨૮૫. | જેમાં વિવાદ હોય અથવા જેમાં જિલ્લા પ્રતિનિધિને લાગે કે તેણીની/તેમની કોર્ટમાં પ્રોબેટ અથવા વહીવટ-પત્રો નામંજૂર કરવા જોઈએ તેવી કાર્યરીતિ. |
| ૨૮૬. | કોર્ટના સીલ (સિક્કા) હેઠળ પ્રોબેટ આપવા બાબત. |
| ૨૮૭. | કોર્ટના સીલ સીલ હેઠળ વહીવટ-પત્રો આપવા બાબત. |
| ૨૮૮. | વહીવટ-બોન્ડ (ખત). |
| ૨૮૯. | વહીવટ-બોન્ડ બીજાને નામે કરી આપવા બાબત. |
| ૨૯૦. | પ્રોબેટ અને વહીવટ આપવા માટેનો સમય. |
| ૨૯૧. | જેના પ્રોબેટ અથવા વહીવટ, વસિયતનામા સાથે જોડેલા હોય અને આપેલા હોય તેવા મૂળ (અસલ) વસિયતનામા ફાઇલ (દાખલ) કરવા બાબત. |
| ૨૯૨. | વિવાદાસ્પદ કેસોમાં કાર્યરીતિ. |
| ૨૯૩. | પાછા ખેંચી લેવામાં આવેલ પ્રોબેટ અથવા વહીવટ-પત્રો પાછા સોંપી દેવા બાબત. |
| ૨૯૪. | પ્રોબેટ અથવા વહીવટ પાછા ખેંચી લેતા પહેલાં એક્ઝિક્યુટર અથવા વહીવટકર્તાને ચુકવણી. |
| ૨૯૫. | વહીવટપત્રો નામંજૂર કરવાની સત્તા. |
| ૨૯૬. | જિલ્લા ન્યાયાધીશના હુકમો વિરુદ્ધ અપીલ. |
| ૨૯૭. | એક્ઝિક્યુટર અથવા વહીવટકર્તાને દૂર કરવા બાબત અને વારસદાર માટેની જોગવાઈ. |
| ૨૯૮. | એક્ઝિક્યુટર અથવા વહીવટકર્તાને આદેશો. |
| ૨૯૯. | સદોષ એક્ઝિક્યુટર્સ. |
| ૩૦૦. | સદોષ એક્ઝિક્યુટરની જવાબદારી. |
| ૩૦૧. | મૃતકના મૃત્યુ પછીની કાર્યવાહીના કારણો અને મૃત્યુ સમયે બાકી રહેલા દેવાના સંબંધમાં. |
| ૩૦૨. | મૃતકની અને તેની વિરુદ્ધની માગણીઓ અને કાર્યવાહીના અધિકારો, મૃતકને બદલે એક્ઝિક્યુટર અથવા વહીવટકર્તાને પ્રાપ્ત થાય છે અને મળે છે. |
| ૩૦૩. | મિલકત (એસ્ટેટ)ની વ્યવસ્થા કરવાની એક્ઝિક્યુટર અથવા વહીવટકર્તાની સત્તા. |
| ૩૦૪. | વહીવટની સામાન્ય સત્તા. |
| ૩૦૫. | મૃતકની મિલકત (એસ્ટેટ)ની એક્ઝિક્યુટર અથવા વહીવટકર્તા દ્વારા ખરીદી. |

| | |
|---|---|
| ૩૦૬. | અનેક એક્ઝિક્યુટર્સ અથવા વહીવટકર્તાઓ પૈકી એક દ્વારા ઉપયોગમાં લેવાની સત્તા. |
| ૩૦૭. | એક અથવા એકથી વધુ એક્ઝિક્યુટર્સ અથવા વહીવટકર્તાઓ પૈકી એકનું મૃત્યુ થતાં બાકીનાને સત્તા રહેવા બાબત. |
| ૩૦૮. | વહીવટ વગરની માલમત્તાના વહીવટકર્તાની સત્તા. |
| ૩૦૯. | સગીરાવસ્થા દરમિયાનના વહીવટકર્તાની સત્તા. |
| ૩૧૦. | પરિણીત એક્ઝિકયુટર અથવા વહીવટકર્તાની સત્તા. |
| ૩૧૧. | મૃતકની અંત્યેષ્ટિ અંગે. |
| ૩૧૨. | યાદી અને હિસાબ. |
| ૩૧૩. | અમુક કિસ્સામાં ભારતના કોઈપણ ભાગમાંની મિલકત (એસ્ટેટ)નો સમાવેશ કરવાની યાદી. |
| ૩૧૪. | મૃતકની મિલકત અને તેના પર બાકી રહેલા દેવા અંગે. |
| ૩૧૫. | તમામ દેવા પહેલાં ચૂકવવાના ખર્ચ. |
| ૩૧૬. | આવા ખર્ચ પછી ચૂકવવાના ખર્ચ. |
| ૩૧૭. | ત્યાર પછી અમુક સેવાઓ માટે વેતન ચૂકવવા અને તે પછી અન્ય દેવા ચૂકવવા બાબત. |
| ૩૧૮. | ઉપર્યુક્ત દેવા સિવાય, તમામ દેવા સમાન રીતે અને ફાળે પડતાં ચૂકવવા જોઇશે. |
| ૩૧૯. | કાયમી વસવાટ ભારતમાં ન હોય તેવા દેવાની ચુકવણી માટે જંગમ મિલકત (એસ્ટેટ)નો ઉપયોગ. |
| ૩૨૦. | વસિયતી વારસા પહેલાં ચૂકવવાના દેવા. |
| ૩૨૧. | એક્ઝિકયુટર અથવા વહીવટકર્તા ક્ષતિપૂર્તિ વિના વસિયતી વારસો સોંપી દેવા માટે બંધાયેલા નથી. |
| ૩૨૨. | સામાન્ય વસિયતી વારસામાં કપાત. |
| ૩૨૩. | દેવાની ચુકવણી કરવા માટે પૂરતી અસ્કયામતો હોય, ત્યારે યથાનિર્દિષ્ટ વસિયતી વારસામાં કપાત. |
| ૩૨૪. | દેવા અને જરૂરી ખર્ચ ચૂકવવા માટે પૂરતી સંપત્તિ હોય ત્યારે મિલકતદર્શક વસિયતી વારસા હેઠળ અધિકાર. |
| ૩૨૫. | યથાનિર્દિષ્ટ વસિયતી વારસામાં ફાળે પડતી કપાત. |
| ૩૨૬. | કપાતના હેતુ માટે વસિયતી વારસાઓને સામાન્ય વસિયતી વારસા ગણવા બાબત. |
| ૩૨૭. | વારસદારના માલિકી હકને પરિપૂર્ણ કરવા માટે સંમતિ જરૂરી છે. |

| | |
|---|---|
| ૩૨૮. | યથાનિર્દિષ્ટ વસિયતી વારસાને એક્ઝિક્યુટરની સંમતિની અસર. |
| ૩૨૯. | શરતી અનુમતિ. |
| ૩૩૦. | પોતાના વસિયતી વારસા અંગે અક્ઝિક્યુટરની અનુમતિ. |
| ૩૩૧. | એક્ઝિક્યુટરની અનુમતિની અસર. |
| ૩૩૨. | એક્ઝીક્યુટરે વસિયતી વારસા ક્યારે સોંપી દેવાં જોઇએ. |
| ૩૩૩. | વસિયતથી સમય નક્કી કરવામાં આવ્યો ન હોય ત્યારે વર્ષાસનની શરૂઆત. |
| ૩૩૪. | દર ત્રણ મહિને અથવા દર મહિને આપવાનું વર્ષાસન પ્રથમ ક્યારે લેણું થાય. |
| ૩૩૫. | નિયત સમયની અંદર અથવા ચોક્કસ દિવસ પહેલા ચુકવણી કરવાનો આદેશ કરવામાં આવ્યો હોય ત્યારે ઉત્તરોત્તર ચુકવણીની તારીખો. ચુકવણીની તારીખ પહેલાં વર્ષાસનીનું મૃત્યુ |
| ૩૩૬. | યથાનિર્દિષ્ટ ન હોય એવો વસિયતી વારસો જીવનપર્યંત આપવામાં આવેલ હોય, ત્યારે વસિયતથી આપેલી રકમનું રોકાણ. |
| ૩૩૭. | ભવિષ્યમાં સોંપી દેવાના સામાન્ય વસિયતી વારસા અંગે રોકાણ અને વચગાળાના હિતની નિકાલ. |
| ૩૩૮. | કોઇ ભંડોળ ઉપર વર્ષાસનનો બોજો રાખવામાં આવ્યો ન હોય અથવા તે માટે કોઇ ભંડોળનો વિનિયોગ કરવામાં આવ્યો ન હોય, ત્યારે અનુસરવાની કાર્યરીતિ. |
| ૩૩૯. | અવલંબી વસિયતી બક્ષિસની શેષ વસિયતદારને તબદીલી. |
| ૩૪૦. | ખાસ જામીનગીરીઓમાં રોકાણ કરવાનો આદેશ કર્યા વિના વસિયતીથી જીવનપર્યંત આપેલી શેષ મિલકતનું રોકાણ. |
| ૩૪૧. | નિર્દિષ્ટ કરેલી જામીનગીરીઓમાં રોકાણ કરવાના આદેશ સાથે વસિયતી બક્ષિસથી જીવનપર્યંત આપેલ શેષ મિલકતનું રોકાણ. |
| ૩૪૨. | રૂપાંતર કરવાનો અને રોકાણ કરવાનો સમય અને રીત. |
| ૩૪૩. | વસિયતી બક્ષિસની તાત્કાલિક ચુકવણી અથવા કબજા માટે કોઇ સગીર હકદાર હોય અને તેણીના/તેના વતી કોઇ વ્યક્તિને તે સોંપી દેવાનો આદેશ ન હોય ત્યારે અનુસરવાની કાર્યરીતિ. |
| ૩૪૪. | વસિયતદારનો યથાનિર્દિષ્ટ વસિયતી વારસાની ઊપજ મેળવવાનો હક. |
| ૩૪૫. | શેષ વસિયતદારનો શેષ ભંડોળની ઊપજ મેળવવાનો હક. |
| ૩૪૬. | સામાન્ય વસિયતી વારસો સોંપી દેવા માટે કોઇ સમય નક્કી કરવામાં આવેલ ન હોય ત્યારે વ્યાજ. |

| | |
|---|---|
| ૩૪૭. | સમય નક્કી કરવામાં આવેલ હોય ત્યારે વ્યાજ. |
| ૩૪૮. | વ્યાજનો દર. |
| ૩૪૯. | વસિયત કરનારના મૃત્યુ પછી પ્રથમ વર્ષની અંદર વર્ષાસનની બાકી ઉપર વ્યાજ મળશે નહિ. |
| ૩૫૦. | વર્ષાસન ઉપજાવવા માટે રોકાણ કરવાની રકમનું વ્યાજ. |
| ૩૫૧. | કોર્ટના હુકમોથી સોંપી દીધેલો વસિયતી વારસો આપવા બાબત. |
| ૩૫૨. | સ્વેચ્છાપૂર્વક વારસો સોંપી દીધેલ હોય તો પરત માંગી શકાય નહિ. |
| ૩૫૩. | કલમ ૧૩૭ હેઠળ આપેલા વધુ સમયની અંદર શરતનું પાલન થવાથી વસિયતી વારસો સોંપી દેવાનો થતો હોય ત્યારે પરત કરવા બાબત. |
| ૩૫૪. | દરેક વસિયતદારને પ્રમાણસર વારસો પરત કરવાની ક્યારે ફરજ પાડી શકાય. |
| ૩૫૫. | અસ્કયામતોની વહેંચણી. |
| ૩૫૬. | લેણદાર, વસિયતદાર પાસે વારસો પરત કરવાની માંગણી કરી શકે. |
| ૩૫૭. | જેને વસિયતી વારસો મળી ગયો ન હોય અથવા જેને કલમ ૩૫૬ હેઠળ વારસો પરત કરવો પડ્યો હોય તે વસિયતદાર, જેને પૂરો વસિયતી વારસો સોંપી દેવામાં આવ્યો હોય તે વસિયતદારને તે પરત કરવાની ફરજ ક્યારે ન પાડી શકે. |
| ૩૫૮. | જેને વારસો મળી ગયો ન હોય તેવા વસિયતદારે, જો એક્ઝિક્યુટર નાદાર ન હોય તો તેની સામે પહેલાં કાર્યવાહી કરવી પડશે. |
| ૩૫૯. | એક વસિયતદારે બીજાને પરત કરવાની મર્યાદા. |
| ૩૬૦. | પરત કરવાની રકમ ઉપર વ્યાજ લેવામાં આવશે નહિ. |
| ૩૬૧. | રાબેતા મુજબ ચુકવણી કર્યા પછી શેષ મિલકત, શેષ વસિયતદારને સોંપી દેવા બાબત. |
| ૩૬૨. | કાયમી વસવાટના દેશમાંના એક્ઝિક્યુટર અથવા વહીવટકર્તાને વહેંચણી કરવા માટે ભારતમાંથી અસ્કયામતોની તબદીલી. |
| ૩૬૩. | નુકસાન માટે એક્ઝિક્યુટર અથવા વહીવટકર્તાની જવાબદારી. |
| ૩૬૪. | મિલકતનો કોઇ ભાગ મેળવવામાં બેદરકાર રહેવા માટે એક્ઝિક્યુટર અથવા વહીવટકર્તાની જવાબદારી |
| | **પ્રકરણ ૬**<br>**વારસા સર્ટિફિકેટો** |
| ૩૬૫. | હકૂમત ધરાવતી કોર્ટ સર્ટિફિકેટ આપવા બાબત. |

| | |
|---|---|
| ૩૬૬. | સર્ટિફિકેટ માટે અરજી. |
| ૩૬૭. | અરજી થતાં અનુસરવાની કાર્યરીતિ. |
| ૩૬૮. | સર્ટિફિકેટનો મજકૂર. |
| ૩૬૯. | સર્ટિફિકેટ મેળવનાર પાસેથી જામીનગીરી માંગવા બાબત. |
| ૩૭૦. | સર્ટિફિકેટનું વિસ્તરણ. |
| ૩૭૧. | સર્ટિફિકેટનો અને ઉમેરો કરેલા સર્ટિફિકેટનો નમૂનો. |
| ૩૭૨. | જામીનગીરીઓ અંગેની સત્તા બાબતમાં સર્ટિફિકેટ સુધારવા બાબત. |
| ૩૭૩. | સર્ટિફિકેટ અંગે કોર્ટ ફી વસૂલ કરવાની પદ્ધતિ. |
| ૩૭૪. | સર્ટિફિકેટની સ્થાનિક વ્યાપ્તિ. |
| ૩૭૫. | સર્ટિફિકેટની અસર. |
| ૩૭૬. | સર્ટિફિકેટ રદ કરવા બાબત. |
| ૩૭૭. | અપીલ. |
| ૩૭૮. | અગાઉ આપેલા સર્ટિફિકેટ, પ્રોબેટ અથવા વહીવટપત્રોની સર્ટિફિકેટ ઉપર અસર. |
| ૩૭૯. | અમાન્ય સર્ટિફિકેટ ધરાવનારને શુદ્ધબુદ્ધિથી કરેલી અમુક ચુકવણી માન્ય ઠરાવવા બાબત. |
| ૩૮૦. | આ ભાગ હેઠળ કરેલા નિર્ણયોની અસર અને તે હેઠળનું સર્ટિફિકેટ ધરાવનારની જવાબદારી. |
| ૩૮૧. | આ ભાગના હેતુઓ માટે નીચલી કોર્ટને જિલ્લા કોર્ટની હકૂમત આપવા બાબત. |
| ૩૮૨. | રદ થયેલાં અને અમાન્ય સર્ટિફિકેટો પાછા સોંપી દેવા બાબત. |
| | **પ્રકરણ – ૭**<br>**પ્રકીર્ણ** |
| ૩૮૩. | અપવાદ. |
| | **ભાગ – 3**<br>**લિવ-ઇન રિલેશનશિપ** |
| ૩૮૪. | લિવ-ઇન રિલેશનશિપમાં ભાગીદારો/સાથીદારો દ્વારા નિવેદન (પત્રક) રજૂ કરવા બાબત. |
| ૩૮૫. | લિવ-ઇન રિલેશનશિપના બાળકો. |
| ૩૮૬. | લિવ-ઇન રિલેશનશિપ ક્યારે રજીસ્ટર ન કરાવી તે બાબત. |
| ૩૮૭. | લિવ-ઇન રિલેશનશિપની નોંધણી માટેની કાર્યરીતિ. |

| | |
|---|---|
| ૩૮૮. | ફક્ત રેકર્ડ માટે આ ભાગ હેઠળ નોંધણી. |
| ૩૮૯. | આ ભાગ હેઠળ રજિસ્ટ્રારની સત્તા, અને રજિસ્ટરો જાળવણી. |
| ૩૯૦. | લિવ-ઇન રિલેશનશિપના સમાપ્તિના નિવેદનની રજૂઆત. |
| ૩૯૧. | રજિસ્ટ્રારની ફરજો. |
| ૩૯૨. | લિવ-ઇન રિલેશનશિપની નોંધણી માટેની નોટિસ. |
| ૩૯૩. | ગુનાઓ અને સજા. |
| ૩૯૪. | ભરણપોષણ. |
| ૩૯૫. | નિયમો કરવાની સત્તા. |
| | **ભાગ – ૪**<br>**પ્રકીર્ણ** |
| ૩૯૬. | રદ કરવા બાબત અને અપવાદ. |
| ૩૯૭. | નિયમો કરવાની સત્તા. |
| ૩૯૮. | મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા. |
| | અનુસૂચિ-૧ |
| | અનુસૂચિ-૨ |
| | અનુસૂચિ-૩ |
| | અનુસૂચિ-૪ |
| | અનુસૂચિ-૫ |
| | અનુસૂચિ-૬ |
| | અનુસૂચિ-૭ |

**GUJARAT BILL NO. 17 OF 2026.**

# GUJARAT UNIFORM CIVIL CODE, 2026.

*A BILL*

*to govern and regulate the laws relating to marriage and divorce, succession, live-in relationship and matters related thereto.*

**સન ૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૧૭.**

## ગુજરાત સમાન નાગરિક સંહિતા, ૨૦૨૬.

લગ્ન અને છૂટાછેડા, વારસાહક, લિવ-ઈન રિલેશનશિપ અને તેને સંબંધિત બાબતોને લગતા કાયદાનું સંચાલન અને નિયમન કરવા માટેનું વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના સિત્યોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

### પ્રારંભિક

ટૂંકી સંજ્ઞા, આરંભ અને વ્યાપ્તિ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત સમાન નાગરિક સંહિતા, ૨૦૨૬ કહેવાશે.

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નકકી કરે તેવી તારીખે અમલમાં આવશે.

(૩) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે અને આ સંહિતા જેને લાગુ પડે છે તેવા પ્રદેશની બહાર રહેતા ગુજરાતના રહેવાસીઓને પણ તે લાગુ પડે છે.

અનુસૂચિત આદિજાતિને અને વ્યક્તિઓના અમુક અન્ય જૂથોને આ સંહિતા લાગુ નહિ પડવા બાબત.

૨. આ સંહિતાનો કોઈપણ મજકૂર-

(૧) ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૪૨ સાથે વાંચતા અનુચ્છેદ ૩૬૬ના ખંડ (૨૫)ના અર્થ મુજબની અનુસૂચિત આદિજાતિના સભ્યોને; અને

(૨) ભારતના સંવિધાનના ભાગ ૨૧ હેઠળ જેમના પરંપરાગત અધિકારો સુરક્ષિત કરવામાં આવ્યા છે એવી વ્યક્તિઓ અને વ્યક્તિઓના જૂથને,

-લાગુ પડશે નહિ.

વ્યાખ્યા.

૩. (૧) આ સંહિતામાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) પરિણીત અથવા અપરિણીત માતાપિતાના સંબંધમાં "બાળક" એટલે તેમનું જૈવિક બાળક, દત્તક લીધેલું બાળક અથવા સરોગસી અથવા સહાયિત પ્રજનન પ્રૌદ્યોગિકી (આસિસ્ટેડ રિપ્રોડક્ટિવ ટેક્નોલોજી) દ્વારા જન્મેલું બાળક;

(ખ) "કોર્ટ" એટલે મૂળ દીવાની હકૂમતની કોર્ટ અને તેમાં ફેમિલી કોર્ટ અધિનિયમ, ૧૯૮૪ હેઠળ સ્થપાયેલી ફેમિલી કોર્ટ અથવા જેને ફેમિલી કોર્ટની સત્તા અને હકૂમત આપવામાં આવી હોય એવી કોઈપણ કોર્ટનો સમાવેશ થાય છે;

(ગ) "રૂઢિ અને રિવાજ" એ એવા કોઈ નિયમને સૂચિત કરે છે કે જેનું લાંબા સમયથી સતત અને એકસરખી રીતે પાલન કરવામાં આવતું હોઈ તેને કોઈપણ સ્થાનિક વિસ્તાર, આદિજાતિ અથવા સમુદાયની વ્યક્તિઓમાં કાયદાનું બળ પ્રાપ્ત થયું હોય:

પરંતુ આ નિયમ ચોક્કસ હોય અને ગેરવાજબી ન હોય અથવા જાહેર નીતિ અથવા નૈતિકતા અથવા તે બંનેથી વિરુદ્ધનો ન હોય;

(ઘ) "પ્રતિબંધિત સંબંધની ડિગ્રી (માત્રા)".- એક પુરુષ અને અનુસૂચિ-૧-ની યાદી-૧-માં જણાવેલી કોઈપણ વ્યક્તિ અને એક સ્ત્રી અને સદરહુ અનુસૂચિની યાદી-૨-માં જણાવેલી કોઈપણ વ્યક્તિ પ્રતિબંધિત સંબંધની ડિગ્રીમાં હોય છે.

સ્પષ્ટીકરણ ૧ - સંબંધમાં નીચેનાનો સમાવેશ થાય છે-

(૧) અર્ધ અથવા સહોદર રક્ત દ્વારા તેમજ પૂર્ણ રક્ત દ્વારા, દત્તક લઈને, સરોગસી અથવા સહાયિત પ્રજનન પ્રૈદ્યોગિકી દ્વારા સ્થાપિત સંબંધ,

(૨) લગ્ન દ્વારા અથવા લગ્ન વિના પ્રજનન દ્વારા સ્થાપિત રક્ત સંબંધ,

અને આ સંહિતામાંના સંબંધ સંબંધી તમામ શબ્દોનો અર્થ તદનુસાર કરવામાં આવશે;

સ્પષ્ટીકરણ ૨ –

"પૂર્ણ રક્ત" - બે વ્યક્તિઓ એકબીજા સાથે સંપૂર્ણ રક્ત સંબંધ દ્વારા સંબંધિત હોવાનું ત્યારે કહેવાય છે જ્યારે તેઓ એક જ પૂર્વજના એક જ પત્ની દ્વારા જન્મેલા વંશજ હોય;

સ્પષ્ટીકરણ ૩ – "અર્ધ રક્ત" - બે વ્યક્તિઓ એકબીજા સાથે અર્ધ રક્ત સંબંધ દ્વારા સંબંધિત હોવાનું ત્યારે કહેવાય છે જ્યારે તેઓ એક જ પૂર્વજના પરંતુ અલગ અલગ પત્નીઓ દ્વારા જન્મેલા વંશજ હોય;

સ્પષ્ટીકરણ ૪ –

"સહોદર રક્ત" - બે વ્યક્તિઓ એકબીજા સાથે સહોદર રક્ત સંબંધ દ્વારા સંબંધિત હોવાનું ત્યારે કહેવાય છે જ્યારે તેઓ એક જ પૂર્વજા (ancestress)ના પરંતુ અલગ અલગ પતિઓ દ્વારા જન્મેલા વંશજ હોય;

સ્પષ્ટીકરણ ૫ –

સ્પષ્ટીકરણ ૨, ૩ અને ૪-માં, "પૂર્વજ"માં પિતાનો સમાવેશ થાય છે અને "પૂર્વજા (ancestress)"માં માતાનો સમાવેશ થાય છે;

(ચ) "મિલકત" એટલે જંગમ હોય કે સ્થાવર, સ્વ-ઉપાર્જિત હોય કે પૈતૃક/સહવારસાની/સંયુક્ત, મૂર્ત હોય કે અમૂર્ત હોય તેવી કોઈપણ પ્રકારની મિલકત અને તેમાં આવી મિલકતમાંના હિસ્સા, હિત અથવા અધિકારનો સમાવેશ થાય છે;

(છ) "હાઇકોર્ટ" એટલે ગુજરાતની હાઇકોર્ટ;

(જ) "સગીર" એટલે જેણે અઢાર વર્ષની ઉંમર પ્રાપ્ત કરી ન હોય એવી વ્યક્તિ;

(ઝ) "જાહેરનામું" એટલે ગુજરાત સરકારના રાજપત્રમાં પ્રસિદ્ધ થયેલું જાહેરનામું અને "જાહેર કરેલું" એ શબ્દપ્રયોગનો અર્થ તદનુસાર કરવામાં આવશે;

(ટ) "માતા/પિતા" એટલે બાળકના પિતા અથવા માતા;

(ઠ) "વ્યક્તિ" એટલે સ્ત્રી હોય કે પુરુષ તેવી કોઈપણ વ્યક્તિ અને "તેણી/તે", "તેણીનું/તેનું", "તેણીને/તેને" અને "તેણીએ પોતે/તેણે પોતે" એ શબ્દપ્રયોગોનો અર્થ તદનુસાર કરવામાં આવશે;

(ડ) "ઠરાવેલું" એટલે આ સંહિતા હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું;

(ઢ) "રજિસ્ટ્રાર" એટલે આ સંહિતા હેઠળ રાજ્ય સરકારે નીમેલા રજિસ્ટ્રાર;

(ત) "રજિસ્ટ્રાર જનરલ" એટલે આ સંહિતા હેઠળ રાજ્ય સરકારે નીમેલા રજિસ્ટ્રાર જનરલ;

(થ) આ સંહિતાના હેતુ માટે "રહેવાસી" એટલે-

(૧) રાજ્ય સરકાર દ્વારા આ સંદર્ભમાં બહાર પાડવામાં આવેલા જાહેરનામા હેઠળ રહેવાસી હોવાને પાત્ર હોય, અથવા

(૨) રાજ્ય સરકાર અથવા તેના અન્ડરટેકિંગ/એકમોનો કાયમી કર્મચારી હોય, અથવા

(૩) રાજ્યના પ્રદેશમાં કાર્યરત હોય તેવો કેન્દ્ર સરકાર અથવા તેના અન્ડરટેકિંગ/એકમોનો કાયમી કર્મચારી હોય, અથવા

(૪) રાજ્યમાં લાગુ પડતી અને રાજ્ય સરકાર દ્વારા આ હેતુ માટે જાહેર કરાયેલી રાજ્ય સરકાર અથવા કેન્દ્ર સરકારની કોઈપણ યોજનાનો લાભાર્થી હોય, અથવા

(૫) ગુજરાતમાં જન્મેલા હોય અને તેમના માતાપિતા ગુજરાતના રહેવાસી હોય અથવા ગુજરાત રાજ્યની અંદર સ્થાવર મિલકત ધરાવતા હોય, પરંતુ આવી વ્યક્તિનું અન્ય કોઈ રાજ્યમાં નિવાસસ્થાન ન હોય, અથવા

(૬) છેલ્લા દસ વર્ષથી રાજ્યમાં સતત રહેતા હોય,

- તેવા ગુજરાત રાજ્યના પ્રદેશોમાં રહેતા હોય કે બહાર રહેતા હોય તેવા ભારતના નાગરિક;

(દ) "જીવનસાથી" એટલે લગ્નમાં પતિ અથવા પત્ની;

(ધ) "રાજ્ય" એટલે ગુજરાત રાજ્ય; અને

(ન) "રાજ્ય સરકાર" એટલે ગુજરાત સરકાર.

(૧) આ સંહિતાના ભાગ – ૧-માં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) "ભરણપોષણ"માં ખોરાક, કપડાં, રહેઠાણ, શિક્ષણ, તબીબી સંભાળ અને સારવાર અને ખાસ જરૂરિયાતો, કોઈ હોય, તો તે માટેની જોગવાઈનો સમાવેશ થાય છે; અને

(ખ) "લગ્નના પક્ષકારો" એટલે જેમની વચ્ચે લગ્ન સંપન્ન થયેલા હોય/લગ્નનો કરાર થયેલ હોય તેવા પુરુષ અને સ્ત્રી.

(૨) આ સંહિતાના ભાગ – ૨-માં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) "વહીવટકર્તા" એટલે જ્યારે કોઈ વહીવટકર્તા ન હોય, ત્યારે મૃત વ્યક્તિની મિલકતનો વહીવટ કરવા માટે સક્ષમ સત્તાધિકારી દ્વારા નિમાયેલી વ્યક્તિ;

(ખ) "વસિયત" એટલે વ્યક્તિના મૃત્યુ પછી તે વ્યક્તિની ચોક્કસ મિલકત અન્ય લોકોને સોંપવાનું કૃત્ય અને તેના વૈયાકરણીય ફેરફારો અને સમૂલીય શબ્દપ્રયોગોનો અર્થ તદનુસાર કરવામાં આવશે;

(ગ) "કેવિયટ" એટલે પ્રોબેટ અથવા વહીવટ આપતાં પહેલાં કોર્ટ દ્વારા અરજદારને સાંભળવાની મંજૂરી આપવા માટેની નોટિસ;

(ઘ) "પૂરક વસિયતનામું (કોડિસિલ)" એટલે વસિયતનામાના સંબંધમાં કરવામાં આવેલો દસ્તાવેજ અને તે તેના સ્વરૂપ અંગે સ્પષ્ટતા કરે છે, તેમાં ફેરફાર કરે છે અથવા તેમાં ઉમેરો કરે છે અને તેને વસિયતનામાનો ભાગ હોવાનું માનવામાં આવશે;

(ચ) "જિલ્લા ન્યાયાધીશ" એટલે જિલ્લામાં મૂળ હકૂમતની મુખ્ય દીવાની કોર્ટના ન્યાયાધીશ અને તેમાં અધિક જિલ્લા ન્યાયાધીશનો સમાવેશ થાય છે;

(છ) "એક્ઝિક્યુટર" એટલે વસિયતનામું કરનારની નિમણૂક દ્વારા મૃત વ્યક્તિના છેલ્લા વસિયતનામાનો અમલ જેને સોંપવામાં આવે તે વ્યક્તિ;

(જ) "વારસદાર" એટલે બિન-વસિયતી મિલકતના ઉત્તરાધિકારી બનવા માટે હકદાર હોય એવી કોઈપણ વ્યક્તિ;

(ઝ) "બિન-વસિયતી" – જે મિલકત માટે થવા યોગ્ય વસિયતનામું કરવામાં આવેલ ન હોય તેવી મિલકતના સંબંધમાં તે વ્યક્તિ બિન-વસિયતી મૃત્યુ પામેલ હોવાનું કહેવામાં આવશે;

(ટ) "વારસો" એવી મિલકતને સૂચિત કરે છે કે જે આ સંહિતાના ભાગ-૨-ના પ્રકરણ-૨-માં સમાવિષ્ટ જોગવાઈઓ અનુસાર એક વ્યક્તિ પાસેથી બીજી વ્યક્તિ/બીજી વ્યક્તિઓને આપવામાં આવતી હોય;

(ઠ) "પ્રોબેટ" એટલે વસિયત કરનારની મિલકતની દેખરેખની મંજૂરી આપતી સક્ષમ હકૂમતની કોર્ટના સીલ હેઠળ પ્રમાણિત કરેલી વસિયતનામાની નકલ;

(ડ) "વસિયત કરનાર" એટલે વસિયતનામું કરનાર વ્યક્તિ; અને

(ઢ) "વસિયત" એટલે વસિયત કરનારની મિલકતના સંદર્ભમાં તેના/તેણીના ઇરાદાની કાનૂની ઘોષણા, જેને તેણી/તે તેણીના/તેના મૃત્યુ પછી અમલમાં મૂકવા માંગતી હોય.

સ્પષ્ટીકરણ - ભાગ-૨ માં વાપરેલા શબ્દો અને શબ્દપ્રયોગો અને જેની આ પેટા-કલમમાં વ્યાખ્યા કરવામાં આવેલ નથી પરંતુ ભારત વારસાહક અધિનિયમ, ૧૯૨૫-માં વ્યાખ્યા કરવામાં આવેલ છે, તેનો ભાગ-૨-માં, તે અધિનિયમમાં તેમનો જે અર્થ કરવામાં આવેલ છે તે જ અર્થ થશે.

(૩) આ સંહિતાના ભાગ – ૩-માં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) "લિવ-ઇન રિલેશનશિપ" એટલે લગ્ન સ્વરૂપના સંબંધ દ્વારા શેર કરેલા (વહેંચાયેલા) ઘરમાં સાથે રહેતા હોય તેવા એક પુરુષ અને એક સ્ત્રી (જેમનો આમાં હવે પછી, "ભાગીદારો" તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેમની) વચ્ચેનો સંબંધ, પરંતુ આવા સંબંધને સંહિતાના ભાગ - ૩ હેઠળ પ્રતિબંધિત કરવામાં આવેલ હોય;

(ખ) "શેર કરેલું (વહેંચાયેલું) ઘર" એટલે સગીર ન હોય તેવા એક પુરુષ અને એક સ્ત્રી, ભાડાના રહેઠાણમાં અથવા સંયુક્ત માલિકીના ઘરમાં અથવા તેમનામાંથી કોઈ એકની માલિકીના ઘરમાં અથવા અન્ય કોઈ રહેઠાણમાં જ્યાં એક છત નીચે રહે છે તેવું કોઈ ઘર;

(ગ) "લિવ-ઇન રિલેશનશિપનું નિવેદન" એટલે એક પુરુષ અને એક સ્ત્રી લિવ-ઇન રિલેશનશિપમાં છે અથવા આવા સંબંધમાં જોડાવાનો ઇરાદો ધરાવે છે તે મતલબનું સંયુક્ત રીતે સહી કરેલું અને આવા સંબંધના રજિસ્ટ્રેશન માટે ઠરાવેલી રીતે રજિસ્ટ્રારને રજૂ કરેલું નિવેદન; અને

(ઘ) "સમાપ્તિનું નિવેદન" એટલે હાલના લિવ-ઈન રિલેશનશીપના કોઈપણ અથવા બંને ભાગીદારો દ્વારા આવા સંબંધનો અંત આવેલ છે તેવું સહી કરેલું અને ઠરાવેલી રીતે રજિસ્ટ્રારને રજૂ કરેલું નિવેદન.

**ભાગ-૧**

**લગ્ન અને છૂટાછેડા**

**પ્રકરણ-૧**

**લગ્નની વિધિ / લગ્નના કરાર કરવા માટેની શરતો**

માન્ય લગ્ન માટે જરૂરી શરતો

૪. નીચેની શરતો પરિપૂર્ણ થાય, તો એક પુરુષ અને એક સ્ત્રી વચ્ચે લગ્નની વિધિ/લગ્નના કરાર કરી શકાય છે, જેમ કે -

(૧) લગ્ન સમયે બંનેમાંથી કોઈપણ પક્ષકારનો જીવનસાથી જીવિત ન હોય;

(૨) લગ્ન સમયે, બંનેમાંથી કોઈપણ પક્ષકાર –

(ક) માનસિક ક્ષમતા નબળી હોવાને પરિણામે માન્ય સંમતિ આપવા અસક્ષમ ન હોય; અથવા

(ખ) માન્ય સંમતિ આપવા સક્ષમ હોવા છતાં, લગ્ન માટે અયોગ્ય હોય તે પ્રકારની અથવા એટલી હદે માનસિક વિકારથી પીડાઈ રહી હોય; અથવા

(ગ) વારંવાર ગાંડપણના હુમલાનો ભોગ બનતો હોય;

(૩) પુરુષે એકવીસ વર્ષની ઉંમર પૂર્ણ કરી હોય અને સ્ત્રીએ અઢાર વર્ષની ઉંમર પૂર્ણ કરી હોય;

(૪) તેઓ (બંને પક્ષકારો) પૈકી ઓછામાં ઓછા એક (પક્ષકાર)ને નિયંત્રિત કરતા રૂઢિ અને રિવાજ (તે) બંને વચ્ચે લગ્નની મંજૂરી આપે તે સિવાય, પક્ષકારો પ્રતિબંધિત સંબંધની ડિગ્રીમાં ન હોય;

(૫) અમલમાં હોય તેવા કોઈપણ કાયદા હેઠળ લગ્ન પ્રતિબંધિત ન હોય.

લગ્ન માટેના સમારોહ.

૫. એક પુરુષ અને એક સ્ત્રી વચ્ચેના લગ્નની વિધિ/ લગ્નના કરાર તેમની રૂઢિગત પ્રથાઓ, ધાર્મિક માન્યતાઓ, વિધિઓ, સંસ્કારો અને ધાર્મિક વિધિઓ અનુસાર કરવા જોઈશે, જેમાં "સપ્તપદી", "આશીર્વાદ", "નિકાહ", "પવિત્ર સંઘ", "આનંદ કારજ", "આર્ય સમાજી વૈદિક વિધિ", "નિસ્સુઈન" અને "મંગળ ફેરા"નો સમાવેશ થાય છે, પરંતુ તેના સુધી તે મર્યાદિત નથી.

## પ્રકરણ – ૨

## લગ્ન અને છૂટાછેડાની નોંધણી

આ સંહિતાના આરંભ પછી વિધિવત કરેલા / કરાર કરેલા લગ્નની ફરજિયાત નોંધણી બાબત.

૬. તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદામાં અથવા કોઈ રૂઢિ અને રિવાજમાં વિરુદ્ધનો ગમે તે મજકૂર હોય તેમ છતાં, આ સંહિતાના આરંભ પછી, લગ્નનો ઓછામાં ઓછો એક પક્ષકાર રાજ્યનો રહેવાસી હોય, ત્યારે રાજ્યમાં અથવા તેના પ્રદેશની બહાર વિધિવત કરાયેલા/કરાર કરાયેલા લગ્નની, કલમ ૧૦ ની પેટા-કલમ (૧)માં જણાવેલી કાર્યરીતિ અનુસાર નોંધણી કરાવવી જોઈશેઃ

પરંતુ કલમ ૪ હેઠળની શરતો અને કલમ ૫-ની આવશ્યકતાઓ પરિપૂર્ણ થતી હોવી જોઈએ.

આ સંહિતાના આરંભ પહેલાં વિધિવત કરાયેલા/ કરાર કરાયેલા લગ્નની નોંધણી બાબત.

સન ૨૦૦૬ નો ગુજરાતનો ૧૬ મો.

૭. (૧) ગુજરાત લગ્ન નોંધણી અધિનિયમ, ૨૦૦૬ હેઠળ અગાઉથી નોંધાયેલા હોય તે સિવાય, લગ્નનો ઓછામાં ઓછો એક પક્ષકાર લગ્નના સમયે રાજ્યનો રહેવાસી રહ્યો હોય, ત્યારે ૩૧.૦૩.૨૦૦૬[૧] અને આ સંહિતાના આરંભની તારીખ વચ્ચે રાજ્યમાં વિધિવત કરાયેલા/કરાર કરાયેલા લગ્નની, કલમ ૧૦-ની પેટા-કલમ (૨)માં જણાવેલી કાર્યરીતિ અનુસાર નોંધણી કરાવવી જોઈશેઃ

સન ૨૦૦૬ નો ગુજરાતનો ૧૬ મો.

પરંતુ ગુજરાત લગ્ન નોંધણી અધિનિયમ, ૨૦૦૬ હેઠળ નોંધાયેલ કોઈપણ લગ્ન, આ સંહિતા હેઠળ નોંધાયેલ હોવાનું માનવામાં આવશે.

(૨) લગ્નનો ઓછામાં ઓછો એક પક્ષકાર લગ્ન/નોંધણીના સમયે રાજ્યનો રહેવાસી રહ્યો હોય/હોય, ત્યારે રાજ્યમાં ૩૧.૦૩.૨૦૦૬ પહેલાં અથવા આ સંહિતાના આરંભ પહેલાં રાજ્યની બહાર વિધિવત કરાયેલા/ કરાર કરાયેલા કોઈપણ લગ્નની, કલમ ૧૦-ની પેટા-કલમ (૩)માં જણાવેલી કાર્યરીતિ અનુસાર નોંધણી કરી શકાશેઃ

પરંતુ નીચેની શરતો પરિપૂર્ણ થતી હોય, તો જ આ કલમ હેઠળ લગ્નની નોંધણી કરી શકાશે-

(ક) પક્ષકારો વચ્ચે લગ્નની વિધિ કરવામાં આવી હોય અને તેઓ ત્યારથી જીવનસાથી તરીકે સાથે રહેતા હોય;

(ખ) લગ્નના સમયે કોઈપણ પક્ષકારને કોઈ કાયદા અથવા રૂઢિ અને રિવાજ હેઠળ અન્યથા પરવાનગી આપવામાં આવી હોય તે સિવાય, નોંધણીના સમયે, કોઈપણ પક્ષકારના એક કરતાં વધુ જીવનસાથી જીવિત ન હોય;

---

[૧] ગુજરાત લગ્ન નોંધણી અધિનિયમ, ૨૦૦૬ (સન ૨૦૦૬નો અધિનિયમ ક્રમાંકઃ ૧૬) જે તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં જાહેર કરવામાં આવ્યો હતો તે તારીખ

(ગ) નોંધણીના સમયે, પુરુષે એકવીસ વર્ષની ઉંમર અને સ્ત્રીએ અઢાર વર્ષની ઉંમર પૂર્ણ કરી હોય;

(ઘ) પક્ષકારો પ્રતિબંધિત સંબંધની ડિગ્રીમાં ન હોય:

પરંતુ જેમને તેણીના/તેમના/તેઓના રૂઢિ અને રિવાજો હેઠળ અથવા કોઈ કાયદા હેઠળ લગ્ન કરવાની પરવાનગી આપવામાં આવી હોય તેવી વ્યક્તિ(વ્યક્તિઓ)ને પ્રતિબંધો લાગુ પડશે નહિ.

**આ સંહિતાના આરંભ પછી આખરી થયેલા છૂટાછેડા અથવા (લગ્ન) રદ કરવાના હુકમનામાની નોંધણી બાબત.**

૮. (૧) આ સંહિતાના આરંભ પછી આખરી કરવામાં આવ્યા હોય તેવા રાજ્યની કોઈ અદાલત દ્વારા કરવામાં આવેલા છૂટાછેડા અથવા લગ્ન રદ કરવાના કોઈ હુકમનામાની નોંધણી, કલમ ૧૧-ની પેટા-કલમ (૧)ના ખંડ (ક)માં જણાવેલી કાર્યરીતિ અનુસાર કરાવવી જોઈશે.

(૨) હુકમનામાના ઓછામાં ઓછા એક પક્ષકાર રાજ્યના રહેવાસી હોય, ત્યારે આ સંહિતાના આરંભ પછી આખરી કરવામાં આવ્યા હોય તેવા રાજ્યની બહારની કોઈ અદાલત દ્વારા કરવામાં આવેલા છૂટાછેડા અથવા લગ્ન રદ કરવાના કોઈ હુકમનામાની નોંધણી, કલમ ૧૧-ની પેટા-કલમ (૧)ના ખંડ (ખ)માં જણાવેલી કાર્યરીતિ અનુસાર કરાવવી જોઈશે.

**આ સંહિતાના આરંભ પહેલાં આખરી થયેલા છૂટાછેડા અથવા (લગ્ન) રદ કરવાના હુકમનામાની નોંધણી બાબત.**

૯. (૧) આ સંહિતાના આરંભ પહેલાં આખરી કરવામાં આવ્યા હોય તેવા રાજ્યની કોઈ અદાલત દ્વારા કરવામાં આવેલા છૂટાછેડા અથવા લગ્ન રદ કરવાના કોઈ હુકમનામાની નોંધણી, કલમ ૧૧-ની પેટા-કલમ (૨)ના ખંડ (ક)માં જણાવેલી કાર્યરીતિ અનુસાર કરાવી શકાશે.

(૨) હુકમનામાના ઓછામાં ઓછા એક પક્ષકાર રાજ્યના રહેવાસી હોય, ત્યારે આ સંહિતાના આરંભ પહેલાં આખરી કરવામાં આવ્યા હોય તેવા રાજ્યની બહારની કોઈ અદાલત દ્વારા કરવામાં આવેલા છૂટાછેડા અથવા લગ્ન રદ કરવાના કોઈ હુકમનામાની નોંધણી, કલમ ૧૧-ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ)માં જણાવેલી કાર્યરીતિ અનુસાર કરાવી શકાશે.

**કલમ ૬ અને કલમ ૭ હેઠળ લગ્નની નોંધણી માટેની મુદત અને કાર્યરીતિ.**

૧૦. (૧) કલમ ૬ હેઠળ નોંધણી કરાવવાનું ફરમાવ્યું હોય તેવા, આ સંહિતાના આરંભ પછી વિધિવત કરાયેલા/કરાર કરાયેલા લગ્નના કિસ્સામાં, લગ્નના પક્ષકારોએ, લગ્નની તારીખથી સાઠ દિવસની મુદતની અંદર, ઠરાવેલી રીતે, એક યાદી–

(ક) રાજ્યમાં વિધિવત કરાયેલા/કરાર કરાયેલા લગ્નના કિસ્સામાં, જેમની હકૂમતની અંદર (૧) લગ્નની વિધિ/લગ્નનો કરાર કરાયેલો હોય અથવા (૨) લગ્નના બંને અથવા કોઈપણ પક્ષકાર રહેતા હોય તે રજિસ્ટ્રારને રજૂ કરવી જોઈશે, અને

(ખ) રાજ્યની બહાર વિધિવત કરાયેલા/કરાર કરાયેલા લગ્નના કિસ્સામાં, જ્યાં બંને અથવા કોઈપણ પક્ષકાર(પક્ષકારો) રહેતા હોય તે સ્થળ પર હકૂમત ધરાવતા હોય તે રજિસ્ટ્રારને રજૂ કરવી જોઈશે.

(૨) કલમ ૭-ની પેટા-કલમ (૧) હેઠળ નોંધણી કરાવવાનું ફરમાવ્યું હોય તેવા, ૩૧.૦૩.૨૦૦૬ અને આ સંહિતાના આરંભની તારીખ વચ્ચે રાજ્યમાં વિધિવત કરાયેલા/કરાર કરાયેલા લગ્નના કિસ્સામાં, લગ્નના પક્ષકારોએ, આ સંહિતાના આરંભની તારીખથી એક વર્ષની મુદતની અંદર, ઠરાવેલી રીતે, જેની હકૂમતની અંદર (૧) લગ્નની વિધિ/લગ્નનો કરાર થયો હોય અથવા (૨) લગ્નના બંને અથવા કોઈ પક્ષકાર રહેતા હોય તે રજિસ્ટ્રારને એક યાદી રજૂ કરવી જોઈશે.

(૩) કલમ ૭-ની પેટા-કલમ (૨) હેઠળ નોંધણી કરી શકાય તેવા, રાજ્યમાં ૩૧.૦૩.૨૦૦૬ પહેલાં અથવા આ સંહિતાના આરંભ પહેલાં રાજ્યની બહાર વિધિવત કરાયેલા/કરાર કરાયેલા લગ્નના કિસ્સામાં, નોંધણી કરાવવા ઈચ્છતા લગ્નના પક્ષકારો, આ સંહિતાના આરંભની તારીખથી એક વર્ષની મુદતની અંદર, ઠરાવેલી રીતે, એક યાદી-

(ક) રાજ્યમાં વિધિવત કરાયેલા/કરાર કરાયેલા લગ્નના કિસ્સામાં, જેમની હકૂમતની અંદર (૧) લગ્નની વિધિ/લગ્નનો કરાર કરાયેલો હોય અથવા (૨) લગ્નના બંને અથવા કોઈપણ પક્ષકાર રહેતા હોય તે રજિસ્ટ્રારને રજૂ કરી શકશે, અને

(ખ) રાજ્યની બહાર વિધિવત કરાયેલા/કરાર કરાયેલા લગ્નના કિસ્સામાં, જેની હકૂમતની અંદર બંને અથવા કોઈપણ પક્ષકાર(પક્ષકારો) રહેતા હોય તે રજિસ્ટ્રારને રજૂ કરી શકશેઃ

પરંતુ રજિસ્ટ્રાર, તે માટેના પૂરતા કારણો છે તેવી ખાતરી થયેથી, આ પેટા-કલમ હેઠળ ઠરાવેલી મુદત પછી રજૂ કરવામાં આવેલી યાદી સ્વીકારી શકશે.

કલમ ૮ અને કલમ ૯ હેઠળ છૂટાછેડા અથવા (લગ્ન) રદ કરવાના હુકમનામાની નોંધણી માટેની મુદત અને કાર્યરીતિ.

**૧૧.** (૧) કલમ ૮ હેઠળ નોંધણી કરાવવાનું ફરમાવ્યું હોય તેવા, છૂટાછેડા અથવા (લગ્ન) રદ કરવાના કોઈ હુકમનામાના કિસ્સામાં, હુકમનામાના બંને અથવા કોઈપણ પક્ષકારે, હુકમનામું જે તારીખે આખરી કરવામાં આવે તે તારીખથી સાઠ દિવસની મુદતની અંદર, ઠરાવેલી રીતે, એક યાદી-

(ક) રાજ્યમાં વિધિવત કરાયેલા/કરાર કરાયેલા લગ્નના કિસ્સામાં, જેમની હકૂમતની અંદર (૧) લગ્નની વિધિ/લગ્નનો કરાર કરાયેલો હોય અથવા (૨) લગ્નના બંને અથવા કોઈપણ પક્ષકાર રહેતા હોય તે રજિસ્ટ્રારને રજૂ કરવી જોઈશે, અને

(ખ) રાજ્યની બહાર વિધિવત કરાયેલા/કરાર કરાયેલા લગ્નના કિસ્સામાં, જ્યાં બંને અથવા કોઈપણ પક્ષકાર રહેતા હોય તે સ્થળ પર હકૂમત ધરાવતા હોય તે રજિસ્ટ્રારને રજૂ કરવી જોઈશે.

(૨) કલમ ૯ હેઠળ નોંધણી કરી શકાય તેવા, છૂટાછેડા અથવા (લગ્ન) રદ કરવાના કોઈ હુકમનામાના કિસ્સામાં, નોંધણી કરાવવા ઈચ્છતા હુકમનામાના બંને અથવા કોઈપણ પક્ષકારો, આ સંહિતાના આરંભની તારીખથી એક વર્ષની મુદતની અંદર, ઠરાવેલી રીતે, એક યાદી-

(ક) રાજ્યની કોઈ અદાલત દ્વારા કરવામાં આવેલા છૂટાછેડા અથવા (લગ્ન) રદ કરવાના કોઈ હુકમનામાના કિસ્સામાં, જેમની હકૂમતની અંદર (૧) લગ્નની વિધિ/લગ્નનો કરાર કરાયેલો હોય અથવા (૨) લગ્નના બંને અથવા કોઈપણ પક્ષકાર રહેતા હોય તે રજિસ્ટ્રારને રજૂ કરી શકશે, અને

(ખ) રાજ્યની બહારની કોઈ અદાલત દ્વારા કરવામાં આવેલા છૂટાછેડા અથવા (લગ્ન) રદ કરવાના કોઈ હુકમનામાના કિસ્સામાં, જ્યાં બંને અથવા કોઈપણ પક્ષકાર રહેતા હોય તે સ્થળ પર હકૂમત ધરાવતા હોય તે રજિસ્ટ્રારને રજૂ કરી શકશેઃ

પરંતુ રજિસ્ટ્રાર, તે માટેના પૂરતા કારણો છે તેવી ખાતરી થયેથી, પેટા-કલમ (૨) હેઠળ ઠરાવેલી મુદત પછી રજૂ કરવામાં આવેલી યાદી સ્વીકારી શકશે.

રજિસ્ટ્રાર જનરલ અને રજિસ્ટ્રારની નિમણૂક.

**૧૨.** રાજ્ય સરકારે, રાજપત્રમાં જાહેરનામાથી, રાજ્ય માટે રજિસ્ટ્રાર જનરલ તરીકે પોતાને યોગ્ય જણાય તેવી વ્યક્તિની નિમણૂક કરવી જોઈશે અને જાહેરનામાથી, પોતાને યોગ્ય જણાય તેવા કોઈ વિસ્તાર (વિસ્તારો) માટે રજિસ્ટ્રાર(રજિસ્ટ્રારો)ની નિમણૂક પણ કરવી જોઈશે.

કલમ ૧૦ અથવા કલમ ૧૧ હેઠળ યાદી પ્રાપ્ત થયેથી કાર્યવાહી કરવા બાબત.

**૧૩.** (૧) કલમ ૧૦ અથવા કલમ ૧૧ હેઠળ રજૂ કરવામાં આવેલ દરેક યાદી સાથે ઠરાવેલી ફી જોડવાની રહેશે.

(૨) લગ્નની અથવા યથાપ્રસંગ, છૂટાછેડા અથવા (લગ્ન) રદ કરવાની યાદી મળ્યાના પંદર દિવસની અંદર, ઠરાવેલી રીતે, રજિસ્ટ્રારે –

(ક) લગ્ન અને છૂટાછેડાના રજિસ્ટરમાં વિગતો નોંધવી જોઈશે અને લગ્નની નોંધણીના કિસ્સામાં, લગ્નનું પ્રમાણપત્ર અને છૂટાછેડા અથવા લગ્ન રદ કરવાના હુકમનામાની નોંધણીના કિસ્સામાં, તેની સ્વીકૃતિ, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે કાઢી આપવી જોઈશે. લગ્નનું પ્રમાણપત્ર અથવા યથાપ્રસંગ, છૂટાછેડા અથવા લગ્ન રદ કરવાની સ્વીકૃતિ કાઢી આપતી વખતે, રજિસ્ટ્રારે, તેણીએ પોતાને/તેણે પોતે ખાતરી કરવી જોઈશે કે આ ભાગની

જોગવાઈઓ અનુસાર યોગ્ય રીતે લગ્નની વિધિ/લગ્નનો કરાર કરવામાં આવ્યો છે અથવા છૂટાછેડા અથવા લગ્ન રદ કરવાનું હુકમનામું કોર્ટ દ્વારા યોગ્ય રીતે કરવામાં આવ્યું છે; અથવા

(ખ) ઠરાવેલી રીતે પક્ષકારોને સુનાવણીની તક આપ્યા પછી, લગ્નની અથવા છૂટાછેડા અથવા લગ્ન રદ કરવાની યાદીનો અસ્વીકાર કરવો જોઈશે અને કારણોની લેખિતમાં નોંધ કરીને હુકમ કરવો જોઈશે.

(૩) રજિસ્ટ્રાર પેટા-કલમ (૨) હેઠળ કાર્યવાહી કરવામાં નિષ્ફળ જાય, તો નારાજ થયેલ વ્યક્તિ, રજિસ્ટ્રારની નિષ્ક્રિયતા અંગે રજિસ્ટ્રાર જનરલને ફરિયાદ નોંધાવવા માટે હકદાર રહેશે.

રજીસ્ટ્રેશન રદ કરવા બાબત અને રજીસ્ટ્રેશન સામે અપીલ.

**૧૪. (૧) રજીસ્ટ્રેશન રદ કરવાની સત્તા** – લગ્ન અથવા છૂટાછેડાને લગતું કોઈપણ રજીસ્ટ્રેશન રદ કરવાની સત્તા કલમ ૧૨ હેઠળ નિમાયેલા રજિસ્ટ્રાર જનરલ અથવા આ અર્થે રજિસ્ટ્રાર જનરલ મુકરર કરે તેવા કોઈ અધિકારી પાસે રહેશે. આવું રજીસ્ટ્રેશન રદ કરતાં પહેલા, અરજદારને, રજિસ્ટ્રાર જનરલ અથવા મુકરર અધિકારી દ્વારા સુનાવણીની વાજબી તક આપવી જોઈશે.

**(૨) રજીસ્ટ્રેશનના અસ્વીકાર સામે અપીલ –**

(ક) રજિસ્ટ્રાર કલમ ૧૦ અથવા કલમ ૧૧ હેઠળ રજૂ કરવામાં આવેલી યાદીનો અસ્વીકાર કરે, ત્યારે લગ્નના અથવા યથાપ્રસંગ, છૂટાછેડાના અથવા લગ્ન રદ કરવાના હુકમનામાના બંને અથવા કોઈપણ પક્ષકારો, આવો અસ્વીકારનો હુકમ મળ્યાની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર, રજિસ્ટ્રાર જનરલને અથવા રાજ્ય સરકાર દ્વારા આવી અપીલોનો નિર્ણય કરવા માટે મુકરર કરેલા અધિકારીને અપીલ કરી શકશે, જેમનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશેઃ

પરંતુ રજિસ્ટ્રાર જનરલ અથવા મુકરર અધિકારી, તે માટેના પૂરતા કારણો છે તેવી ખાતરી થયેથી, પેટા-કલમ (૨) હેઠળ ઠરાવેલી મુદત પછી રજૂ કરવામાં આવેલી અપીલ સ્વીકારી શકશે.

(ખ) ખંડ (ક) હેઠળની અપીલ સાથે અસ્વીકારના હુકમની યોગ્ય રીતે પ્રમાણિત નકલ જોડેલી હોવી જોઈશે અને તે ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે કરેલી હોવી જોઈશે.

(ગ) અપીલનો નિર્ણય કરતી વખતે, રજિસ્ટ્રાર જનરલ અથવા જેમને ખંડ (ક) હેઠળ અપીલ કરવામાં આવી છે તે મુકરર અધિકારીએ, તમામ સંબંધિત પરિસ્થિતિઓને લક્ષમાં લઈને અને કારણોની લેખિતમાં નોંધ કરીને, રજિસ્ટ્રારને લગ્ન અને છૂટાછેડાના રજિસ્ટરમાં વિગતો નોંધવા અને લગ્નનું પ્રમાણપત્ર અથવા છૂટાછેડા અથવા લગ્ન રદ કરવા માટેની સ્વીકૃતિ આપવાનો આદેશ કરવો જોઈશે અથવા રજિસ્ટ્રારના હુકમનું સમર્થન કરવું જોઈશેઃ

પરંતુ રજિસ્ટ્રારના હુકમનું સમર્થન કરતો કોઈપણ હુકમ, સંબંધિત પક્ષકારને સુનાવણીની તક આપ્યા વિના કરવામાં આવશે નહીં.

(ઘ) પેટા-કલમ (૨) હેઠળની અપીલનો, શક્ય હોય ત્યાં સુધી, તે (અપીલ) દાખલ કર્યાની તારીખથી સાઠ દિવસની અંદર નિકાલ કરવો જોઈશે.

રજિસ્ટરનું નિરીક્ષણ.

**૧૫.** લગ્ન અને છૂટાછેડાના રજિસ્ટર, અપીલના રજિસ્ટર અને આ ભાગ હેઠળ જાળવવામાં આવતા હોય તેવા ઠરાવવામાં આવે તેવા બીજા રજિસ્ટર, તમામ વાજબી સમયે, નિરીક્ષણ માટે ખુલ્લા રાખવા જોઈશે અને તેમાંના પ્રમાણિત ઉતારા, અરજી કર્યેથી, રજિસ્ટ્રાર અથવા યથાપ્રસંગ, રજિસ્ટ્રાર જનરલ દ્વારા અધિકૃત કરવામાં આવેલા અધિકારીએ, ઠરાવવામાં આવેલી ફીની ચુકવણી કર્યેથી ઠરાવેલી રીતે કાઢી આપવા જોઈશે.

અમુક દસ્તાવેજોનું પુરાવાકીય મૂલ્ય.

**૧૬.** (૧) કલમ ૧૫ હેઠળ કાઢી આપવામાં આવેલા કોઈપણ ઉતારા પર સંબંધિત રજિસ્ટ્રાર અથવા યથાપ્રસંગ, રજિસ્ટ્રાર જનરલ દ્વારા અધિકૃત કરવામાં આવેલા અધિકારીએ સહી કરવી જોઈશે અને કાયદાની કોઈ અદાલતમાં અથવા અન્ય કોઈપણ સત્તામંડળમાં, આવા ઉતારા જેને સંબંધિત હોય તેવી લગ્ન અથવા છૂટાછેડા અથવા લગ્ન રદ કરવાની હકીકત સ્થાપિત કરવાના હેતુ માટે તે (ઉતારા) પુરાવા તરીકે ગ્રાહ્ય રહેશે.

(૨) લગ્નનું પ્રમાણપત્ર અથવા પેટા-કલમ (૧) હેઠળ કાઢી આપવામાં આવેલા રજિસ્ટરના કોઈ ઉતારા, વિરુદ્ધનું કંઈ સાબિત કરવામાં ન આવે ત્યાં સુધી સાચા હોવાનું માનવામાં આવશે.આવશે.

ઉપેક્ષા અથવા ખોટા નિવેદન માટે દંડ.

**૧૭.** (૧) કલમ ૧૦ અથવા કલમ ૧૧ હેઠળ તેમ કરવું ફરજિયાત હોય, ત્યારે તેવા કિસ્સામાં, ઈરાદાપૂર્વક યાદી રજૂ કરવામાં ચૂક કરે અથવા બેદરકારી દાખવે તેવી કોઈ વ્યક્તિ, રજિસ્ટ્રાર દ્વારા લાદવામાં આવે તેવા દસ હજાર રૂપિયાથી વધુ નહીં તેટલો દંડ ચૂકવવાને પાત્ર થશે.

(૨) કોઈ વ્યક્તિ યાદીમાં ખોટું હોય એવું કોઈ નિવેદન આપે અને જે અંગે તેણીને/તેને જાણ હોય અથવા તે ખોટું હોવાનું માનવાને કારણ હોય અથવા ખોટો અથવા બનાવટી દસ્તાવેજ રજૂ કરે, તે (વ્યક્તિ), ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩(સન ૨૦૨૩ના ૪૫ મા અધિનિયમ) માં જોગવાઇઓ કર્યા અનુસારની શિક્ષાને પાત્ર થશે.

નોંધણી ન કરાવવાના કિસ્સામાં કાર્યરીતિ.

**૧૮.** (૧) કલમ ૧૦ અથવા કલમ ૧૧ હેઠળ યાદી રજૂ કરવી ફરજિયાત હોય અને લગ્નના પક્ષકારો અથવા યથાપ્રસંગ, છૂટાછેડા અથવા લગ્ન રદ કરવાના હુકમનામાના પક્ષકારો તેમ કરવામાં નિષ્ફળ જાય, ત્યારે રજિસ્ટ્રારે, આપમેળે અથવા આ સંદર્ભમાં ફરિયાદ અથવા માહિતી

મળ્યેથી, નોટિસ દ્વારા, આવા પક્ષકારોને નોટિસ મળ્યાની તારીખથી ત્રીસ દિવસની અંદર યાદી રજૂ કરવા માટે ફરમાવવું જોઈશે. આવી યાદી દાખલ થયેથી, રજિસ્ટ્રારે કલમ ૧૭ ની પેટા-કલમ (૧) હેઠળ ઠરાવેલા દંડની અને (ખ) ઠરાવવામાં આવે તેટલી વિલંબિત ફીની ચુકવણી થયેથી, લગ્ન અથવા યથાપ્રસંગ, છૂટાછેડા અથવા લગ્ન રદ કરવાના હુકમનામાની નોંધણી કરવી જોઈશે.

(૨) નોટિસ દ્વારા પેટા-કલમ (૧) હેઠળ તેમ કરવાનું ફરમાવવામાં આવે ત્યાર પછી, પક્ષકારો, લગ્ન, છૂટાછેડા અથવા લગ્ન રદ કરવાની નોંધણી કરાવવા માટે રજિસ્ટ્રારનો સંપર્ક કરવામાં નિષ્ફળ જાય, તો તેવી વ્યક્તિઓ, દોષિત ઠર્યેથી, પચીસ હજાર રૂપિયાથી વધુ ન હોય તેટલા દંડની શિક્ષાને પાત્ર થશે.

**૧૯.** (૧)રજિસ્ટ્રારે કલમ ૧૩ની પેટા-કલમ (૨) અનુસાર કાર્ય કરવામાં ઇરાદાપૂર્વક ચૂક કરી છે તે અંગે જાણ થયેથી, રજિસ્ટ્રાર જનરલે, રજિસ્ટ્રારને કારણદર્શક નોટિસ આપવી જોઈશે અને તેણીને/તેમને સુનાવણીની તક આપવી જોઈશે. રજિસ્ટ્રાર દ્વારા કરવામાં આવેલી રજૂઆતની તપાસ કર્યા પછી, રજિસ્ટ્રાર જનરલને એમ જણાય કે રજિસ્ટ્રારે ખરેખર કાર્ય કરવામાં ઇરાદાપૂર્વક ચૂક કરી છે, તો તેઓ, રજિસ્ટ્રાર પર પચીસ હજાર રૂપિયાથી વધુ નહિ તેટલો દંડ લાદી શકશે.

રજિસ્ટ્રારની નિષ્ક્રિયતા માટે શિક્ષા અને આવી શિક્ષા સામે અપીલ.

(૨) જ્યાં કલમ ૧૯ હેઠળ સબ-રજિસ્ટ્રાર પર દંડ લાદવામાં આવ્યો હોય, ત્યાં તે રાજ્ય સરકાર દ્વારા સૂચિત કરાયેલ સક્ષમ અપીલ સત્તાધિકારી સમક્ષ ત્રીસ દિવસની અંદર અપીલ કરી શકે છે.

(૩) પેટા-કલમ (૨) હેઠળ અપીલ રાજ્ય સરકાર દ્વારા નક્કી કરાયેલા નિયત ફોર્મમાં અને તેવી રીતે દંડના હુકમની પ્રમાણિત નકલ સાથે રજૂ કરવામાં આવશે.

(૪) અપીલ સત્તાધિકારી જરૂરી લાગે તે રીતે આવા હુકમને બહાલ રાખી શકશે, સુધારણા કરી શકશે  અથવા રદ કરી શકે છે.

**૨૦.** કોઈપણ લગ્નની આ ભાગ હેઠળ નોંધણી થયેલ ન હોય અથવા રજિસ્ટ્રારને યાદી રજૂ કરવામાં આવી ન હોય અથવા રજિસ્ટ્રાર દ્વારા લગ્નનું પ્રમાણપત્ર કાઢી આપવામાં આવ્યું ન હોય અથવા આવી યાદી અથવા લગ્નના પ્રમાણપત્રમાંની વિગતો ખામીયુક્ત, ક્ષતિયુક્ત અથવા ખોટી હોય તેવી હકીકતના કારણ માત્રથી તે (લગ્ન) અમાન્ય હોવાનું ગણાશે નહિ.

નોંધણી ન કરાવવાથી લગ્ન અમાન્ય ગણાશે નહિ.

**૨૧.** કોઈપણ નોકરીએ રાખનાર, સરકારી અથવા અર્ધ-સરકારી સત્તામંડળ અથવા કંપની અથવા જાહેર ક્ષેત્રના અન્ડરટેકિંગ અથવા સ્થાનિક સત્તામંડળ-એ, તેમના કર્મચારીઓ અથવા તેમની સાથે કાર્ય કરતી કોઈ વ્યક્તિની વૈવાહિક સ્થિતિ અંગેના તેમના કચેરીના રેકર્ડમાં કોઈ

લગ્ન નોંધણી પ્રમાણપત્રની ખરાઈ અંગે નોકરીએ રાખનાર, વગેરેની જવાબદારી.

ફેરફાર કરવો જોઈશે નહીં, સિવાય કે આવો ફેરફાર કરવા માટે અરજી કરનાર વ્યક્તિ આ સંહિતા હેઠળ આપવામાં આવેલા લગ્ન નોંધણી પ્રમાણપત્રની પ્રમાણિત નકલ રજૂ કરે.

રજિસ્ટર ગુપ્ત રાખવા, તેનો નાશ કરવા અથવા તેમાં ફેરફાર કરવા બદલ શિક્ષા.

૨૨. આ સંહિતા હેઠળ નિભાવવામાં આવતા કોઈ રજિસ્ટર અથવા તેના ભાગને ગુપ્ત રાખતી, તેનો નાશ કરતી અથવા અપ્રામાણિકપણે અથવા કપટપૂર્વક તેમાં ફેરફાર કરતી કોઈ વ્યક્તિ, દોષિત ઠર્યેથી, બે વર્ષની મુદત સુધીની કેદની અથવા દસ હજાર રૂપિયા સુધીના દંડની અથવા તે બંને શિક્ષાને પાત્ર થશે.

રજિસ્ટ્રારને જાહેર સેવક ગણવા બાબત.

**૨૩. આ સંહિતા અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓ અનુસાર કાર્ય કરતી વખતે અથવા કાર્ય કરવાનું અભિપ્રેત હોય, ત્યારે દરેક રજિસ્ટ્રાર, ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ (૨૦૨૩ના અધિનિયમ ક્રમાંકઃ ૪૫)ની કલમ ૨-ની પેટા-કલમ (૨૮)ના અર્થ મુજબ જાહેર સેવક હોવાનું ગણાશે.**

સન ૨૦૨૩ નો ૪૫ મો.

આ સંહિતા હેઠળ કાર્ય કરતી વ્યક્તિઓની ક્ષતિપૂર્તિ.

૨૪. આ સંહિતા અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ શુદ્ધબુદ્ધિથી કરેલા કોઈપણ કૃત્યના સંબંધમાં રજિસ્ટ્રાર જનરલ, રજિસ્ટ્રાર અથવા તેમના તાબાના કોઈ કર્મચારી સામે કોઈ દાવો, ફરિયાદ અથવા બીજી કાનૂની કાર્યવાહી થઈ શકશે નહીં.

આદેશો આપવાની રાજ્ય સરકારની સત્તા.

૨૫. રાજ્ય સરકાર, વખતોવખત, આ સંહિતાની જોગવાઈઓના અસરકારક અને સરળ અમલીકરણ માટે, રજિસ્ટ્રારને અને રજિસ્ટ્રાર જનરલને, આ સંહિતાની જોગવાઈઓ સાથે અસંગત ન હોય તેવા, આ સંબંધમાં પોતે યોગ્ય ગણે તેવા આદેશો આપી શકશે અને રજિસ્ટ્રાર અને રજિસ્ટ્રાર જનરલે આવા આદેશોનું પાલન કરવું જોઈશે.

## પ્રકરણ – 3

## દાંપત્ય અધિકારોની પુનઃસ્થાપના અને ન્યાયિક (આંશિક) લગ્ન-વિચ્છેદ

દાંપત્ય અધિકારોનું પુનઃસ્થાપન.

૨૬. જ્યારે પતિ અથવા પત્ની, વાજબી કારણ સિવાય, બીજાના સહચર્યમાંથી અલગ થઈ જાય, ત્યારે નારાજ થયેલ પક્ષકાર, કોર્ટમાં અરજી દ્વારા, દાંપત્ય અધિકારોની પુનઃસ્થાપના માટે અરજી કરી શકશે અને કોર્ટ, આવી અરજીમાં કરવામાં આવેલા નિવેદનોની સત્યતા અંગે ખાતરી થયેથી અને અસ્વીકાર માટે કોઈ કાનૂની કારણ ન હોય, તો તદનુસાર દાંપત્ય અધિકારોના પુનઃસ્થાપન માટે હુકમનામું કરી શકશે.

**સ્પષ્ટીકરણ –** જ્યારે એવો પ્રશ્ન ઉદ્ભવે કે શું બીજાના સહચર્યમાંથી અલગ થવા માટેનું વાજબી કારણ છે કે કેમ, ત્યારે આવા વાજબી કારણને સાબિત કરવાનો બોજો તે વ્યક્તિ પર રહેશે જે સહચર્યમાંથી અલગ થઈ ગઈ હોય.

૨૭. (૧) આ સંહિતાના આરંભ પહેલાં અથવા પછી વિધિવત કરાયેલા/કરાર કરાયેલા લગ્નના કોઈ એક પક્ષકાર, કલમ ૩૧ની પેટા-કલમ (૧)માં નિર્દિષ્ટ કરેલા કોઈ કારણસર અને પત્નીના કિસ્સામાં, જેના આધારે છૂટાછેડા માટેની અરજી રજૂ કરી શકાય તેવા પેટા-કલમ (૩)માં નિર્દિષ્ટ કરવામાં આવેલા કોઈ કારણસર પણ ન્યાયિક લગ્ન-વિચ્છેદ માટે હુકમનામું કરવા માટે કોર્ટમાં અરજી રજૂ કરી શકશે. ન્યાયિક લગ્ન-વિચ્છેદ.

(૨) ન્યાયિક લગ્ન-વિચ્છેદ માટે હુકમનામું કરવામાં આવ્યું હોય, ત્યારે અરજદાર માટે પ્રતિવાદી સાથે સહવાસ કરવો ફરજિયાત રહેશે નહીં, પરંતુ કોર્ટ, કોઈપણ પક્ષકાર દ્વારા કરવામાં આવેલી અરજી પરથી અને આવી અરજીમાં કરવામાં આવેલા નિવેદનની સત્યતા અંગે ખાતરી થયેથી, તેને તેમ કરવું ન્યાયી અને વાજબી લાગે, તો હુકમનામું રદ કરી શકશે.

## પ્રકરણ – ૪

## લગ્ન અને છૂટાછેડા રદ કરવા બાબત

**૨૮.** આ સંહિતાના આરંભ પછી વિધિવત કરાયેલા/કરાર કરાયેલ કોઈપણ લગ્ન, જો તે કલમ ૪-ની પેટા-કલમો (૧), (૨), (૪) અને (૫) માં નિર્દિષ્ટ કરેલી શરતોમાંની કોઈપણ શરતનું ઉલ્લંઘન કરે, તો રદબાતલ ગણાશે અને તેના કોઈ એક પક્ષકાર દ્વારા બીજા પક્ષકાર વિરુદ્ધ કોર્ટમાં રજૂ કરવામાં આવેલી અરજી પરથી, (લગ્ન) રદ કરવાનું હુકમનામું કરીને, તે (લગ્ન)ને રદબાતલ જાહેર કરી શકાશે. રદબાતલ લગ્નો.

**૨૯.** આ સંહિતાના આરંભ પહેલાં અથવા પછી વિધિવત કરાયેલા / કરાર કરાયેલા કોઈપણ લગ્ન, નીચે જણાવેલા કારણો પૈકી કોઈપણ કારણસર, કોર્ટમાં રજૂ કરવામાં આવેલી અરજી પરથી, રદબાતલ કરી શકાશે અને રદ કરવા માટેના હુકમનામાથી તેને રદ કરી શકાશેઃ- રદ કરવા યોગ્ય લગ્નો.

(૧) પ્રતિવાદીની નપુંસકતા અથવા ઈરાદાપૂર્વકના ઇન્કારને કારણે લગ્ન પરિપૂર્ણ થયા ન હોય; અથવા

(૨) લગ્ન કલમ ૪-ની પેટા-કલમ (૩)માં નિર્દિષ્ટ કરેલી શરતનું ઉલ્લંઘન કરીને કરવામાં આવ્યા હોય; અથવા

(૩) અરજદારની સંમતિ બળજબરી, જબરદસ્તી અથવા છેતરપિંડી દ્વારા મેળવવામાં આવી હોય; અથવા

(૪) લગ્ન સમયે પત્ની પતિ સિવાયના કોઈ પુરુષ દ્વારા ગર્ભવતી હોય અથવા પતિએ લગ્ન સમયે પત્ની સિવાયની કોઈ સ્ત્રીને ગર્ભવતી બનાવી હોય; અથવા

(૫) લગ્ન સમયે, લગ્નના કોઈ એક પક્ષકારે તેણીની/તેની ઓળખ છુપાવી હોય.

લગ્ન રદ કરવા માટેના હુકમનામા માટે અરજી દાખલ કરવા અંગેની મર્યાદાઓ.

30. કલમ ૨૯માં ગમે તે મજકૂર હોય તેમ છતાં,-

(૧) અરજદાર દ્વારા એકવીસ વર્ષની ઉંમર પ્રાપ્ત થયાની તારીખથી એક વર્ષ પૂર્ણ થયા પછી કાર્યવાહી શરૂ કરવામાં આવી હોય, તો કલમ ૨૯ની પેટા-કલમ (૨)માં ઉલ્લેખેલ કારણસર;

(૨) (ક) બળજબરી અથવા જબરદસ્તી કરવાનું બંધ થઈ ગયા પછી અથવા યથાપ્રસંગ, છેતરપિંડી જાહેર થઈ ગઈ હોય તે પછી એક વર્ષ કરતાં વધુ સમય પછી અરજી રજૂ કરવામાં આવી હોય; અથવા

(ખ) અરજદાર, તેણીની/તેની મુક્ત સંમતિથી, બળજબરી અથવા જબરદસ્તી કરવાનું બંધ થઈ ગયા પછી અથવા યથાપ્રસંગ, છેતરપિંડી જાહેર થઈ ગઈ હોય તે પછી લગ્નના બીજા પક્ષકાર સાથે જીવનસાથી તરીકે રહેતો હોય તો કલમ ૨૯ ની પેટા-કલમ (૩)માં ઉલ્લેખેલ કારણસર; અથવા

(૩) કોર્ટને ખાતરી થાય કે -

(ક) અરજદાર લગ્ન સમયે આક્ષેપ કરાયેલી હકીકતોથી અજાણ હતો;

(ખ) આ સંહિતાના આરંભ પહેલાં વિધિવત કરાયેલા/કરાર કરાયેલા લગ્નના કિસ્સામાં, આવા આરંભના એક વર્ષની અંદર અને આવા આરંભ પછી વિધિવત કરાયેલા/કરાર કરાયેલા લગ્નના કિસ્સામાં, લગ્નની તારીખથી એક વર્ષની અંદર કાર્યવાહી શરૂ કરવામાં આવી છે, અને

(ગ) અરજદારને સદરહુ કારણના અસ્તિત્વની જાણ થયા પછી અરજદારની સંમતિથી વૈવાહિક સંભોગ થયો નથી,

- તે સિવાય, કલમ ૨૯ની પેટા-કલમ (૪)માં નિર્દિષ્ટ કરવામાં આવેલા કારણસર કોર્ટે લગ્ન રદ કરવા માટેની કોઈ અરજી સ્વીકારવી જોઈશે નહિ.

છૂટાછેડા.

૩૧. (૧) આ સંહિતાના આરંભ પહેલાં અથવા પછી, વિધિવત કરાયેલા/કરાર કરાયેલા કોઈ લગ્નનો, લગ્નના કોઈપણ પક્ષકાર દ્વારા કોર્ટમાં રજૂ કરવામાં આવેલી અરજી પરથી, છૂટાછેડાના હુકમનામાથી, એ કારણસર વિચ્છેદ કરી શકાશે કે બીજા પક્ષકારે-

(ક) લગ્નની વિધિ/કરાર થયા પછી, અરજદાર સિવાયની અન્ય કોઈ વ્યક્તિ સાથે સ્વૈચ્છિક જાતીય સંભોગ કર્યો હતો; અથવા

(ખ) લગ્નની વિધિ/કરાર થયા પછી, અરજદાર સાથે ક્રૂરતાથી વર્તન કર્યું હતું; અથવા

(ગ) અરજી રજૂ થયાના તરત અગાઉના બે વર્ષ કરતા ઓછા ન હોય તેવા સળંગ સમયગાળા માટે અરજદારને ત્યજી દીધો હતો;

સ્પષ્ટીકરણ - આ કલમમાં, "ત્યજી દેવું" એ શબ્દપ્રયોગનો અર્થ એ છે કે લગ્નના બીજા પક્ષકાર દ્વારા, વાજબી કારણ વિના અને સંમતિ વિના અથવા આવા પક્ષકારની ઇચ્છા વિરુદ્ધ અરજદારનો ત્યાગ કરવો અને તેમાં લગ્નમાં બીજા પક્ષકાર દ્વારા અરજદારની ઇરાદાપૂર્વકની અવગણનાનો સમાવેશ થાય છે અને તેના વૈયાકરણીય ફેરફારો અને સમૂલીય શબ્દપ્રયોગોનો અર્થ તદનુસાર કરવામાં આવશે; અથવા

(ઘ) અરજદાર જે ધર્મનો હતો તે ધર્મ સિવાયના ધર્મમાં ધર્માંતરણ કર્યું હતું; અથવા

(ચ) અસાધ્ય માનસિક બીમારી હોય અથવા સતત ચાલુ રહેતી અથવા તૂટક તૂટક એવા પ્રકારના અને એટલા પ્રમાણમાં માનસિક વિકારથી પીડાઈ રહ્યો હોય કે અરજદાર પ્રતિવાદી સાથે રહેવાની વાજબી અપેક્ષા રાખી શકતો ન હોય;

સ્પષ્ટીકરણ – આ કલમમાં-

(૧) "માનસિક વિકાર" એ શબ્દપ્રયોગ એટલે માનસિક બીમારી, મનનો અવરોધિત અથવા અપૂર્ણ વિકાસ, મનોરોગ વિકાર અથવા મનનો અન્ય કોઈપણ વિકાર અથવા અપંગતા અને તેમાં સ્કિઝોફ્રેનિયાનો સમાવેશ થાય છે;

(૨) "મનોરોગ વિકાર" એ શબ્દપ્રયોગ એટલે મનનો સતત ચાલુ રહેતો વિકાર અથવા અશક્તતા (બૌદ્ધિક વિકલાંગતા સહિત હોય કે ન હોય), જે બીજા પક્ષ તરફથી અસામાન્ય રીતે આક્રમક અથવા ગંભીર રીતે બેજવાબદાર વર્તન તરફ દોરી જાય છે, અને તેના માટે તબીબી સારવારની જરૂર અથવા સંભાવના હોય કે ન પણ હોય; અથવા

(છ) અસાધ્ય પ્રકારના ચેપી જાતીય રોગથી પીડાઈ રહ્યા છે; અથવા

(જ) કોઈ ધાર્મિક સંઘમાં પ્રવેશ કરીને અથવા અન્યથા સંસારનો ત્યાગ કર્યો છે; અથવા

(ઝ) તે પક્ષકાર જીવિત છે કે નહિ તે અંગે સાત વર્ષ કે તેથી વધુ સમયગાળા માટે એ વ્યક્તિઓએ કંઈ સાંભળ્યું નથી, જેમણે તેના વિશે સ્વાભાવિક રીતે તે જીવિત હોત તો સાંભળ્યું હોત; અથવા

(ટ) કલમ ૪-ની પેટા-કલમ (૧)નું ઉલ્લંઘન કરીને બીજા લગ્નની વિધિ કરી છે/કરાર કર્યા છે; અથવા

(ઠ) અરજી રજૂ થયાના તરત અગાઉના એક વર્ષ કરતાં ઓછા સમયગાળા માટે, અમલમાં હોય તેવા કોઈ કાયદા હેઠળ સક્ષમ અદાલત દ્વારા અરજદારની તરફેણમાં અને પ્રતિવાદી વિરુદ્ધમાં કરવામાં આવેલા ભરણપોષણના હુકમનું પાલન કરવામાં નિષ્ફળ ગયા છે.

(૨) આ સંહિતાના આરંભ પહેલાં અથવા પછી વિધિવત કરાયેલા/કરાર કરાયેલા લગ્નનો કોઈપણ પક્ષકાર, છૂટાછેડાના હુકમનામાથી લગ્ન-વિચ્છેદ માટે કોર્ટમાં એ કારણસર અરજી પણ રજૂ કરી શકશે કે-

(ક) જે કાર્યવાહીના તેઓ પક્ષકાર હતા તે કાર્યવાહીમાં ન્યાયિક લગ્નવિચ્છેદ માટે હુકમનામું થયા પછી એક વર્ષ કે તેથી વધુ સમયગાળા માટે લગ્નના પક્ષકારો વચ્ચે સહવાસ ફરી શરૂ થયો નથી, અથવા

(ખ) જે કાર્યવાહીમાં તેઓ પક્ષકાર હતા તે કાર્યવાહીમાં દાંપત્ય અધિકારોની પુનઃસ્થાપના માટે હુકમનામું થયા પછી એક વર્ષ કે તેથી વધુ સમયગાળા માટે લગ્નના પક્ષકારો વચ્ચે દાંપત્ય અધિકારોની પુનઃસ્થાપના થઈ નથી.

(૩) પત્ની છૂટાછેડાના હુકમનામાથી લગ્ન-વિચ્છેદ માટે કોર્ટમાં વધારાના એ કારણસર અરજી પણ રજૂ કરી શકશે કે-

(ક) લગ્નની વિધિ/લગ્નના કરાર થયા પછી પતિ બળાત્કાર અથવા અન્ય કોઈ પ્રકારના અકુદરતી જાતીય ગુનાનો દોષિત છે; અથવા

(ખ) આ સંહિતાના આરંભ પહેલાં પતિને વિધિવત કરાયેલા/કરાર કરાયેલા લગ્નોમાંથી એક કરતાં વધુ પત્નીઓ હતી.

છૂટાછેડાની કાર્યવાહીમાં વૈકલ્પિક રાહત.

**૩૨.** આ ભાગ હેઠળની કોઈપણ કાર્યવાહીમાં, છૂટાછેડાના હુકમનામાથી લગ્ન-વિચ્છેદ માટેની અરજી પરથી, જ્યાં સુધી અરજી કલમ ૩૧-ની પેટા-કલમ (૧)ના ખંડો (છ), (જ) અને (ઝ)માં અથવા પેટા-કલમ (૨) અથવા પેટા-કલમ (૩) માં જણાવેલા કોઈપણ કારણો પર આધારિત હોય તે સિવાય, કોર્ટ, તે કેસના સંજોગોને લક્ષમાં લઈને તેમ કરવું તેને યોગ્ય જણાય, તો તેના બદલે ન્યાયિક લગ્ન-વિચ્છેદ માટે હુકમનામું પસાર કરી શકશે.

પરસ્પર સંમતિથી છૂટાછેડા.

**33.** (૧) આ ભાગની જોગવાઈઓને અધીન રહીને, છૂટાછેડાના હુકમનામાથી લગ્ન-વિચ્છેદ માટેની અરજી, આવા લગ્ન આ સંહિતાના આરંભ પહેલાં અથવા પછી વિધિવત કરાયેલા/કરાર કરાયેલા હોય તો પણ બંને પક્ષકારો દ્વારા એ કારણસર કોર્ટમાં એકસાથે રજૂ કરી શકાશે કે તેઓ

એક વર્ષ કે તેથી વધુ સમયથી અલગ રહી રહ્યા છે, તેઓ સાથે રહી શકતા નથી અને તેઓ પરસ્પર સંમત થયા છે કે લગ્ન-વિચ્છેદ કરી દેવો જોઈએ.

(૨) પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલી અરજી રજૂ કર્યાની તારીખથી છ મહિના કરતાં પહેલાં નહીં અને સદરહુ તારીખથી અઢાર મહિના કરતાં પછી નહીં તે રીતે બંને પક્ષકારો દ્વારા કરવામાં આવેલી દરખાસ્ત પરથી, આ સમય દરમિયાન અરજી પાછી ખેંચવામાં ન આવે, તો કોર્ટ, પક્ષકારોને સાંભળ્યા પછી અને પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી, લગ્નની વિધિ/કરાર કરવામાં આવ્યા છે અને અરજીમાંના નિવેદનો સાચા છે એની ખાતરી થયેથી, છૂટાછેડાનું હુકમનામું કરશે અને હુકમનામાની તારીખથી અમલમાં આવે તેમ લગ્ન-વિચ્છેદ થયો હોવાનું જાહેર કરશે.

(૩) કોર્ટનો એવો અભિપ્રાય હોય કે લગ્નના કોઈ પક્ષકાર દ્વારા અસાધારણ મુશ્કેલી સહન કરવાને લગતો અથવા આવા કોઈ પક્ષકાર દ્વારા અસાધારણ દુષ્ટતા આચરવાને લગતો કેસ હોવાથી, પક્ષકારો વચ્ચે સમાધાનની કોઈ શક્યતા ન હોવાને કારણે, પેટા-કલમ (૧) હેઠળ અરજી દાખલ કરવા માટે એક વર્ષ અલગ રહેવાની જરૂરિયાત તેમજ પેટા-કલમ (૨) હેઠળ દરખાસ્ત દાખલ કરવા માટેની છ મહિનાની સમય મર્યાદા જતી કરી શકશે અને છૂટાછેડાનું હુકમનામું કરવાની કાર્યવાહી કરશે અને હુકમનામાની તારીખથી અમલમાં આવે તેમ લગ્ન-વિચ્છેદ થયો હોવાનું જાહેર કરશે.

લગ્નના એક વર્ષની અંદર છૂટાછેડા માટેની અરજી પર પ્રતિબંધ.

૩૪. (૧) છૂટાછેડા માટેની કોઈપણ અરજી, અરજી રજૂ થયાના દિવસે, લગ્નની તારીખથી એક વર્ષ પસાર થઈ ગયું હોય તે સિવાય કોર્ટમાં રજૂ કરવી જોઈશે નહીં;

પરંતુ કોર્ટ, તેને કરવામાં આવેલી અરજી પરથી, એક વર્ષ પૂર્ણ થાય તે પહેલાં અરજી રજૂ કરવાની મંજૂરી એ કારણસર આપી શકશે કે કેસ અરજદાર દ્વારા અસાધારણ મુશ્કેલી સહન કરવાને લગતો અથવા પ્રતિવાદી તરફથી આચરવામાં આવતી અસાધારણ દુષ્ટતાને લગતો છે.

(૨) કોર્ટે એક વર્ષની મુદત પૂરી થાય તે પહેલાં અરજી રજૂ કરવાની મંજૂરી આપી હોય અને એવું જાણવા મળે કે આવી પરવાનગી કોઈ ખોટી રજૂઆત દ્વારા અથવા હકીકતો છુપાવીને મેળવવામાં આવી છે, ત્યારે કોર્ટ, તેના જેવી અથવા મહદઅંશે તેના જેવી હોય તેવી હકીકતો અને કારણોને આધારે, અરજદારના એક વર્ષની મુદત પૂરી થયા પછી અરજી રજૂ કરવાના અધિકારને બાધ આવ્યા સિવાય અરજી નામંજૂર કરી શકશે.

(૩) પેટા-કલમ (૧)ના પરંતુક હેઠળ લગ્નના એક વર્ષની અંદર છૂટાછેડા માટેની કોઈપણ અરજી રજૂ કરવાની મંજૂરી આપતી વખતે, કોર્ટે, લગ્નના બાળકો, કોઈ હોય, તો તેમના શ્રેષ્ઠ હિત અને કલ્યાણ અને તેને લગતી બાબતોને લક્ષમાં લેવી જોઈશે.

લગ્ન-વિચ્છેદ પર પ્રતિબંધ.

**૩૫.** લગ્નના કોઈપણ પક્ષકારના કોઈ રૂઢિ, રિવાજ, પરંપરા, અંગત કાયદા અથવા તેનાથી વિરુદ્ધનો કોઈપણ અધિનિયમન હોય તેમ છતાં,આ સંહિતાના આરંભ પહેલાં અથવા પછી વિધિવત કરાયેલા/કરાર કરાયેલ કોઈપણ લગ્નનો, આ ભાગની જોગવાઈઓ અનુસાર હોય તે સિવાય, કોઈપણ રીતે વિચ્છેદ કરવો જોઈશે નહીં.

છૂટાછેડા અથવા લગ્ન રદ કરવાનું હુકમનામું કરવામાં આવ્યું હોય, ત્યારે વ્યક્તિનો પુનર્લગ્ન કરવાનો અધિકાર.

**૩૬.** (૧) છૂટાછેડા અથવા લગ્ન રદ કરવાનું હુકમનામું કરવામાં આવ્યું હોય અને તેને આખરી કરવામાં આવ્યું હોય, ત્યારે હુકમનામાના કોઈપણ પક્ષકાર માટે ફરીથી લગ્ન કરવાનું કાયદેસર ગણાશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ પુનર્લગ્ન કરવાના અધિકારમાં, છૂટાછેડા લીધેલા જીવનસાથી સાથે, આવા પુનર્લગ્ન પહેલાં ત્રીજી વ્યક્તિ સાથે લગ્ન કરવા, જેવી કોઈપણ શરત વિના પુનર્લગ્ન કરવાના અધિકારનો સમાવેશ થાય છે.

રદબાતલ અને રદ કરવા યોગ્ય લગ્નોના બાળકોની કાયદેસરતા.

**૩૭.** લગ્નને રદ અને રદબાતલ જાહેર કરવામાં આવ્યું હોવા છતાં, આવા લગ્નનું કોઈપણ બાળક કાયદેસર હોવાનું ગણવામાં આવશે.

અમુક જોગવાઈઓના ઉલ્લંઘન બદલ શિક્ષા.

૩૮. (૧) કોઈ વ્યક્તિ કે જે-

(ક) પતિ કે પત્ની હયાત હોય, સંહિતાના આંરભ પછી કલમ ૪ ની પેટા-કલમ (૧) નું ઉલ્લંઘન કરીને બીજી વ્યક્તિ સાથે લગ્ન કરે, તો તે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ (૨૦૨૩ના અધિનિયમ ક્રમાંક ૪૫) હેઠળ શિક્ષાપાત્ર થશે;

(ખ) કલમ ૪ ની પેટા-કલમ (૩)નું ઉલ્લંઘન કરીને લગ્ન કરે તો તે બાળ લગ્ન પ્રતિબંધ અધિનિયમ, ૨૦૦૬ (૨૦૦૭ નો અધિનિયમ ક્રમાંક ૬) હેઠળ શિક્ષાપાત્ર થશે;

(ગ) કલમ ૪ ની પેટા-કલમ (૪) નું ઉલ્લંઘન કરીને લગ્ન કરાવે તો તેને છ મહિના સુધીની સાદી કેદ અને પચાસ હજાર રૂપિયાથી વધુ ન હોય તેવા દંડની સજા થશે અને દંડ ન ભરવામાં આવે તો તેને એક મહિના સુધીની વધુ કેદની સજા ભોગવવી પડશે;

(ઘ) કલમ ૩૫-નું ઉલ્લંઘન કરીને લગ્ન-વિચ્છેદ કરે, તેને ત્રણ વર્ષ સુધીની મુદતની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે.

(ચ) પુનર્લગ્ન પહેલાં કલમ ૩૬ની પેટા-કલમ (૨)માં ઉલ્લેખેલી કોઈપણ શરતનું પાલન કરવા માટે વ્યક્તિને ફરજ પાડે, ઉશ્કેરે અથવા પ્રેરે, તેને ત્રણ વર્ષ સુધીની મુદતની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે એક લાખ રૂપિયાના દંડને પણ પાત્ર થશે અને દંડ ન ભરવામાં આવે, તો તેણે છ મહિના સુધીની મુદતની વધુ કેદની સજા ભોગવવી પડશે.

(છ) બળજબરી અથવા છેતરપિંડી દ્વારા લગ્ન માટે કોઈ વ્યક્તિની સંમતિ મેળવે તો તેને સાત વર્ષ સુધીની કેદની સજા થશે અને દંડ પણ થઈ શકે છે;

(૨) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ (સન ૨૦૨૩ના અધિનિયમ ક્રમાંકઃ ૪૬)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં-

(ક) પેટા-કલમ (૧)ના ખંડ (ખ) અથવા (ગ) હેઠળનો શિક્ષાપાત્ર ગુનો, પોલીસ અધિકારનો ગુનો ગણાશે;

(ખ) પેટા-કલમ (૧)ના ખંડ (ખ) અને ખંડ (ગ) હેઠળનો શિક્ષાપાત્ર ગુનો, નારાજ થયેલ વ્યક્તિની વિનંતીથી, જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની પરવાનગીથી, જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ દ્વારા લાદવામાં આવે તેવી બોલીઓ અને શરતોને આધારે માંડવાળપાત્ર રહેશે.

## પ્રકરણ – ૫

## આનુષંગિક કાર્યવાહી

**૩૯.** આ ભાગ હેઠળની કોઈ કાર્યવાહીમાં, કોર્ટને એવું જણાય કે પત્ની અથવા પતિ અથવા આ સંહિતાના આરંભ પહેલાં કોઈ પુરુષને એક કરતાં વધુ પત્નીઓ હોય તેવા કિસ્સામાં, અરજદાર/પ્રતિવાદી પત્નીઓમાંથી દરેક પાસે, તેણીના/તેના ભરણપોષણ અને કાર્યવાહીના જરૂરી ખર્ચ માટે પૂરતી સ્વતંત્ર આવક નથી, ત્યારે તે (કોર્ટ), પત્ની અથવા પતિની અરજી પરથી, પ્રતિવાદીને, કાર્યવાહી પડતર હોય તે દરમિયાન, કાર્યવાહીનું ખર્ચ અને અરજદારની પોતાની આવક અને પ્રતિવાદીની આવકને લક્ષમાં લઈને, કોર્ટને ન્યાયી અને વાજબી લાગે તેટલી માસિક રકમ, અરજદારને ચૂકવવાનો હુકમ કરી શકશેઃ

**દાવો પડતર હોય તે દરમિયાન (pendente lite) ભરણપોષણ અને કાર્યવાહીનું ખર્ચ.**

પરંતુ કાર્યવાહીના ખર્ચ અને કાર્યવાહી દરમિયાન આવી માસિક રકમની ચુકવણી માટેની અરજીનો, શક્ય હોય ત્યાં સુધી, પ્રતિવાદીને નોટિસ બજાવ્યાની તારીખથી સાઠ દિવસની અંદર નિકાલ કરવો જોઈશે.

**૪૦.** (૧) આ ભાગ હેઠળ હકૂમતનો ઉપયોગ કરતી કોઈપણ અદાલત, કોઈ હુકમનામું કરતી વખતે અથવા તે પછીના કોઈપણ સમયે, હુકમનામાના કોઈપણ પક્ષકાર દ્વારા કરવામાં આવેલી અરજી પરથી, હુકમ કરી શકશે કે અન્ય પક્ષકારે, અરજદારને, તેણીના/તેના ભરણપોષણ અને

**કાયમી નિર્વાહ-ખર્ચ અને ભરણપોષણ.**

જીવનનિર્વાહ માટે, અરજદારના જીવનકાળ કરતાં વધુ ન હોય તેટલી મુદત માટે, પ્રતિવાદીની આવક અને મિલકત, અરજદારની આવક અને મિલકત, પક્ષકારો વચ્ચેના કોઈ પરસ્પર કરાર/સમાધાન, કોઈ હોય, તો તે, પક્ષકારોના વર્તન અને કેસના અન્ય સંજોગોને લક્ષમાં લઈને, કોર્ટને વાજબી લાગે તેટલી કુલ રકમ અથવા માસિક અથવા સામયિક રકમ ચૂકવવી અને જરૂરી હોય, તો આવી ચુકવણી અન્ય પક્ષની સ્થાવર મિલકત પર બોજા દ્વારા સુરક્ષિત કરી શકાશેઃ

પરંતુ પત્નીને ઉપહાર સ્વરૂપે આપવામાં આવેલી મહર, દહેજ, સ્ત્રીધન અથવા અન્ય કોઈપણ મિલકત તેણીના ભરણપોષણના દાવા ઉપરાંતની રહેશે.

(૨) કોર્ટને ખાતરી થાય કે પેટા-કલમ (૧) હેઠળ તેણે હુકમ કર્યા પછી કોઈપણ સમયે કોઈપણ પક્ષકારના સંજોગોમાં ફેરફાર થયો છે, તો તે, કોઈપણ પક્ષકારની વિનંતીથી, કોર્ટને ન્યાયી અને યોગ્ય લાગે તે રીતે આવા કોઈપણ હુકમમાં ફેરફાર કરી શકશે, તેને સુધારી શકશે અથવા રદ કરી શકશે.

બાળકોની કસ્ટડી અને સંભાળ.

૪૧. (૧) આ ભાગ હેઠળની કોઈપણ કાર્યવાહીમાં, કોર્ટ, વખતોવખત, સગીર બાળકોની કસ્ટડી, સંભાળ, ભરણપોષણ અને શિક્ષણના સંબંધમાં, શક્ય હોય ત્યાં, તેમની ઇચ્છાઓ અનુસાર, તેને વાજબી અને યોગ્ય જણાય તેવા વચગાળાના હુકમો કરી શકશે અને હુકમનામામાં એવી જોગવાઈઓ કરી શકશે અને હુકમનામા પછી, આ હેતુ માટે કરવામાં આવેલી અરજી પરથી, વખતોવખત, આવું હુકમનામું મેળવવા માટેની કાર્યવાહી અનિર્ણીત હોય તેવા કિસ્સામાં આવા હુકમનામા અથવા વચગાળાના હુકમોથી કરવામાં આવ્યા હોત તેવા, આવા બાળકોની કસ્ટડી, સંભાળ, ભરણપોષણ અને શિક્ષણના સંબંધમાં એવા તમામ હુકમો અને જોગવાઈઓ કરી શકશે અને કોર્ટ, વખતોવખત, અગાઉ કરેલા આવા કોઈ હુકમો અને જોગવાઈઓ રદ કરી શકશે, સ્થગિત કરી શકશે અથવા બદલી પણ શકશેઃ

પરંતુ આવા બાળકોની કસ્ટડી, સંભાળ, ભરણપોષણ અને શિક્ષણના સંબંધમાં કરવામાં આવેલી અરજીનો, શક્ય હોય ત્યાં સુધી, પ્રતિવાદીને નોટિસ બજાવવામાં આવ્યાની તારીખથી સાઠ દિવસની અંદર નિકાલ કરવો જોઈશે;

(૨) પેટા-કલમ (૧) હેઠળ નિર્ણય લેતી વખતે, કોર્ટનો સર્વોચ્ચ વિચાર બાળકના શ્રેષ્ઠ હિત અને કલ્યાણનો રહેશેઃ

પરંતુ પાંચ વર્ષની ઉંમર પૂર્ણ ન કરી હોય તેવા સગીર બાળકની કસ્ટડી સામાન્ય રીતે માતા પાસે રહેશે.

૪૨. (૧) આ ભાગ હેઠળની કોઈપણ કાર્યવાહીમાં, કોર્ટ, પત્ની અથવા પતિ અથવા તેમના બાળકોના લાભ માટે, જેમના લગ્ન હુકમનામાનો વિષય હોય તેવા પક્ષકારોની વ્યક્તિગત રીતે અથવા સંયુક્ત રીતે માલિકીની હોય તેવી કોઈ મિલકતના સંબંધમાં પોતાને ન્યાયી અને યોગ્ય લાગે તેવી જોગવાઈઓ હુકમનામામાં કરી શકશે. મિલકતનો નિકાલ.

(૨) પેટા-કલમ (૧) હેઠળ હુકમનામામાં આવી કોઈપણ જોગવાઈઓ કરતી વખતે, કોર્ટ, લગ્નના પક્ષકારો વચ્ચે અસ્તિત્વમાં હોય તેવા કોઈ પરસ્પરના કરાર/સમાધાનને લક્ષમાં લેશે અને પત્ની અથવા પતિ અથવા તેમના બાળકોના લાભ માટે આવી રીતે કરવામાં આવેલા આવા કોઈપણ કરાર/સમાધાનમાં ન્યાયી અને યોગ્ય લાગે તેવા ફેરફાર કરી શકશે અથવા સુધારો કરી શકશે.

## પ્રકરણ – ૬
## હકૂમત અને કાર્યરીતિ

૪૩. આ ભાગ હેઠળની દરેક અરજી એવી કોર્ટમાં રજૂ કરવામાં આવશે જેના હકૂમતની સ્થાનિક મર્યાદામાં- જ્યાં અરજી રજૂ કરવામાં આવશે તે કોર્ટ.

(૧) લગ્નની વિધિ/લગ્નના કરાર કરવામાં આવ્યા હોય, અથવા

(૨) અરજી રજૂ કરતી વખતે પ્રતિવાદી રહેતો હોય, અથવા

(૩) લગ્નના પક્ષકારો છેલ્લે સાથે રહ્યા હોય, અથવા

(૪) પત્ની અરજદાર હોય તેવા કિસ્સામાં, તેણી અરજી રજૂ કરતી વખતે રહેતી હોય; અથવા

(૫) જ્યાં પ્રતિવાદી, તે સમયે, આ સંહિતા જે પ્રદેશોમાં લાગુ પડતી હોય તેની (તે પ્રદેશની) બહાર રહેતો હોય, અથવા તે વ્યક્તિઓએ સાત વર્ષ કે તેથી વધુ સમયગાળા માટે તે જીવિત હોવાનું સાંભળ્યું ન હોય જેમણે સ્વાભાવિક રીતે પ્રતિવાદી જીવિત હોત તો તેના વિશે સાંભળ્યું હોત તેવા કિસ્સામાં, અરજદાર અરજી રજૂ કરતી વખતે રહેતો હોય.

૪૪. (૧) આ ભાગ હેઠળ રજૂ કરવામાં આવેલી દરેક અરજી અને દાખલ કરવામાં આવેલા લેખિત નિવેદનમાં, રાહતનો દાવો અને તે અંગેનો વાંધો જેના પર આધારિત હોય તે હકીકતો અંગે કેસના પ્રકાર મુજબ શક્ય હોય તેટલું સ્પષ્ટપણે જણાવવું જોઈશે અને કલમ ૨૮ હેઠળની આ ભાગ હેઠળના નિવેદનો.

અરજીમાં હોય તે સિવાય, એ પણ જણાવવું જોઈશે કે અરજદાર અને લગ્નના બીજા પક્ષકાર વચ્ચે કોઈ છૂપી સંતલસ (મેળાપીપણું) નથી.

(૨) દરેક અરજીમાં સમાવિષ્ટ નિવેદનો, લેખિત નિવેદન અને આ ભાગ હેઠળ દાખલ કરાયેલા અન્ય કોઈ નિવેદનોની, અરજદાર અથવા યથાપ્રસંગ, પ્રતિવાદી દ્વારા અથવા અન્ય કોઈ સક્ષમ વ્યક્તિ દ્વારા દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮ (સન ૧૯૦૮ના અધિનિયમ ક્રમાંકઃ ૫) હેઠળ નિવેદનોની ખરાઈ માટે ઠરાવેલી રીતે ખરાઈ કરવી જોઈશે.

**૪૫.** આ ભાગમાં સમાવિષ્ટ અન્ય જોગવાઈઓને અધીન રહીને, આ ભાગ હેઠળની કોર્ટની તમામ કાર્યવાહીનું, ફેમિલી કોર્ટ અધિનિયમ, ૧૯૮૪ (૧૯૮૪ના અધિનિયમ ક્રમાંકઃ ૬૬) અને તેના હેઠળ કરેલા નિયમો હેઠળ ઠરાવેલી કાર્યરીતિ મુજબ નિયમન કરવું જોઈશે.

આ ભાગ હેઠળની કોર્ટની કાર્યવાહીઓ માટેની કાર્યરીતિ.

અમુક કિસ્સાઓમાં અરજીઓ તબદીલ કરવાની સત્તા.

**૪૬.** (૧) (ક) આ ભાગ હેઠળની અરજી લગ્નના પક્ષકાર દ્વારા આ ભાગ હેઠળ હકૂમત ધરાવતી કોર્ટમાં રજૂ કરવામાં આવી હોય, જેમાં દાંપત્ય અધિકારોની પુનઃસ્થાપના, લગ્નને રદ કરવા, ન્યાયિક લગ્નવિચ્છેદ અથવા છૂટાછેડા માટે હુકમનામું કરવાની માંગણી કરવામાં આવી હોય, અને

(ખ) ત્યારબાદ આ ભાગ હેઠળની બીજી અરજી લગ્નના બીજા પક્ષકાર દ્વારા તે જ કોર્ટમાં અથવા અલગ કોર્ટમાં કરવામાં આવી હોય, જેમાં કોઈ કારણસર ખંડ (ક) હેઠળ વિચારવામાં આવેલી કોઈ રાહત માટે હુકમનામાની માંગણી કરવામાં આવી હોય,

- ત્યારે આ અરજીઓ અંગે પેટા-કલમ (૨) માં નિર્દિષ્ટ કર્યા મુજબ તજવીજ કરવી જોઈશે.

(૨) પેટા-કલમ (૧) જ્યાં લાગુ પડતી હોય તેવા કિસ્સામાં-

(ક) અરજીઓ એક જ કોર્ટમાં રજૂ કરવામાં આવે, તો તે કોર્ટ દ્વારા બંને અરજીઓની અદાલતી કાર્યવાહી અને સુનાવણી એકસાથે કરવી જોઈશે;

(ખ) અરજીઓ અલગ અલગ કોર્ટમાં રજૂ કરવામાં આવે, તો પછીથી રજૂ કરવામાં આવેલી અરજી, અગાઉની અરજી જે કોર્ટમાં રજૂ કરવામાં આવી હોય તે કોર્ટમાં તબદીલ કરવી જોઈશે અને જેમાં અગાઉની અરજી રજૂ કરવામાં આવી હોય તે કોર્ટે બંને અરજીઓની એકસાથે સુનાવણી કરીને તેનો નિકાલ કરવો જોઈશે.

(૩) પેટા-કલમ (૨)ના ખંડ (ખ)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, હાઈકોર્ટ, કોઈપણ પક્ષકાર દ્વારા કરવામાં આવેલી અરજી પરથી અથવા આપમેળે, તમામ અરજીઓ, અરજીઓની સુનાવણી કરતી અદાલતો પૈકીની કોઈ એક અદાલતને અથવા ન્યાયી અને યોગ્ય જણાય તેવી અન્ય કોઈ અદાલતને સોંપી શકશે અને તબદીલ કરી શકશે.

આ ભાગ હેઠળ અરજીઓની અદાલતી કાર્યવાહી અને તેના નિકાલને લગતી ખાસ જોગવાઈ.

૪૭. (૧) આ ભાગ હેઠળની અરજીની સુનાવણી, વ્યવહાર્ય હોય ત્યાં સુધી, કારણોની નોંધ કરીને અન્યથા આદેશ કરવામાં આવે તે સિવાય, રોજિંદા ધોરણે (રોજે-રોજ) ચાલુ રાખવી જોઈશે.

(૨) આ ભાગ હેઠળની દરેક અરજીની સુનાવણી, શક્ય હોય તેટલી ઝડપથી કરવી જોઈશે અને પ્રતિવાદીને અરજીની નોટિસ બજાવ્યાની તારીખથી છ મહિનાની અંદર સુનાવણી પૂર્ણ કરવાનો પ્રયાસ કરવો જોઈશે.

(૩) આ ભાગ હેઠળની દરેક અપીલની સુનાવણી, શક્ય હોય તેટલી ઝડપથી કરવી જોઈશે અને પ્રતિવાદીને અપીલની નોટિસ બજાવ્યાની તારીખથી ત્રણ મહિનાની અંદર સુનાવણી પૂર્ણ કરવાનો પ્રયાસ કરવો જોઈશે.

૪૮. કોઈપણ અધિનિયમનમાં વિરુદ્ધનો કોઈ મજકૂર હોય તેમ છતાં, આ ભાગ હેઠળ અરજીની સુનાવણી દરમિયાન કોઈપણ કાર્યવાહીમાં, કોઈ દસ્તાવેજ યોગ્ય રીતે સ્ટેમ્પ થયેલો અથવા નોંધાયેલો ન હોવાના કારણસર તે (દસ્તાવેજ) પુરાવા તરીકે અગ્રાહ્ય (અસ્વીકાર્ય) રહેશે નહિ.

દસ્તાવેજી પુરાવા.

૪૯. (૧) જીવનસાથીઓ વચ્ચે કોઈ મધ્યસ્થી કરાર અસ્તિત્વમાં હોય કે ન હોય, પક્ષકારો, આ સંહિતાના ભાગ-૧ હેઠળ કોઈ દાવો અથવા કાર્યવાહી દાખલ કરતાં પહેલા, ઠરાવેલી પૂર્વ-મુકદ્દમા મધ્યસ્થી પ્રક્રિયા મારફત વિવાદોનું સમાધાન કરવાનો પ્રયાસ કરી શકશે.

કાર્યવાહીમાં હુકમનામું.

(૨) આ ભાગ હેઠળની કોઈ કાર્યવાહીમાં, બચાવ કરવામાં આવે કે ન આવે, કોર્ટને ખાતરી થાય કે-

(ક) રાહત આપવા માટેના કોઈપણ કારણો અસ્તિત્વમાં છે અને કલમ ૪-ની પેટા-કલમ (૨)ના ખંડો (ક) (ખ) અથવા (ગ)માં નિર્દિષ્ટ કરેલા કારણસર તેણી/તેના દ્વારા રાહત માંગવામાં આવી હોય, ત્યારે તેવા કિસ્સામાં હોય તે સિવાય, અરજદાર, કોઈપણ રીતે આવી રાહતના હેતુ માટે તેના/તેણીના પોતાના દોષ અથવા અશક્તતાનો લાભ લઈ રહ્યો નથી; અને

(ખ) અરજીનો આધાર કલમ ૩૧ની પેટા-કલમ (૧)ના ખંડ (ક)માં નિર્દિષ્ટ કરેલો આધાર હોય, ત્યારે અરજદારે કોઈપણ રીતે ફરિયાદ કરવામાં આવેલ કૃત્ય અથવા કૃત્યોમાં સહાય કરી નથી અથવા મૂક-સંમતિ આપી નથી અથવા માફી આપી નથી અથવા અરજીનો આધાર કલમ ૩૧ની પેટા-કલમ (૧)ના ખંડ (ખ)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેનો હોય, ત્યારે અરજદારે સ્વેચ્છાએ ક્રૂરતાને માફ કરી નથી; અને

(ગ) કલમ ૩૩ હેઠળ પરસ્પર સંમતિના આધારે છૂટાછેડા માંગવામાં આવે, ત્યારે આવી સંમતિ બળજબરી, છેતરપિંડી અથવા અયોગ્ય દબાણ દ્વારા મેળવવામાં આવી નથી;

-ત્યારે, કોર્ટ તદનુસાર આવી રાહતનો હુકમ કરશે.

(૩) આ ભાગ હેઠળ કોઈ રાહત આપવાની કાર્યવાહી કરતાં પહેલાં, કેસના પ્રકાર અને સંજોગો અનુસાર તેમ કરવું શક્ય હોય, ત્યારે તેવા દરેક કિસ્સામાં, પક્ષકારો વચ્ચે સમાધાન કરાવવા માટેનો દરેક પ્રયાસ કરવો એ કોર્ટની સૌ પ્રથમ ફરજ રહેશે;

પરંતુ આ પેટા-કલમનો કોઈપણ મજકૂર, કલમ ૩૧ની પેટા-કલમ (૧)ના ખંડો (ચ), (છ), (જ) અને (ઝ)માં નિર્દિષ્ટ કરેલા કારણો પૈકી કોઈપણ કારણસર જેમાં રાહત માંગવામાં આવી હોય તેવી કોઈ કાર્યવાહીને લાગુ પડશે નહિ.

(૪) આવું સમાધાન કરાવવામાં કોર્ટને મદદ કરવાના હેતુ માટે, પક્ષકારો એમ ઇચ્છે અથવા કોર્ટને એમ કરવાનું ન્યાયી અને યોગ્ય લાગે, તો કોર્ટ, ત્રીસ દિવસથી વધુ ન હોય તેવા વાજબી સમયગાળા માટે કાર્યવાહી મુલતવી રાખી શકશે અને આ બાબત પક્ષકારો દ્વારા આ અર્થે જણાવવામાં આવેલ કોઈ વ્યક્તિને અથવા પક્ષકારો કોઈ વ્યક્તિનું નામ આપવામાં નિષ્ફળ જાય, તો કોર્ટ દ્વારા નામનિયુક્ત કરવામાં આવેલી કોઈ વ્યક્તિને પુછાણ અર્થે મોકલી શકશે. આવું સમાધાન સફળતાપૂર્વક થયેથી, યોગ્ય હુકમો કરવા માટે કોર્ટમાં તે મતલબનો અહેવાલ દાખલ કરવો જોઈશે. તેમ છતાં, સમાધાન નિષ્ફળ રહ્યેથી, સમાધાન કાર્યવાહીનો કોઈ રેકોર્ડ રાખવો જોઈશે નહીં અને ફક્ત સમાધાન નિષ્ફળ જવા અંગે કોર્ટને જાણ કરવી જોઈશે.

છૂટાછેડા અને અન્ય કાર્યવાહીમાં પ્રતિવાદીને રાહત.

૫૦. છૂટાછેડા અથવા ન્યાયિક લગ્નવિચ્છેદ અથવા દાંપત્ય અધિકારોની પુનઃસ્થાપના માટેની કોઈપણ કાર્યવાહીમાં, પ્રતિવાદી માત્ર રાહતનો વિરોધ જ નહીં કરી શકે પરંતુ આ ભાગ હેઠળ ગ્રાહ્ય (સ્વીકાર્ય) હોય તેવા કોઈપણ કારણસર રાહત પણ માંગી શકશે અને સાબિત થાય, તો

કોર્ટ, આ ભાગ હેઠળ પ્રતિવાદીને એવી રાહત આપી શકશે જેના માટે તેણીએ/તેણે તે કારણસર આવી રાહત મેળવવા માટે અરજી રજૂ કરી હોત, તો તેણી/તે હકદાર થયા હોત.

**શિક્ષા કરવાની સત્તા અને તે માટેની કાર્યરીતિ.**

**૫૧.** જેમની હકૂમતમાં આ ભાગ હેઠળનો કોઈ ગુનો કરવામાં આવ્યો હોય તેવા કોઈપણ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ, તેમને કરવામાં આવેલી ફરિયાદ પરથી, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ (સન ૨૦૨૩ના અધિનિયમ ક્રમાંકઃ ૪૬) અનુસાર અદાલતી કાર્યવાહી કરીને આ ભાગની જોગવાઈઓ હેઠળ ઠરાવેલી હોય તેવી શિક્ષા કરી શકશે.

## પ્રકરણ – ૭
## પૂરક જોગવાઈઓ

**હુકમનામા અને હુકમોમાં અપીલ.**

**૫૨.** (૧) આ ભાગ હેઠળની કાર્યવાહીમાં કોર્ટ દ્વારા કરવામાં આવેલા સંમતિ હુકમનામા સિવાયના તમામ હુકમનામા, પેટા-કલમ (૩)ની જોગવાઈઓને અધીન રહીને, હાઇકોર્ટમાં અપીલને પાત્ર રહેશે.

(૨) કલમ ૪૦, કલમ ૪૧ અથવા કલમ ૪૨ હેઠળ કોર્ટ દ્વારા કરવામાં આવેલા હુકમો, પેટા-કલમ (૩)ની જોગવાઈઓને અધીન રહીને, તે વચગાળાના હુકમો ન હોય, તો અપીલને પાત્ર રહેશે અને આવી દરેક અપીલ હાઇકોર્ટમાં કરવી જોઈશે.

(૩) આ કલમ હેઠળ ફક્ત ખર્ચના વિષય પર કોઈ અપીલ કરી શકાશે નહીં.

(૪) આ કલમ હેઠળની દરેક અપીલ, હુકમનામા અથવા હુકમની તારીખથી નેવું દિવસની મુદતમાં રજૂ કરવી જોઈશેઃ

પરંતુ કોર્ટને ખાતરી થાય કે અપીલ કરનારને પૂરતા કારણોસર નેવું દિવસની મુદતમાં અપીલ કરી શક્યો ન હતો, તો તે સાઠ દિવસથી વધુ ન હોય તેવી વધુ મુદતમાં અપીલ સ્વીકારી શકશે.

**હુકમનામા અને હુકમોનો અમલ.**

**૫૩.** આ ભાગ હેઠળની કોઈપણ કાર્યવાહીમાં કોર્ટ દ્વારા કરવામાં આવેલા તમામ હુકમનામા અને હુકમોનો અમલ, દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮ (૧૯૦૮ના અધિનિયમ ક્રમાંકઃ ૫) અને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ (૨૦૨૩ના અધિનિયમ ક્રમાંકઃ ૪૬) હેઠળના હુકમનામા અને હુકમોનો જે રીતે અમલ કરવામાં આવે છે તે જ રીતે કરવામાં આવશે.

**૫૪.** રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, આ ભાગના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે. **નિયમો કરવાની સત્તા.**

## ભાગ – ૨

## વારસાહક (ઉત્તરાધિકાર)

## પ્રકરણ – ૧

## બિન-વસિયતી વારસાહક

## પસંદગીનો અગ્રતાક્રમ અને હિસ્સાની વહેંચણી

વારસાહકના સામાન્ય નિયમો.

**૫૫.** બિન-વસિયતી મૃત્યુ પામેલા વ્યક્તિની મિલકતનું, આ પ્રકરણની જોગવાઈઓ અનુસાર પસંદગીના નીચેના ક્રમમાં વિતરણ કરવું જોઈશેઃ-

(૧) સૌ પ્રથમ, આ સંહિતાની અનુસૂચિ–૨ના વર્ગ-૧માં નિર્દિષ્ટ કરેલા સંબંધીઓ હોય તેવા વારસદારોને;

(૨) બીજું, વર્ગ – ૧-ના કોઈ વારસદાર ન હોય, તો આ સંહિતાની અનુસૂચિ-૨-ના વર્ગ-૨-માં નિર્દિષ્ટ કરેલા સંબંધીઓ હોય તેવા વારસદારોને;

(૩) ત્રીજું, ખંડો (૧) અથવા (૨)માં નિર્દિષ્ટ કરેલા બે વર્ગોના કોઈ વારસદાર ન હોય, તો તેવા કિસ્સામાં, અન્ય સંબંધીઓને;

(૪) છેલ્લે, ઉપરના કોઈપણ ખંડમાં ઉલ્લેખેલ કોઈ વારસદાર ન હોય, તો તેવા કિસ્સામાં, (મિલકત) ખાલસા કરીને સરકારને; અને એક વારસદાર જે જવાબદારીઓ અને દાયિત્વને અધીન હોત તે તમામ જવાબદારીઓ અને દાયિત્વને અધીન રહીને સરકારે એ મિલકત લેવી જોઈશે.

સ્પષ્ટીકરણ – આ પ્રકરણમાં,-

(ક) બિનવસિયતી (મૃતક)ના સંબંધમાં "વર્ગ ૧-ના વારસદારો"ના કોઈ સંદર્ભનો અર્થ, જીવનસાથી(જીવનસાથીઓ); બાળકો; પૂર્વ-મૃત બાળકોના બાળકો અને જીવનસાથીઓ; પૂર્વ-મૃત બાળકોના પૂર્વ-મૃત બાળકોના બાળકો અને જીવનસાથીઓ; અને માતાપિતા થશે, જે અનુસૂચિ-૨-માં દર્શાવેલ સંબંધીઓ સુધી મર્યાદિત છે;

(ખ) બિનવસિયતી (મૃતક)ના સંબંધમાં "વર્ગ-૨-ના વારસદારો"ના કોઈ સંદર્ભનો અર્થ, સાવકા માતાપિતા; ભાઈ-બહેન; પૂર્વ-મૃત ભાઈ-બહેનના બાળકો અને જીવનસાથીઓ; માતાપિતાના ભાઈ-બહેન; દાદા-દાદી; અને નાના-નાની થશે, જે અનુસૂચિ-૨-માં દર્શાવેલ સંબંધીઓ સુધી મર્યાદિત છે;

(ગ) બિનવસિયતી (મૃતક)ના સંબંધમાં "અન્ય સંબંધીઓ"ના કોઈ સંદર્ભનો અર્થ, અનુસૂચિ-૨-માં દર્શાવેલ વર્ગ ૧ અને વર્ગ -૨-ના વારસદારો સિવાયના બિનવસિયતી (મૃતક)ના સંબંધી વ્યક્તિઓ થશે;

(ઘ) "બિનવસિયતી (મૃતક)ના પૂર્વ-મૃત બાળકના પૂર્વ-મૃત બાળકની શાખા"ના કોઈ સંદર્ભનો અર્થ, તેણીના/તેના હયાત જીવનસાથી(જીવનસાથીઓ) અને બાળકો થશે અને "બિનવસિયતી (મૃતક)ના પૂર્વ-મૃત બાળકની શાખા"ના કોઈ સંદર્ભનો અર્થ, તેણીના/તેના હયાત જીવનસાથી(જીવનસાથીઓ), બાળકો બિન-વસિયતી (મૃતક)ના પૂર્વ-મૃત બાળકના પૂર્વ-મૃત બાળકની દરેક શાખા એવો થશે, જે તે પૂર્વ-મૃત બાળકના સીધી લીટીના વંશજ હોય:

પરંતુ આવી શાખામાં સમાવિષ્ટ વારસદારો, આ સંહિતાની અનુસૂચિ-૨-ના વર્ગ-૧-ના વારસદારોની યાદીમાં નિર્દિષ્ટ કરેલ સંબંધીઓ સુધી મર્યાદિત રહેશે.

વારસાહક ની રીત.

**૫૬.** કલમ ૫૫-ના દરેક ખંડ (૧), (૨) અથવા (૩)માં નિર્દિષ્ટ કરેલા વારસદારો, બિનવસિયતી (મૃતક)ની મિલકતના વારસદાર બનશે અને અહીં હવે પછી નિર્દિષ્ટ કરવામાં આવ્યો છે તેટલો હિસ્સો લેશે.

વર્ગ-૧-ના વારસદારો વચ્ચે મિલકતની વહેંચણી.

**૫૭.** વર્ગ-૧-ના વારસદારો એક સાથે ઉત્તરાધિકારી બનશે અને બિનવસિયતી (મૃતક)ની મિલકત તેમની વચ્ચે નીચેના નિયમો અનુસાર વહેંચવામાં આવશે-

નિયમ ૧ - બિનવસિયતી (મૃતક)ના દરેક હયાત જીવનસાથી એક-એક હિસ્સો લેશે.

નિયમ ૨ – બિનવસિયતી (મૃતક)ના દરેક હયાત બાળક એક-એક હિસ્સો લેશે.

નિયમ ૩ – બિનવસિયતી (મૃતક)ના દરેક પૂર્વ-મૃત બાળકની શાખાના વારસદારો એકસાથે એક હિસ્સો લેશે.

નિયમ ૪ - પૂર્વ-મૃત બાળકની શાખાને વારસામાં મળતો હિસ્સો, દરેક હયાત જીવનસાથી, હયાત બાળક અને પૂર્વ-મૃત બાળકના પૂર્વ-મૃત બાળકની શાખા વચ્ચે સમાન રીતે વિભાજીત થશે.

નિયમ ૫ - પૂર્વ-મૃત બાળકના પૂર્વ-મૃત બાળકની શાખાને વારસામાં મળતો હિસ્સો, દરેક હયાત જીવનસાથી અને બાળક વચ્ચે સમાન રીતે વિભાજીત થશે.

નિયમ ૬ – બિનવસિયતી (મૃતક)ના હયાત માતા-પિતા સમાન પ્રમાણમાં એકસાથે એક હિસ્સો લેશે, અને બિન-વસિયતી (મૃતક)ના માતા-પિતામાંથી કોઈ એક જ હયાત હોય તેવા કિસ્સામાં, તો આવા માતા/પિતા એકલા એક હિસ્સો લેશે:

પરંતુ માતા-પિતા બંનેએ એકસાથે એક હિસ્સો લીધો હોય અને તેમાંથી એકનું પાછળથી મૃત્યુ થાય તેવા કિસ્સામાં, તો તે એક હિસ્સામાંનું તેણીનું/તેનું હિત બીજાને હસ્તાંતરિત થશે.

વર્ગ-૨-ના વારસદારો વચ્ચે મિલકતની વહેંચણી.

૫૮. બિનવસિયતી (મૃતક)ની મિલકત વર્ગ-૨ના વારસદારો વચ્ચે નીચેના નિયમો અનુસાર વહેંચવામાં આવશે-

નિયમ ૧ - વર્ગ-૨-માંની પ્રથમ નોંધ (first entry)ના વારસદારોને બીજી નોંધ (second entry)ના વારસદારો કરતાં પહેલાં પસંદગી આપવામાં આવશે; બીજી નોંધ (second entry)ના વારસદારોને ત્રીજી નોંધ (third entry)ના વારસદારો કરતાં પહેલાં પસંદગી આપવામાં આવશે; અને તેવી જ રીતે આગળ ક્રમશઃ પસંદગી આપવામાં આવશે.

નિયમ ૨ – બિન-વસિયતી (મૃતક)ની મિલકત, અનુસૂચિ-૨-ના વર્ગ-૨-ની કોઈ એક નોંધમાં નિર્દિષ્ટ કરેલ વારસદારો વચ્ચે વહેંચવામાં આવશે જેથી તેઓને સમાન હિસ્સો મળી શકે.

અન્ય સંબંધીઓ વચ્ચે મિલકતની વહેંચણી.

૫૯. નજીકની પેઢીના સંબંધીઓ, નીચેના નિયમ અનુસાર અન્ય તમામ સંબંધીઓને બાકાત રાખીને બિનવસિયતી (મૃતક)ની મિલકતના એકસાથે વારસદાર બનશે-

નિયમ - નજીકની પેઢીના 'અન્ય સંબંધીઓ'માંથી દરેક, એક-એક હિસ્સો લેશે.

ઉદાહરણ

A બિનવસિયતી (વસિયત કર્યા વગર) મૃત્યુ પામે છે અને તેના બે પૌત્ર-ભત્રીજા - A1 અને A2, અને પૂર્વ-મૃત પૌત્ર-ભત્રીજા - A3 નું બાળક - હયાત છે. A ની મિલકત A1 અને A2 વચ્ચે સમાન રીતે વહેંચવામાં આવશે; A3 કોઈ હિસ્સો લેશે નહીં.

## સામાન્ય જોગવાઈઓ

૬૦. આ ભાગ હેઠળ પેઢીઓની ગણતરી કરવાના હેતુ માટે, સંબંધોની ગણતરી એવી રીતે કરવામાં આવશે કે ઉપરની (આગળની) અથવા નીચેની (પાછળની) દરેક પેઢી, જેના સંબંધીઓની ગણતરી બાકી હોય તે વ્યક્તિઓને બાકાત રાખીને, એક પેઢી બનાવે.

**પેઢીઓની ગણતરી.**

ઉદાહરણ

A બિનવસિયતી (વસિયત કર્યા વગર) મૃત્યુ પામે છે અને તેના પિતા A1, પૌત્ર A2, ભત્રીજો A3 અને પ્રથમ પિતરાઈ ભાઈ A4 હયાત છે.

A1, A2, A3 અને A4 ને A માંથી અનુક્રમે એક, બે, ત્રણ અને ચાર પેઢી દ્વારા દૂર કરવામાં આવે છે.

૬૧. બિન-વસિયતી વારસાહકના હેતુઓ માટે, બિન-વસિયતી (મૃતક)ના જીવનકાળમાં ખરેખર જન્મેલા વારસદાર અને તેણીના/તેના મૃત્યુ સમયે ગર્ભમાં જ રહેલા, પરંતુ જે પછીથી જીવંત જન્મ્યા હોય તે વારસદાર વચ્ચે કોઈ ભેદ નથી અને આવું બાળક બિન-વસિયતી (મૃતક)ના મૃત્યુના સમયથી જ બિન-વસિયતી (મૃતક)નું વારસદાર હોવાનું માનવામાં આવશે.

**ગર્ભમાંના બાળકનો અધિકાર.**

૬૨. જ્યાં બે વ્યક્તિઓ એવી પરિસ્થિતિઓમાં મૃત્યુ પામી હોય કે જેનાથી તે અનિશ્ચિત હોય કે તેમાંથી કોઈ બીજાનો વારસદાર રહ્યો છે કે નહિ અને જો એમ હોય, તો કોનો વારસદાર રહ્યો છે, ત્યારે મિલકતના ઉત્તરાધિકારને અસર કરતા તમામ હેતુઓ માટે, એવું માનવામાં આવશે કે જ્યાં સુધી વિરુદ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી, નાની (વ્યક્તિ) મોટી (વ્યક્તિ)ની વારસદાર રહેશે.

**એક સાથે થયેલા મૃત્યુના કિસ્સાઓમાં અનુમાન.**

## ગેરલાયકાતો

**પુનર્લગ્ન કર્યેથી ગેરલાયકાત.**

૬૩. બિન-વસિયતી (મૃતક)ના કોઈ પૂર્વ-મૃત સંબંધીની વિધવા અથવા વિધુરે, બિન-વસિયતી (મૃતક)ના જીવનકાળ દરમિયાન ફરીથી લગ્ન કર્યા હોય, ત્યારે આવી વિધવા અથવા વિધુર, બિન-વસિયતી (મૃતક)ની મિલકતના વારસદાર બનશે નહિ.

**ખૂનીને ગેરલાયક ઠરાવવા બાબત.**

૬૪. જે વ્યક્તિ ખૂન કરે છે અથવા ખૂન કરવામાં મદદ કરે છે, તેને ખૂન કરાયેલ વ્યક્તિની મિલકત અથવા એવી અન્ય મિલકત, જેના ઉત્તરાધિકારી બનવા તેણીએ/તેણે ખૂન કર્યું હતું અથવા ખૂન કરવામાં મદદ કરી હતી તે (મિલકત)નો વારસદાર બનવા માટે ગેરલાયક ઠરશે.

**વારસદાર ગેરલાયક ઠરે ત્યારે વારસાહક.**

**૬૫.** કોઈ વ્યક્તિને આ સંહિતા હેઠળ કોઈપણ મિલકતના ઉત્તરાધિકારી માટે ગેરલાયક ઠરાવવામાં આવે, તો તે (મિલકત)નો વારસો એવી રીતે આપવામાં આવશે જાણે કે આવી વ્યક્તિ બિનવસિયતી (મૃતક) કરતાં પહેલાં મૃત્યુ પામી હોય.

**રોગ, ખામી અથવા ખોડખાંપણને કારણે ગેરલાયક ઠરાવવામાં આવશે નહીં.**

**૬૬.** કોઈપણ વ્યક્તિને કોઈ રોગ, ખામી અથવા ખોડખાંપણને કારણે અથવા આ સંહિતામાં જોગવાઈ કર્યા સિવાય, અન્ય કોઈપણ કારણોસર કોઈ મિલકતના વારસદાર બનવા માટે ગેરલાયક ઠરાવવામાં આવશે નહીં.

## પ્રકરણ – ૨
## વસિયતી વારસાહક
## વસિયત અને પૂરક વસિયતનામું (કોડિસિલ)

**વસિયત કરવા સક્ષમ વ્યક્તિ.**

**૬૭.** સગીર ન હોય તેવી સ્વસ્થ મન ધરાવતી દરેક વ્યક્તિ વસિયત દ્વારા તેણીની/તેની મિલકતની વ્યવસ્થા કરી શકશે.

સ્પષ્ટીકરણ ૧ – બહેરી અથવા મૂંગી અથવા અંધ વ્યક્તિઓ વસિયત દ્વારા પોતે શું કરે છે તે સમજી શકતી હોય, તો તેઓ વસિયત કરવા માટે અસમર્થ થતી નથી.
સ્પષ્ટીકરણ ૨ – સાધારણ રીતે પાગલ હોય તેવી વ્યક્તિ, જે સમયગાળા દરમિયાન તેણી/તે સ્વસ્થ મનની હોય તે સમયગાળા દરમિયાન વસિયત કરી શકે છે.
સ્પષ્ટીકરણ ૩ - કોઈપણ વ્યક્તિ, નશાના કારણે અથવા માંદગીના કારણે અથવા અન્ય કોઈ કારણોસર ઉદ્ભવતી એવી માનસિક સ્થિતિમાં હોય કે તેણીને/તેને ખબર ન હોય કે તેણી/તે શું કરી રહી છે, ત્યારે તે વસિયત કરી શકતી નથી.

ઉદાહરણો

(૧) A પોતાની આસપાસ શું બની રહ્યું છે તે સમજી શકે છે, અને પરિચિત પ્રશ્નોના જવાબ આપી શકે છે, પરંતુ તેની મિલકત કેવા સ્વરૂપની છે અથવા તેની સાથે લોહીનું સગપણ ધરાવતી વ્યક્તિઓ કોણ છે અથવા તેણે કોની તરફેણમાં પોતાની વસિયત કરવાનું યોગ્ય રહેશે તે બાબતની તે પૂરી સમજ ધરાવતો નથી. A કાયદામાન્ય વસિયત કરી શકે નહીં.

(૨) A પોતાની વસિયત હોવાનું અભિપ્રેત હોય તેવું કોઈ લખાણ કરી આપે છે, પરંતુ તે લખાણ કેવા સ્વરૂપનું છે તેમજ તે જોગવાઈઓની શું અસર છે તે સમજી શકતો નથી. આ લખાણ કાયદામાન્ય વસિયત નથી.

(૩) A ખૂબ જ નબળો અને ક્ષીણ થઇ ગયો છે પણ પોતાની મિલકતની શી રીતે વ્યવસ્થા કરવી તે અંગેનો નિર્ણય લેવા સક્ષમ છે અને A વસિયત કરે છે. આ એક કાયદામાન્ય વસિયત છે.

**કપટથી, બળજબરીથી અથવા દુરાગ્રહથી મેળવેલી વસિયત.**

૬૮. કપટથી અથવા બળજબરીથી અથવા વસિયત કરનાર પોતાની મરજી મુજબ કરી શકે નહી એવા અત્યાગ્રહથી કરાવી લીધેલી વસિયત અથવા વસિયતનો કોઈ ભાગ, રદબાતલ ગણાશે.

ઉદાહરણો

(૧) A, ખોટી રીતે અને જાણી જોઈને વસિયતનામું કરનારને રજૂઆત કરે છે કે તેનું (વસિયતનામું કરનારનું) એકમાત્ર સંતાન મૃત્યુ પામ્યું છે અથવા તેણે કોઈ અયોગ્ય (નાફરમાનીનું) કૃત્ય કર્યું છે એમ કહી તેની (વસિયતનામું કરનારની) પાસે પોતાની તરફેણમાં વસિયત કરાવી લે છે; આવી વસિયત કપટથી કરાવી લેવાયું છે અને તે રદબાતલ છે.

(૨) વસિયતનામું કરનાર પાસે કપટથી અને છેતરપિંડીથી પોતાને વસિયતી વારસો મળે એવું વસિયત A કરાવી લે છે. તે વસિયતી બક્ષિસ રદબાતલ ગણાય.

(૩) કાયદેસરના સત્તાધિકારીએ A ને કેદ રાખેલ છે, A તેની વસિયત કરે છે. A કેદ હોવાને કારણે તે વસિયત અમાન્ય ગણાય નહિ.

(૪) B જો C ની તરફેણમાં વસિયતી બક્ષિસ ન કરે, તો તેને ગોળી મારી દેવાની અથવા તેનું ઘર બાળી નાખવાની અથવા કોઇ ગુનાહિત તહોમત અંગે તેને ગિરફતાર કરાવવાની ધમકી આપે છે, પરિણામે B, C ની તરફેણમાં વસિયતી બક્ષિસ કરે છે. તે વસિયતી બક્ષિસ બળજબરીથી કરાવેલ હોવાથી રદબાતલ ગણાય.

(૫) A જો બીજાઓના પ્રભાવ નીચે ન હોય, તો વસિયત કરવા માટે પૂરતો સમજદાર હોવા છતાં તે B ના એટલા બધા કાબુ હેઠળ છે કે તે સ્વતંત્ર રીતે વર્તી શકતો નથી અને Bના લખાવ્યા મુજબ વસિયત કરે છે. એવું જણાય છે કે જો B નો ડર ન હોત, તો તે, આ વસિયત કરી આપે નહિ. તે વસિયત અમાન્ય છે.

(૬) A નું સ્વાસ્થ્ય એટલું નબળું છે કે અત્યાગ્રહનો સામનો કરી શકે તેમ નથી, B તેના ઉપર અમુક મતલબનું વસિયત કરવા માટે દબાણ કરે છે અને B ને વશ થઇને અને શાંતિ માત્રને ખાતર A તેવી વસિયત કરે છે. તે વસિયત અમાન્ય છે.

(૭) A ના સ્વાસ્થ્યની સ્થિતિ એવી છે કે પોતાના નિર્ણય અને ઈચ્છાશક્તિનો ઉપયોગ કરી શકે છે, B તેને ચોક્કસ હેતુ માટે વસિયત કરવા માટે પ્રેરિત કરવા તાત્કાલિક મધ્યસ્થી અને સમજાવટનો ઉપયોગ કરે છે. A, મધ્યસ્થી અને સમજાવટના પરિણામે, પરંતુ તેની નિર્ણય અને ઇચ્છાશક્તિના સ્વતંત્ર ઉપયોગથી B દ્વારા ભલામણ કરાયેલી રીતે તેની વસિયત તૈયાર કરે છે. B ની મધ્યસ્થી અને સમજાવટથી વસિયત અમાન્ય થતી નથી.

(૮) A, B પાસેથી વારસો મેળવવાના હેતુથી, તેનું ધ્યાન રાખે છે અને તેની ખુશામત કરે છે અને તેમ કરીને તેનામાં A પ્રત્યે એક અનુચિત પક્ષપાત પેદા કરે છે. B, આવા ધ્યાન અને ખુશામતના પરિણામે, તેની વસિયત તૈયાર કરે છે, જેના દ્વારા તે A ને વારસો આપે છે. A ના ધ્યાન અને ખુશામતથી વસિયત અમાન્ય થતી નથી.

વસિયત રદ કરી શકાશે અથવા તેમાં ફેરફાર કરી શકાશે.

૬૯. વસિયત કરનાર, જ્યારે તેણી/તે વસિયત દ્વારા પોતાની મિલકતનો નિકાલ કરવા (આપવા) સક્ષમ હોય, ત્યારે તે વસિયત રદ કરી શકે છે અથવા તેમાં ફેરફાર કરી શકે છે.

## વસિયત તૈયાર કરવા બાબત

વસિયત તૈયાર કરવા બાબત.

**૭૦. (૧) બિન-વિશેષાધિકારપ્રાપ્ત વસિયત તૈયાર કરવા બાબત.**- કોઈ હુમલા (અભિયાન)માં કાર્યરત અથવા વાસ્તવિક યુદ્ધમાં રોકાયેલ સૈનિક ન હોય, અથવા એવી રીતે કાર્યરત અથવા રોકાયેલ વાયુસેનાનો સભ્ય ન હોય, અથવા દરિયામાં ખલાસી ન હોય તેવા દરેક વસિયત કરનારે, નીચેના નિયમો અનુસાર તેણીની/તેની વસિયત તૈયાર કરવી જોઈશે-

(ક) વસિયત કરનારે, વસિયત પર સહી કરવી જોઈશે અથવા તેણીનું/તેનું નિશાન લગાવવું જોઈશે, અથવા અન્ય કોઈ વ્યક્તિએ તેણીની/તેની હાજરીમાં અને તેણીના/તેના આદેશથી તેના પર સહી કરવી જોઈશે.

(ખ) વસિયત કરનારની સહી અથવા નિશાન અથવા તેણીના/તેના વતી સહી કરનાર વ્યક્તિની સહી, એવી રીતે કરવી જોઈશે કે એવું લાગે કે તેનો હેતુ લખાણને વસિયતનામા તરીકે અમલમાં મૂકવાનો હતો.

(ગ) વસિયતને બે કે તેથી વધુ સાક્ષીઓ દ્વારા પ્રમાણિત કરવી જોઈશે, જેમનામાંથી દરેકે વસિયત કરનારને વસિયત પર સહી કરતા અથવા પોતાનું નિશાન લગાવતા

જોયો હોય અથવા કોઈ અન્ય વ્યક્તિને વસિયત કરનારની હાજરીમાં અને તેના આદેશથી વસિયત પર સહી કરતા જોઈ હોય, અથવા વસિયત કરનાર પાસેથી તેની સહી અથવા નિશાન અથવા આવી અન્ય વ્યક્તિની સહીની વ્યક્તિગત પહોંચ પ્રાપ્ત કરી હોય; અને દરેક સાક્ષીએ વસિયત કરનારની હાજરીમાં વસિયત પર સહી કરવી જોઈશે, પરંતુ તે જરૂરી રહેશે નહિ કે એક કરતાં વધુ સાક્ષીઓ એક જ સમયે હાજર રહે, અને કોઈ ચોક્કસ પ્રકારના પ્રમાણીકરણની જરૂર રહેશે નહિ.

(૨) **વિશેષાધિકારપ્રાપ્ત વસિયત.**- કોઈ હુમલા (અભિયાન)માં કાર્યરત અથવા વાસ્તવિક યુદ્ધમાં રોકાયેલ સૈનિક, અથવા એવી રીતે કાર્યરત અથવા રોકાયેલ વાયુસેનાનો સભ્ય, અથવા દરિયા પરનો ખલાસી, તેણીએ/તેણે અઢાર વર્ષની ઉંમર પૂર્ણ કરી હોય, તો પેટા-કલમ (૩)માં જોગવાઈ કરેલી રીતે કરવામાં આવેલ વસિયત દ્વારા તેની/તેણીની મિલકતનો નિકાલ કરી શકશે. આવી વસિયતને વિશેષાધિકારપ્રાપ્ત વસિયત કહેવામાં આવે છે.

ઉદાહરણો

(૧) રેજિમેન્ટ (પલટન) સાથે જોડાયેલા તબીબી અધિકારી, A, ખરેખર એક અભિયાનમાં કાર્યરત છે. ખરેખર તે એક અભિયાનમાં કાર્યરત એક સૈનિક છે અને વિશેષાધિકારપ્રાપ્ત વસિયત કરી શકશે.

(૨) A એક વેપારી જહાજમાં સમુદ્ર પર છે, જેનો તે પર્સર (હિસાબનીસ અધિકારી) છે. તે એક ખલાસી છે, અને, સમુદ્રમાં હોવાથી, વિશેષાધિકારપ્રાપ્ત વસિયત કરી શકશે.

(૩) બળવાખોરો સામે મેદાનમાં સેવા આપતો સૈનિક, A, વાસ્તવિક યુદ્ધમાં રોકાયેલો સૈનિક છે, અને તેથી તે એક વિશેષાધિકારપ્રાપ્ત વસિયત કરી શકશે.

(૪) A, એક જહાજનો ખલાસી, સફર દરમિયાન, જહાજ જ્યારે બંદર પર પડેલું હોય ત્યારે કામચલાઉ રીતે કિનારા પર ઉતરે છે. આ કલમના હેતુઓ માટે, તે, સમુદ્રમાંનો એક ખલાસી છે, અને વિશેષાધિકારપ્રાપ્ત વસિયત કરી શકશે.

(૫) A, એક એડમિરલ છે, જે નૌકાદળને કમાન્ડ (આદેશ) આપે છે, પરંતુ તે કિનારા પર ઉતરે છે, અને ક્યારેક ક્યારેક જ તેના જહાજ પર જાય છે, તેને દરિયામાં હોય તેમ ગણવામાં આવતો નથી, અને તે વિશેષાધિકારપ્રાપ્ત વસિયત કરી શકે નહિ.

(૬) A, એક ખલાસી, જે લશ્કરી અભિયાનમાં સેવા આપે છે, પરંતુ સમુદ્રમાં ન હોવાના કારણે તેને સૈનિક ગણવામાં આવે છે, અને તે વિશેષાધિકારપ્રાપ્ત વસિયત કરી શકશે.

**(૩) વિશેષાધિકારપ્રાપ્ત વસિયત કરવાની રીત અને તેનો અમલ કરવા માટેના નિયમો.-**

(ક) વિશેષાધિકારપ્રાપ્ત વસિયત લેખિતમાં હોઈ શકે, અથવા મૌખિક રીતે કરી શકાય છે.

(ખ) વિશેષાધિકારપ્રાપ્ત વસિયતના અમલનું નીચેના નિયમો દ્વારા નિયમન કરવું જોઈશે.-

(૧) વસિયત કરનારે તેણીના/તેના હસ્તાક્ષરમાં સંપૂર્ણ વસિયત લખી શકશે. આવા કિસ્સામાં, તેના પર સહી કરવાની અથવા તેને પ્રમાણિત કરવાની જરૂર નથી.

(૨) તે અન્ય વ્યક્તિ દ્વારા સંપૂર્ણપણે અથવા આંશિક રીતે લખી શકાય છે, અને વસિયત કરનાર તેના પર સહી કરી શકે છે. આવા કિસ્સામાં, તેને પ્રમાણિત કરવાની જરૂર નથી.

(૩) વસિયત હોવાનું અભિપ્રેત હોય તેવો દસ્તાવેજ સંપૂર્ણપણે અથવા આંશિક રીતે અન્ય વ્યક્તિ દ્વારા લખવામાં આવ્યો હોય અને વસિયત કરનારે તેના પર સહી કરેલ ન હોય, તો, જો તેમાં એવું દર્શાવવામાં આવે કે તે વસિયત કરનારના આદેશથી લખવામાં આવેલ છે અથવા તેણીએ **તેણીએ/તેણે** તેને તેણીની/**તેની** વસિયત તરીકે માન્યતા આપી છે, તો તે તેણીની/**તેની** વસિયત હોવાનું માનવામાં આવશે.

(૪) દસ્તાવેજ જોવાથી એવું જણાય કે વસિયત કરનાર દ્વારા ઇચ્છિત રીતે તેનો અમલ પૂર્ણ થયો નથી, તો તે સંજોગોને કારણે દસ્તાવેજ અમાન્ય રહેશે નહિ, પરંતુ **તેણી/તેના દ્વારા** તેનો અમલ ન કરવાની બાબતને, દસ્તાવેજમાં વ્યક્ત કરાયેલ વસિયતનામાના ઇરાદાઓને છોડી દેવા સિવાયના, અન્ય કોઈ કારણસર વાજબી રીતે જવાબદાર માની શકાય.

(૫) સૈનિક, વાયુસેનાના સભ્ય અથવા ખલાસીએ **તેણીની/તેમની** વસિયત કરવા માટેની સૂચના લખી હોય, પરંતુ તે તૈયાર થાય અને અમલમાં મુકાય તે પહેલાં તેમનું મૃત્યુ થયું હોય, તો આવી સૂચનાઓ **તેણીની/તેમની** વસિયત તૈયાર કરવા માટે વિચારણામાં લેવામાં આવશે.

(૬) સૈનિક, વાયુસેનાના સભ્ય અથવા ખલાસીએ, બે સાક્ષીઓની હાજરીમાં, તેણીનું/તેનું વસિયત તૈયાર કરવા માટે મૌખિક સૂચનાઓ આપી હોય, અને તેણીની/તેની હયાતી દરમિયાન તેને લેખિત સ્વરૂપ આપવામાં આવ્યું હોય, પરંતુ દસ્તાવેજ તૈયાર થાય અને અમલમાં મુકાય તે પહેલાં તેણીનું/તેનું મૃત્યુ થયું હોય, તો તેને તેણીની હાજરીમાં લેખિત સ્વરૂપ આપવામાં આવ્યું ન હોય, અથવા તેણીને/તેને તે વાંચી સંભળાવવામાં ન આવી હોય તો પણ આવી સૂચનાઓ તેણીની/તેમની વસિયત તૈયાર કરવા માટે વિચારણામાં લેવામાં આવશે.

(૭) સૈનિક, વાયુસેનાના સભ્ય અથવા ખલાસી, એક જ સમયે હાજર બે સાક્ષીઓ સમક્ષ તેણીના/તેના ઇરાદા જાહેર કરીને મૌખિક રીતે વસિયત કરી શકશે.

(૮) વસિયત કરનાર, હજી હયાત હોય અને વિશેષાધિકારપ્રાપ્ત વસિયત કરવાને હકદાર હોતો બંધ થાય તે પછી એક મહિના પૂરો થયે, મૌખિક રીતે કરવામાં આવેલ વસિયત રદબાતલ થઈ જશે.

**૭૧.** કોઈ વસિયત કરનાર, યોગ્ય રીતે પ્રમાણિત કરેલ વસિયત અથવા પૂરક વસિયતનામામાં, તેણીના/તેના ઇરાદાના કોઈ ભાગને વ્યક્ત કરતા ખરેખર લખાયેલા બીજા કોઈ દસ્તાવેજનો ઉલ્લેખ કરે, તો આવા દસ્તાવેજને, જેમાં તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો હોય તેવી વસિયત અથવા પૂરક વસિયતનામાનો એક ભાગ હોવાનું ગણવામાં આવશે. **સંદર્ભ દ્વારા કાગળોનો સમાવેશ.-**

## વસિયત પ્રમાણિત કરવા, રદ કરવા, તેમાં ફેરફાર કરવા અને તેને ફરી અમલમાં મૂકવા બાબત

**૭૨.** કોઈ વ્યક્તિને, વસિયતમાં હિત હોવાને કારણે અથવા તેણી/તે વસિયતનામાના અમલકર્તા હોવાને કારણે, વસિયતના અમલને સાબિત કરવા અથવા તેની માન્યતા અથવા અમાન્યતા સાબિત કરવા માટે સાક્ષી તરીકે ગેરલાયક ઠેરવવામાં આવશે નહિ. **હિતને કારણે અથવા અમલકર્તા હોવાને કારણે સાક્ષીને ગેરલાયક ઠેરવવામાં આવશે નહિ.**

વસિયત અથવા પૂરક વસિયતનામું રદ કરવા બાબત.

**૭૩. (૧) બિન-વિશેષાધિકારપ્રાપ્ત વસિયત અથવા પૂરક વસિયતનામું રદ કરવા બાબત.-** કોઈપણ બિન-વિશેષાધિકારપ્રાપ્ત વસિયત અથવા તેનો કોઈ ભાગ, બીજી વસિયત અથવા પૂરક વસિયતનામાથી હોય અથવા તેને રદ કરવાનો ઈરાદો જાહેર કરતા કોઈ લખાણથી હોય અને આ પહેલાં બિન-વિશેષાધિકારપ્રાપ્ત વસિયતનો જે રીતે અમલ કરવા ફરમાવ્યું હોય તે રીતે અમલમાં મૂકવામાં આવ્યું હોય, અથવા વસિયત કરનાર દ્વારા તેને રદ કરવાના ઈરાદાથી બાળી નાખવા, ફાડી નાખવા અથવા અન્યથા નાશ કરવામાં આવ્યું હોય તે સિવાય તે રદ કરવું જોઈશે નહિ.

### ઉદાહરણો

(૧) A એ એક બિન-વિશેષાધિકારપ્રાપ્ત વસિયત કરી છે. ત્યારબાદ, A બીજી બિન-વિશેષાધિકારપ્રાપ્ત વસિયત કરે છે, જેનો ઈરાદો પહેલી વસિયતને રદ કરવાનો છે. આ વસિયત રદબાતલ કરી ગણાય છે.

(૨)   A એ એક બિન-વિશેષાધિકારપ્રાપ્ત વસિયત કરી છે. ત્યારબાદ, A, વિશેષાધિકારપ્રાપ્ત વસિયત કરવા હકદાર હોવાથી, એક વિશેષાધિકારપ્રાપ્ત વસિયત કરે છે, જેનો ઈરાદો તેની બિન-વિશેષાધિકારપ્રાપ્ત વસિયત રદ કરવાનો છે. આ વસિયત રદબાતલ કરી ગણાય છે.

**(૨)   વિશેષાધિકારપ્રાપ્ત વસિયત અથવા પૂરક વસિયતનામું રદ કરવા બાબત.-** એક વિશેષાધિકારપ્રાપ્ત વસિયત અથવા પૂરક વસિયતનામું, વસિયત કરનાર દ્વારા, બિન-વિશેષાધિકારપ્રાપ્ત વસિયત અથવા પૂરક વસિયતનામા દ્વારા, અથવા તેને રદ કરવાનો ઇરાદો વ્યક્ત કરતા કોઈ કૃત્ય દ્વારા અને વિશેષાધિકારપ્રાપ્ત વસિયતને માન્યતા આપવા માટે પર્યાપ્ત હોય તેવી ઔપચારિકતાઓ સાથે, અથવા વસિયત કરનાર દ્વારા, અથવા તેણીની/તેની હાજરીમાં અને તેણીના/તેના આદેશથી, તેને રદ કરવાના ઇરાદાથી તેને બાળી નાખી, ફાડી નાખી અથવા અન્યથા નાશ કરીને રદ કરી શકાશે.

> સ્પષ્ટીકરણ.- વિશેષાધિકારપ્રાપ્ત વસિયતને માન્યતા આપવા માટે પર્યાપ્ત હોય તેવી ઔપચારિકતાઓ સાથેના કૃત્ય દ્વારા વિશેષાધિકારપ્રાપ્ત વસિયત અથવા પૂરક વસિયતનામાને રદ કરવા માટે, એ જરૂરી નથી કે વસિયત કરનાર તે કાર્ય કરતી વખતે એવી પરિસ્થિતિમાં હોય જે તેણીને/તેને વિશેષાધિકારપ્રાપ્ત વસિયત કરવા માટે હકદાર હોય.

**બિન-વિશેષાધિકારપ્રાપ્ત વસિયતમાં કોઈ મજકૂર ભૂંસી નાખવાની, તેની લીટીઓની વચ્ચે કોઈ મજકૂર લખવાની અથવા તેમાં ફેરફારની અસર.**

**૭૪.**   કોઈપણ અનધિકૃત વસિયતનામાના અમલ પછી તેમાં કરવામાં આવેલ કોઈપણ મજકૂર ભૂંસી નાખવાની, તેની લીટીઓની વચ્ચે કોઈ મજકૂર લખવાની અથવા અન્ય કોઈ ફેરફારની કોઈ અસર થશે નહિ, સિવાય કે જ્યાં સુધી તેનાથી વસિયતનામાના શબ્દો અથવા અર્થ અવાચ્ય અથવા અસ્પષ્ટ ન બને, સિવાય કે આવા ફેરફારને વસિયતના અમલ માટે આ પહેલાં ફરમાવવામાં આવેલી રીતે જ અમલમાં મૂકવામાં આવ્યા હોય;

પરંતુ આવી રીતે ફેરફાર કરવામાં આવેલી વસિયત, વસિયત કરનારની સહી અને સાક્ષીઓની સહી વસિયતના હાંસિયામાં અથવા બીજા કોઈ ભાગમાં આવા ફેરફારની સામે અથવા નજીક, અથવા આવા ફેરફારનો ઉલ્લેખ કરતા અને વસિયતના બીજા કોઈ ભાગના અંતે લખવામાં આવેલા નિવેદનની નીચે અથવા તેના અંતમાં કરવામાં આવી હોય, તો વસિયતનો યોગ્ય રીતે અમલ થયો હોવાનું માનવામાં આવશે.

**૭૫.** (૧) કોઈ પણ રીતે રદ કરવામાં આવેલ કોઈ બિન-વિશેષાધિકારપ્રાપ્ત વસિયત અથવા પૂરક વસિયતનામું અથવા તેના કોઈ ભાગનો, તેનો પુનઃ અમલ કરીને અથવા અહીં પહેલાં ફરમાવવામાં આવ્યું હોય તે રીતે અમલમાં મૂકાયેલા પૂરક વસિયતનામા દ્વારા, અને તેને તાજું કરવાનો ઇરાદો દર્શાવ્યા સિવાય અન્યથા તાજું કરવું જોઈશે નહિ. બિન-વિશેષાધિકારપ્રાપ્ત વસિયતનામું તાજું કરવા બાબત.

(૨) આંશિક રીતે રદ કરવામાં આવેલ અને ત્યારપછી સંપૂર્ણપણે રદ કરવામાં આવેલ કોઈ વસિયત અથવા પૂરક વસિયતનામું તાજું કરવામાં આવે, ત્યારે વસિયત અથવા પૂરક વસિયતનામા દ્વારા વિરુદ્ધનો ઇરાદો દર્શાવવામાં આવે તે સિવાય, તાજું કરવાની આવી બાબત (વસિયત અથવા પૂરક વસિયતનામું) સંપૂર્ણપણે રદ કરતાં પહેલા રદ કરવામાં આવેલા તેના ભાગને લાગુ પડશે નહિ.

## વસિયતનું અર્થઘટન

**૭૬.** વસિયતમાં કોઈ ટેકનિકલ શબ્દો અથવા વિશેષિત શબ્દોનો ઉપયોગ કરવો જરૂરી નથી, પરંતુ ફક્ત શબ્દો એવા હોવા જોઈએ કે જેનાથી વસિયત કરનારનો ઈરાદો જાણી શકાય. વસિયતના શબ્દો.

**૭૭.** વસિયતમાં ઉપયોગમાં લેવાયેલા કોઈ શબ્દોથી કઈ વ્યક્તિનો અથવા કઈ મિલકતનો નિર્દેશ કરવામાં આવ્યો છે તે અંગેના પ્રશ્નો અંગે નિર્ણય કરવા માટે, કોર્ટે, આવી વસિયત હેઠળ હિત ધરાવતા હોવાનો દાવો કરતી વ્યક્તિઓ, વારસાના વિષય તરીકે દાવો કરવામાં આવેલી મિલકત, વસિયત કરનાર અને તેણીના/તેના પરિવારના સંજોગોની, અને જેની જાણકારી વસિયત કરનાર દ્વારા ઉપયોગમાં લેવાયેલા શબ્દોના યોગ્ય ઉપયોગ તરફ દોરી શકે તેવી દરેક હકીકતની તપાસ કરવી જોઈશે. વસિયત મેળવનાર અથવા તેના વિષય અંગેના પ્રશ્નો અંગે નિર્ણય કરવા માટેની તપાસ.

### ઉદાહરણો

(૧) A, તેની વસિયતથી, તેના મોટા પુત્ર અથવા તેના નાના પૌત્ર, અથવા તેના પિતરાઈ ભાઈ, દિવ્યાને ૧,૦૦,૦૦૦ રૂપિયા વસિયતમાં આપે છે. વસિયતમાં આપેલું વર્ણન કઈ વ્યક્તિને લાગુ પડે છે તે સુનિશ્ચિત કરવા માટે કોર્ટ તપાસ કરી શકશે.

(૨) A, તેની વસિયતથી, B ને "મહા ફાર્મ્સ નામની મારી મિલકત" વારસામાં છોડી જાય છે. વસિયતનું વિષયવસ્તુ શું છે તે નક્કી કરવા માટે પુરાવા લેવાનું જરૂરી બની શકે છે, એટલે કે, વસિયત કરનારની કઈ મિલકતને મહા ફાર્મ્સ કહેવામાં આવે છે.

(૩) A, તેની વસિયતથી, B ને "મેં C પાસેથી ખરીદેલી મિલકત" વારસામાં છોડી જાય છે. વસિયત કરનારે C પાસેથી કઈ મિલકત ખરીદી છે તે સુનિશ્ચિત કરવા માટે પુરાવા લેવાનું જરૂરી બની શકે છે.

(વારસો) મેળવનારનું ખોટું નામ અથવા ખોટું વર્ણન.

૭૮. (૧) વારસદાર અથવા વારસદારોના વર્ગને મુકરર કરવા અથવા તેનું વર્ણન કરવા માટે વસિયતમાં ઉપયોગમાં લેવાયેલા શબ્દો, તેનો શું અર્થ છે તે દર્શાવવા પર્યાપ્ત હોય, ત્યારે નામ અથવા વર્ણનમાંની ભૂલ, વારસાને અમલમાં આવતા અટકાવશે નહિ.

(૨) વારસદારના નામમાંની ભૂલ તેણીના/તેના વર્ણનથી સુધારી શકાશે, અને વારસદારના વર્ણનમાંની ભૂલ નામથી સુધારી શકાશે.

### ઉદાહરણો

(૧) A, "પોતાના ભાઈ મોહનના બીજા પુત્ર સંજય" ને વારસો આપે છે. વસિયત કરનારનો એકમાત્ર ભાઈ મોહન છે, જેને સંજય નામનો કોઈ પુત્ર નથી, પરંતુ તેનો બીજા પુત્રનું નામ મહેશ છે. મહેશને વારસો મળશે.

(૨) A, " પોતાના ભાઈ મોહનના બીજા પુત્ર સંજય" ને વારસો આપે છે. વસિયત કરનારનો એકમાત્ર ભાઈ મોહન છે, જેના પહેલા પુત્રનું નામ સંજય છે અને બીજા પુત્રનું નામ મહેશ છે. સંજયને વારસો રહેશે.

(૩) વસિયત કરનાર પોતાની બાકી રહેલી મિલકત " પોતાના સાત બાળકો" માં વહેંચવા માટે આપે છે અને તેમનું વર્ણન કરતાં, ફક્ત છ નામોનો ઉલ્લેખ કરે છે. આ ચૂક સાતમા બાળકને અન્ય લોકો સાથે હિસ્સો લેતા અટકાવશે નહિ.

(૪) છ પૌત્રો ધરાવતો વસિયત કરનાર, "પોતાના છ પૌત્રો" ને વસિયત આપે છે અને, તેમના નામથી તેમનો ઉલ્લેખ કરતાં, એકનો બે વાર ઉલ્લેખ કરે છે અને બીજાને સંપૂર્ણપણે છોડી દે છે. જેના નામનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી તે બાકીના લોકો સાથે હિસ્સો લેશે.

(૫) વસિયત કરનાર, "A ના ત્રણ બાળકોમાંથી દરેકને ૧,૦૦,૦૦૦ રૂપિયા" વારસામાં આપે છે. વસિયતની તારીખે, A ને ચાર બાળકો છે. આ ચાર બાળકોમાંથી દરેકને, જો તે વસિયત કરનારના વારસદાર હોય, તો તેને ૧,૦૦,૦૦૦ રૂપિયાનો વારસો મેળવશે.

૭૯. અર્થની સંપૂર્ણ અભિવ્યક્તિ માટે અનિવાર્ય કોઈ શબ્દ છૂટી ગયો હોય, ત્યારે તે સંદર્ભ દ્વારા તેની પૂર્તિ કરી શકાશે.

શબ્દોની પૂર્તિ ક્યારે કરી શકાય.

### ઉદાહરણ

વસિયત કરનાર તેની પુત્રી A ને “૫૦,૦૦૦” નો વારસો અને તેની પુત્રી B ને “૫૦,૦૦૦ રૂપિયા” નો વારસો આપે છે. A ૫૦,૦૦૦ રૂપિયાનો વારસો મેળવશે.

૮૦. વસિયત કરનાર જે વસ્તુ વસિયતમાં આપવાનો ઇરાદો ધરાવતા હોય તેની વસિયતમાં આપેલા વર્ણન પરથી પર્યાપ્ત ઓળખ થઈ શકતી હોય, પરંતુ વર્ણનના કેટલાક ભાગો લાગુ પડતા ન હોય, તો વર્ણનના આવા ભાગોનો, ભૂલભરેલા (ભાગ) તરીકે અગ્રાહ્ય રાખવામાં આવશે, અને વસિયત અમલમાં આવશે.

વિષયવસ્તુના વર્ણનમાંની ખોટી વિગતોને અગ્રાહ્ય રાખવા બાબત.

**ઉદાહરણ**

A, B ને "L માં આવેલી અને X ના કબજામાં રહેલી મારી કળણવાળી જમીન" વારસામાં આપે છે. વસિયત કરનાર પાસે L માં આવેલી કળણવાળી જમીન હતી પરંતુ X ના કબજામાં કોઈ કળણવાળી જમીન નહોતી. "X ના કબજામાં રહેલી" એ શબ્દોને ભૂલભરેલા તરીકે અગ્રાહ્ય રાખવામાં આવશે, અને L માં આવેલી વસિયતકારની કળણવાળી જમીન વસિયત દ્વારા પ્રાપ્ત થશે.

૮૧. જો વસિયતમાં, વસિયત કરનાર જે વસ્તુનો વારસો આપવા માંગતો હોય તે વસ્તુના વર્ણનમાં જુદાજુદા સંજોગોનો ઉલ્લેખ કરેલો હોય, અને તેણીની/તેની કોઈ મિલકત હોય જેના સંબંધમાં તે બધા સંજોગો અસ્તિત્વમાં હોય, તો વસિયતને આવી મિલકત સુધી મર્યાદિત ગણવામાં આવશે, અને વર્ણનના કોઈ ભાગને ભૂલભરેલો ગણીને અગ્રાહ્ય રાખવો કાયદેસર ગણાશે નહિ, કારણ કે વસિયત કરનાર પાસે બીજી મિલકત હતી જેને વર્ણનનો આવો ભાગ લાગુ પડતો નથી.

ક્યારે વર્ણનનો ભાગ ભૂલભરેલો ગણીને અગ્રાહ્ય રાખી શકાય નહિ.

સ્પષ્ટીકરણ.- કોઈ કેસ આ કલમના અર્થમાં આવે છે કે કેમ તે નક્કી કરતી વખતે, કલમ ૮૦ હેઠળ અગ્રાહ્ય રાખી શકાય તેવા કોઈ શબ્દો, વસિયતમાંથી કાઢી નાંખવામાં આવ્યા હોવાનું ગણાશે.

**ઉદાહરણો**

(૧) A, B ને "L માં આવેલી અને X ના કબજામાં રહેલી પોતાની કળણ જમીન" વારસામાં આપે છે. વસિયત કરનાર પાસે L માં આવેલી કળણ-જમીન હતી, જેમાંથી કેટલીક X ના કબજામાં હતી, અને કેટલીક X ના કબજામાં નહોતી. વસિયતને L માં આવેલી વસિયત કરનારની એટલી કળણ જમીન સુધી મર્યાદિત ગણવામાં આવશે જે X ના કબજામાં હતી.

(૨) A, B ને "L માં આવેલી અને X ના કબજામાં રહેલી પોતાની કળણ જમીન, જેમાં ૧,૦૦૦ વિઘા જમીનનો સમાવેશ થાય છે"તે વારસામાં આપે છે. વસિયત કરનાર પાસે L માં આવેલી કળણ જમીન હતી, જેમાંથી કેટલીક X ના કબજામાં હતી અને કેટલીક X ના કબજામાં નહોતી. આપવામાં આવેલું માપ કોઈપણ વર્ગની કળણ જમીન પર અથવા બંનેને ભેગી કરીને સમગ્ર જમીનને લાગુ પડતું નથી. આપવામાં આવેલું માપ વસિયતમાંથી કાપવામાં આવ્યું હોવાનું

માનવામાં આવશે, અને વસિયત કરનારની L માં આવેલી કળણ જમીન જે X ના કબજામાં હતી તે જ વસિયત દ્વારા પ્રાપ્ત થશે.

પ્રત્યક્ષ અસ્પષ્ટતાના કિસ્સાઓમાં બાહ્ય પુરાવાની ગ્રાહ્યતા.

૮૨. વસિયતનામાના શબ્દો સ્પષ્ટ હોય, પરંતુ બાહ્ય પુરાવા દ્વારા એવું જણાય કે તેના એક કરતાં વધુ ઉપયોગ થઈ શકે છે, જેમાંથી કોઈ એક જ વસિયતકારનો ઈરાદો હોઈ શકે છે, ત્યારે બાહ્ય પુરાવાનો ઉપયોગ એ દર્શાવવા માટે કરી શકાય છે કે આમાંથી (શબ્દના) કયા ઉપયોગનો ઈરાદો રાખવામાં આવ્યો હતો.

### ઉદાહરણો

(૧) ગીતા નામની બે પિતરાઈ બહેનો ધરાવતો એક માણસ, "પોતાની પિતરાઈ બહેન ગીતા" ને રકમ વારસામાં આપે છે. એવું લાગે છે કે એવી બે વ્યક્તિઓ છે, જે દરેક વસિયતમાં આપેલા વર્ણનને અનુરૂપ છે. તેથી, તે વર્ણનના બે ઉપયોગ થઈ શકે છે, જેમાંથી ફક્ત એક જ વસિયત કરનારનો ઈરાદો હોઈ શકે છે. બેમાંથી કયા ઉપયોગનો ઈરાદો રાખવામાં આવ્યો હતો તે દર્શાવવા પુરાવા ગ્રાહ્ય રાખવામાં આવે છે.

(૨) A, તેની વસિયત દ્વારા, B ને "ગીર ફાર્મહાઉસ નામની પોતાની મિલકત" વારસામાં છોડી જાય છે. એવું જાહેર થયું છે કે તેની પાસે ગીર ફાર્મહાઉસ નામની બે મિલકતો હતી. કઈ મિલકત આપવાનો ઈરાદો હતો તે દર્શાવવા પુરાવા ગ્રાહ્ય રાખવામાં આવે છે.

પ્રત્યક્ષ સંદિગ્ધતા અથવા ખામીના કિસ્સામાં બાહ્ય પુરાવાની અગ્રાહ્યતા.

૮૩. વસિયતનામામાં સંદિગ્ધતા અથવા ખામી હોય, ત્યારે વસિયત કરનારના ઇરાદા અંગે કોઈ બાહ્ય પુરાવા ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ.

### ઉદાહરણો

(૧) એક માણસની એક કાકી, ગીતા, અને એક પિતરાઈ બહેન, રાધા છે, અને રાધા નામની કોઈ કાકી નથી. તેની વસિયત દ્વારા, તે "પોતાની કાકી, ગીતા" ને ૧,૦૦,૦૦૦ રૂપિયા અને " પોતાની પિતરાઈ બહેન, રાધા" ને ૧,૦૦,૦૦૦ રૂપિયા વારસામાં આપે છે અને ત્યાર પછી " પોતાની અગાઉ ઉલ્લેખિત કાકી, રાધા" ને ૨,૦૦,૦૦૦ રૂપિયા વારસામાં આપે છે. વસિયતનામામાં આપેલ વર્ણન લાગુ પડી શકે તેવી કોઈ વ્યક્તિ નથી, અને "મારી અગાઉ ઉલ્લેખિત કાકી, રાધા"નો અર્થ શું હતો તે દર્શાવવા માટે પુરાવો ગ્રાહ્ય નથી. તેથી, કલમ ૯૧ હેઠળ અનિશ્ચિતતાના કારણે વસિયત રદબાતલ છે.

(૨) A, વારસદારના નામ માટે ખાલી જગ્યા છોડીને ................ ને ૧,૦૦,૦૦૦ રૂપિયા વારસામાં આપે છે. વસિયત કરનાર કયું નામ દાખલ કરવાનો ઇરાદો ધરાવે છે તે દર્શાવતો પુરાવો ગ્રાહ્ય નથી.

(૩) A, B ને........... રૂપિયા, અથવા " પોતાની મિલકત..........." વારસામાં આપે છે.વસિયત કરનાર કઈ રકમ અથવા કઈ મિલકત દાખલ કરવાનો ઇરાદો ધરાવે છે તે દર્શાવતો પુરાવો ગ્રાહ્ય નથી.

**ખંડનો અર્થ સમગ્ર વસિયતમાંથી નક્કી કરવા બાબત.**

૮૪. વસિયતમાંના કોઈપણ ખંડનો અર્થ સમગ્ર દસ્તાવેજમાંથી નક્કી કરવો જોઈશે, અને તેના બધા ભાગોનો અર્થ એકબીજાના સંદર્ભમાં કરવામાં આવશે.

ઉદાહરણો

(૧) વસિયત કરનાર A ના મૃત્યુ સમયે B ને નિર્દિષ્ટ ભંડોળ અથવા મિલકત આપે છે, અને ત્યાર પછીના ખંડથી તેની સંપૂર્ણ મિલકત A ને આપે છે. ઘણા ખંડોને એકસાથે લેવામાં આવે તો ચોક્કસ ભંડોળ અથવા મિલકત A માં જીવનભર અને તેના મૃત્યુ પછી B માં નિહિત થાય છે; B ને આપેલી વસિયત પરથી એવું લાગે છે કે વસિયત કરનારનો હેતુ મર્યાદિત અર્થમાં તે શબ્દોનો ઉપયોગ કરવાનો હતો જેમાં તે A ને શું આપે છે તેનું વર્ણન કરવામાં આવ્યું હોય.

(૨) વસિયત કરનાર એવી મિલકત ધરાવે છે કે જેનો એક ભાગ ગીર ફાર્મ કહેવાય છે, તે તેની સમગ્ર મિલકત A ને વારસામાં આપે છે, અને તેની વસિયતના બીજા ભાગમાં ગીર ફાર્મ B ને આપે છે, પાછળથી કરવામાં આવેલી વસિયતને પહેલી વસિયતના અપવાદ તરીકે વાંચવામાં આવે છે જાણે કે તેણે તેમ કહ્યું હોય કે "હું ગીર ફાર્મ B ને આપું છું, અને મારી બાકીની બધી મિલકત A ને આપું છું".

**શબ્દોને ક્યારે મર્યાદિત અર્થમાં સમજી શકાય અને ક્યારે સામાન્ય કરતાં વધુ વ્યાપક અર્થમાં સમજી શકાય.**

૮૫. સામાન્ય શબ્દો મર્યાદિત અર્થમાં સમજી શકાય છે જ્યારે વસિયતમાંથી એવો અર્થ કરી શકાય છે કે વસિયત કરનાર તેનો મર્યાદિત અર્થમાં ઉપયોગ કરવા માંગતા હતા અને શબ્દો સામાન્ય રીતે જે અર્થમાં હોય છે તેના કરતાં વધુ વ્યાપક અર્થમાં સમજી શકાય છે, જ્યારે તે વસિયતના અન્ય શબ્દોમાંથી એવો અર્થ કરી શકાય છે વસિયત કરનાર તેનો આવા વ્યાપક અર્થમાં ઉપયોગ કરવા માંગતા હતા.

**ઉદાહરણો**

(૧) વસિયત કરનાર A ને "B ના કબજામાં પોતાનું ખેતર" અને C ને "L માંની પોતાની બધી કળણવાળી જમીન" આપે છે. B ના કબજામાં રહેલા ખેતરના એક ભાગમાં L માંની કળણવાળી જમીન આવેલી છે, અને વસિયત કરનાર પાસે L માં અન્ય કળણવાળી જમીન પણ છે. "L માંની પોતાની બધી કળણવાળી જમીન" જેવા સામાન્ય શબ્દો A ને આપેલી ભેટ દ્વારા મર્યાદિત છે. A, B ના કબજામાં રહેલું સંપૂર્ણ ખેતર લઈ લે છે, જેમાં L માંની કળણવાળી જમીન ધરાવતો ખેતરનો તે ભાગ પણ સામેલ છે.

(૨) વસિયત કરનાર (જહાજ પરના ખલાસી) એ તેની માતાને તેની સોનાની વીંટી, બટનો અને કપડાંની પેટી અને તેના મિત્ર, A (જહાજના સાથી) ને તેની લાલ પેટી, છરી અને અગાઉ વારસામાં ન આપેલી બધી વસ્તુઓ વારસામાં આપી. આ વસિયત હેઠળ ઘરમાંનો વસિયત કરનારનો હિસ્સો A ને મળતો નથી.

(૩) A, તેની વસિયતથી, B ને તેના ઘરનું બધું ફર્નિચર, પ્લેટ, શણ, પુસ્તકો, ચિત્રો અને કોઈપણ પ્રકારની અન્ય બધી વસ્તુઓ વારસામાં આપી હતી; અને ત્યાર પછીથી B ને તેની મિલકતનો ચોક્કસ ભાગ વારસામાં આપ્યો. પ્રથમ વસિયત હેઠળ B ફક્ત વસિયત કરનારની એવી જ વસ્તુઓનો હકદાર છે જે તેમાં વર્ણવેલ વસ્તુઓના પ્રકારની હોય.

બે શક્ય અર્થઘટનોમાં થી કયું પસંદ કરવામાં આવશે..

૮૬. જ્યારે કોઈ ખંડના બે શક્ય અર્થો થતા હોય, જેમાંથી એક (અર્થ) અનુસાર તેની કંઈક અસર થતી હોય અને જેમાંથી બીજા (અર્થ) અનુસાર તેનો કોઈ અસર થતી ન હોય, તો પહેલા (અર્થ)ને પસંદ કરવામાં આવશે.

જો વાજબી અર્થઘટન કરી શકાય, તો કોઈ ભાગ અગ્રાહ્ય રાખવામાં આવશે નહિ.

૮૭. જો વસિયતના કોઈ ભાગનું વાજબી અર્થઘટન સંભવ હોય, તો તેને અર્થહીન ગણીને અગ્રાહ્ય રાખવામાં આવશે નહિ.

વસિયતના જુદા જુદા ભાગોમાં વારંવાર લખાયેલા શબ્દોનું અર્થઘટન.

૮૮. એક જ વસિયતના જુદા જુદા ભાગોમાં એક જ શબ્દો આવતા હોય, તો વિરુદ્ધનો ઈરાદો જણાતો હોય તે સિવાય, તેનો દરેક જગ્યાએ એક જ અર્થમાં ઉપયોગ થયો હોવાનું માનવામાં આવશે.

૮૯. વસિયત કરનારનો ઈરાદાનો સંપૂર્ણપણે અમલ થઈ શકે તેમ ન હોવાના કારણે તેને રદ કરવો જોઈશે નહિ, પરંતુ શક્ય હોય ત્યાં સુધી તેનો અમલ કરવામાં આવશે.

શક્ય હોય ત્યાં સુધી વસિયત કરનારનો ઈરાદો અમલમાં મૂકવો.

૯૦. વસિયતના ભેટોમાં લગતા બે ખંડો અસંગત હોય કે જેથી તેઓ એકસાથે ટકી ન શકે, ત્યાં છેલ્લો ખંડ પ્રવર્તમાન રહેશે.

બે અસંગત ખંડોમાંથી છેલ્લો ખંડ પ્રવર્તમાન રહેશે.

### ઉદાહરણો

(૧) વસિયત કરનાર તેની વસિયતના પહેલા ખંડ દ્વારા પોતાની સુરતની મિલકત "A ને" વારસામાં છોડી જાય છે, અને તેની વસિયતના છેલ્લા ખંડ દ્વારા તે (મિલકત) "A ને નહીં પણ B ને" વારસામાં છોડી જાય છે. B તે (વારસો) મેળવશે.

(૨) કોઈ માણસ, પોતાના વસિયતની શરૂઆતમાં પોતાનું ઘર A ને આપે છે, અને તેના અંતે આદેશ આપે છે કે તેનું ઘર વેચી દેવામાં આવે અને તેમાંથી મળેલી રકમનું B ના લાભ માટે રોકાણ કરવામાં આવે, પાછળથી આપવામાં આવેલો વારસો પ્રવર્તમાન રહેશે.

અનિશ્ચિતતા માટે વસિયત અથવા વારસો રદબાતલ ગણાશે.

૯૧. કોઈ ચોક્કસ ઈરાદો વ્યક્ત ન કરતી હોય તેવી વસિયત અથવા વારસો અનિશ્ચિતતા માટે રદબાતલ ગણાય છે.

### ઉદાહરણ

કોઈ વસિયત કરનાર કહે કે "હું A ને માલ વારસામાં આપું છું", અથવા "હું A ને વારસામાં આપું છું", અથવા "હું અનુસૂચિમાં જણાવેલ બધો માલ A ને વારસામાં છોડી જાઉં છું" અને કોઈ અનુસૂચિ ન મળે, અથવા "હું 'પૈસા', 'ઘઉં', 'તેલ'" અથવા તેના જેવી વસ્તુઓ વારસામાં આપું છું પણ તેની માત્રા જણાવતા નથી, તો આ રદબાતલ છે.

વિષયવસ્તુનું વર્ણન કરતાં શબ્દોથી, વસિયત કરનારના મૃત્યુના સમયે, વર્ણનને અનુરૂપ મિલકતનો નિર્દેશ થવા બાબત.

૯૨. દાનનું વિષયવસ્તુ હોય એવું વસિયતમાં સમાવિષ્ટ મિલકતને લગતું વર્ણન, વસિયતથી વિરુદ્ધનો ઈરાદો જણાય તે સિવાય, વસિયત કરનારના મૃત્યુ સમયે તે વર્ણનને અનુરૂપ મિલકતનો નિર્દેશ કરતું અને તેને સમાવિષ્ટ કરતું હોવાનું માનવામાં આવશે.

**સામાન્ય વસિયતથી કરવામાં આવેલી નિમણૂકની સત્તા.** ૯૩. વસિયતમાં વિરુદ્ધનો ઈરાદો જણાય તે સિવાય, વસિયત કરનારની મિલકતની વસિયતનો એવો અર્થ થશે કે તેમાં એવી કોઈ મિલકતનો સમાવેશ થશે જેને તેણી/તે યોગ્ય સમજે તેવી કોઈ વ્યક્તિને વસિયત દ્વારા નિયુક્ત કરવાની સત્તા હોય, અને તે આવી સત્તાના અમલ તરીકે કાર્ય કરશે; અને સામાન્ય રીતે વર્ણવેલ મિલકતની વસિયતનો એવો અર્થ થશે કે તેમાં એવી કોઈપણ મિલકતનો સમાવેશ થશે જેને આવું વર્ણન લાગુ થઈ શકે, જેને તેણી/તે યોગ્ય સમજે તેવી કોઈ વ્યક્તિને વસિયત દ્વારા નિયુક્ત કરવાની સત્તા હોય, અને આવી સત્તાના અમલ તરીકે કાર્ય કરશે.

**નિમણૂકના અભાવના કિસ્સામાં સત્તાના ઉદ્દેશો માટે ગર્ભિત ભેટ.** ૯૪. મિલકત ચોક્કસ ઉદ્દેશો માટે અથવા તેમના લાભ માટે, જેમ કે કોઈ ચોક્કસ વ્યક્તિ નિયુક્ત કરે અથવા ચોક્કસ વ્યક્તિ નક્કી કરે તેટલા પ્રમાણમાં ચોક્કસ ઉદ્દેશોના લાભ માટે કરવામાં આવે છે અને વસિયતમાં કોઈ નિમણૂક ન થવાની ઘટનાની જોગવાઈ નથી; જો વસિયત દ્વારા આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરવામાં ન આવે, તો મિલકત સત્તાના તમામ ઉદ્દેશો માટે સમાન હિસ્સામાં આપવામાં આવશે.

### ઉદાહરણ

"A", પોતાની વસિયતથી, તેની પત્નીને તેના જીવન માટે એક ભંડોળ આપે છે, અને આદેશ આપે છે કે તેના મૃત્યુ સમયે, તેના બાળકોમાં તે નક્કી કરે તે પ્રમાણમાં વહેંચવામાં આવે. વિધવા કોઈ નિમણૂક કર્યા વિના મૃત્યુ પામે છે. ભંડોળ બાળકોમાં સમાન રીતે વહેંચવામાં આવશે.

**ચોક્કસ વ્યક્તિના "વારસદારો" વગેરેને વિશેષિત શબ્દો વિના વારસો.** ૯૫. કોઈ ચોક્કસ વ્યક્તિના "વારસદારો", "પોતાના વારસદારો" અથવા "સંબંધીઓ" અથવા "નજીકના સંબંધીઓ" અથવા "કુટુંબ" અથવા "લોહીના સગા" અથવા "સૌથી નજીકના સગા" અથવા "નજીકના સગા" ને કોઈ વિશેષિત શબ્દો વિના વસિયત કરવામાં આવે, અને આ રીતે નિયુક્ત વર્ગ વસિયતનો પ્રત્યક્ષ અને સ્વતંત્ર ઉદ્દેશ્ય બનાવે, ત્યારે વસિયતમાં આપેલી મિલકત એવી રીતે વહેંચવામાં આવશે જાણે કે તે આવી વ્યક્તિની હોય અને તેણી/તે તેના સંબંધમાં બિનવસિયતી મૃત્યુ પામી હોય અને આવી મિલકતના તેણીના/તેના દેવાની સ્વતંત્ર ચુકવણી માટે મિલકત છોડીને ગઈ હોય.

### ઉદાહરણ

(૧) A તેની મિલકત "મારા પોતાના નજીકના સંબંધીઓને" વારસામાં છોડી જાય છે. A પોતાનું દેવું ચૂકવવા માટે તે મિલકતથી સ્વતંત્ર એવી બીજી મિલકત મૂકીને વસિયત કર્યા વિના મૃત્યુ પામ્યો હોય અને તે મિલકત માટે જેઓ હકદાર થાત તે વ્યક્તિઓને તે મિલકત જશે.

(૨) A "B ને તેના જીવનપર્યંત ૧૦,૦૦૦ રૂપિયા અને B ના મૃત્યુ પછી, મારા પોતાના વારસદારોને" વારસો આપે છે. B ના મૃત્યુ પછીનો વારસો તે લોકોનો મળશે જેઓ તેના માટે હકદાર હોત જો તે A ની બિન-વસિયતી મિલકતનો ભાગ હોત.

(૩) A તેની મિલકત B ને વારસામાં છોડી જાય છે; પરંતુ જો B તેના પહેલા મૃત્યુ પામે છે, તો B ના નજીકના સગાને; B, A પહેલા મૃત્યુ પામે છે; મિલકત એવી રીતે પ્રાપ્ત થાય છે જાણે કે તે B ની હોય, અને તે બિન-વસિયતી મૃત્યુ પામ્યો હોય, આવી મિલકતના તેના દેવાની સ્વતંત્ર ચુકવણી માટે છોડી ગયો હોય.

(૪) A "B ને તેના જીવનપર્યંત અને તેના મૃત્યુ પછી C ના વારસદારો માટે" ૧૦,૦૦૦ રૂપિયા વારસામાં છોડી જાય છે. વારસો એ રીતે જાય છે કે જાણે તે C નો હોય, અને તે બિન-વસિયતી મૃત્યુ પામ્યો હોય, વારસાથી સ્વતંત્ર રીતે તેના દેવાની ચુકવણી માટે સંપત્તિ છોડીને જાય છે.

ચોક્કસ વ્યક્તિના "પ્રતિનિધિઓ" વગેરેને વસિયત.

૯૬. કોઈ ચોક્કસ વ્યક્તિના "પ્રતિનિધિઓ" અથવા "કાયદેસર પ્રતિનિધિઓ" અથવા "વ્યક્તિગત પ્રતિનિધિઓ" અથવા "વહીવટદારો અથવા વહીવટકર્તા" ને વસિયત કરવામાં આવે છે, અને આ રીતે નિયુક્ત વર્ગ વસિયતનો પ્રત્યક્ષ અને સ્વતંત્ર ઉદ્દેશ્ય બનાવે છે, ત્યારે વસિયતમાં આપેલી મિલકત એવી રીતે વહેંચવામાં આવશે જાણે કે તે આવી વ્યક્તિની માલિકીની હોય અને તેણી/તે તેના સંબંધમાં બિન-વસિયતી મૃત્યુ પામી હોય.

**ઉદાહરણ**

A ના "કાયદેસર પ્રતિનિધિઓ" ને વસિયત કરવામાં આવે છે. A નું બિન-વસિયતી અને નાદાર સ્વરૂપે મૃત્યુ થાય છે. B તેનો વહીવટકર્તા છે. B વારસો મેળવવાને હકદાર છે, અને તે સૌ પ્રથમ A ના દેવાના એવા ભાગને મુક્ત કરવા માટે લાગુ પડશે કે જે ચૂકવવામાં ન આવી હોય. જો તેમાંથી કંઈ અધિશેષ રહે, તો B જે તેના દેવાની ચુકવણી પછી રહે તે એ વ્યક્તિઓને ચૂકવશે જેઓ A ના મૃત્યુ સમયે A ની કોઈપણ મિલકત મેળવવા માટે હકદાર હોત અથવા આવા વ્યક્તિઓના પ્રતિનિધિઓને ચૂકવશે.

મર્યાદા સંબંધી શબ્દો વિનાની વસિયત.

૯૭. મિલકત કોઈ વ્યક્તિને વારસામાં આપવામાં આવે, ત્યારે વસિયતમાંથી એવું જણાય કે તેણીના/તેના માટે ફક્ત મર્યાદિત હિતનો ઈરાદો હતો તે સિવાય, તેણી/તે તેમાંનાં વસિયત કરનારના સંપૂર્ણ હિત માટે હકદાર છે.

વૈકલ્પિક વસિયત.

૯૮. કોઈ મિલકતની વસિયત બીજી વ્યક્તિ અથવા વ્યક્તિઓના વર્ગને વિકલ્પમાં વારસા સાથે આપવામાં આવે છે, ત્યારે જો, વસિયતથી વિરુદ્ધનો ઈરાદો દેખાતો ન હોય, તો સૌ પહેલાં નામ આપવામાં આવેલ વારસાદાર વારસા માટે હકદાર રહેશે, જો તેણી/તે એ સમયે જીવંત હોય

જ્યારે તે અમલમાં આવે; પરંતુ જો તેણી/તે તે સમયે મૃત્યુ પામી હોય, તો વિકલ્પની બીજી શાખામાં નામ આપવામાં આવેલ વ્યક્તિ અથવા વ્યક્તિઓનો વર્ગ વારસો લેશે.

### ઉદાહરણ

(૧) એક વસિયત A અથવા B ને કરવામાં આવે છે. A વસિયત કરનારનો ઉત્તરાધિકારી છે. B કંઈ લેતો નથી.

(૨) એક વસિયત A અથવા B ને કરવામાં આવે છે. A વસિયતની તારીખ પછી અને વસિયત કરનાર પહેલાં મૃત્યુ પામે છે. વારસો B ને જાય છે.

(૩) એક વસિયત A અથવા B ને કરવામાં આવે છે. A વસિયતની તારીખે મૃત્યુ પામે છે. વારસો B ને જાય છે.

(૪) મિલકત, A અથવા તેના વારસદારોને વસિયતમાં આપવામાં આવે છે. A વસિયત કરનારનો ઉત્તરાધિકારી છે. A મિલકત સંપૂર્ણપણે લઈ લે છે.

(૫) મિલકત, A અથવા તેના નજીકના સંબંધીઓને વસિયતમાં આપવામાં આવે છે. A વસિયત કરનારના જીવનકાળ દરમિયાન મૃત્યુ પામે છે. વસિયત કરનારનું મૃત્યુ થયે, A ના નજીકના સંબંધીઓને મળેલી વસિયત અમલમાં આવે છે.

(૬) મિલકત, A ને આજીવન અને તેના મૃત્યુ પછી B અથવા તેના વારસદારોને વસિયતમાં આપવામાં આવે છે. A અને B વસિયત કરનારના ઉત્તરાધિકારીઓ છે. B A ના જીવનકાળમાં મૃત્યુ પામે છે. A નું મૃત્યુ થયેથી, B ના વારસદારોને આપવામાં આવેલો વારસો અમલમાં આવે છે.

(૭) મિલકત, A ને આજીવન અને તેના મૃત્યુ પછી B અથવા તેના વારસદારોને વસિયતમાં આપવામાં આવે છે. B વસિયત કરનારના જીવનકાળ દરમિયાન મૃત્યુ પામે છે. A વસિયત કરનારનો ઉત્તરાધિકારી છે. A નું મૃત્યુ થયેથી, B ના વારસદારોને આપવામાં આવેલો વારસો અમલમાં આવે છે.

**વ્યક્તિની વસિયતમાં ઉમેરવામાં આવેલા વર્ગનું વર્ણન કરતા શબ્દોની અસર.**

૯૯. મિલકત કોઈ વ્યક્તિને વસિયતમાં આપવામાં આવે અને એવા શબ્દો ઉમેરવામાં આવે કે જે વ્યક્તિઓના વર્ગનું વર્ણન કરે પરંતુ તેમને એક ચોક્કસ અને સ્વતંત્ર બક્ષિસના પ્રત્યક્ષ ઉદ્દેશ તરીકે દર્શાવતા ન હોય, ત્યારે આવી વ્યક્તિ, વસિયતથી વિરુદ્ધનો ઉદ્દેશ જણાતો હોય તે સિવાય, વસિયતમાંના વસિયત કરનારના સંપૂર્ણ હિત માટે હકદાર છે.

### ઉદાહરણો

(૧) કોઈ વસિયત-

A અને તેના બાળકોને,

A અને તેની વર્તમાન પત્ની દ્વારા તેના બાળકોને,

A અને તેના વારસદારોને,

A અને તેના ઔરસ (સીધી લીટીના) વારસદારોને,

A અને તેના ઔરસ પુરુષ વારસદારોને,

A અને તેના ઔરસ સ્ત્રી વારસદારોને,

A અને તેના બાળકને,

A અને તેના કુટુંબને,

A અને તેના વારસદારોને,

A અને તેના પ્રતિનિધિઓને,

A અને તેના વ્યક્તિગત પ્રતિનિધિઓને,

A, તેના વહીવટદાર અને વહીવટકર્તાને,

- કરવામાં આવે છે. આ દરેક કિસ્સામાં, A સંપૂર્ણ હિત (વારસામાં) લે છે, જે વસિયત કરનાર મિલકતમાં ધરાવતો હોય.

(૨) એક વસિયત A અને તેના ભાઈઓને કરવામાં આવે છે. A અને તેના ભાઈઓ સંયુક્ત રીતે વારસાના હકદાર છે.

(3) A ને આજીવન અને તેના મૃત્યુ પછી તેના બાળકને માટે વસિયત કરવામાં આવે છે. A ના મૃત્યુ સમયે, મિલકત તે તમામ વ્યક્તિઓ માટે સમાન હિસ્સામાં હોય છે જેઓ પછી A ના બાળકના વર્ણનમાં આવતા હોય.

ફક્ત સામાન્ય વર્ણનવાળી વ્યક્તિઓ ના વર્ગને વસિયત.

**૧૦૦**. ફક્ત સામાન્ય વર્ણન હેઠળ આવતી વ્યક્તિઓના વર્ગને વસિયત આપવામાં આવે, ત્યારે વર્ણનના શબ્દો તેમના સામાન્ય અર્થમાં જેને લાગુ પડતાં ન હોય એવી કોઈપણ વ્યક્તિને તે વારસો મળશે નહીં.

શબ્દોનું અર્થઘટન.

**૧૦૧**. વસિયતમાં-

(૧) "બાળકો" એ શબ્દ ફક્ત તે વ્યક્તિના પ્રથમ પેઢીના પૈતૃક વંશજોને લાગુ પડે છે જેના "બાળકો" વિશે વાત કરવામાં આવી રહી હોય;

(૨) "પૌત્ર-પૌત્રીઓ" એ શબ્દ ફક્ત તે વ્યક્તિના બીજી પેઢીના પૈતૃક વંશજોને લાગુ પડે છે જેના "પૌત્ર-પૌત્રીઓ" વિશે વાત કરવામાં આવી રહી હોય;

(૩) "ભત્રીજાઓ/ભાણેજો" અને "ભત્રીજીઓ/ભાણેજીઓ" એ શબ્દો ફક્ત ભાઈઓ અથવા બહેનોના બાળકો માટે લાગુ પડે છે;

(૪) "વંશજો" એ શબ્દ તે વ્યક્તિના બધા વંશજોને લાગુ પડે છે જે વ્યક્તિના "વંશજો" વિશે વાત કરવામાં આવી રહી હોય;

(૫) સગોત્ર સંબંધને વ્યક્ત કરતા શબ્દો સંપૂર્ણ અને અર્ધ-રક્તના સંબંધીઓને સમાન રીતે લાગુ પડે છે; અને

(૬) સંબંધને વ્યક્ત કરતા તમામ શબ્દો ગર્ભમાં રહેલા બાળકને લાગુ પડે છે જે પછીથી જીવંત જન્મે છે.

**વસિયતમાં એક જ વ્યક્તિને બે વારસા આપવાનું અભિપ્રેત હોય, ત્યારે અર્થઘટનના નિયમો.**

**૧૦૨**. વસિયતમાં એક જ વ્યક્તિને બે વારસા આપવાનું અભિપ્રેત હોય, અને એવો પ્રશ્ન ઊભો થાય કે શું વસિયત કરનારનો ઈરાદો પ્રથમ વારસાને બદલે કે તેની ઉપરાંત બીજો વારસો આપવાનો હતો, ત્યારે જો વસિયતમાં તેણીનો/તેનો ઈરાદો શું હતો એ દર્શાવતો કોઈ મજકૂર ન હોય, તો વસિયતમાં અર્થઘટન નક્કી કરવા માટે નીચેના નિયમો અમલમાં રહેશ-

(૧) કોઈ એક ચોક્કસ વસ્તુ એક જ વારસાદારને એક જ વસિયતમાં અથવા વસિયતમાં અને ફરીથી પૂરક વસિયતનામામાં બે વાર વારસામાં આપવામાં આવી હોય, તો તેણી/તે ફક્ત તે ચોક્કસ વસ્તુ મેળવવા માટે હકદાર છે.

(૨) એક જ વસિયત અથવા એક જ પૂરક વસિયતનામામાં, બે જગ્યાએ, એક જ વ્યક્તિને કોઈ વસ્તુનો સમાન જથ્થો અથવા માત્રા વારસામાં આપવાનું અભિપ્રેત હોય, ત્યારે તો તેણી/તે ફક્ત આવા એક જ વારસા માટે હકદાર રહેશે.

(૩) એક જ વસિયતમાં અથવા એક જ પૂરક વસિયતનામામાં એક જ વ્યક્તિને અસમાન માત્રાના બે વારસા આપવામાં આવે, ત્યારે વારસાદાર બંને માટે હકદાર છે.

(૪) સમાન જથ્થા અથવા અસમાન જથ્થાના બે વારસા, એક જ વારસાદારને, એક (વારસો) વસિયતનામા દ્વારા અને બીજો પૂરક વસિયતનામા દ્વારા, અથવા તે દરેક (વારસા) અલગઅલગ પૂરક વસિયતનામા દ્વારા આપવામાં આવે, ત્યારે વારસાદાર બંને વારસા માટે હકદાર છે.

*સ્પષ્ટીકરણ.-* આ કલમના ખંડો (૧) થી (૪)માં, "વસિયત" એ શબ્દમાં પૂરક વસિયતનામાનો સમાવેશ થતો નથી.

## ઉદાહરણો

(૧) A, જે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં દસ શેર ધરાવે છે, અને તેનાથી વધુ કોઈ શેર નથી, તેણે પોતાની વસિયત બનાવી છે, જેમાં તેની શરૂઆતના ભાગમાં "હું સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાંના મારા દસ શેર B ને વસિયતમાં આપું છું" એ શબ્દો છે. અન્ય વસિયત પછી, વસિયતનામાનો અંત "અને હું સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાંના મારા દસ શેર B ને વસિયતમાં આપું છું" શબ્દો સાથે થાય છે. B ફક્ત સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાંના A ના દસ શેર મેળવવાનો હકદાર છે.

(૨) A, B દ્વારા તેને આપવામાં આવેલી એક હીરાની વીંટી ધરાવે છે, તે C ને B દ્વારા આપવામાં આવેલી હીરાની વીંટી વસિયતમાં આપે છે. A પછીથી તેની વસિયતનું પૂરક વસિયતનામું બનાવે છે, અને તેમ કરીને, અન્ય વારસો આપ્યા પછી, તે C ને B દ્વારા આપવામાં આવેલી હીરાની વીંટી વસિયતમાં આપે છે. C B દ્વારા A ને આપવામાં આવેલી હીરાની વીંટી સિવાય કંઈપણ દાવો કરી શકતો નથી.

(3) A, તેની વસિયતથી, B ને ૫૦,૦૦૦ રૂપિયાની રકમ વસિયતમાં આપે છે અને ત્યાર પછી તે જ વસિયતમાં તે જ શબ્દોમાં વારસાનું પુનરાવર્તન કરે છે. B ફક્ત ૫૦,૦૦૦ રૂપિયાના એક જ વારસા માટે હકદાર છે.

(૪) A, તેની વસિયતથી, B ને ૫૦,૦૦૦ રૂપિયાની રકમ વસિયતમાં આપે છે અને ત્યાર પછી તે જ વસિયતથી B ને ૬૦,૦૦૦ રૂપિયાની રકમ વસિયતમાં આપે છે. B ૧,૧૦,૦૦૦ રૂપિયા મેળવવા માટે હકદાર છે.

(૫) A, તેની વસિયતથી, B ને ૫૦,૦૦૦ રૂપિયા વસિયતમાં આપે છે અને વસિયતના પૂરક વસિયતનામાથી તે તેને ૫૦,૦૦૦ રૂપિયા વસિયતમાં આપે છે. B ૧,૦૦,૦૦૦ રૂપિયા મેળવવા માટે હકદાર છે.

(૬) A, તેની વસિયતના એક પૂરક વસિયતનામાથી, B ને ૫૦,૦૦૦ રૂપિયા વસિયતમાં આપે છે અને બીજા પૂરક વસિયતનામાથી તેને ૬૦,૦૦૦ રૂપિયા વસિયતમાં આપે છે. B ૧,૧૦,૦૦૦ રૂપિયા મેળવવા માટે હકદાર છે.

(૭) A, તેની વસિયતથી, "B ને ૫૦,૦૦૦ રૂપિયા વસિયતમાં આપે છે કારણ કે તે મારી નર્સ હતી", અને વસિયતના બીજા ભાગમાં B ને ૫૦,૦૦૦ રૂપિયા વસિયતમાં આપે છે "કારણ કે તે મારા બાળકો સાથે ઇંગ્લેન્ડ ગઈ હતી". B ૧,૦૦,૦૦૦ રૂપિયા મેળવવા માટે હકદાર છે.

(૮) A, તેની વસિયતથી, B ને ૫૦,૦૦૦ રૂપિયાની રકમ અને વસિયતના બીજા ભાગમાં, ૪૦૦૦ રૂપિયાની વાર્ષિકી પણ વસિયતમાં આપે છે. B બંને વારસા માટે હકદાર છે.

(૯) A, તેની વસિયતથી, B ને ૫૦,૦૦૦ રૂપિયાની રકમ વસિયતમાં આપે છે અને જો તે ૧૮ વર્ષની ઉંમરનો થાય, તો તેને ૫૦,૦૦૦ રૂપિયાની રકમ પણ વસિયતમાં આપે છે. B ૫૦,૦૦૦ રૂપિયાની એક રકમ માટે સંપૂર્ણપણે હકદાર છે, અને ૫૦,૦૦૦ રૂપિયાની બીજી રકમમાં શરતી હિત મેળવે છે.

**૧૦૩**. શેષ વારસાદારની રચના એવા કોઈપણ શબ્દો દ્વારા થઈ શકે છે જે વસિયત કરનારના ઇરાદાને દર્શાવે કે મુકરર કરેલી વ્યક્તિ તેણીની/તેની મિલકતનો વધારાની અથવા શેષ મિલકત મેળવશે.

**શેષ વારસાદારોની રચના.**

**ઉદાહરણ**

(૧) A પોતાની વસિયત બનાવે છે, જેમાં કેટલાક વસિયતનામાને લગતા કાગળો હોય છે, જેમાંથી એકમાં નીચેના શબ્દો લખેલા હોય છે: - "મને લાગે છે કે શાળામાં રહેલા B ને આપવા માટે, અંતિમ સંસ્કારના બધા ખર્ચ વગેરે પછી, જેમાં તે હવે પછી નિયુક્ત થઈ શકે છે તેવા કોઈપણ વ્યવસાયમાં સજ્જ કરવા માટે આપવાનું કંઈક બાકી રહેશે " B ને શેષ વારસદાર તરીકે ગણવામાં આવે છે.

(૨) A પોતાની વસિયત બનાવે છે, જેના અંતે નીચે મુજબનો પરિચ્છેદ લખેલો હોય છે:- "હું માનું છું કે મારા બેંકરના હાથમાં મારા દેવા ચૂકવવા અને દેવામુક્ત કરવા માટે પર્યાપ્ત રકમ હશે, જે હું આથી ઈચ્છું છું કે B આ કાર્ય કરે અને બાકીની રકમ તેના પોતાના ઉપયોગ અને આનંદ માટે રાખું છું." B ને શેષ વારસદાર તરીકે ગણવામાં આવે છે.

(3) A ચોક્કસ સ્ટોક અને ભંડોળ સિવાય તેની બધી મિલકત B ને વસિયતમાં આપે છે, જે તે C ને વસિયતમાં આપે છે. B શેષ વારસદાર છે.

**૧૦૪**. શેષ વસિયત હેઠળ, વારસાદાર તેણીના/તેના મૃત્યુ સમયે વસિયત કરનારની માલિકીની એવી તમામ મિલકત માટે હકદાર છે, જેનો તેણીએ/તેણે અમલમાં લાવી શકાય તેવા અન્ય કોઈ વસિયતનામાથી નિકાલ કર્યો નથી.

**શેષ વારસાદાર જેના માટે હકદાર છે તે મિલકત.**

**ઉદાહરણ**

A તેની વસિયતથી અમુક વારસો વસિયતમાં આપે છે, જેમાંથી એક રદબાતલ થાય છે અને બીજો વારસાદારના મૃત્યુથી સમાપ્ત થઈ જાય છે. તે તેની મિલકતનો બાકીનો ભાગ B ને વસિયતમાં આપે છે. તેના વસિયતની તારીખ પછી, A એક ઘર ખરીદે છે, જે તેના મૃત્યુ સમયે તેની માલિકીનું છે. B શેષ વારસા તરીકે બે વારસા અને ઘર માટે હકદાર છે.

સામાન્ય શબ્દોમાં વારસો સોંપવાનો સમય.

**૧૦૫**. વારસો સામાન્ય શબ્દોમાં તે ક્યારે ચૂકવવાનો છે તેના સમયને નિર્દિષ્ટ કર્યા સિવાય આપવામાં આવ્યો હોય, ત્યારે વસિયત કરનારના મૃત્યુના દિવસથી વારસાદારનું તેમાં નિહિત હિત રહેશે, અને, જો તેણી/તે તે મેળવ્યા વિના મૃત્યુ પામે, તો તેનું તેણીના/તેના પ્રતિનિધિઓને સંક્રમણ (વિતરણ) થશે.

કયા કિસ્સામાં વારસો રદ થાય.

**૧૦૬**. (૧) વારસદાર વસિયત કરનારનો ઉત્તરાધિકારી ન હોય, તો વારસો અમલમાં આવી શકે નહીં, પરંતુ તે રદ થશે અને તે વસિયત કરનારની મિલકતનો શેષ ભાગ બનશે, સિવાય કે વસિયત દ્વારા એવું જણાય કે વસિયત કરનારનો ઈરાદો એવો હતો કે તે કોઈ અન્ય વ્યક્તિને મળે.

(૨) વારસો મેળવવા માટે વારસો મેળવનારના પ્રતિનિધિઓને હકદાર બનાવવા માટે, તે સાબિત કરવું આવશ્યક છે કે તેણી/તે વસિયત કરનારના ઉત્તરાધિકારી છે.

**ઉદાહરણ**

(૧) વસિયત કરનાર B ને "૫૦,000 રૂપિયા જે B એ મને આપવાના છે" વસિયતમાં આપે છે. વસિયત કરનાર પહેલાં B મૃત્યુ પામે છે; વારસો રદ થાય છે.

(૨) A અને તેના બાળકો માટે એક વસિયત કરવામાં આવે છે. વસિયત કરનાર પહેલાં A મૃત્યુ પામે છે, અથવા વસિયત બનાવતી વખતે તેનું મૃત્યુ થઈ ગયેલું હોય છે. A અને તેના બાળકોને મળેલો વારસો રદ થાય છે.

(3) વારસો A ને આપવામાં આવે છે, અને વસિયત કરનાર પહેલાં તેનું મૃત્યુ થાય, તો B ને વારસો આપવામાં આવે છે. વસિયત કરનાર પહેલાં A નું મૃત્યુ થાય છે. વારસો B ને મળે છે.

(૪) નાણાંની એક રકમ A ને આજીવન માટે અને B ને તેના મૃત્યુ પછી વસિયતમાં આપવામાં આવે છે, A વસિયત કરનારના જીવનકાળમાં મૃત્યુ પામે છે; B વસિયત કરનારનો ઉત્તરાધિકારી બને છે. B ને મળેલો વારસો અમલમાં આવે છે.

(૫) નાણાંની એક રકમ A ને તેના અઢાર વર્ષ પૂર્ણ થયેથી, અને જો અઢારમું વર્ષ પૂર્ણ થાય તે પહેલાં મૃત્યુ પામે, તો B ને તે રકમ વસિયતમાં આપવામાં આવે છે. A તેનું અઢારમું વર્ષ પૂર્ણ કરે છે, અને વસિયત કરનારના જીવનકાળમાં મૃત્યુ પામે છે. A ને મળેલો વારસો રદ થાય છે, અને B ને મળેલો વારસો અમલમાં આવતો નથી.

(૬) વસિયત કરનાર અને વારસો મેળવનાર એક જ જહાજ તૂટવાની ઘટનામાં મૃત્યુ પામ્યા હતા. પહેલા કોણ મૃત્યુ પામ્યું હતું તે દર્શાવવા માટે કોઈ પુરાવા નથી. વારસો રદ થાય છે.

જો બે સંયુક્ત વારસાદાર માંથી એકનું વસિયત કરનાર પહેલાં મૃત્યુ થાય તો

**૧૦૭**. બે વ્યક્તિઓને સંયુક્ત રીતે વારસો આપવામાં આવ્યો હોય, અને તેમાંથી એકનું વસિયત કરનાર પહેલાં મૃત્યુ થાય, તો બીજો વારસોદાર સંપૂર્ણ વારસો મેળવશે.

**ઉદાહરણ**

વારસો ફક્ત A અને B માટે છે. A વસિયત કરનાર પહેલાં મૃત્યુ પામે છે. B વારસો મેળવે છે.

ચોક્કસ હિસ્સો આપવાનો વસિયત કરનારનો ઈરાદો દર્શાવતા શબ્દોની અસર.

**૧૦૮**. વારસો એવા શબ્દોમાં આપવામાં આવે કે જે એ દર્શાવે કે વસિયત કરનારનો તેમને ચોક્કસ હિસ્સો આપવાનો ઈરાદો હતો, ત્યારે તેવા કિસ્સામાં, કોઈ વારસાદાર વસિયત કરનાર પહેલાં મૃત્યુ પામે, તો તેણીના/તેના માટે જેટલો વારસો આપવાનો ઈરાદો હતો તેટલો જ વારસો વસિયત કરનારની મિલકતના શેષ ભાગમાં આવશે.

**ઉદાહરણ**

નાણાંની એક રકમ A, B અને C ને તેમની વચ્ચે સમાન રીતે વહેંચવા માટે વસિયતમાં આપવામાં આવે છે. A વસિયત કરનાર પહેલાં મૃત્યુ પામે છે, B અને C, જો A વસિયત કરનારનો ઉત્તરાધિકારી હોત અને તેઓને જેટલો હિસ્સો મળ્યો હોત એટલો જ હિસ્સો મેળવશે.

રદ થયેલા હિસ્સાને ક્યારે બિનનિકાલ થયેલા હિસ્સા તરીકે ગણવામાં આવે છે.

**૧૦૯**. રદ થયેલો હિસ્સો વસિયત દ્વારા વારસામાં આપેલા સામાન્ય શેષનો ભાગ હોય, ત્યારે તે હિસ્સો બિનનિકાલ થયેલા હિસ્સા તરીકે ગણાશે.

**ઉદાહરણ**

વસિયત કરનાર પોતાની મિલકતનો બાકીનો ભાગ A, B અને C ને સમાન રીતે વહેંચવા માટે વસિયતમાં આપે છે. વસિયત કરનાર પહેલાં A નું મૃત્યુ થાય છે. તેના બાકી રહેલા એક તૃતીયાંશ હિસ્સો બિનનિકાલ થયેલા હિસ્સા તરીકે ગણાશે.

વસિયત કરનારના બાળક અથવા ઔરસ (સીધી લીટીના) વંશજ માટે કરવામાં આવેલી વસિયત, વસિયત કરનારના જીવનકાળ દરમિયાન તેણીનું/તેનું મૃત્યુ થયેથી ક્યારે રદ ન

**૧૧૦**. વસિયત કરનારના કોઈ બાળક અથવા અન્ય ઔરસ વંશજ માટે વસિયત કરાયેલ હોય, અને વારસાદારનું વસિયત કરનારના જીવનકાળ દરમિયાન મૃત્યુ થાય, પરંતુ તેણીના/તેના કોઈપણ ઔરસ (સીધી લીટીના) વારસદાર વસિયત કરનારના ઉત્તરાધિકારી હોય, તો વસિયત રદ થશે નહીં, પરંતુ વસિયતમાં કોઈ વિરુદ્ધનો ઇરાદો દેખાય તે સિવાય તે એવી રીતે અમલમાં આવશે જાણે કે વારસાદારનું મૃત્યુ વસિયત કરનારના મૃત્યુ પછી તરત જ થયું હોય.

**ઉદાહરણ**

A પોતાની વસિયત બનાવે છે, જેના દ્વારા તે તેના પુત્ર, B ને તેના પોતાના સંપૂર્ણ ઉપયોગ અને લાભ માટે નાણાંની રકમ વારસામાં આપે છે. B A પહેલાં મૃત્યુ પામે છે, તે એક પુત્ર, C, જે A નો ઉત્તરાધિકારી છે તેને છોડી જાય છે, અને તેની વસિયત કરીને તે તેની બધી મિલકત તેની વિધવા, D ને વારસામાં આપે છે. નાણાં D ને મળે છે.

B ના લાભ માટે A ને આપેલો વારસો A ના મૃત્યુથી

**૧૧૧**. એક વ્યક્તિને બીજાના લાભ માટે વારસો આપવામાં આવે, ત્યારે વસિયત કરનારના જીવનકાળ દરમિયાન, જેને વારસો આપવામાં આવ્યો હોય તે વ્યક્તિના મૃત્યુથી વારસો રદ થતો નથી.

વર્ણવેલ વર્ગ માટેની વસિયતના કિસ્સામાં ઉત્તરજીવિતા.

**૧૧૨**. વસિયત ફક્ત વર્ણવેલ વર્ગના વ્યક્તિઓ માટે જ કરવામાં આવે, ત્યારે વસિયતમાં આપેલી વસ્તુ ફક્ત એવા લોકોને જ મળશે જેઓ વસિયત કરનારના મૃત્યુ સમયે જીવંત હોય.

*અપવાદ* - જો મિલકત નિર્દિષ્ટ વ્યક્તિના રક્ત સંબંધની ચોક્કસ ડિગ્રીમાં આવતા વ્યક્તિઓના સ્વરૂપમાં વર્ણન કરવામાં આવેલ વ્યક્તિઓના કોઈ વર્ગને વસિયતમાં આપવામાં આવે, પરંતુ તેની પરનો તેમનો કબજો પૂર્વ વસિયતના કારણે અથવા અન્યથા વસિયત કરનારના મૃત્યુ પછીના સમય સુધી મુલતવી રાખવામાં આવે, તો તે સમયે મિલકત એવા લોકોને મળશે જેઓ તે સમયે જીવંત હોય, અને વસિયત કરનારના મૃત્યુ પછી મૃત્યુ પામ્યા હોય તેવા તેમના કોઈ પ્રતિનિધિઓને મળશે.

## ઉદાહરણ

(૧) A "B ના બાળકોને" ૧,૦૦,૦૦૦ રૂપિયા તે ક્યારે તેમની વચ્ચે વહેંચવાના છે તે જણાવ્યા સિવાય વસિયતમાં આપે છે, B, વસિયતની તારીખ પહેલા તેના ત્રણ બાળકો, C, D અને Eને છોડીને મૃત્યુ પામ્યો હતો, E, વસિયતની તારીખ પછી પરંતુ A ના મૃત્યુ પહેલા મૃત્યુ પામ્યો હતો, C અને D A ના ઉત્તરાધિકારીઓ છે. વારસો E ના પ્રતિનિધિઓને બાકાત રાખીને, C અને D નો રહેશે.

(૨) કોઈ ઘરનો વર્ષોથી આપવામાં આવેલો પટો, A ને આજીવન માટે અને B ના બાળકોને તેના મૃત્યુ પછી વસિયતમાં આપવામાં આવ્યો હતો. વસિયત કરનારના મૃત્યુ સમયે, B ના બે બાળકો જીવિત હતા, C અને D, અને તેને ક્યારેય બીજું કોઈ બાળક નહોતું. ત્યારબાદ, A ના જીવનકાળ દરમિયાન, C તેના વહીવટકર્તા Eને પાછળ છોડીને મૃત્યુ પામ્યો, D, A નો ઉત્તરાધિકારી બને છે. D અને E સંયુક્ત રીતે પટાની મુદતના તેટલા સમય માટે હકદાર થશે જેટલો સમય મુદત પૂરી થવામાં બાકી હોય.

(3) નાણાંની રકમ A ને આજીવન માટે અને તેણીના મૃત્યુ પછી B ના બાળકોને વસિયતમાં આપવામાં આવી હતી. વસિયત કરનારના મૃત્યુ સમયે, B ને બે બાળકો, C અને D, જીવિત હતા, અને તે ઘટના પછી, B ને બે બાળકો, E અને F, જન્મ્યા. C અને E એ A ના જીવનકાળમાં મૃત્યુ પામ્યા, C એ એક વસિયત બનાવી હતી, E એ કોઈ વસિયત બનાવી ન હતી. A મૃત્યુ પામ્યો છે, જેના કારણે D અને F તેણીના ઉત્તરાધિકારી બન્યા. વારસો ચાર સમાન ભાગોમાં વહેંચવાનો છે, જેમાંથી એક C ના વહીવટકર્તાને, એક D ને, એક E ના વહીવટકર્તાને અને એક F ને ચૂકવવાનો છે.

(૪) A તેની જમીનનો એક તૃતીયાંશ ભાગ B ને આજીવન માટે અને તેના મૃત્યુ પછી B ની બહેનોને વસિયતમાં આપે છે. વસિયત કરનારના મૃત્યુ સમયે, B ને બે બહેનો, C અને D જીવિત હતી, અને તે ઘટના પછી બીજી બહેન E નો જન્મ થયો. C નું મૃત્યુ B ના જીવનકાળ દરમિયાન થયું. D અને E, B ના ઉત્તરાધિકારી બને છે. A ની જમીનનો એક તૃતીયાંશ ભાગ D, E અને C ના પ્રતિનિધિઓને સમાન હિસ્સામાં મળે છે.

(૫) A, B ને આજીવન માટે અને તેના મૃત્યુ પછી C ના બાળકો વચ્ચે સમાન રીતે ૧,૦૦,૦૦૦ રૂપિયા વસિયતમાં આપે છે. B ના મૃત્યુ સુધી, C ને કોઈ બાળક નહોતું. B ના મૃત્યુ પછી વસિયત રદબાતલ છે.

(૬) A, B ના "જન્મેલા અથવા જન્મવાના હોય તે બધા બાળકોને" ૧,૦૦,૦૦૦ રૂપિયા C ના મૃત્યુ પછી તેમની વચ્ચે વહેંચવા માટે વસિયતમાં આપે છે. વસિયત કરનારના મૃત્યુ સમયે, B ના બે બાળકો જીવિત હોય છે, D અને E. વસિયત કરનારના મૃત્યુ પછી, પરંતુ C ના જીવનકાળ દરમિયાન, B ને બે અન્ય બાળકો, F અને G, જન્મે છે. C ના મૃત્યુ પછી, B ને બીજું બાળક જન્મે છે. વારસો B ના સૌથી છેલ્લે જન્મેલા બાળક સિવાય D, E, F અને G ને મળે છે.

(૭) A, B ના બાળકોને, સૌથી મોટો પુત્ર પુખ્તાવસ્થા પ્રાપ્ત કરે ત્યારે તેમની વચ્ચે વહેંચવા માટે એક ભંડોળ આપે છે. વસિયત કરનારના મૃત્યુ સમયે, B નું એક બાળક જીવિત હતું, જેનું નામ C હતું. ત્યારબાદ તેને D અને E નામના બે અન્ય બાળકો થયા. E મૃત્યુ પામ્યો, પરંતુ C જ્યારે પુખ્ત થયો ત્યારે C અને D જીવિત હતા. આ ભંડોળ C, D અને E ના પ્રતિનિધિઓનું છે, C ની પુખ્તાવસ્થા પ્રાપ્ત થયા પછી B થી જન્મેલા કોઈપણ બાળકને બાકાત રાખવામાં આવશે.

## રદબાતલ વસિયત

વસિયત કરનારના મૃત્યુ સમયે અસ્તિત્વમાં ન હોય તેવી ચોક્કસ વર્ણનવાળી વ્યક્તિને વસિયત.

**૧૧૩**. કોઈ ચોક્કસ વર્ણનવાળી વ્યક્તિને વસિયત કરવામાં આવે, અને વસિયત કરનારના મૃત્યુ સમયે વર્ણનને અનુરૂપ હોય તેવી કોઈ વ્યક્તિ અસ્તિત્વમાં ન હોય, તો વસિયત રદબાતલ છે.

અપવાદ - જો મિલકત નિર્દિષ્ટ વ્યક્તિના રક્ત સંબંધની ચોક્કસ ડિગ્રીમાં આવતા વ્યક્તિઓના સ્વરૂપમાં વર્ણન કરવામાં આવેલ વ્યક્તિને વસિયતમાં આપવામાં આવે, પરંતુ તેની પરનો તેમનો કબજો પૂર્વ વસિયતના કારણે અથવા અન્યથા વસિયત કરનારના મૃત્યુ પછીના સમય સુધી મુલતવી રાખવામાં આવે, અને વર્ણનને અનુરૂપ વ્યક્તિ વસિયત કરનારના મૃત્યુ સમયે જીવંત હોય, અથવા તે ઘટના અને આવા પછીના સમય વચ્ચે અસ્તિત્વમાં આવે, તો મિલકત, આવા પછીના સમયે, તે વ્યક્તિને, અથવા, જો તેણી/તે મૃત્યુ પામી હોય, તો તેણીના/તેના પ્રતિનિધિઓને મળશે.

### ઉદાહરણ

(૧) A, B ના મોટા દીકરાને ૧,૦૦,૦૦૦ રૂપિયા વસિયતમાં આપે છે. વસિયત કરનારના મૃત્યુ સમયે, B ને કોઈ પુત્ર નથી. વસિયત રદબાતલ છે.

(૨) A, B ને આજીવન માટે અને તેના મૃત્યુ પછી C ના મોટા દીકરાને ૧,૦૦,૦૦૦ રૂપિયા વસિયતમાં આપે છે. વસિયત કરનારના મૃત્યુ સમયે, C ને કોઈ પુત્ર નહોતો. ત્યારબાદ, B ના જીવનકાળ દરમિયાન, C ને એક પુત્રનો જન્મ થાય છે. B ના મૃત્યુ પછી વારસો C ના પુત્રને મળે છે.

(3) A, B ને આજીવન માટે અને તેના મૃત્યુ પછી C ના મોટા દીકરાને ૧,00,000 રૂપિયા વસિયતમાં આપે છે, વસિયત કરનારના મૃત્યુ સમયે, C ને કોઈ પુત્ર નહોતો. ત્યારબાદ, B ના જીવનકાળ દરમિયાન, C ને D નામનો પુત્ર જન્મે છે. D મૃત્યુ પામે છે, પછી B મૃત્યુ પામે છે. વારસો D ના પ્રતિનિધિને મળે છે.

(૪) A તેની સુરત ફાર્મ્સની મિલકત B ને આજીવન માટે અને તેના મૃત્યુ પછી C ના મોટા પુત્રને વસિયતમાં આપે છે. B ના મૃત્યુ સુધી, C ને કોઈ પુત્ર નહોતો. C ના મોટા પુત્ર માટે કરેલી વસિયત રદબાતલ છે.

(૫) A C ના મોટા પુત્રને B ના મૃત્યુ પછી તેને ચૂકવવા માટે ૧,00,000 રૂપિયા વસિયતમાં આપે છે, વસિયત કરનારના મૃત્યુ સમયે C ને કોઈ પુત્ર નથી, પરંતુ પછીથી B ના જીવનકાળ દરમિયાન તેને એક પુત્રનો જન્મ થાય છે અને B ના મૃત્યુ સમયે તે જીવિત રહે છે. C નો પુત્ર ૧,00,000 રૂપિયાનો હકદાર છે.

**૧૧૪**. વસિયત કરનારના મૃત્યુ સમયે અસ્તિત્વમાં ન હોય તેવી વ્યક્તિને વસિયતમાં સમાવિષ્ટ પૂર્વ-વસિયતને અધીન રહીને વારસો આપવામાં આવે, ત્યારે વસિયતમાં આપવામાં આવેલી વસ્તુમાંના વસિયત કરનારના બાકી રહેલા સંપૂર્ણ હિતનો તેમાં સમાવેશ કરવામાં આવે તે સિવાય, પાછળથી આપેલો વારસો રદબાતલ ગણાશે.

વસિયત કરનારના મૃત્યુ સમયે અસ્તિત્વમાં ન હોય તેવી વ્યક્તિને પૂર્વ-વસિયતને અધીન રહીને વસિયત.

**ઉદાહરણ**

(૧) મિલકત A ને આજીવન માટે, અને તેના મૃત્યુ પછી તેના મોટા પુત્રને આજીવન માટે, અને પછીના પુત્રના મૃત્યુ પછી તેના મોટા પુત્રને વસિયતમાં આપવામાં આવે છે. વસિયત કરનારના મૃત્યુ સમયે, A ને કોઈ પુત્ર નથી. અહીં A ના મોટા પુત્રને આપેલ વારસો એ એવી વ્યક્તિ માટેનો વારસો છે જે વસિયતન કરનારના મૃત્યુ સમયે અસ્તિત્વમાં ન હતી. તે એવો વારસો નથી કે જે વસિયત કરનારના બાકી રહેલ સમગ્ર હિતનો વારસો હોય. A ના મોટા પુત્રને આજીવન માટે આપેલ વારસો રદબાતલ છે.

(૨) એક ભંડોળ A ને આજીવન માટે અને તેના મૃત્યુ પછી તેની પુત્રીઓને વસિયતમાં આપવામાં આવે છે. A વસિયત કરનારના ઉત્તરાધિકારી છે. A ને પુત્રીઓ છે જેમાંથી કેટલીક વસિયત કરનારના મૃત્યુ સમયે અસ્તિત્વમાં નહોતી. A ની પુત્રીઓને મળેલા વારસામાં વસિયત

કરનારના વારસામાં આપેલી વસ્તુમાં રહેલા સમગ્ર હિતનો સમાવેશ થાય છે. A ની પુત્રીઓને આપેલો વારસો કાયદામાન્ય છે.

(3) એક ભંડોળ A ને આજીવન માટે અને તેના મૃત્યુ પછી તેની પુત્રીઓને વસિયતમાં આપવામાં આવે છે, જેમાં એવા આદેશ આપવામાં આવે છે કે, જો તેમાંથી કોઈ અઢાર વર્ષથી ઓછી ઉંમરમાં લગ્ન કરે, તો તેનો હિસ્સાની વ્યવસ્થા એવી રીતે કરવામાં આવશે કે તે આજીવન તેના માટે રહે અને તેના મૃત્યુ પછી તેના બાળકોમાં વિભાજીત થઈ શકે. વસિયત કરનારના મૃત્યુ સમયે A ને કોઈ પુત્રીઓ જીવતી નથી, પરંતુ પછી જન્મેલી પુત્રીઓ તેની ઉત્તરાધિકારીઓ બને છે. અહીં વ્યવસ્થા માટેના આદેશોની અસર એવી દરેક પુત્રીના કિસ્સામાં છે જે અઢાર વર્ષથી ઓછી ઉંમરના લગ્ન કરે છે, તેના માટે સંપૂર્ણ વારસાને બદલે ફક્ત આજીવન માટેનો વારસો આપવાનો છે; એટલે કે, વસિયત કરનારના મૃત્યુ સમયે અસ્તિત્વમાં ન હોય તેવી વ્યક્તિને એવી વસ્તુ વારસામાં આપવામાં આવે જે વારસામાં આપેલી વસ્તુમાં વસિયત કરનારના સંપૂર્ણ હિત કરતાં ઓછું હિત હોય. ભંડોળની વ્યવસ્થા કરવાનો આદેશ રદબાતલ છે.

(૪) A, B ને આજીવન માટે નાણાંની રકમ વસિયતમાં આપે છે, અને આદેશ કરે છે કે B ના મૃત્યુ પછી ભંડોળની વ્યવસ્થા તેની પુત્રીઓ માટે એવી રીતે કરવામાં આવે કે જેથી દરેક પુત્રીનો હિસ્સો આજીવન તેના માટે રહે, અને તેણીના મૃત્યુ પછી તેના બાળકોમાં વહેંચી શકાય. વસિયત કરનારના મૃત્યુ સમયે B ની કોઈ પુત્રી જીવિત નથી. આ કિસ્સામાં ફક્ત B ની પુત્રીઓને વારસામાં આપેલા ભંડોળની વ્યવસ્થાનો આદેશમાં સમાવેશ થાય છે, અને આ આદેશ જે હજી જન્મી નથી એવી વ્યક્તિઓને ફંડમાંના આજીવન હિતનો વારસો આપવાને સમાન છે એટલે કે એવી કોઈ વસ્તુ કે જે વારસામાં આપેલી વસ્તુમાં વસિયત કરનારના રહેલા સંપૂર્ણ હિત કરતાં ઓછી હોય. B ની પુત્રીઓ માટે ભંડોળની વ્યવસ્થા કરવાનો આદેશ રદબાતલ છે.

શાશ્વતતા વિરુદ્ધ નિયમ.

**૧૧૫**. એવી કોઈ પણ વસિયત બક્ષિસ કાયદામાન્ય નથી કે જેમાં વસિયતમાં આપેલી વસ્તુનું નિહિત થવું એ વસિયત કરનારના મૃત્યુ સમયે જીવતી એક અથવા વધુ વ્યક્તિઓના જીવનકાળ પછી અને તે સમયગાળાની સમાપ્તિ પર અસ્તિત્વમાં આવે અને જેને વારસામાં આપેલી વસ્તુ એવા સમયે મળે જ્યારે તેણી/તે પૂર્ણ ઉંમર પ્રાપ્ત કરે, તેવી સગીર વય પછી વિલંબિત થાય.

**ઉદાહરણ**

(૧) એક ભંડોળ A ને આજીવન માટે અને તેના મૃત્યુ પછી B ને આજીવન માટે અને B ના મૃત્યુ પછી B ના એવા પુત્રોને વસિયતમાં આપવામાં આવે છે જે પહેલાં ૨૫ વર્ષની ઉંમરે પહોંચે. A અને B વસિયત કરનારના ઉત્તરાધિકારીઓ છે. અહીં B નો પુત્ર જે પહેલા ૨૫ વર્ષની ઉંમરે

પહોંચે છે તે વસિયત કરનારના મૃત્યુ પછી જન્મેલો પુત્ર હોઈ શકે છે; આવો પુત્ર A અને B માંથી લાંબુ જીવનારના મૃત્યુ પછી ૧૮ વર્ષથી વધુ સમય પસાર ન થાય ત્યાં સુધી ૨૫ વર્ષનો ન પણ થઈ શકે; અને આમ ભંડોળ નિહિત થવામાં A અને B ના જીવનકાળ પછી અને B ના પુત્રોની સગીર વય બાદ સુધીનો વિલંબ થઈ શકે છે. B ના મૃત્યુ પછી વારસો રદબાતલ છે.

(૨) એક ભંડોળ A ને આજીવન માટે, અને તેના મૃત્યુ પછી B ને આજીવન માટે, અને B ના મૃત્યુ પછી B ના એવા પુત્રોને વસિયતમાં આપવામાં આવે છે જે પહેલાં ૨૫ વર્ષની ઉંમરે પહોંચે. B વસિયત કરનારના જીવનકાળમાં એક અથવા વધુ પુત્રો છોડીને મૃત્યુ પામે છે. આ કિસ્સામાં B ના પુત્રો વસિયત કરનારના મૃત્યુ સમયે જીવિત વ્યક્તિઓ છે, અને તે સમય જ્યારે તેમાંથી કોઈપણ ૨૫ વર્ષનો થશે તે તેના પોતાના જીવનકાળમાં જ આવે છે. વસિયત માન્ય છે.

(૩) એક ભંડોળ A ને આજીવન માટે અને તેના મૃત્યુ પછી B ને આજીવન માટે વસિયતમાં આપવામાં આવે છે, જેમાં એવા આદેશ આપવામાં આવે છે કે B ના મૃત્યુ પછી તે B ના એવા બાળકોમાં વહેંચવામાં આવશે જે ૧૮ વર્ષની ઉંમર પ્રાપ્ત કરે. પરંતુ જો B નું કોઈ બાળક તે ઉંમર સુધી પહોંચે નહીં, તો ભંડોળ C ને મળશે. અહીં ભંડોળના વિભાજનનો સમય વસિયત કરનારના મૃત્યુ સમયે જીવતી હોય તે વ્યક્તિ B ના મૃત્યુથી ઓછામાં ઓછા ૧૮ વર્ષ પૂરા થયા પછીનો આવવો જોઈએ. બધી વસિયત કાયદામાન્ય છે.

(૪) વસિયત કરનારની પુત્રીઓના લાભ માટે ટ્રસ્ટીઓને એક ભંડોળ વસિયતમાં આપવામાં આવે છે, જેમાં એવા આદેશ આપવામાં આવે છે કે, જો તેમાંથી કોઈ નાની ઉંમરે લગ્ન કરે, તો ભંડોળના તેના હિસ્સાની એવી રીતે વ્યવસ્થા કરવામાં આવશે કે તેના મૃત્યુ પછી ૧૮ વર્ષની ઉંમરે પહોંચે તેવા તેના બાળકોને મળે. વસિયત કરનારની કોઈપણ પુત્રી, જેને આ આદેશ લાગુ પડે છે, તેના મૃત્યુ સમયે અસ્તિત્વમાં હોવી જોઈએ, અને ભંડોળના કોઈપણ ભાગ જેની આખરે આદેશ મુજબ વ્યવસ્થા થઈ શકે, તે જે પુત્રીઓનો તે હિસ્સો હોય તે પુત્રીઓના મૃત્યુથી 18 વર્ષની અંદર નિહિત થવો જોઈએ. આ બધી જોગવાઈઓ કાયદામાન્ય છે.

એવા વર્ગને વસિયતી બક્ષિસ જેમાંના કેટલાક કલમ ૧૧૪ અને ૧૧૫ માંના નિયમો હેઠળ આવતા હોય.

**૧૧૬**. વસિયતી બક્ષિસ એવા વ્યક્તિઓના વર્ગને કરવામાં આવે કે જેમનામાંથી કેટલાકના સંબંધમાં તે કલમ ૧૧૪ અથવા કલમ ૧૧૫ની જોગવાઈઓને કારણે અમલી ન હોય, તો આવી વસિયત ફક્ત તે વ્યક્તિઓના સંબંધમાં રદબાતલ થશે, અને સમગ્ર વર્ગના સંબંધમાં રદબાતલ થશે નહીં.

**ઉદાહરણ**

(૧) એક ભંડોળ A ને આજીવન માટે અને તેના મૃત્યુ પછી તેના બધા બાળકો જે ૨૫ વર્ષની ઉંમરે પહોંચે તેને વસિયતમાં આપવામાં આવે છે. A વસિયત કરનારનો ઉત્તરાધિકારી છે, અને વસિયત કરનારના મૃત્યુ સમયે તેના કેટલાક બાળકો જીવતા હોય છે. વસિયત કરનારના મૃત્યુ સમયે જીવતા A ના દરેક બાળક વસિયત માટે માન્ય મર્યાદામાં ૨૫ વર્ષની ઉંમર (કોઈ પણ સંજોગોમાં) અચૂક પ્રાપ્ત કરે. પરંતુ A ને વસિયત કરનારના મૃત્યુ પછી બાળકો હોઈ શકે છે, જેમાંથી કેટલાક A ના મૃત્યુ પછી 18 વર્ષથી વધુ સમય પસાર ન થાય ત્યાં સુધી ૨૫ વર્ષની ઉંમર સુધી ન પણ પહોંચે. તેથી, A ના બાળકો માટેની વસિયત, વસિયત કરનારના મૃત્યુ પછી જન્મેલા કોઈપણ બાળક માટે અને જેઓ A ના મૃત્યુ પછી ૧૮ વર્ષની અંદર ૨૫ વર્ષની ઉંમરે પ્રાપ્ત ન કરે તેના સંબંધમાં અમલમાં આવશે નહિ, પરંતુ A ના અન્ય બાળકો માટે તે અમલી છે.

(૨) એક ભંડોળ A ને આજીવન માટે અને તેના મૃત્યુ પછી B, C, D અને A ના અન્ય તમામ બાળકોને વસિયતમાં આપવામાં આવે છે જે 25 વર્ષની ઉંમરે પહોંચે છે. B, C, D એ વસિયત કરનારના મૃત્યુ સમયે જીવતા A ના બાળકો છે. અન્ય તમામ બાબતોમાં કેસ ઉદાહરણ (૧) માં ધારવામાં આવેલા જેવો જ છે. જો કે B, C અને D નો ઉલ્લેખ વસિયતને વર્ગને વસિયત તરીકે ગણવામાં આવતા અટકાવતો ન હોય, તે સંપૂર્ણપણે રદબાતલ નથી. તે B, C અથવા D કોઈપણ બાળકો માટે અમલી છે, જે A ના મૃત્યુ પછી ૧૮ વર્ષની અંદર ૨૫ વર્ષની ઉંમર પ્રાપ્ત કરે છે.

પૂર્વ વસિયતની નિષ્ફળતા પર વસિયતનું અમલમાં આવવું.

**૧૧૭**. કલમો ૧૧૪ અને ૧૧૫ માં સમાવિષ્ટ કોઈપણ નિયમોના કારણે, કોઈ વ્યક્તિ અથવા વ્યક્તિઓના વર્ગની તરફેણમાં કરેલ કોઈ વસિયત, આવી વ્યક્તિ અથવા આવા સમગ્ર વર્ગના સંદર્ભમાં રદબાતલ થાય છે, ત્યારે એક જ વસિયતમાં સમાવિષ્ટ અને આવી પૂર્વ વસિયતની નિષ્ફળતા પછી અથવા તે નિષ્ફળ થયે અમલમાં આવવાનો ઈરાદો ધરાવતી કોઈ વસિયત પણ રદબાતલ થશે.

ઉદાહરણ

(૧) એક ભંડોળ A ને આજીવન માટે અને તેના મૃત્યુ પછી સૌ પહેલાં ૨૫ વર્ષની ઉંમરે પહોંચે તેવા તેના પુત્રોને આજીવન માટે અને આવા પુત્રના મૃત્યુ પછી B ને વસિયતમાં આપવામાં આવે છે. A અને B વસિયત કરનારના ઉત્તરાધિકારીઓ છે. સૌ પહેલાં ૨૫ વર્ષની ઉંમર પ્રાપ્ત કરે તેવા A ના પુત્રોને કરેલી વષિયત પછી B ને કરવામાં આવેલી વસિયત અમલમાં લાવવાનો ઈરાદો છે, જે વસિયત કલમ ૧૧૫ હેઠળ રદબાતલ છે. B ને કરવામાં આવેલી વસિયત રદબાતલ છે.

(૨) એક ભંડોળ A ને આજીવન માટે અને તેના મૃત્યુ પછી સૌ પહેલાં ૨૫ વર્ષની ઉંમરે પહોંચે તેવા તેના પુત્રોને અને જો A નો કોઈ પુત્ર તે ઉંમર સુધી પહોંચે નહીં, તો B ને વસિયતમાં

આપવામાં આવે છે. A અને B વસિયત કરનારના ઉત્તરાધિકારીઓ છે. સૌ પહેલાં ૨૫ વર્ષની ઉંમર પ્રાપ્ત કરે તેવા A ના પુત્રોને કરેલી વષિયત નિષ્ફળ ગયા પછી B ને કરવામાં આવેલી વસિયત અમલમાં લાવવાનો ઈરાદો છે, જે વસિયત કલમ ૧૧૫ હેઠળ રદબાતલ છે. B ને કરવામાં આવેલી વસિયત રદબાતલ છે.

**૧૧૮.** (૧) વસિયતની શરતોથી એવો આદેશ કરવામાં આવે કે કોઈપણ સંપત્તિમાંથી ઉદ્ભવતી આવક, વસિયત કરનારના મૃત્યુથી અઢાર વર્ષના સમયગાળા કરતાં વધુ કોઈ સમયગાળા દરમિયાન સંપૂર્ણ અથવા આંશિક રીતે સંચિત (એકઠી) કરવામાં આવે, ત્યારે આવો આદેશ, અહીં હવે પછી જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય, જ્યાં સુધી સંચય (આવક એકઠી થવા દેવા)નો આદેશ કરવામાં આવ્યો હોય તે સમયગાળો ઉપરોક્ત સમયગાળા કરતાં વધી જાય તેટલા પ્રમાણમાં રદબાતલ રહેશે, અને આવા અઢાર વર્ષના સમયગાળાના અંતે સંપત્તિ અને તેની આવકનો નિકાલ એવી રીતે કરવામાં આવશે કે જાણે જે સમયગાળા દરમિયાન સંચય (આવક એકઠી થવાનો) કરવાનો આદેશ કરવામાં આવ્યો હોય તે સમયગાળો પૂરો થઈ ગયો હોય.

(૨) **આ કલમથી નીચેના** હેતુ માટે, **સંચય કરવાના કોઈ આદેશને અસર થશે નહીં** -

(ક) વસિયત કરનાર અથવા વસિયત હેઠળ કોઈ હિત મેળવનાર અન્ય કોઈ વ્યક્તિના દેવાની ચુકવણીના, અથવા

(ખ) વસિયત કરનાર અથવા વસિયત હેઠળ કોઈ હિત મેળવનાર અન્ય કોઈ વ્યક્તિના બાળકો અથવા દૂરના સંતાન (remoter issue) માટે હિસ્સાની જોગવાઈ કરવાના, અથવા

(ગ) વસિયત કરવામાં આવેલી કોઈ મિલકતની જાળવણી અથવા નિભાવના,

- અને તદનુસાર આવા આદેશ કરી શકાશે.

## વસિયતી વારસો નિહિત થવા બાબત

ચુકવણી અથવા કબજો મુલતવી રાખવામાં આવે, ત્યારે વસિયતી વારસો નિહિત થવાની તારીખ.

**૧૧૯.** વસિયતની શરતો દ્વારા વારસદાર વ્યક્તિ, વસિયતમાં આપેલી વસ્તુનો તાત્કાલિક કબજો મેળવવા હકદાર ન હોય, ત્યારે વસિયતમાં વિરુદ્ધનો ઇરાદો જણાતો હોય, તો યોગ્ય સમયે તે (વસ્તુ) પ્રાપ્ત કરવાનો અધિકાર, વસિયત કરનારનું મૃત્યુ થયેથી વારસો મેળવનાર વ્યક્તિમાં નિહિત થશે, અને જો તેણી/તે, તે સમય પહેલાં અને વારસો મેળવ્યા વિના મૃત્યુ પામે, તો વારસો મેળવનાર વ્યક્તિના પ્રતિનિધિઓને મળશે, અને આવા કિસ્સાઓમાં વારસાનું હિત, વસિયત કરનારના મૃત્યુ પામે ત્યારથી નિહિત થયું હોવાનું કહેવાય.

સ્પષ્ટીકરણ.- કોઈ વ્યક્તિને મળેલો વારસો તેણીના/તેના હિતમાં નિહિત ન થાય તેવો ઈરાદો, ફક્ત એવી જોગવાઈ પરથી અનુમાનિત કરી શકાતો નથી જેમાં વારસામાં આપેલી વસ્તુની ચુકવણી અથવા કબજો મુલતવી રાખવામાં આવ્યો હોય, અથવા જેમાં તેમાંનું અગાઉનું હિત કોઈ અન્ય વ્યક્તિને વારસામાં આપવામાં આવ્યું હોય, અથવા જેમાં વારસામાં આપેલા ભંડોળમાંથી ઉદ્ભવતી આવક ચુકવણીનો સમય આવે ત્યાં સુધી એકઠી કરવાનો આદેશ આપવામાં આવ્યો હોય, અથવા એવી જોગવાઈ પરથી કે, જો કોઈ ચોક્કસ ઘટના બને, તો વારસો બીજી વ્યક્તિને મળશે.

**ઉદાહરણ**

(૧) A, B ને ૧૦,000 રૂપિયા વસિયતમાં આપે છે, જે તેને C ના મૃત્યુ સમયે ચૂકવવા પડશે. A નું મૃત્યુ થયે વારસો Bના હિતમાં નિહિત થાય છે, અને જો તે C પહેલાં મૃત્યુ પામે, તો તેના પ્રતિનિધિઓ વારસા માટે હકદાર છે.

(૨) A, B ને ૧૦,000 રૂપિયા વસિયતમાં આપે છે, જે તેને ૧૮ વર્ષની ઉંમરે ચૂકવવા પડશે. A નું મૃત્યુ થયે વારસો B માં હિતમાં નિહિત થાય છે.

(3) એક ભંડોળ A ને આજીવન માટે અને તેના મૃત્યુ પછી B ને વસિયતમાં આપવામાં આવે છે. વસિયત કરનારનું મૃત્યુ થયે B ને મળેલો વારસો B માં હિતમાં નિહિત થાય છે.

(૪) એક ભંડોળ A ને જ્યાં સુધી B 18 વર્ષની ઉંમર પ્રાપ્ત ન કરે ત્યાં સુધી અને ત્યાર પછી B ને વસિયતમાં આપવામાં આવે છે. વસિયત કરનારનું મૃત્યુ થયે B ને મળેલો વારસો નિહિત થાય છે.

(૫) A તેની સંપૂર્ણ મિલકત B ને વિશ્વાસ પર વસિયતમાં આપે છે કે જેથી આવકમાંથી અમુક દેવા ચૂકવી શકાય, અને ત્યાર પછી ભંડોળ C ને સોંપી શકાય. A નું મૃત્યુ થયે C ને મળેલી ભેટ તેના હિતમાં નિહિત થઈ જાય છે.

(૬) એક ભંડોળ A, B અને C ને સરખા હિસ્સામાં વસિયતમાં આપવામાં આવે છે જે તેમને અનુક્રમે ૧૮ વર્ષની ઉંમરે ચૂકવવામાં આવશે, જેમાં જોગવાઈ છે કે જો તે બધા ૧૮ વર્ષથી ઓછી ઉંમરે મૃત્યુ પામે, તો વારસો D ને સોંપવામાં આવશે. વસિયત કરનારનું મૃત્યુ થયે, A, B અને C ના હિતમાં નિહિત થયેલો હિસ્સો, જો A, B અને C બધા ૧૮ વર્ષથી ઓછી ઉંમરે મૃત્યુ પામે, તો તેઓ હકથી વંચિત રહેશે, અને, તેમનામાંના કોઈનું પણ (છેલ્લા ઉત્તરાધિકારી સિવાય) મૃત્યુ ૧૮

વર્ષ થી ઓછી ઉંમરે થયેથી, તેનું નિહિત હિત, એવી શરતોને અધીન રહીને, તેના પ્રતિનિધિઓને સોંપવામાં આવશે.

**૧૨૦**. (૧) કોઈ વારસો, નિર્દિષ્ટ અનિશ્ચિત ઘટના બને, તો વસિયતમાં આપવામાં આવ્યો હોય, તો તે ઘટના ન બને ત્યાં સુધી તે નિહિત થતો નથી.

(૨) કોઈ વારસો, નિર્દિષ્ટ અનિશ્ચિત ઘટના ન બને તો વસિયતમાં આપવામાં આવ્યો હોય, તો તે ઘટનાનું બનવું અશક્ય ન બને ત્યાં સુધી તે નિહિત થતો નથી.

(3) બંને કિસ્સામાં, જ્યાં સુધી શરત પરિપૂર્ણ ન થાય ત્યાં સુધી, વારસો મેળવનારના હિતને અવલંબિત હિત કહેવામાં આવે છે.

અપવાદ - કોઈ વ્યક્તિ ચોક્કસ ઉંમર પ્રાપ્ત કરે ત્યારે તેણીને/તેને ભંડોળ વસિયતમાં આપવામાં આવે, અને વસિયતનામામાં તેણી/તે, તે ઉંમર સુધી પહોંચે તે પહેલાં તેને ભંડોળમાંથી ઉદ્ભવતી આવક સંપૂર્ણપણે આપવામાં આવે, અથવા આવક, અથવા તેમાંથી જરૂરી હોય તેટલી રકમ, તેના લાભ માટે ઉપયોગ કરવાનો આદેશ કરવામાં આવે, ત્યારે ભંડોળનો આપેલો વારસો અવલંબી નથી.

**ઉદાહરણ**

(૧) જો A, B અને C બધા ૧૮ વર્ષથી ઓછી ઉંમરમાં મૃત્યુ પામે, તો D ને વારસો આપવામાં આવે છે. A, B અને C બધા ૧૮ વર્ષથી ઓછી ઉંમરમાં મૃત્યુ પામે ત્યાં સુધી, અથવા તેમાંથી કોઈ એક તે ઉંમર સુધી પહોંચે ત્યાં સુધી D નો વારસો અવલંબી હિત છે.

(૨) A ને "જો તે ૧૮ વર્ષની ઉંમર પ્રાપ્ત કરે, તો", અથવા "જ્યારે તે ૧૮ વર્ષની ઉંમર પ્રાપ્ત કરે, ત્યારે", નાણાંની રકમ વારસામાં આપવામાં આવે છે. વારસામાં A નું હિત, તે ઉંમર પ્રાપ્ત કરીને શરત પરિપૂર્ણ ન થાય ત્યાં સુધી અવલંબી રહે છે.

(3) એક મિલકત A ને આજીવન માટે અને તેના મૃત્યુ પછી B ને, જો B જીવિત હોય તો, પરંતુ જો B તે સમયે જીવિત ન હોય તો C ને આપવામાં આવે છે. A, B અને C વસિયત કરનારના ઉત્તરાધિકારી છે. દરેક B અને C મિલકતમાં આધારિત હિત લે છે જ્યાં સુધી તે ઘટના બને નહીં જેનાથી તે મિલકત એક અથવા બીજામાં નિહિત થવાની હોય.

(૪)  કોઈ મિલકતની વસિયત ઉપર (છેલ્લે) ધારવામાં આવેલા કિસ્સામાં કરવામાં આવે છે. B, A અને C ના જીવનકાળમાં મૃત્યુ પામે છે. B ના મૃત્યુ પછી, C, A નું મૃત્યુ થયેથી મિલકતનો કબજો મેળવવાનો સ્થાપિત અધિકાર પ્રાપ્ત કરે છે.

(૫)  વારસો A ને ત્યારે વસિયતમાં આપવામાં આવે છે જ્યારે તેણી ૧૮ વર્ષની થાય, અને જો તેણી ૧૮ વર્ષની ન થાય, તો વારસો C ને મળે તેવી જોગવાઈ કરવામાં આવે છે. A અને C બંને વારસામાં શરતી (આધારિત) હિત મેળવશે. A 18 વર્ષની ઉંમરે પહોંચે છે. A વારસાનો સંપૂર્ણ હકદાર બને છે.

(૬)  મિલકત A ને ત્યાં સુધી વસિયતમાં આપવામાં આવે છે જ્યાં સુધી તે લગ્ન ન કરે અને તે ઘટના પછી B ને આપવામાં આવે છે. B નું વસિયતમાંનું હિત ત્યાં સુધી આધારિત રહે છે જ્યાં સુધી A ના લગ્ન દ્વારા શરત પરિપૂર્ણ ન થાય.

(૭)  કોઈ મિલકત A ને વસિયતમાં આપવામાં આવે છે જ્યાં સુધી તે નાદાર દેવાદારોની રાહત માટે કોઈપણ કાયદાનો લાભ ન લે, અને તે ઘટના પછી B ને આપવામાં આવે છે. B નું વસિયતમાંનું હિત, A આવા કાયદાનો લાભ ન લે ત્યાં સુધી આધારિત રહે છે.

(૮)  જો A B ને ૫૦,૦૦૦ રૂપિયા ચૂકવે, તો મિલકત A ને વસિયતમાં આપવામાં આવે છે. A નું વસિયતમાંનું હિત ત્યાં સુધી શરતી (આધારિત) રહે છે જ્યાં સુધી તે B ને ૫૦,૦૦૦ રૂપિયા ચૂકવે નહીં.

(૯)  A પોતાનું સાપુતારાનું ખેતર B ને (વસિયતમાં) આપી જાય છે, જો B પોતાનું જૂનાગઢનું ખેતર C ને સોંપી દે. B નું વસિયતમાંનું હિત ત્યાં સુધી શરતી (આધારિત) રહે છે જ્યાં સુધી તે C ને પછી જણાવેલું ખેતર ન આપે.

(૧૦)  B વસિયત કરનારના મૃત્યુ પછી પાંચ વર્ષની અંદર C સાથે લગ્ન ન કરે, તો A ને એક ભંડોળ વસિયતમાં આપવામાં આવે છે. વારસામાંનું A નું હિત ત્યાં સુધી શરતી (આધારિત) રહે છે જ્યાં સુધી B અને C લગ્ન કર્યા વગર પાંચ વર્ષની મુદત પૂરી કરીને શરત પરિપૂર્ણ ન કરે અથવા તે સમયગાળામાં એવી ઘટના બને જે B અને C ના લગ્નને અશક્ય બનાવે.

(૧૧)  જો B વસિયત દ્વારા તેના માટે કોઈ જોગવાઈ ન કરે, તો A ને એક ભંડોળ વસિયતમાં આપવામાં આવે છે. વારસો B ના મૃત્યુ સુધી શરતી રહે છે.

(૧૨) A B ને તે ૧૮ વર્ષની ઉંમર પહોંચે ત્યારે વાર્ષિક ૫૦,૦૦૦ રૂપિયા વસિયતમાં આપે છે અને આદેશ કરે છે કે વ્યાજ, અથવા તેના પર્યાપ્ત ભાગનો, B તે ઉંમરે પહોંચે ત્યાં સુધી તેના લાભ માટે ઉપયોગ કરવામાં આવશે. વારસો નિહિત છે.

(૧૩) A B ને તે ૧૮ વર્ષની ઉંમરે પહોંચે ત્યારે ૫૦,૦૦૦ રૂપિયા વસિયતમાં આપે છે અને આદેશ કરે છે કે B તે ઉંમરે પહોંચે ત્યાં સુધી તેના ભરણપોષણ માટે બીજા ભંડોળમાંથી ચોક્કસ રકમનો ઉપયોગ કરવામાં આવશે. વારસો શરતી છે.

અમુક વર્ગની વ્યક્તિઓ પૈકી જે વ્યક્તિઓ અમુક વયની હોય તેમને આપેલી વસિયતી બક્ષિસમાંનું હિત નિહિત થવા બાબત.

**૧૨૧**. કોઈ વર્ગની વ્યકિતઓ પૈકી અમુક વયની જ વ્યક્તિઓને કોઇ વસિયતી બક્ષિસ આપવામાં આવી હોય ત્યારે એટલી વયની ન હોય તે વ્યકિતમાં તે વસિયતી વારસામાંનું કોઈ હિત નિહિત થઈ શકે નહિ.

**ઉદાહરણ**

“A” નાં સંતાનો પૈકી જે ૧૮ વર્ષનાં થાય તેમને કોઇ ભંડોળ વિલથી આપવામાં આવે છે અને એવો આદેશ કરવામાં આવે છે કે “A” નું કોઈ સંતાન ૧૮ વર્ષથી ઓછી વયનું હોય તે દરમિયાન જે હિસ્સાને માટે આખરે તે બાળક હકદાર હોવાનું માની શકાય તે હિસ્સાની આવક તેના ભરણપોષણ અને શિક્ષણ માટે વાપરવામાં આવે. “A” ના ૧૮ વર્ષથી ઓછી વયના કોઈપણ બાળકમાં તે વસિયતી બક્ષિસમાંનું હિત નિહિત થતું નથી.

## બોજાવાળી વસયતી બક્ષિસો

બોજાવાળી વસયતી બક્ષિસો.

**૧૨૨**. કોઈ વસિયતી બક્ષિસથી વસિયતદાર ઉપર કોઇ જવાબદારી આવતી હોય ત્યારે, જો વસિયતદાર તે/તેણી વસિયતી બક્ષિસ પૂરેપૂરી સ્વીકારે નહિ તો તે કશું પણ મેળવી શકે નહિ.

**ઉદાહરણ**

“A” પાસે "X” નામની એક સદ્ધર જોઇન્ટ સ્ટોક કંપનીના શેરો છે. તેની પાસે “Y” નામની બીજી જોઇન્ટ સ્ટોક કંપની જે મુશ્કેલીમાં છે તેના પણ શેરો છે. “Y” ના શેરો અંગે ભારે કોલ થવાની ધારણા છે. “A” જોઈન્ટ સ્ટોક કંપનીઓના પોતાના તમામ શેરો “B” ને વિલથી આપે છે. “Y” કંપનીના શેરો સ્વીકારવાની “B” ના પાડે છે. “ભ” કંપનીના શેરો તે ગુમાવે છે.

એકજ વ્યક્તિને આપેલી બે જુદી જુદી અને સ્વતંત્ર વસિયતી બક્ષિસો પૈકીની એક સ્વીકારી શકાય અને બીજી સ્વીકારવાની ના પાડી શકાય.

**૧૨૩**. કોઈ વિલથી એક જ વ્યકિતને જુદી જુદી અને સ્વતંત્ર એવી બે બક્ષિસો આપેલી હોય ત્યારે, વસિયતદાર સ્વીકારે તે બક્ષિસ ફાયદાકારક અને ન સ્વીકારે તે બોજાવાળી હોય તો પણ, વસિસયતદારને તેમાંની એક સ્વીકારવાની અને બીજી ન સ્વીકારવાની છૂટ છે.

### ઉદાહરણ

"A" એ એક ઘર અમુક વર્ષોની મુદત માટે ભાડાપટ્ટે રાખ્યું છે અને તે મુદત દરમિયાન તેનું ભાડું ચૂકવવા માટે "A" અને તેના પ્રતિનિધિઓ બંધાયેલ છે. તે ઘર જે ભાડાથી ભાડે આપી શકાય તેના કરતાં સદરહું ભાડું વધુ છે. "A" વિલથી તે ભાડાપટ્ટો અને અમુક રકમ "B" ને આપે છે. "B" તે ભાડાપણે સ્વીકારવાની ના પાડે છે, આમ કરવાથી તે સદરહુ રકમ ઉપરનો હક ગુમાવતો નથી.

## અવલંબી વસિયતી બક્ષિસો

અમુક અનિશ્ચિત બનાવ બનવાનો સમય જણાવેલો ન હોય ત્યારે, તે બનાવ બનવા ઉપર અવલંબતી વસિયતી બક્ષિસ.

**૧૨૪**. વિલમાં એવું હોય કે અમુક અનિશ્ચિત બનાવ બને તો કોઇ વ્યકિતને કોઈ વસિયતી વારસો આપવો અને વિલમાં તે બનાવ બનવાનો સમય જણાવવામાં ન આવ્યો હોય ત્યારે વિલથી આપેલું ભંડોળ જ્યારે આપવાનું અથવા વહેંચી આપવાનું હોય તે સમય પહેલાં એવો બનાવ બન્યો ન હોય તો તે વસિયતી વારસો અમલી બની શકે નહિ.

### ઉદાહરણ

(૧) "A" ને અને "A" મૃત્યુ પામે તો "B"ને વિલથી વારસો આપવામાં આવે છે. વિલ કરનારની પાછળ "A" હયાત રહે તો "B" ને આપેલો વિસયતી વારસો અમલમાં આવશે નહિ.

(૨) "A" ને અને જો તે સંતાનો મૂકી ગયાં વિના મૃત્યુ પામે તો "B" ને વિલથી વારસો આપવામાં આવે છે. વિલ કરનારની પાછળ "A" હયાત રહે અથવા વિલ કરનારની હયાતીમાં કોઈ સંતાન મૂકીને તે મૃત્યુ પામે તો "B" ને આપેલો વસિયતી વારસો અમલમાં આવશે નહિ.

(૩) "A" ૧૮ વર્ષનો થાય તો ત્યારે તેને અને જો તે મૃત્યુ પામે તો "B" ને કોઈ વિસયતી વારસો આપવામાં આવે છે. "A" ૧૮ વર્ષનો થાય છે. "B" ને આપેલો વસિયતી વારસો અમલમાં આવશે નહિ.

(૪) "A" ને તેના જીવનપર્યંત અને તેના મૃત્યુ પછી "B" ને અને "B" સંતાનો મૂક્યા વિના મૃત્યુ પામે તો "C" ને કોઈ વસિયતી વારસો આપવામાં આવે છે. સંતાનો મૂક્યા વિના "B" મૃત્યુ પામે

તો એ શબ્દોનો અર્થ "A" ની હયાતી દરમિયાન "B" સંતાનો મૂક્યા વિના મૃત્યુ પામે તો એવો થાય છે એમ સમજવું.

(૫) "A"ને તેના જીવનપર્યંત અને તેના મૃત્યુ પછી "B"ને અને "B" મૃત્યુ પામે તો "C" ને કોઈ વિવસયતી વારસો આપવામાં આવે છે. "B" મૃત્યુ પામે તો એ શબ્દોનો અર્થ "A" ની હયાતી દરમિયાન "B" મૃત્યુ પામે તો એવો થાય છે એમ ગણવું.

નિર્દિષ્ટ કર્યો ન હોય તેવા અમુક સમયે ચોક્કસ વ્યક્તિઓ પૈકી હયાત હોય તેમને આપેલી વસિયતી બક્ષિસ.

**૧૨૫**. અમુક સમયે ચોકક્કસ વ્યકિતઓ પૈકી જે હયાત હોય તેમને કોઈ વસિયતી બક્ષિસ આપવામાં આવે પણ ચોકકસ સમય નિર્દિષ્ટ કરવામાં ન આવે ત્યારે, તે આપતી અથવા વહેંચતી વખતે તેઓ પૈકી જે હયાત હોય તેમને, જો વિલથી વિરૂદ્ધ ઇરાદો જણાતો ન હોય તો, તે વસિયતી વારસો જશે.

**દૃષ્ટાંતો**

(૧) અમુક મિલકત "A" અને "B" ને સરખે ભાગે અથવા તેમાંથી જે હયાત રહે તેને વિલથી આપવામાં આવે છે. વિલ કરનારની પાછળ "A" અને "B" બન્ને હયાત રહે તો તે વસિયતી વારસો તેઓને સરખે ભાગે મળશે. વિલ કરનારની પહેલાં "A" મૃત્યુ પામે અને તેની પાછળ "B" હયાત રહે તો તે વસિયતી વારસો "B" ને જશે.

(૨) અમુક મિલકત "A" ને તેના જીવનપર્યંત અને તેના મૃત્યુ પછી "B" અને "C" ને સરખે ભાગે અથવા તેઓમાંથી જે હયાત રહે તેમને વિલથી આપવામાં આવે છે. "A" ની હયાતી દરમિયાન "B" મૃત્યુ પામે છે. "A" ની પાછળ "C" હયાત રહે છે. "A"નું મૃત્યુ થતાં તે વસિયતી વારસો "C" ને જશે.

(3) અમુક મિલકત "A" ને તેના જીવનપર્યંત અને તેના મૃત્યુ પછી "B" અને "C" ને અથવા તેઓમાંથી જે હયાત રહે તેને વિલથી એવા આદેશ સાથે આપવામાં આવે છે કે જો વિલ કરનારની પાછળ "B" હયાત ન રહે તો તેના સંતાનોને તેની જગાએ મૂકવા. "C" વિલ કરનારની હયાતીમાં મૃત્યુ પામે છે. વિલ કરનારની પાછળ "B" હયાત રહે છે. પણ તે "A" ની હયાતી દરમિયાન મૃત્યુ પામે છે. તે વસિયતી વારસો "B" ના પ્રતિનિધિને જશે.

(૪) અમુક મિલકત "A"ને તેના જીવનપર્યંત અને તેના મૃત્યુ પછી "B" અને "C"ને વિલથી એવા આદેશ સાથે  આપવામાં આવે છે કે તેઓમાંથી કોઇ એક "A" ની હયાતીમાં મૃત્યુ પામે તો જે હયાત રહે તેને પૂરી મિલકત જાય. "A" ની હયાતી દરમિયાન "B" મૃત્યુ પામે

છે. પાછળથી "A" ની હયાતી દરમિયાન "C" મૃત્યુ પામે છે. તે વસિયતી વારસો "C" ના પ્રતિનિધિને જશે.

## શરતી વસિયતી બક્ષિસો

**૧૨૬**. અશક્ય શરતે આપેલી વસિયતી બક્ષિસ રદ છે.

અશક્ય શરતે આપેલી વસિયતી બક્ષિસ.

### ઉદાહરણો

(૧) "A" એ એક કલાકમાં સો માઇલ ચાલવાની શરતે "A" ને વિલથી કોઈ એસ્ટેટ આપવામાં આવે છે. તે વસિયતી બક્ષિસ રદ છે.

(૨) "B" એ "A" ની પુત્રી સાથે લગ્ન કરવાની શરતે તેને "A" ૫૦૦ રૂપિયા વિલથી આપે છે. વિલની તારીખે "A"ની પુત્રી મૃત્યુ પામી હતી. તે વસિયતી બક્ષિસ રદ છે.

**૧૨૭**. જેનું પાલન કરવું કાયદાની અથવા નીતિમત્તાની વિરૂદ્ધનું હોય એવી શરતે આપેલી વસિયતી બક્ષિસ રદ છે.

ગેરકાયદેસરની અથવા અનૈતિક શરતે આપેલી વસિયતી બક્ષિસ.

### ઉદાહરણો

(૧) "A એ "C" નું ખૂન કરવાની શરતે "B" ને ૫૦,૦૦૦ રૂપિયા વિલથી આપે છે. તે વસિયતી બક્ષિસ રદ છે.

(૨) "A" પોતાની ભત્રીજી/ભાણેજી જો તેના પતિને ત્યજી દે તો તેને ૫૦,૦૦૦ રૂપિયા વિલથી આપે છે. તે વસિયતી બક્ષિસ રદ છે.

**૧૨૮**. કોઈ વિલમાં એવી શરત રાખવામાં આવે કે વસિયતદારમાં વિલથી આપવામાં આવેલી વસ્તુમાંનું હિત નિહિત થાય તે પહેલાં તે શરતનું પાલન થવું જોઇશે ત્યારે જો તે શરતનું મહદ્દઅંશે પાલન થયું હોય તો તેનું પાલન થયું છે એમ ગણાશે.

વસિયતી વારસો નિહિત થવા માટેની પૂર્વવર્તી શરતનું પાલન.

### દ્ષ્ટાંતો

(૧) "A" એ "B", "C", "D" અને "E"ની સંમતિથી લગ્ન કરવું એ શરતે તેને કોઇ વસિયતી વારસો આપવામાં આવે છે. "A" "B" ની લેખિત સંમતિથી લગ્ન કરે છે. "C" લગ્ન વખતે હાજર હોય છે. "D" લગ્ન થતાં પહેલાં "A" ને ભેટ મોકલે છે. "E" ને "A" એ જાતે પોતાના ઇરાદાની જાણ કરેલી છે અને "E" એ કંઈ વાંધો લીધો નથી. "A" એ શરતનું પાલન કર્યું ગણાય.

(૨) "A" એ "B", "C" અને "D" ની સંમતિથી લગ્ન કરવાની શરતે તેને કોઈ વસિયતી વારસો આપવામાં આવે છે. "D" મૃત્યુ પામે છે. "B" અને "C" ની સંમતિથી "A" લગ્ન કરે છે. "A" એ શરતનું પાલન કર્યું ગણાય.

(૩) "A" એ "B", "C" અને "D" "ની, સંમતિથી લગ્ન કરવાની શરતે તેને કોઇ વસિયતી વારસો આપવામાં આવે છે. "B" "C" અને "D" ની હયાતીમાં ફકત "B" અને "C" ની સંમતિથી "A" લગ્ન કરે છે. "A" એ શરતનું પાલન કર્યું ન ગણાય.

(૪) "A" એ "B" "C" અને "D" ની સંમતિથી લગ્ન કરવાની શરતે તેને કોઈ વસિયતી વારસો આપવામાં આવે છે. "E" સાથે પોતાના લગ્ન કરવા માટે "B", "C" અને "D" ની બિનશરતી સંમતિ "A" મેળવે છે. પાછળથી "B", "C" અને "D" મનસ્વીપણે તેઓની સંમતિ પાછી ખેંચી લે છે. "A" "E" સાથે લગ્ન કરે છે. "A" એ શરતનું પાલન કર્યું ગણાય.

(૫) "A" એ "B", "C" અને "D" ની સંમતિથી લગ્ન કરવાની શરતે તેને કોઈ વસિયતી વારસો આપવામાં આવે છે. "B", "C" અને "D" ની સંમતિ વિના "A" લગ્ન કરે છે. પણ લગ્ન કર્યા પછી તેઓની સંમતિ મેળવે છે. "A" એ શરતનું પાલન કર્યું ન ગણાય.

(૬) "A" વિલ કરે છે કે જો "B" પોતાના એકઝીકયુટરોની સંમતિથી લગ્ન કરે તો તેને અમુક રકમ આપવી. "A"ની હયાતી દરમિયાન "B" લગ્ન કરે છે. પાછળથી "A" તે લગ્નને બહાલી આપે છે. "A" મૃત્યુ પામે છે. "B"ને આપેલી વસિયતી બક્ષિસ અમલમાં આવશે.

(૭) વિલમાં નિર્દિષ્ટ કરેલા સમયની અંદર "A" અમુક દસ્તાવેજ કરી આપે તો તેને વસિયતી વારસો આપવામાં આવે છે. વિલમાં નિર્દિષ્ટ કરેલા સમયની અંદર નહિ પણ વાજબી સમયની અંદર "A" દસ્તાવેજ કરી આપે છે. "A" એ શરતનું પાલન કર્યું ન ગણાય અને વસિયતી વારસો મેળવવા તે હકદાર નથી.

"A"ને આપેલી વસિયતી બક્ષિસ અને જો તે નિષ્ફળ જાય તો "B"ને આપેલી વસિયતી

**૧૨૯**. એક વ્યકિતને વસિયતી બક્ષિસ આપવામાં આવે અને તે બક્ષિસ નિષ્ફળ જાય તો એ જ વસ્તુની વસિયતી બક્ષિસ બીજી વ્યકિતને આપવામાં આવે ત્યારે, વિલ કરનારે ધારેલી રીતે પહેલી

વસિયતી બક્ષિસ નિષ્ફળ ન ગઈ હોય તો પણ, તે નિષ્ફળ જતાં, બીજી વસિયતી બક્ષિસ અમલમાં આવશે.

### દષ્ટાંતો

(૧) "A" પોતાની પાછળ હયાત રહે એવાં પોતાનાં સંતાનોને, અને જો તેઓ તમામ ૧૮ વર્ષના થયા પહેલાં મૃત્યુ પામે તો "B"ને અમુક રકમ વિલથી આપે છે. "A" ને સંતાન થતું નથી અને તે મૃત્યુ પામે છે. "B" ને આપેલી વસિયતી બક્ષિસ અમલમાં આવશે.

(૨) "A" પોતાના મૃત્યુ પછી ત્રણ મહિનાની અંદર' 'ખ" અમુક દસ્તાવેજ કરી આપે એ શરતે તેને અને જો એમ કરવામાં તે બેદરકાર રહે તો " ગ" ને અમુક રકમ વિલથી આપે છે. "B" વિલ કરનારની હયાતીમાં મૃત્યુ પામે છે.આપેલી વસિયતી બક્ષિસ અમલમાં આવશે.

**૧૩૦**. વિલ ઉપરથી એવો ઈરાદો જણાતો હોય કે પહેલી વસિયતી બક્ષિસ અમુક જ રીતે નિષ્ફળ જાય તો તે પ્રસંગે બીજી વસિયતી બક્ષિસ અમલમાં આવશે, ત્યારે આગલી વસિયતી બક્ષિસ જો તે રીતે નિષ્ફળ ન જાય તો બીજી વસિયતી બક્ષિસ અમલમાં આવશે નહિ.

પહેલી વસિયતી બક્ષિસ નિષ્ફળ જતાં બીજી બક્ષિસ જ્યારે અમલી ન બને.

### ઉદાહરણ

"A" પોતાની પત્નીને વસિયતી બક્ષિસ આપે છે, પણ જો તે પોતાની હયાતી દરમિયાન મૃત્યુ પામે તો પોતે તેને વિલથી જે આપ્યું હોય તે "B" ને આપે છે. "A" અને તેની પત્ની એવા સંજોગોમાં એકસાથે મૃત્યુ પામે છે કે "A" ની પત્ની "A" ની પહેલાં મૃત્યુ પામી છે એમ સાબિત કરવું અશકય છે. "B" ને આપેલી વસિયતી બક્ષિસ અમલમાં આવશે નહિ.

**૧૩૧**. (૧) કોઈ વ્યકિતને એવી શરત ઉમેરીને વસિયતી બક્ષિસ આપી શકાશે કે અમુક અચોક્કસ બનાવ બને, તો વિલથી આપેલી વસ્તુ બીજી વ્યકિતને જશે અને અમુક અચોક્કસ બનાવ ન બને તો વિલથી આપેલી વસ્તુ કોઈ બીજી વ્યકિતને જશે.

અમુક અચોક્કસ બનાવ બને તો અથવા ન બને તો બીજી વ્યક્તિને જતી વસિયતી બક્ષિસ.

(૨) એવા દરેક દાખલામાં છેવટની વસિયતી બક્ષિસ, કલમ ૧૨૦, ૧૨૧, ૧૨૨, ૧૨૩, ૧૨૪, ૧૨૫, ૧૨૬, ૧૨૭, ૧૨૯ અને ૧૩૦માં જણાવેલ નિયમોને અધીન છે.

### ઉદાહરણો

(૧) "A" જો ૧૮ વર્ષનો થાય તો તેને, અને જો તેટલી વયનો થયા વિના "A" મૃત્યુ પામે તો "B" ને આપવી એ રીતે અમુક રકમ વિલથી "A" ને આપવામાં આવે છે. "A" ને તે વસિયતી વારસામાં નિહિત થયેલું હિત મળે છે. પણ જો "A" ૧૮ વર્ષનો થયા પહેલાં મૃત્યુ પામે તો, તે હિત વિનિહિત થશે અને તે " B" ને જશે.

(૨) વિલથી "A" ને કોઈ એસ્ટેટ એવી શરતે આપવામાં આવે છે કે જો "A" વિલ કરનારની વિલ કરવાની ક્ષમતા વિષે તકરાર ઉઠાવે તો તે એસ્ટેટ "B" ને જશે. "A" વિલ કરનારની વિલ કરવાની ક્ષમતા વિષે તકરાર ઉઠાવે છે. તે એસ્ટેટ "B" ને જશે.

(૩) "A" ને તેનાં જીવનપર્યંત અને તેના મૃત્યુ પછી "B" ને વિલથી અમુક રકમ આપવામાં આવે છે પણ એવી જોગવાઈ કરવામાં આવે છે કે જો "B" તે વખતે પોતાની પાછળ પુત્ર મૂકીને મૃત્યુ પામ્યો હોય તો તે રકમ "B" ને બદલે તેના પુત્રને મળે, "B" ને તે વસિયતી વારસામાં નિહિત થયેલું હિત મળે છે. પણ જો તે "A" ની હયાતીમાં પોતાની પાછળ પુત્ર મૂકીને મૃત્યુ પામે તો તે હિત વિનિહિત થશે.

(૪) અમુક રકમ "A" અને "B", ને અને જો તેમાંનો કોઈ "C"ની હયાતી દરમિયાન મૃત્યુ પામે તો "C"ના મૃત્યુ સમયે તેમાંથી જે હયાત હોય તેને વિલથી આપવામાં આવે છે. "C" ની પહેલાં "A" અને "B" મૃત્યુ પામે છે. બીજી વ્યકિતને જતી બક્ષિસ અમલી બની શકે નહિ. પણ "A"ના પ્રતિનિધિને અડધી રકમ અને "B"ના પ્રતિનિધિને બાકીની અડધી રકમ મળશે.

(૫) "A" વિલથી અમુક ભંડોળનું વ્યાજ "B"ને તેના જીવનપર્યંત આપે છે. અને આદેશ કરે છે કે "B" ના મૃત્યુ પછી તે ભંડોળ "B"ના ત્રણ સંતાનોને અથવા તેના મૃત્યુ સમયે તેમાંથી જે હયાત હોય તેમને સરખે ભાગે આપવું. "B" ના તમામ સંતાનો તેની હયાતીમાં મૃત્યુ પામે છે. બીજી વ્યકિતને જતી વસિયતી બક્ષિસ અમલી બની શકે નહિ. પણ "B"નાં સંતાનોનું હિત તેમના પ્રતિનિધિઓને જશે.

શરતનું ચૂસ્તપણે પાલન કરવું પડશે.

**૧૩૨**. શરતનું ચૂસ્તપણે પાલન કરવામાં ન આવે તો કલમ ૧૩૧માં જણાવેલા પ્રકારની છેવટની વિસિયતી બક્ષિસનો અમલ થઈ શકશે નહિ.

### ઉદાહરણો

(૧) "A" ને કોઈ વસિયતી વારસો એવી શરતે આપવામાં આવે છે કે જો તે "B", "C" અને "D" ની સંમતિ વિના લગ્ન કરે તો તે વસિયતી વારસો "E"ને જશે. "D" મૃત્યુ પામે છે. "B" અને "C"ની સંમતિ વિના "A" લગ્ન કરે તો પણ "E"ને આપેલી બક્ષિસ અમલમાં આવશે નહિ.

(૨) "A" ને કોઈ વસિયતી વારસો એવી શરતે આપવામાં આવે છે કે જો તે "B"ની સંમતિ વિના લગ્ન કરે તો તે વસિયતી વારસો "C" ને જશે. "B" ની સંમતિથી "A" લગ્ન કરે છે. પાછળથી "A" વિધુર બને છે. અને "B" ની સંમતિ વિના ફરીથી લગ્ન કરે છે. "C"ને આપેલી વસિયતી બક્ષિસ અમલમાં આવશે નહિ.

**૧૩૩.** છેવટની વસિયતી બક્ષિસ માન્ય ન હોય તો તેથી મૂળ વસિયતી બક્ષિસને અસર થતી નથી.

બીજી વસિયતી બક્ષિસ અમાન્ય હોવાને કારણે મૂળ વસિયતી બક્ષિસને અસર થતી નથી.

**ઉદાહરણો**

(૧) એક એસ્ટેટ (મિલકત) A ને તેના જીવનપર્યંત એવી શરત ઉમેરીને વિલ (વસિયત)થી આપવામાં આવે છે કે તે અમુક દિવસે એક કલાકમાં ૧૦૦ માઈલ ન ચાલે તો તે એસ્ટેટ (મિલકત) B ને જશે. તે શરત રદ હોવાથી, વસિયતમાં કોઇ શરત રાખવામાં આવી ન હોય તેમ A ને તેની એસ્ટેટ (મિલકત) રહે છે.

(૨) કોઇ એસ્ટેટ (મિલકત) A ને તેની હયાતી પર્યંત પણ જો તે તેના પતિને ત્યજી ન દે તો B ને વિલથી આપવામાં આવે છે. વિલમાં કોઇ શરત રાખવામાં આવી ન હોય તેમ A તેની હયાતી દરમિયાન તે એસ્ટેટ માટે હકદાર છે.

(૩) કોઇ એસ્ટેટ (મિલકત) A ને જીવનપર્યંત પણ જો તે લગ્ન કરે તો B ના સૌથી મોટા પુત્રને જીવનપર્યંત વિલથી આપવામાં છે. વિલ કરનારના મૃત્યુની તારીખે B ને પુત્ર થયો ન હતો. બીજી વ્યક્તિને જતી વસિયતી બક્ષિસ કલમ ૧૦૬ હેઠળ રદ છે અને A તેની હયાતી દરમિયાન તે એસ્ટેટ માટે હકદાર છે.

**૧૩૪.** કોઇ વસિયતી બક્ષિસ એવી શરત ઉમેરીને આપી શકાશે કે અમુક ચોક્કસ બનાવ બને અથવા ન બને ત્યારે તે અમલમાં રહેશે નહિ.

અમુક ચોક્કસ બનાવ બને અથવા ન બને ત્યારે અમલમાં રહેશે નહિ એવી શરતે આપવામાં આવેલી વસિયતી બક્ષિસ.

**ઉદાહરણો**

(૧) કોઈ એસ્ટેટ (મિલકત) A ને તેના જીવનપર્યંત વિલથી એવી શરતે આપવામાં આવે છે કે જો તે અમુક જંગલ કાપી નાખે તો, તે વસિયતી બક્ષિસ અમલમાં રહેશે નહિ. A જંગલ કાપી નાખે છે. A તે એસ્ટેટમાંનું જીવનપર્યંતનું હિત ગુમાવે છે.

(૨) કોઈ એસ્ટેટ A ને વિલથી એવી શરતે આપવામાં આવે છે કે, જો તે ૨૫ વર્ષથી ઓછી વયે વિલમાં જણાવેલા એક્ઝિક્યુટરોને જણાવ્યા વિના લગ્ન કરે તો તે એસ્ટેટ તેની નહિ રહે. ૨૫ વર્ષની ઓછી વયે A એક્ઝિક્યુટરોની સંમતિ વિના લગ્ન કરે છે. તે એસ્ટેટ તેની રહેશે નહિ.

(૩) કોઇ એસ્ટેટ A ને વિલથી એવી શરતે આપવામાં આવે છે કે વિલ કરનારના મૃત્યુ પછી ત્રણ વર્ષની અંદર તે ઇંગ્લેંડ ન જાય તો, તે એસ્ટેટમાં તેને કોઇપણ હિત રહેશે નહિ. ઠરાવેલા સમયની અંદર A ઇંગ્લેંડ જતો નથી. તે એસ્ટેટમાંના તેના હિતનો અંત આવે છે.

(૪) વસિયત કરીને કોઇ એસ્ટેટ A ને એવી શરતે આપવામાં આવે છે કે જો તે સાધ્વી બની જાય તો તેને તે એસ્ટેટમાં કોઇપણ હિત રહેશે નહિ. A સાધ્વી બને છે. તેણી વિલ હેઠળનું તેનું હિત ગુમાવે છે.

(૫) કોઇ ભંડોળ A ને તેના જીવનપર્યંત અને તેના મૃત્યુ પછી જો B ત્યારે હયાત હોય તો તેને એવી શરતે વિલથી આપવામાં આવે છે કે જો B સાધ્વી બની જાય તો તેને આપેલી વસિયતી બક્ષિસ અમલમાં રહેશે નહિ. A ની હયાતી દરમિયાન B સાધ્વી બને છે. તેમ થવાથી તેણી ભંડોળમાંનું તેનું અવલંબી હિત ગુમાવે છે.

કલમ ૧૨૦ હેઠળ આવી શરત અમાન્ય ન હોવી જોઈએ.

**૧૩૫.** કોઇ વસિયતી બક્ષિસ અમલમાં રહેશે નહિ એવી શરત માન્ય રહે તે માટે એ જરૂરી છે કે જે બનાવ સંબંધી તે શરત હોય તે બનાવ, કલમ ૧૨૦માં જણાવ્યા પ્રમાણે વસિયતી બક્ષિસની કાયદેસર રીતે શરત બની શકે તેવો હોવો જોઇશે.

જે કાર્ય કરવા માટે કોઇ સમય નિર્દિષ્ટ કરવામાં આવ્યો ન હોય અને જે ન કરવાથી વસિયતી બક્ષિસની વિષયવસ્તુ બીજી વ્યક્તિને જવાની હોય એવું કાર્ય વસિયતી વારસદાર અશક્ય બનાવે અથવા અચોક્કસ મુદત માટે મુલતવી રાખે તો તેનું પરિણામ.

**૧૩૬.** કોઇ વસિયતી બક્ષિસ એવી શરત ઉમેરીને આપવામાં આવે કે વસિયતદાર અમુક કાર્ય ન કરે તો વસિયતી બક્ષિસની વિષયવસ્તુ કોઇ બીજી વ્યક્તિને જશે અથવા વસિયતી બક્ષિસ અમલમાં રહેશે નહિ પણ તે કાર્ય કરવાનો સમય નિર્દિષ્ટ કરવામાં આવ્યો ન હોય ત્યારે વસિયતદાર કોઇ એવું પગલું ભરે કે જેથી કરવું જોઇએ તે કાર્ય કરવાનું અશક્ય બને અથવા અચોક્કસ મુદત માટે મુલતવી રહે તો તે વસિયતી વારસો, વસિયતદાર એવું કાર્ય કર્યા વિના મૃત્યુ પામ્યો હોય તેમ બીજાને જશે.

**ઉદાહરણો**

(૧) A કોઇ વસિયતી બક્ષિસ એવી શરતે આપવામાં આવે છે કે જો તે લશ્કરમાં દાખલ ન થાય તો, તે વસિયતી વારસો B ને જશે. A સાધુ બની જાય છે, અને તેથી શરતનું પાલન કરવાનું પોતાને માટે અશક્ય બનાવે છે. વસિયતી વારસો મેળવવા B હકદાર છે.

(૨) A ને કોઇ વસિયતી બક્ષિસ એવી શરતે આપવામાં આવે છે, કે, જો તે B ની પુત્રી સાથે લગ્ન ન કરે તો, તે બક્ષિસ અમલમાં રહેશે નહિ. A કોઇ બીજી વ્યક્તિ સાથે લગ્ન કરે છે. અને તેથી તે શરતનું પાલન અચોક્કસ મુદત માટે મુલતવી રહે છે. તે વસિયતી બક્ષિસ અમલમાં રહેતી નથી.

**૧૩૭.** વસિયતી વારસો ભોગવવા પહેલાં પાલન કરવાની શરત તરીકે અથવા જેનું પાલન કરવામાં ન આવે તો વસિયતી બક્ષિસની વિષયવસ્તુ કોઇ બીજી વ્યક્તિને જાય અથવા વસિયતી બક્ષિસ અમલમાં ન રહે એવી શરત તરીકે વસિયતદારે નિર્દિષ્ટ સમયની અંદર કોઇ કાર્ય કરવાનું વિલ મુજબ જરૂરી હોય ત્યારે નિર્દિષ્ટ સમયની અંદર તે કાર્ય કરવું પડશે, સિવાય કે કપટથી તે કાર્ય થતું અટકાવવામાં આવ્યું હોય, અને તે દાખલામાં એવા કપટને કારણે થયેલા વિલંબને પહોંચી વળવા માટે જેટલો સમય જરૂરી હોય તેટલો વધુ સમય આપવો જોઇશે.

**નિર્દિષ્ટ સમયની અંદર પૂર્વવર્તી અથવા પછીની શરતનું પાલન કપટના દાખલામાં વધુ સમય આપવા બાબત.**

### ઉપયોગ અથવા ભોગવટા અંગેના આદેશો સાથેની વસિયતી બક્ષિસો

**૧૩૮.** કોઈ ભંડોળ, કોઈ વ્યક્તિને અથવા તેના ફાયદા માટે વિલથી અબાધિત રીતે આપવામાં આવે, પણ તેનો અમુક રીતે ઉપયોગ અથવા ભોગવટો કરવાનો વિલમાં આદેશ કરવામાં આવ્યો હોય ત્યારે, વિલમાં એવો કોઇ આદેશ કરવામાં આવ્યો ન હોય તેમ વસિયતદાર તે ભંડોળ મેળવવા હકદાર રહેશે.

#### ઉદાહરણ

અમુક રકમ A માટે ગ્રામ્ય પ્રદેશમાં કોઇ રહેણાંકનું મકાન ખરીદવા અથવા તેના માટે કોઇ વર્ષાસન ખરીદવા અથવા તેને કોઇ ધંધે લગાડવા માટે વિલથી આપવામાં આવે છે. A તે વસિયતી વારસો નાણામાં લેવાનું પસંદ કરે છે. A તેમ કરવા હકદાર છે.

**કોઈ વ્યક્તિને અથવા તેના ફાયદા માટે વસિયતી બક્ષિસ અબાધિત રીતે આપ્યા પછી આપેલા ભંડોળનો અમુક રીતે ભોગવટો કરવાનો આદેશ.**

**૧૩૯.** વિલ કરનાર તેણીની/તેની પોતાની એસ્ટેટમાંથી અલગ પડિ જાય એ રીતે કોઇ ભંડોળ વિલથી અબાધિત રીતે આપે પણ એવો આદેશ કરે કે વસિયતદારે તે ભોગવવાની રીત તેને કોઇ નિર્દિષ્ટ ફાયદો મળે તે માટે મર્યાદિત રાખવી જોઇશે ત્યારે વસિયતદાર માટે જો સદરહુ ફાયદો મેળવી શકાય નહિ તો તે ભંડોળ વસિયતમાં એવો કોઇ આદેશ ન હોય તેમ તેણીને/તેને મળશે.

#### ઉદાહરણો

**અબાધિત રીતે આપેલી વસિયતી બક્ષિસનો ભોગવટો કરવાની રીત, વસિયતદારને કોઇ નિર્દિષ્ટ ફાયદો મળે તે માટે મર્યાદિત રાખવાનો**

(૧) A વિલથી પોતાની શેષ મિલકત પોતાની પુત્રીઓને સરખે ભાગે આપે છે અને આદેશ કરે છે કે પુત્રીઓના હિસ્સાઓની અનુક્રમે તેમના જીવનપર્યંત તેમના માટે વ્યવસ્થા કરવામાં આવે અને તેઓના મૃત્યુ પછી તેમના સંતાનોને આપવામાં આવે. તમામ પુત્રીઓ લગ્ન કર્યા વિના મૃત્યુ પામે છે. દરેક પુત્રીના પ્રતિનિધિઓ શેષ મિલકતમાંના તેના હિસ્સા માટે હકદાર છે.

(૨) A પોતાના ટ્રસ્ટીઓને આદેશ કરે છે કે તેમણે પોતાની પુત્રી માટે અમુક રકમ ઊભી કરવી અને ત્યાર પછી આદેશ કરે છે કે તેમણે તે ભંડોળનું રોકાણ કરવું અને તેમાંથી થતી આવક તેને તેના જીવનપર્યંત આપવી અને તેના મૃત્યુ પછી તેના સંતાનોમાં મૂળ રકમ વહેંચી આપવી. Aની પુત્રીને સંતાન થતું નથી અને તે મૃત્યુ પામે છે. A ની પુત્રીના પ્રતિનિધિઓ તે ભંડોળ માટે હકદાર છે.

અમુક હેતુઓ માટેની કોઇ ભંડોળની વસિયતી બક્ષિસના કેટલાક હેતુઓ પૂરા ન થાય તેવી બક્ષિસ.

**૧૪૦.** વિલ કરનાર તેણીની/તેની પોતાની એસ્ટેટમાંથી અલગ પડી જાય એ રીતે કોઇ ભંડોળ વિલથી સંપૂર્ણપણે નહિ, પણ અમુક હેતુઓ માટે આપે અને તેમાંથી કેટલાક હેતુઓ પૂરા ન થાય ત્યારે, તે ભંડોળ અથવા વિલમાં દર્શાવેલા ઉદ્દેશો માટે ન ખર્ચાયેલો તેનો ભાગ વિલ કરનારની એસ્ટેટનો ભાગ રહે છે.

**ઉદાહરણો**

(૧) A આદેશ કરે છે કે તેના ટ્રસ્ટીઓએ કોઇ રકમનું અમુક રીતે જ રોકાણ કરવું અને પોતાના પુત્રને તેના જીવનપર્યંત વ્યાજની રકમ આપવી અને તે મૃત્યુ પામે ત્યારે મુદ્દલ રકમ તેના સંતાનો વચ્ચે વહેંચી દેવી. A ના પુત્રને સંતાન થતું નથી અને તે મૃત્યુ પામે છે. A ના પુત્રના મૃત્યુ પછી તે ભંડોળ વિલ કરનારની એસ્ટેટનો ભાગ રહેશે.

(૨) A વિલથી પોતાની શેષ એસ્ટેટ પોતાની પુત્રીઓ વચ્ચે સરખે ભાગે વહેંચી દેવા માટે આપે છે અને આદેશ કરે છે કે તેઓને તેમના જીવનપર્યંત માત્ર વ્યાજની રકમ મળશે અને તેમની હયાતી બાદ તે ભંડોળ તેમના સંતાનોને મળશે. A ની પુત્રીઓને સંતાનો નથી. તે ભંડોળ વિલ કરનારની એસ્ટેટનો ભાગ રહેશે.

## એક્ઝિક્યુટરને આપેલી વસિયતી બક્ષિસો

એક્ઝીક્યુટર તરીકે નિમાયેલો વસિયતદાર જો પોતે એક્ઝીક્યુટર તરીકે કાર્ય કરવાનો ઇરાદો દર્શાવે નહિ તો તેણીને/તેને

**૧૪૧.** વિલના એક્ઝિક્યુટર તરીકે નિમાયેલી વ્યક્તિને વિલથી વારસો આપવામાં આવે ત્યારે જો તેણી/તે વ્યક્તિ વિલ સાબીત કરે નહિ અથવા બીજી રીતે એક્ઝિક્યુટર તરીકે કાર્ય કરવાનો ઇરાદો દર્શાવે નહિ તો તે વસિયતી વારસો તેણીને/તેને મળી શકે નહિ.

**ઉદાહરણ**

A ને કોઇ વસિયતી વારસો આપવામાં આવે છે અને તેને એક્ઝિક્યુટર તરીકે નિમવામાં આવે છે. વસિયતમાં કરેલા આદેશો અનુસાર A મરણોત્તર ક્રિયા કરાવે છે અને વિલ કરનારની પાછળ વિલ સાબિત કર્યા વિના થોડા દિવસોમાં મૃત્યુ પામે છે. A એ એક્ઝિક્યુટર તરીકે કાર્ય કરવાનો ઈરાદો દર્શાવ્યો છે એમ ગણાય.

## યથાનિર્દિષ્ટ વસિયતી વારસા

**૧૪૨.** વિલ કરનાર તેણીની/તેની પોતાની મિલકતના બીજા બધા ભાગોથી જુદો દર્શાવેલ હોય એવો તેણીની/તેની પોતાની મિલકતનો કોઇ નિર્દિષ્ટ ભાગ કોઇ વ્યક્તિને આપે ત્યારે, તે વસિયતી વારસો યથાનિર્દિષ્ટ કહેવાય.

યથાનિર્દિષ્ટ વસિયતી વારસાની વ્યાખ્યા.

### ઉદાહરણો

(૧) A B ને વસિયતમાં આપે છે -

"C એ મને ભેટ આપેલી હીરાની વીંટી";

"મારી સોનાની ચેન/દોરો";

"ઊનની અમુક ગાંસડી";

"અમુક કાપડ";

"મારા મૃત્યુ સમયે અમદાવાદમાં આવેલા મારા ઘરમાં કે એટલામાં હોય તેવી મારી તમામ ઘરવખરી";

"અમુક પેટીમાં મૂકેલા રૂપિયા ૧૦,૦૦૦ની રકમ";

"B પાસેનું મારું લેણુ";

"રાજકોટમાં આવેલી મારી રહેણાંકની જગામાં પડેલા મારી માલિકીના તમામ બીલો, બોન્ડો અને જામીનગીરીઓ";

"વલસાડમાં આવેલા મારા ઘરનું મારું તમામ ફર્નીચર";

"સાબરમતી નદીમાં લાંગરેલા અમુક વહાણ ઉપરનો મારો તમામ માલ";

"C હસ્તકના મારા રૂપિયા ૩૫,૦૦૦";

"D ના બોન્ડની રૂએ મારી લેણી થતી રકમ";

"રાજકોટ ફેક્ટરી ઉપરનો મારો ગીરો હક";

"રાજકોટ ફેક્ટરી ઉપરના મારા ગીરો હકની રૂએ મારી લેણી રકમની અર્ધી રકમ";

"C પાસે મારી લેણી રકમ પેટે રૂપિયા ૫૦,૦૦૦";

"XYZ સ્ટોકમાં મારો ૧૦૦,૦૦૦ રૂપિયાનો કેપિટલ સ્ટોક";

"કેન્દ્ર સરકારની ૪ ટકાની લોનમાં મારી રૂપિયા ૧૫,૦૦૦ની કેન્દ્ર સરકારની પ્રોમિસરી નોટ";

"R એન્ડ કંપની નામની નાદાર પેઢી પાસે મારી લેણી નીકળતી રકમ અંગે મારા મૃત્યુ પછી મારા એક્ઝિક્યુટરોને જે કંઈ મળે તે તમામ રકમો";

"મારા મૃત્યુ સમયે મારા ભોંયરામાં હોય તેટલો મારો તમામ દારૂ";

"B પસંદ કરે તે મારા ઘોડા";

"સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાના મારા તમામ શેરો";

"મારા મૃત્યુ સમયે, મારી પાસે હોય તેવા સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાના તમામ શેરો";

"કેન્દ્ર સરકારની ૫ ટકા લોનમાં મેં રોકેલી તમામ રકમ";

"મારા મૃત્યુ સમયે જે તમામ સરકારી જામીનગીરીઓ ઉપર મારો હક હોય તે જામીનગીરીઓ".

આમાંનો દરેક વસિયતી વારસો યથાનિર્દિષ્ટ છે.

(૨) A પાસે ૧૦૦,૦૦૦ રૂપિયાની સરકારી પ્રોમિસરી નોટ છે. A વિલ કરે છે કે હું મારા એક્ઝિક્યુટરોને B ના ફાયદા માટે વેચવા રૂા. ૧૦૦,૦૦૦ની સરકારી પ્રોમિસરી નોટ ટ્રસ્ટમાં આપું છું. તે વસિયતી વારસો યથાનિર્દિષ્ટ છે.

(૩) A ને જૂનાગઢ અને બીજી જગાઓએ પણ મિલકત છે, તે વિલથી B ને તેની જૂનાગઢ ખાતે આવેલી તમામ મિલકત આપે છે. તે વસિયતી વારસો યથાનિર્દિષ્ટ છે.

(૪) A વિલથી નીચેના હેતુઓ માટે અમુક રકમ આપે છે -

B માટે અમદાવાદમાં એક ઘર ખરીદવા માટે;

B માટે જામનગરમાં એક એસ્ટેટ ખરીદવા માટે;

B માટે હીરાની વીંટી ખરીદવા માટે;

B માટે એક ઘોડો ખરીદવા માટે;

B માટે સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાના શેરોમાં રોકાણ કરવા માટે;

B માટે સરકારી જામીનગીરીઓમાં રોકાણ કરવા માટે.

A વિલ કરીને B ને નીચેની વસ્તુઓ આપે છે -

"હીરાની વીંટી";

"ઘોડો";

"૧૦,૦૦૦ રૂપિયાની કિંમતની સરકારી જામીનગીરી";

"૨૫,૦૦૦ રૂપિયાનું વર્ષાસન";

"૨૦,૦૦૦ રૂપિયાની રોકડ રકમ";

"રૂા. ૫૦,૦૦૦ ની ચાર ટકા વ્યાજવાળી સરકારી જામીનગીરીઓ મેળવી શકાય એટલી રકમ."

આ વસિયતી બક્ષિસો યથાનિર્દિષ્ટ નથી.

(૫) A ઇંગ્લેન્ડમાં એસ્ટેટ છે અને ગુજરાત (ભારત) માં પણ એસ્ટેટ છે. તે વિલથી B ને વારસો આપે છે અને આદેશ કરે છે કે તે પોતે ગુજરાત (ભારત)માં જે એસ્ટેટ મૂકી જાય તેમાંથી વારસો આપવો. તે વિલથી C ને પણ વારસો આપે છે અને આદેશ કરે છે કે પોતે ઇંગ્લેન્ડમાં જે મિલકત મૂકી જાય તેમાંથી તે વારસો આપવો.

આમાંનો કોઈપણ વસિયતી વારસો યથાનિર્દિષ્ટ નથી.

**૧૪૩.** અમુક રકમ વિલથી આપવામાં આવે, ત્યારે જેમાં તે રકમ રોકવામાં આવી હોય તે સ્ટોક, ભંડોળ અથવા જામીનગીરીઓનું વિલમાં વર્ણન કરવામાં આવ્યું હોય એટલાજ કારણે તે વસિયતી વારસો યથાનિર્દિષ્ટ બનતો નથી.

અમુક રકમની વસિયતી બક્ષિસ, જે સ્ટોક વગેરેમાં તેનું રોકાણ કરવામાં આવ્યું હોય તે સ્ટોકનું વર્ણન કર્યું હોય ત્યારે.

**ઉદાહરણ**

A વિલથી B ને નીચેની રકમો આપે છે -

"મારા મિલકત ભંડોળના રૂપિયા ૧,૦૦,૦૦૦";

"ટાટા મોટર્સ લિમિટેડના શેરોમાં રોકેલી મારી મિલકતના રૂપિયા ૧,૦૦,૦૦૦";

"હાલ રાજકોટ ફેક્ટરીના ગીરો ઉપર ધીરેલા રૂપિયા ૧,૦૦,૦૦૦".

આમાંનો કોઈપણ વસિયતી વારસો યથાનિર્દિષ્ટ નથી.

**૧૪૪.** અમુક રકમના કોઇપણ પ્રકારના સ્ટોકની સામાન્ય શબ્દોમાં વસિયતી બક્ષિસ આપવામાં આવે ત્યારે વિલની તારીખે વિલ કરનાર પાસે વિલથી આપેલી રકમ જેટલી જ રકમનો અથવા વધુ રકમનો નિર્દિષ્ટ પ્રકારનો સ્ટોક હોય એટલા જ કારણે તે વસિયતી વારસો યથાનિર્દિષ્ટ બનતો નથી.

કોઇ સ્ટોકની વસિયતી બક્ષિસ વિલની તારીખે વિલ કરનાર પાસે એટલી જ રકમનો અથવા વધુ રકમનો એજ પ્રકારનો સ્ટોક હોય ત્યારે.

**ઉદાહરણ**

A વિલથી B ને રૂપિયા ૫૦,૦૦૦ની પાંચ ટકા વ્યાજવાળી સરકારી જામીનગીરીઓ આપે છે. A પાસે વિલની તારીખે પાંચ ટકા વ્યાજવાળી રૂપિયા ૫૦,૦૦૦ ની સરકારી જામીનગીરીઓ હતે. તે વારસો યથાનિર્દિષ્ટ નથી.

કોઇ રકમની વસિયતી બક્ષિસ, જ્યારે તે રકમ વિલ કરનારની મિલકતના કોઇ ભાગનો અમુક રીતે નિકાલ થાય ત્યાં સુધી ચૂકવવાની ન હોય ત્યારે.

**૧૪૫.** વિલ કરનારની મિલકતના કોઇ ભાગને અમુક સ્વરૂપ આપવામાં આવે નહિ અથવા તેને અમુક જગ્યાએ મોકલવામાં આવે નહિ ત્યાં સુધી કોઇ રકમનો વસિયતી વારસો આપવાનું મુલતવી રાખવાનો વિલમાં આદેશ કરવામાં આવ્યો હોય એટલા જ કારણે તે વસિયતી વારસો યથાનિર્દિષ્ટ બનતો નથી.

**ઉદાહરણ**

A વિલથી B ને રૂપિયા ૧,00,000 આપે છે અને આદેશ કરે છે કે પોતાની ગુજરાત (ભારત) માં આવેલી મિલકત ઈંગ્લેન્ડમાં વસુલ કરવામાં આવે કે તરત આ વસિયતી વારસો આપવો. તે વસિયતી વારસો યથાનિર્દિષ્ટ નથી.

વિગતે દર્શાવેલી ચીજવસ્તુઓ વિલથી યથાનિર્દિષ્ટ રીતે બક્ષિસ આપેલી છે એમ ક્યારે ન ગણાય.

**૧૪૬.** વિલમાં, અગાઉ આપી ન હોય એવી મિલકત પૈકીની અમુક વસ્તુઓ વિગતે દર્શાવીને વિલ કરનારની શેષ મિલકતની વસિયતી બક્ષિસ આપવામાં આવે ત્યારે, વિગતે દર્શાવેલી ચીજવસ્તુઓ વિલથી નિર્દિષ્ટ રીતે આપવામાં આવી છે એમ ગણાશે નહિ.

ઉત્તરોઉત્તર કેટલીક વ્યક્તિઓને આપેલી યથાનિર્દિષ્ટ વસિયતી બક્ષિસને એજ સ્વરૂપે રાખવા બાબત.

**૧૪૭.** કોઇ મિલકત ઉત્તરોઉત્તર બે કે વધુ વ્યક્તિઓને વિલથી નિર્દિષ્ટ રીતે આપવામાં આવી હોય ત્યારે, તે મિલકત જેનું મૂલ્ય સતત ઘટતું જતું હોય એવા પ્રકારની હોય તો પણ, વિલ કરનાર તેને જે સ્વરૂપમાં મૂકી ગયો હોય તે સ્વરૂપમાં તેને રાખવી જોઇશે.

**ઉદાહરણો**

(૧) A કોઇ ઘરનો અમુક વર્ષની મુદત સુધીનો ભાડાપટ્ટો ધરાવતો હતો. તેના મૃત્યુ સમયે ભાડાપટ્ટાની મુદતના પંદર વર્ષ બાકી હતા. A એ વિલથી તે ભાડાપટ્ટો B ને તેના જીવનપર્યંત અને B ના મૃત્યુ પછી C ને આપેલ છે. B પંદર વર્ષ જીવે તો, સદરહુ બક્ષિસ હેઠળ C ને કંઈ મળી શકે નહિ. તેમ છતાં તે મિલકતને A જે સ્થિતિમાં મૂકી ગયો હોય તેજ સ્થિતિમાં B તેને ભોગવશે.

(૨) A ને B ની હયાતી દરમિયાન અમુક વર્ષાસનનો હક હતો. A વિલથી તે વર્ષાસન C ને તેના જીવનપર્યંત અને C ના મૃત્યુ પછી D ને આપે છે. D પહેલાં B મૃત્યુ પામે તો તે વસિયતી બક્ષિસ

હેઠળ D ને કંઈ મળી શકે નહિ. તેમ છતાં તે વર્ષાસનને A જે સ્થિતિમાં મૂકી ગયો હોય તે જ સ્થિતિમાં C તેને ભોગવશે.

**૧૪૮.** ઉત્તરોઉત્તર બે કે વધુ વ્યક્તિઓને વિલથી આપેલી મિલકત નિર્દિષ્ટ રીતે આપવામાં આવી ન હોય ત્યારે, વિરૂદ્ધનો કોઇ આદેશ ન હોય તો તેનું વેચાણ કરવામાં આવશે અને વેચાણ થતાં ઉપજેલી રકમનું સામાન્ય નિયમથી હાઈકોર્ટ અધિકૃત કરે અથવા આદેશ આપે એવી જામીનગીરીઓમાં રોકાણ કરવું જોઇશે અને એ રીતે રચાયેલું ભંડોળ ઉત્તરોઉત્તર વસિયતદારો વિલની શરતો અનુસાર ભોગવશે.

ઉત્તરોઉત્તર બે કે વધુ વ્યક્તિઓને વિલથી આપેલી મિલકતનું વેચાણ અને ઊપજે તે રકમનું રોકાણ.

**ઉદાહરણ**

A અમુક વર્ષોની મુદત સુધીનો ભાડાપટ્ટો ધરાવે છે. વિલથી તે પોતાની તમામ મિલકત B ને તેના જીવનપર્યંત અને B ના મૃત્યુ પછી C ને આપે છે. સદરહુ ભાડાપટ્ટો વેચી નાખવો પડશે અને ઊપજેલી રકમનું આ કલમમાં જણાવ્યા પ્રમાણે રોકાણ કરવું પડશે અને તે ભંડોળમાંથી થતી વાર્ષિક આવક B ને તેના જીવનપર્યંત આપવી જોઇશે. B નું મૃત્યુ થતાં તે ભંડોળની મુદ્દલ રકમ C ને આપવી જોઇશે.

**૧૪૯.** વસિયતી વારસા આપવા માટે અસ્ક્યમાત ઓછી પડે તો યથાનિર્દિષ્ટ વસિયતી વારસો સામાન્ય વસિયતી વારસા ઘટે તેની સાથે ઘટશે નહિ.

વસિયતી વારસા આપવા માટે અસ્ક્યામત ઓછી પડે ત્યારે સામાન્ય વસિયતી વારસો ઘટે તેની સાથે યથાનિર્દિષ્ટ વસિયતી વારસો ઘટશે નહિ.

## મિલકતદર્શક વસિયતી વારસા

**૧૫૦.** કોઇ વિલ કરનાર, અમુક રકમ અથવા બીજી કોઈ વસ્તુનો અમુક જથ્થો વિલથી આપે અને કોઇ ખાસ ભંડોળ અથવા સ્ટોકનો એ રીતે ઉલ્લેખ કરે કે જેથી તે રકમ અથવા વસ્તુનો જથ્થો

મિલકતદર્શક વસિયતી વારસાની વ્યાખ્યા.

આપવા માટે તે ભંડોળ પ્રાથમિક ભંડોળ અથવા સ્ટોક બને, ત્યારે તે વસિયતી વારસો મિલકતદર્શક કહેવાય.

**સ્પષ્ટીકરણ** – યથાનિર્દિષ્ટ વસિયતી વારસા અને મિલકતદર્શક વસિયતી વારસા વચ્ચેનો તફાવત નીચે મુજબ છે -

વસિયતદારને નિર્દિષ્ટ કરેલી મિલકત આપવામાં આવે ત્યારે, તે વસિયતી વારસો યથાનિર્દિષ્ટ છે;

નિર્દિષ્ટ કરેલી મિલકતમાંથી, કોઇ વસિયતી વારસો આપવાનો આદેશ કરવામાં આવે ત્યારે, તે મિલકતદર્શક છે.

**ઉદાહરણો**

(૧) A વિલ કરીને B ને રૂપિયા ૧૦૦,૦૦૦ આપે છે. જે તેના W પાસેના લેણાંના એક ભાગ છે. A વિલ કરીને C ને પણ રૂપિયા ૧૦૦,૦૦૦ આપે છે. જે તેના W પાસેના લેણામાંથી આપવાનો છે. B ને આપેલો વસિયતી વારસો યથાનિર્દિષ્ટ છે, અને C ને આપેલો વસિયતી વારસો મિલકતદર્શક છે.

(૨) A વિલથી B ને–

"પોતાના નવસારી ફાર્મહાઉસમાં પાકે તે દશ બુશેલ અનાજ આપે છે";

"પોતાની રાજકોટ મુકામે આવેલી ફેકટરીમાં બનાવવામાં આવે તે બ્લ્યુ પેનના ૪00 બોક્સ આપે છે";

"કેન્દ્ર સરકારની પાંચ ટકા વ્યાજવાળી પોતાની પ્રોમિસરી નોટમાંથી રૂપિયા ૧૦,૦૦૦";

"પોતાના મિલકત ભંડોળમાંથી રૂપિયા ૫,૦૦૦નું વર્ષાસન આપે છે";

"C પાસે પોતાની લેણી રૂપિયા ૨૦,૦૦૦ની રકમમાંથી રૂપિયા ૧૦,૦૦૦ આપે છે";

એક વર્ષાસન આપે છે અને આદેશ કરે છે કે તે "મારી ભુજ ખાતેની મિલકતમાંથી ઊપજતી ભાડાની રકમમાંથી" આપવું.

(iii) A વિલથી B ને -

"ભુજ મુકામે આવેલી પોતાની મિલકતમાંથી રૂપિયા ૧૦,૦૦૦" આપે છે અથવા ભુજ મુકામે આવેલી પોતાની મિલકત ઉપર તે રકમનો બોજો રાખે છે;

"અમુક ધંધામાં રોકેલી મૂડીના પોતાના હિસ્સાના રૂપિયા ૧૦,૦૦૦ આપે છે."

આમાંની દરેક વસિયતી બક્ષિસ મિલકતદર્શક છે.

યથાનિર્દિષ્ટ વસિયતી વારસાનો વિષય હોય એવા ભંડોળમાંથી કોઇ વસિયતી વારસો આપવાનો આદેશ

**૧૫૧.** કોઇ ભંડોળના અમુક ભાગની નિર્દિષ્ટ રીતે વસિયતી બક્ષિસ આપવામાં આવે અને એજ ભંડોળમાંથી કોઇ વસિયતી વારસો આપવાનો આદેશ કરવામાં આવે ત્યારે, વસિયતદારને પ્રથમ નિર્દિષ્ટ રીતે વિલથી આપવામાં આવેલો ભાગ આપવામાં આવશે અને તે ભંડોળના શેષ ભાગમાંથી

અને સદરહુ શેષ ભાગ ઓછો પડે તો વિલ કરનારની સામાન્ય અસ્ક્યામતમાંથી મિલકતદર્શક વસિયતી વારસો આપવામાં આવશે.

### ઉદાહરણ

A વિલથી B ને રૂપિયા ૧૦,૦૦૦ આપે છે. તે રકમ તેન W પાસેના લેણાંનો એક ભાગ છે. A વિલથી C ને પણ તેના W પાસેના લેણામાંથી રૂપિયા ૧૦,૦૦૦ આપે છે. A નું W પાસે ફક્ત રૂપિયા ૧૫,૦૦૦નું લેણું છે; આ ૧૫,૦૦૦ રૂપિયામાંથી રૂપિયા ૧૦,૦૦૦ B ને મળશે અને ૫,૦૦૦ રૂપિયા C ને આપવા જોઇશે. C ને વિલ કરનારની સામાન્ય અસ્કયામતમાંથી પણ રૂપિયા ૫,૦૦૦ મળશે.

### વસિયતી વારસાનું વિલોપન

**૧૫૨.** વિલથી નિર્દિષ્ટ રીતે આપેલી કોઇ વસ્તુ, વિલ કરનારના મૃત્યુ સમયે તેની ન હોય અથવા કોઇ જુદા પ્રકારની મિલકતમાં રૂપાંતરિત થઈ ગઈ હોય, તો તે વસિયતી વારસો વિલુપ્ત થયો ગણાય; એટલે કે, વિલના અમલમાંથી બક્ષિસની વિષયવસ્તુ પાછી ખેંચી લેવામાં આવી હોવાને કારણે તેનો અમલ થઈ શકે નહિ. વિલોપનનો અર્થ.

### ઉદાહરણો

(૧) A વિલથી B ને નીચેની વસ્તુઓ આપે છે -

"મને C એ ભેટ આપેલી હીરાની વીંટી";
"મારી સોનાની સાંકળી (ચેન)";
"ઊનની અમુક ગાંસડી";
"કાપડનો અમુક ટુકડો";
"મારા મૃત્યુ સમયે અમદાવાદમાં તે શેરીમાં આવેલા મારા રહેણાંકના મકાનમાં કે તેની આસપાસમાં હોય તે મારી તમામ ઘરવખરી";
A તેની હયાતી દરમિયાન તે વીંટી વેચી નાખે છે અથવા બીજાને આપી દે છે;
તે સાંકળ (ચેન)માંથી એક કપ બનાવે છે;
તે ઊનનું કાપડ બનાવે છે;
તે કાપડનું વસ્ત્ર બનાવે છે;
કોઇ બીજું ઘર લે છે અને ત્યાં પોતાનો બધો માલ લઈ જાય છે.

આમાંનો દરેક વસિયતી વારસો વિલુપ્ત થાય છે.

(૨) A, B ને વસિયતમાં આપે છે -

"અમુક પેટીમાં રાખેલી રૂપિયા ૧૦,૦૦૦ની રકમ";

"મારા તબેલામાંના તમામ ઘોડા".

A ના મૃત્યુ સમયે તે પેટીમાં કશી રકમ હોતી નથી કે તબેલામાં કોઇ ઘોડા હોતા નથી. તે વસિયતી વારસો વિલુપ્ત થાય છે.

(૩) A વિલથી B ને માલની અમુક ગાંસડીઓ આપે છે. તે માલને A દરિયાઈ મુસાફરીમાં પોતાની સાથે લઈ જાય છે. દરિયામાં વહાણ તેમજ માલ નષ્ટ થાય છે અને A ડુબી જઈ મૃત્યુ પામે છે. તે વસિયતી વારસો વિલુપ્ત થાય છે.

*મિલકતદર્શક વસિયતી વારસો વિલ સુધી થતો નથી.*

**૧૫૩.** કોઇ મિલકતદર્શક વસિયતી વારસો જે મિલકત ઉપર વિલથી બોજો રાખવામાં આવેલ હોય તે મિલકત વિલ કરનારના મૃત્યુ સમયે અસ્તિત્વમાં ન હોય અથવા તેનું કોઇ જુદા પ્રકારની મિલકતમાં રૂપાંતર કરવામાં આવ્યું હોય એટલા જ કારણે તે વસિયતી વારસો વિલુપ્ત થતો નથી પણ એવા દાખલામાં વિલ કરનારની સામાન્ય અસ્કયામતમાંથી તે આપવો જોઇશે.

*કોઇ ત્રીજી વ્યક્તિ પાસેથી કંઈ મેળવવાના હકની યથાનિર્દિષ્ટ વસિયતી બક્ષિસનું વિલોપન.*

**૧૫૪.**વિલથી નિર્દિષ્ટ કરવામાં આવેલી વસ્તુ, કોઇ ત્રીજી વ્યક્તિ પાસેથી કોઇ મુલ્યવાન વસ્તુ મેળવવાનો હક હોય અને વિલ કરનાર પોતે તે મેળવી લે ત્યારે, તે વસિયતી બક્ષિસ વિલુપ્ત થાય છે.

**ઉદાહરણો**

(૧) A વિલથી B ને નીચેની વસ્તુ આપે છે -

"મારુ C પાસેનું લેણુ";

"મારા D હસ્તકના રૂપિયા ૨૦,૦૦૦";

"E ના બોન્ડની રૂએ મારી લેણી રકમ";

"રાજકોટ ફેક્ટરી ઉપરનો મારો ગીરો હક".

A ની હયાતી દરમિયાન આ તમામ લેણાં, અમુક તેની સંમતિથી અને અમુક તેની સંમતિ વિના ભરપાઈ થઈ જાય છે. તમામ વસિયતી વારસા વિલુપ્ત થાય છે.

(૨) A જીવન વીમાની અમુક પોલીસીઓમાંનું પોતાનું હિત B ને વિલથી આપે છે. A તેની હયાતી દરમિયાન તે પોલીસીઓની રકમ મેળવે છે. તે વસિયતી વારસો વિલુપ્ત થાય છે.

*વિલથી નિર્દિષ્ટ રીતે આપેલી આખી વસ્તુનો કોઇ ભાગ વિલ કરનાર મેળવી લે તો, તેટલા પૂરતું*

**૧૫૫.** વિલથી નિર્દિષ્ટ રીતે આપેલી કોઇ આખી વસ્તુનો એક ભાગ વિલ કરનાર મેળવી લે તો, તે વસિયતી વારસાનું તેણે મેળવેલી રકમ પૂરતું વિલોપન થશે.

**ઉદાહરણ**

A વિલથી પોતાનું C પાસેનું લેણું B ને આપે છે. તે લેણું રૂપિયા ૧૦,૦૦૦નું છે. C તે લેણાંની અડધી રકમ રૂપિયા ૫,૦૦૦ A ને ચૂકવે છે. A એ મેળવેલા રૂપિયા ૫,૦૦૦ પુરતું તે વસિયતી વારસો વિલુપ્ત થવાથી તે રદ થાય છે.

**૧૫૬.** વિલથી કોઇ આખા ભંડોળ કે સ્ટોકનો કોઇ ભાગ નિર્દિષ્ટ રીતે આપવામાં આવે અને વિલ કરનાર તેનો કોઇ ભાગ મેળવે તો તેણે મેળવી હોય તે રકમ પૂરતું તે વિલોપન થશે અને સદરહુ ભંડોળ કે સ્ટોકનો શેષ ભાગ, યથાનિર્દિષ્ટ વસિયતી વારસો આપવા માટે ઉપયોગમાં લેવો જોઇશે.

વિલથી આખા ભંડોળનો કોઇ ભાગ નિર્દિષ્ટ રીતે આપવામાં આવેલ હોય અને વિલ કરનાર તેનો કોઇ ભાગ મેળવી લે તો તેટલા પૂરતું વિલોપન.

**ઉદાહરણ**

W પાસે પોતાનાં લેણાં રૂપિયા ૧૦,૦૦૦ની અડધી રકમ A વિલથી B ને આપે છે. તે રૂપિયા ૧૦,૦૦૦ના એક ભાગની રૂપિયા ૬,૦૦૦ની રકમ A પોતાની હયાતી દરમિયાન મેળવે છે. A ના મૃત્યુ સમયે તેના W પાસે લેણા રૂપિયા ૪,૦૦૦ B ને યથાનિર્દિસઃટ વસિયતી બક્ષિસ હેઠળ મળશે.

**૧૫૭.** વિલથી કોઇ ભંડોળનો કોઇ ભાગ નિર્દિષ્ટ રીતે કોઇ વસિયતદારને આપવામાં આવે અને બીજા વસિયતદારને તે જ ભંડોળ ઉપર જેનો બોજો રાખવામાં આવ્યો હોય એવો વસિયતી વારસો આપવામાં આવે ત્યારે, વિલ કરનાર, જો તે ભંડોળનો કોઇ ભાગ મેળવી લે અને સદરહુ ભંડોળનો શેષ ભાગ યથાનિર્દિષ્ટ તેમજ મિલકતદર્શક એમ બંને વસિયતી વારસા આપવા માટે અપૂરતો હોય તો, યથાનિર્દિષ્ટ વસિયતી વારસો પ્રથમ આપવો જોઇશે અને તે ભંડોળમાંથી કંઈ બાકી રહે તેનો બને ત્યાં સુધી મિલકતદર્શક વસિયતી વારસો આપવા માટે ઉપયોગ કરવો જોઇશે અને મિલકતદર્શક વસિયતી વારસાનો બાકીનો ભાગ વિલ કરનારની સામાન્ય અસ્કયામતમાંથી આપવો જોઇશે.

વિલથી કોઇ ભંડોળનો અમુક ભાગ નિર્દિષ્ટ રીતે કોઇ વસિયતદારને આપવામાં આવ્યો હોય અને બીજી વ્યક્તિને આપેલા વસિયતી વારસાનો બોજો એ જ ભંડોળ ઉપર રાખવામાં આવ્યો હોય, અને સદરહુ ભંડોળનો અમુક ભાગ વિલ કરનારે મેળવી લીધો હોવાથી તેનો શેષ ભાગ બંને વસિયતી વારસા આપવા માટે અપૂરતો હોય

**ઉદાહરણ**

A વિલથી B ને રૂપિયા ૧૦,૦૦૦ આપે છે. તે રકમ તેના W પાસેના લેણાં રૂપિયા ૨૦,૦૦૦ નો એક ભાગ છે. A વિલથી C ને પણ પોતાના W પાસેના લેણામાંથી આપવાના રૂપિયા ૧૦,૦૦૦ આપે છે. A પાછળથી તે લેણાંના એક ભાગના રૂપિયા ૫,૦૦૦ મેળવી લે છે અને W પાસે ફક્ત રૂપિયા ૧૫,૦૦૦ લેણાં મૂકીને મૃત્યુ પામે છે. આ ૧૫,૦૦૦ રૂપિયામાંથી ૧૦,૦૦૦ રૂપિયા B ને મળશે અને ૫,૦૦૦ રૂપિયા C ને આપવા જોઇશે. C ને વિલ કરનારની સામાન્ય અસ્કયામતમાંથી પણ ૫,૦૦૦ રૂપિયા મળશે.

વિલથી નિર્દિષ્ટ રીતે આપવામાં આવેલો સ્ટોક વિલ કરનારના મૃત્યુ સમયે અસ્તિત્વમાં ન હોય, ત્યારે વિલોપન.

**૧૫૮.** વિલથી નિર્દિષ્ટ રીતે આપવામાં આવેલો સ્ટોક વિલ કરનારના મૃત્યુ સમયે અસ્તિત્વમાં ન હોય, ત્યારે તે વસીયેતી વારસો વિલુપ્ત થાય છે.

**ઉદાહરણ**

A વિલથી નીચેનો સ્ટોક વિલથી B ને આપે છે -

"મારો XYZ સ્ટોકમાંનો રૂપિયા ૧૦, ૦૦૦ નો કેપિટલ સ્ટોક";

"૪ ટકા વ્યાજવાળી કેન્દ્ર સરકારની ૧૦,૦૦૦ રૂપિયાની પ્રોમિસરી નોટ."

A સદરહુ સ્ટોક અને પ્રોમિસરી નોટ વેચી નાંખે છે. તે વસીયતી વારસા વિલુપ્ત થાય છે.

વિલથી નિર્દિષ્ટ રીતે આપેલા સ્ટોકનો અમુક જ ભાગ વિલ કરનારના મૃત્યુ સમયે અસ્તિત્વમાં હોય, ત્યારે તેટલા પૂરતું વિલોપન.

**૧૫૯.** વિલથી નિર્દિષ્ટ રીતે આપવામાં આવેલ સ્ટોકનો અમુક જ ભાગ વિલ કરનારના મૃત્યુ સમયે અસ્તિત્વમાં હોય,ત્યારે સદરહુ સ્ટોકનો જે ભાગ અસ્તિત્વમાં રહ્યો ન હોત તેટલા તે વસીયતી વારસો વિલુપ્ત થાય છે.

**ઉદાહરણ**

A વિલથી પોતાની રૂા. ૧૦,૦૦૦ ની ૫.૫ ટકા વ્યાજવાળી કેન્દ્ર સરકારની લોન B ને આપે છે.A સદરહુ રૂપિયા ૧૦,૦૦૦ ની લોનમાંથી અડધી રકમની લોન વેચી નાખે છે. તે વસિયતી વારસાનો અડધો ભાગ વિલુપ્ત થાય છે.

અમુક સ્થળ સાથે સંબંધ ધરાવતા માલ તરીકે વર્ણવેલા માલની યથાનિર્દિષ્ટ વસિયતી બક્ષિસ, તે માલ બીજે ખસેડવામાં આવે એટલા જ કારણે વિલુપ્ત થતી નથી.

**૧૬૦.** અમુક સ્થળ સાથે સંબંધ ધરાવતા માલ તરીકે વર્ણવેલા માલની યથાનિર્દિષ્ટ વસિયતી બક્ષિસ, તે માલ એવા સ્થળેથી કોઇ હંગામી કારણે અથવા કપટથી અથવા વિલ કરનારની જાણ કે મંજૂરી વિના ખસેડવામાં આવ્યો હોય એટલા જ કારણે વિલુપ્ત થતી નથી.

ઉદાહરણો

(૧) A વિલ કરે છે કે હું મારા મૃત્યુ સમયે પાટણમાં મારા રહેણાંકના ઘરમાં કે એટલામાં હોય તે મારી તમામ ઘરવખરી, હું B ને આપું છું. તે માલને આગમાંથી બચાવવા ખાતર તે ઘરમાંથી ખસેડવામાં આવે છે. તે માલ પાછો લાવવામાં આવે તે પહેલા “A” મૃત્યુ પામે છે.

(૨) A વિલ કરે છે કે હું મારા મૃત્યુ સમયે પાટણમાં મારા રહેણાંકના ઘરમાં કે એટલામાં હોય તે મારી તમામ ઘરવખરી, હું B ને આપું છું. A મુસાફરીમાં હોય તે દરમિયાન તે તમામ માલ તે ઘરમાંથી ખસેડવામાં આવે છે. તે માલ ખસેડવા માટે સંમતિ આપ્યા વિના A મૃત્યુ પામે છે.
આ બન્નેમાંથી કોઇ વસિયતી વારસો વિલુપ્ત થતો નથી.

**૧૬૧.** વિલ કરનાર જે વસ્તુ વિલથી આપવા માંગતો હોય તેનું સંપૂર્ણ વર્ણન કરવા માટે જે કોઇ સ્થળનો ઉલ્લેખ કરવામાં આવ્યો હોય ત્યારે વિલથી આપેલી વસ્તુ જે સ્થળે આવેલી હોવાનું વિલમાં જણાવેલું હોય, ત્યાંથી તેને ખસેડવાથી તેનું વિલોપન થતું નથી.

વિલથી આપેલી વસ્તુ ખસેડવાથી ક્યારે વિલોપન થતું નથી.

**ઉદાહરણો**

(૧) A વિલ કરે છે કે સાપુતારામાં આવેલી મારી રહેવાની જગ્યાએ હાલ પડેલા મારા તમામ બિલ, બોન્ડ અને નાણાંની બીજી જામીનગીરીઓ હું "B" ને આપું છું. તેના મૃત્યુ સમયે આ વસ્તુઓ તેની સાપુતારામાં આવેલી રહેવાની જગ્યામાંથી ખસેડી લેવામાં આવી હતી.
(૨) A વિલથી પોતાના પોરબંદરમાં આવેલા ઘરનું પોતાનું તમામ ફર્નિચર "B" ને આપે છે. વિલ કરનારને પોરબંદર મુકામે એક ઘર છે. અને કચ્છ મુકામે બીજું ઘર છે. આ ઘરોમાં તે વારાફરતી રહે છે. તેની પાસે ફર્નિચરનો એક જ સેટ હોવાથી તે દરેક ઘરમાં પોતાની સાથે ખસેડે છે. તેના મૃત્યુ સમયે તે ફર્નિચર તેના કચ્છ મુકામે આવેલા ઘરમાં છે.
(૩) A વિલથી તે વખતે સાબરમતી નદીમાં લાંગરેલા અમુક જહાજ ઉપરનો પોતાનો બધો માલ "B" ને આપે છે. A ના આદેશથી તે માલ કોઇ વખારમાં ખસેડવામાં આવે છે. અને તેના મૃત્યુ સમયે તે માલ વખારમાં હોય છે.
આમાંનો કોઇપણ વસિયતી વારસો વિલોપન થવાથી રદ થતો નથી.

**૧૬૨.** વિલથી આપેલી વસ્તુ કોઇ ત્રીજી વ્યક્તિ પાસેથી કોઇ મુલ્યવાન વસ્તુ મેળવવાનો હક ન હોય, પણ વિલ કરનારને અથવા તેના પ્રતિનિધિને ત્રીજી વ્યક્તિ પાસેથી મળવાની હોય એવી કોઇ રકમ અથવા બીજી ચીજવસ્તુ હોય, ત્યારે વિલ કરનાર પોતે અથવા તેનો પ્રતિનિધિ પોતે તે મેળવી લે તેથી વિલોપન થતું નથી. પણ વિલ કરનાર જો તેને પોતાની મિલકતના સામાન્ય જથ્થામાં ભેળવી દે તો, તે વસિયતી વારસો વિલુપ્ત થાય છે.

વિલથી આપેલી વસ્તુ, વિલ કરનારે કોઇ ત્રીજી વ્યક્તિ પાસેથી મેળવવાની કોઇ મુલ્યવાન વસ્તુ હોય અને વિલ કરનાર પોતે અથવા તેનો પ્રતિનિધિ તે મેળવી લે ત્યારે.

**ઉદાહરણ**

A પોતાના "C" ઉપરના દાવા અંગે જે કંઇ રકમ મળે તે "B" ને વિલથી આપે છે. "C" ઉપરના દાવા અંગે A ને પૂરી રકમ મળે છે. અને A તે રકમ પોતાની મિલકતના સામાન્ય જથ્થાથી અલગ રાખે છે. તે વસિયતી વારસો વિલુપ્ત થતો નથી.

વિલની તારીખ અને વિલ કરનારના મૃત્યુ દરમિયાન યથાનિર્દિષ્ટ વસિયતી બક્ષિસની વિષય વસ્તુમાં અમલથી થયેલો ફેરફાર.

**૧૬૩.** વિલથી નિર્દિષ્ટ રીતે આપેલી કોઇ વસ્તુમાં વિલની તારીખ અને વિલ કરનારના મૃત્યુ દરમિયાન કંઇ ફેરફાર થાય અને તે ફેરફાર કાયદાના અમલથી અથવા જે કાયદેસરના લેખની રૂએ વસિયતી બક્ષિસવાળી વસ્તુ વિલ કરનાર ધરાવતો હોય તે લેખની જોગવાઇઓના અમલ દરમિયાન થાય, ત્યારે એવો ફેરફાર થવાથી તે વસિયતી વારસો વિલુપ્ત થતો નથી.

**ઉદાહરણો**

(૧) A વિલ કરે છે કે હું કેન્દ્ર સરકારની ૫.૫ ટકા વ્યાજવાળી લોનમાં મારી જે રકમ છે તે તમામ રકમ “B” ને આપું છું. ૫.૫ ટકા વ્યાજવાળી જામીનગીરીઓ “A” ની હયાતી દરમિયાન ૫ ટકા વ્યાજવાળા સ્ટોકમાં રૂપાંતરિત થાય છે.

(૨) A વિલથી પોતાના માટે ટ્રસ્ટીઓના નામે સરકારી સિક્યોરિટીઝમાં રોકેલા રૂપિયા ૨૦,૦૦૦ ની રકમ “B” ને આપે છે. ટ્રસ્ટીઓ રૂપિયા ૨૦,૦૦૦ ની તે રકમ “A” ના નામે તબદીલ કરે છે. આમાંનો કોઇપણ વસિયતી વારસો વિલુપ્ત થતો નથી.

વિલ કરનારની જાણ વિના વિષય વસ્તુમાં ફેરફાર.

**૧૬૪.** વિલથી નિર્દિષ્ટ રીતે આપેલી કોઇ વસ્તુમાં વિલની તારીખ અને વિલ કરનારના મૃત્યુ દરમિયાન કોઇ ફેરફાર થાય અને તે ફેરફાર વિલ કરનારની જાણ કે મંજૂરી વિના થાય, ત્યારે તે વસિયતી વારસો વિલુપ્ત થતો નથી.

**ઉદાહરણ**

A વિલ કરે છે કે હું મારી તમામ ૩ ટકા વ્યાજવાળી સરકારી સિક્યોરિટીઝ “B” ને આપું છું. A નો એજન્ટ Aની જાણ વિના સરકારી સિક્યોરિટીઝ વેચીનાખે છે. અને ઉપજેલી રકમને XYZ સ્ટોકમાં રૂપાંતરિત કરે છે. આ વસિયતી વારસો વિલુપ્ત થતો નથી.

વિલથી નિર્દિષ્ટ રીતે આપેલો સ્ટોક, તે પાછો આપવાની શરતે કોઇ ત્રીજી વ્યક્તિને ઉછીનો આપવામાં આવે ત્યારે.

**૧૬૫.** વિલથી નિર્દિષ્ટ રીતે આપેલો સ્ટોક, તે પાછો આપવાની શરતે કોઇ ત્રીજી વ્યક્તિને ઉછીનો આપવામાં આવે, ત્યારે તે વસિયતી વારસો વિલુપ્ત થતો નથી.

**૧૬૬.** વિલથી નિર્દિષ્ટ રીતે આપેલો સ્ટોક વેચી નાખવામાં આવે અને એટલા જ જથ્થામાં એવો જ સ્ટોક પાછળથી ખરીદવામાં આવે અને તે સ્ટોક વિલ કરનારના મૃત્યુ સમયે તેની પાસે હોય, ત્યારે વસિયતી વારસો વિલુપ્ત થતો નથી.

**વિલથી નિર્દિષ્ટ રીતે આપેલો સ્ટોક વેચી નાખવામાં આવે પણ તેની જગ્યાએ એવો જ સ્ટોક લેવામાં આવે અને તે સ્ટોક વિલ કરનારના મૃત્યુ સમયે તેની પાસે હોય ત્યારે.**

## વસિયતી વિષયવસ્તુ અંગેની જવાબદારીઓ અદા કરવા બાબત.

**૧૬૭.** (૧) વિલથી નિર્દિષ્ટ રીતે આપેલી મિલકત વિલ કરનારના મૃત્યુ સમયે વિલ કરનારે અથવા જેનાથી પ્રાપ્ત કરેલા હકની રૂએ વિલ કરનાર હક દાવો કરતો હોય તે વ્યક્તિએ કરેલા કોઇ આડગીરો, લીયન કે બોજાને અધીન હોય, ત્યારે વિલમાં વિરૂદ્ધ ઈરાદો જણાતો ન હોય, તો વસિયતદાર જો પોતે વસિયતી બક્ષિસ સ્વીકારે તો તેણે એવા આડગીરો કે બોજા સહિત તે સ્વીકારવી જોઇશે, અને (તેની અને વિલ કરનારની એસ્ટેટ વચ્ચેનો પ્રશ્ન હોય ત્યાં સુધી) એવા આડગીરો કે બોજાની રકમ ચૂકવવા માટે તે જવાબદાર રહેશે.

**યથાનિર્દિષ્ટ વસિયતદારોને જવાબદારીમાં થી મુક્ત કરવાની એક્ઝીક્યુટરો ની જવાબદારી નથી.**

(૨) વિલ કરનારનું દેણું સામાન્ય રીતે ચુકવવાનો વિલમાં આદેશ કરવામાં આવ્યો હોય એટલા ઉપરથી વિરૂદ્ધ ઇરાદો છે એવું અનુમાન કરી શકાશે નહિ.

**સ્પષ્ટીકરણ** – જમીન મહેસૂલ અથવા ભાડાના રૂપની નિયત સમયે કરવાની ચુકવણી આ કલમમાં જેનો નિદેશ કરવામાં આવ્યો છે એવો બોજો નથી.

### ઉદાહરણો

(૧) A પોતાને C એ આપેલી હીરાની વીંટી B ને વિલથી આપે છે. "A" એ તે વીંટી "C" ની પાસે આડગીરો મુકેલી છે અને A ના મૃત્યુ સમયે તે "C"ને ત્યાં આડગીરો છે. વિલ કરનારની અસ્કયામત

જોતા જો B ને તે વીંતી છોડવવા દઇ શકાતી હોય તો તેને તેમ કરવા દેવાની “A” ના એક્ઝિક્યુટરોની ફરજ છે.

(૨) A વિલથી B ને કોઇ મિલકત આપે છે. Aના મૃત્યુ સમયે તે જમીનદારી રૂપિયા ૧૦,૦૦૦ ના ગીરોને અધીન છે. A ના મૃત્યુ સમયે પૂરી મુદલ રકમ અને વ્યાજના રૂપિયા ૧,૦૦૦ ની રકમ લેની નીકળે છે. B પોતે જો વસિયતી બક્ષિસ સ્વાકારે તો તેણે તે બોજા સહિત તે સ્વીકારવાની રહે છે અને તેની અને A ની એસ્ટેટ વચ્ચેનો પ્રશ્ન હોય ત્યાં સુધી એ રીતે લેણા નીકળતા રૂપિયા ૧૧,૦૦૦ ની રકમ ચુકવવા માટે તે જવાબદાર છે.

વિલથી આપેલી વસ્તુઓનો વિલ કરનારનો હક તેણીની/તેની એસ્ટેટ્ના ખર્ચે પૂર્ણ કરવા બાબત.

**૧૬૮.** વિલથી આપેલી વસ્તુનો વિલ કરનારનો હક પૂર્ણ કરવા માટે કંઇ કરવાનું હોય ત્યારે વિલ કરનારની એસ્ટેટના ખર્ચે તેમ કરવાનું રહેશે.

**ઉદાહરણો**

(૧) A એ અમુક કિંમતે કોઇ જમીનનો ટુકડો ખરીદવાનો સામાન્ય શરતોએ કરાર કર્યો છે અને A વિલથી તે ટુકડો B ને આપે છે. ખરીદ કિંમત ચૂકવ્યા વિના A મૃત્યુ પામે છે. Aની અસ્કયામતમાંથી ખરીદ કિંમત ચૂકવવી પડશે.

(૨) A અમુક કિંમતે કોઇ જમીનનો ટુકડો ખરીદવાનો કરાર કરે છે. અડધી કિંમત ચુકવી દેવાની છે અને અડધી કિંમત તે જમીનના ગીરોથી સુરક્ષિત કરવાની છે. A વિલથી તે ટુકડો B ને અપે છે. અને ખરીદ કિંમતનો કોઇ ભાગ ચૂકવ્યા વિના કે સુરક્ષિત કરી આપ્યા વિના મૃત્યુ પામે છે. અડધી ખરીદ કિંમત A ની અસ્કયામતમાંથી ચૂકવવી પડશે.

જેને માટે નિયત સમયે મહેસૂલ અથવા ભાડું ચૂકવવાનું હોય એવી વસિયતદારની સ્થાવર મિલકતની જવાબદારીમાંથી મુક્તિ.

**૧૬૯.** જેને માટે નિયત સમયે જમીન મહેસૂલ અથવા ભાડાની રૂપની ચુકવણી કરવાની હોય એવી કોઇ સ્થાવર મિલકતોમાંના હિતની વસિયતી બક્ષિસ હોય, ત્યારે વિલ કરનારની (એસ્ટેટ અને વસિયતદાર વચ્ચેનો) પ્રશ્ન હોય ત્યાં સુધી વિલ કરનારના મૃત્યુની તારીખ સુધી, યથાપ્રસંગ, એવી રકમો અથવા તેમનો પ્રમાણસર ભાગ તેની એસ્ટેટમાંથી ચૂકવવો જોઇશે.

**ઉદાહરણ**

A વિલથી B ને એક ઘર આપે છે. તે ઘર અંગે દર વર્ષે ભાડાના રૂપિયા ૩૬,૫૦૦ આપવાના થાય છે. રાબેતા મુજબના સમયે A ભાડું ચુકવે છે અને ત્યારપછી ૨૫ દિવસે મૃત્યુ પામે છે. “A” ની એસ્ટેટમાંથી ભાડાં અંગે રૂપિયા ૨,૫૦૦ ચૂકવવાના રહેશે.

યથાનિર્દિષ્ટ વસિયતદારના જોઇન્ટ સ્ટૉક કંપનીના સ્ટોકની જવાબદારીમાં

**૧૭૦.** કોઇ જોઇન્ટ સ્ટોક કંપનીના સ્ટોકની વસિયતી બક્ષિસ હોય અને વિલમાં કોઇ આદેશ કરવામાં આવ્યો ન હોય, ત્યારે વિલ કરનારના મૃત્યુ સમયે તેની પાસે જો તે સ્ટોક અંગે કોઇ

કોલની અથવા ચુકવવાની બીજી રકમ લેણી નીકળતી હોય તો એવા કોલની અથવા ચુકવવાની રકમ વિલ કરનારની એસ્ટેટ અને વસિયતદાર વચ્ચેનો પ્રશ્ન હોય ત્યાં સુધી તે એસ્ટેટમાંથી ચુકવવી જોઇશે. પણ વિલ કરનારના મૃત્યુ પછી તે સ્ટોક અંગે જો એવી કોઇ કોલની કે ચુકવવાની રકમ લેણી થાય તો તે રકમ વિલ કરનારની એસ્ટેટ અને વસિયતદાર વચ્ચેનો પ્રશ્ન હોય ત્યાં સુધી, વસિયતદાર જો વસિયતી બક્ષિસ સ્વાકારે તો તેણે ચૂકવવી જોઇશે.

**ઉદાહરણો**

(૧) A પોતાના અમુક કંપની શેર B ને વિલથી આપે છે. Aના મૃત્યુ સમયે તેની પાસે દરેક શેર અંગે યોગ્ય રીતે કરવામાં આવેલા કોલના રૂપિયા ૧૦૦ની રકમ અને દરેક શેર અંગે કોલની રકમ ઉપર ચડેલા વ્યાજની રૂપિયા પાંચની રકમ લેણી નીકળતી હતી, આ રકમો Aની એસ્ટેટમાંથી ચૂકવવી પડશે.

(૨) સ્થાપવા ધારેલી કોઇ જોઇન્ટ સ્ટોક કંપનીના ૫૦ શેર લેવાનું "A" એ કબુલ કર્યું છે. અને તેણે દરેક શેર અંગે રૂપિયા ૧૦૦ની રકમ ચૂકવવાનો કરાર કર્યો છે. તે રકમ Aનો તે શેરનો હક પૂર્ણ થતા પહેલા ચૂકવવી જ જોઇએ. A વિલથી આ શેર Bને આપે છે. Aનો હક પૂર્ણ કરવા માટે ચૂકવવી જરૂરી હોય તે રકમ Aની એસ્ટેટમાંથી ચૂકવવી પડશે.

(૩) A પોતાના ચોક્કસ કંપનીના શેર Bને વિલથી આપે છે. B તે વસીયતી વારસો સ્વીકારે છે. Aના મૃત્યુ પછી તે શેર અંગે કોલ થાય છે. કોલની રકમ B એ ચૂકવવી પડશે.

(૪) A વિલથી કોઇ જોઇન્ટ સ્ટોક કંપનીના શેર Bને આપે છે. B તે વસીયતી વારસો સ્વીકારે છે. પછીથી તે કંપનીનું કામકાજ આટોપી લેવામાં આવે છે અને દરેક શેર ધરાવનાર પાસેથી ફાળો માંગવામાં આવે છે. વસિયતદારે ફાળાની રકમ ચૂકવવી પડશે.

(૫) A કંપનીના દસ શેરનો માલિક છે. તેની હયાતી દરમિયાન ભરવામાં આવેલી બેઠકમાં શેર દીઠ ત્રણ હપ્તે ચુકવવાના પચાસ રૂપિયાનો કોલ કરવામાં આવે છે. A વિલથી તે શેર Bને આપે છે. અને પહેલો હપ્તો ચૂકવવાની તારેખ અને બીજો હપ્તો ચૂકવવાની તારેખ દરમિયાન, પહેલો હપ્તો ચૂકવ્યા વિના મૃત્યુ પામે છે. Aની એસ્ટેટમાંથી પહેલો હપ્તો ચૂકવવો પડશે અને તે વસિયતી વારસો જો B સ્વીકારે તો તેણે બાકીના હપ્તા ચૂકવવા પડશે.

## સામાન્ય શબ્દોમાં વર્ણવેલી વસ્તુઓની વસિયતી બક્ષિસો

**૧૭૧.** સામાન્ય શબ્દોમાં વર્ણવેલી કોઇ વસ્તુની વસિયતી બક્ષિસ હોય, તો એક્ઝિક્યુટરે વસિયતદાર માટે વાજબી રીતે સદરહુ વર્ણન મુજબની ગણાય એવી વસ્તુ ખરીદવી પડશે.

સામાન્ય શબ્દોમાં વર્ણવેલી વસ્તુઓની વસિયતી બક્ષિસો.

**ઉદાહરણો**

(૧) A વિલથી B ને મોટર વાહન અથવા હીરાની વીંટી આપે છે. એક્ઝિક્યુટરે અસ્કયામત જોતા આપી શકાય તો વસિયતદારને એવી વસ્તુઓ આપવી પડશે.

(૨) A "મારી મોટર કાર" B ને વિલથી આપે છે. A પાસે તેના મૃત્યુ સમયે કોઈ મોટર કાર નહોતી. તે વસિયતી વારસો નિષ્ફળ જાય છે.

### કોઇ ભંડોળના વ્યાજ અથવા ઊપજની વસિયતી બક્ષિસો

કોઇ ભંડોળના વ્યાજ અથવા ઊપજની વસિયતી બક્ષિસ

**૧૭૨.** કોઇ વ્યક્તિને કોઇ ભંડોળનું વ્યાજ અથવા તેની ઊપજ વિલથી આપવામાં આવે અને તે વસિયતી બક્ષિસનો ભોગવટો અમુક મુદત સુધી મર્યાદિત રાખવાના ઇરાદાનો વિલમાં નિર્દેશ ન હોય, ત્યારે વસિયતદારને મુદલ રકમ તેમજ વ્યાજ મળશે.

### ઉદાહરણો

(૧) A પોતાની ૫ ટકા વ્યાજવાળી કેન્દ્ર સરકારની પ્રોમિસરી નોટનું વ્યાજ B ને વિલથી આપે છે. સદરહુ વિલમાં તે જામીનગીરીઓને અસરકર્તા બીજો કોઇ ખંડ નથી. Aની ૫ ટકા વ્યાજવાળી કેન્દ્ર સરકારની પ્રોમિસરી નોટ માટે B હકદાર છે.

(૨) A પોતાની ૫.૫ ટકા વ્યાજવાળી કેન્દ્ર સરકારની પ્રોમિસરી નોટ Bને તેના જીવનપર્યંત અને તેના મૃત્યુ પછી “C” ને વિલથી આપે છે. Bને તેના જીવનપર્યંત તે પ્રોમિસરી નોટના વ્યાજ માટે હકદાર છે અને Bનું મૃત્યુ થયે તે પ્રોમિસરી નોટ માટે “C” હકદાર છે.

(૩) A વિલથી “ક્ષ” મુકામે આવેલી પોતાની જમીનનું ભાડું “B” એ આપે છે. B તે જમીન માટે હકદાર છે.

### વર્ષાસનોની વસિયતી બક્ષિસો

વિલમાં વિરૂદ્ધ ઇરાદો જણાતો ન હોય તો વિલથી ઊભું કરેલું વર્ષાસન ફક્ત જીવનપર્યંત આપવાનું રહેશે.

**૧૭૩.** વિલથી કોઇ વર્ષાસન ઊભું કરવામાં આવ્યું હોય ત્યારે સામાન્ય મિલકતમાંથી તે વર્ષાસન આપવાનો આદેશ કરવામાં આવ્યો હોય અથવા તે ખરીદવામાં રોકવા માટે વિલથી કોઇ રકમ આપવામાં આવી હોય તો પણ, વિલમાં જો કોઇ વિરૂદ્ધ ઇરાદો જણાતો ન હોય, તો વસિયતદાર ફક્ત તેના જીવનપર્યંત તે વર્ષાસન મેળવવા હકદાર છે.

### ઉદાહરણો

(૧) A વિલથી B ને વાર્ષિક 5,000 રૂપિયા આપે છે. B પોતાના જીવનપર્યંત 5,000 રૂપિયાની વાર્ષિક રકમ મેળવવા માટે હકદાર છે.

(૨) A વિલથી B ને દર મહિને 1,000 રૂપિયાની રકમ આપે છે. B પોતાના જીવનપર્યંત દર મહિને 1,000 રૂપિયાની રકમ મેળવવા હકદાર છે.

(૩) B ને તેના જીવનપર્યંત અને Bનું મૃત્યુ થયે C ને, A વિલથી રૂપિયા 5,000નું વર્ષાસન આપે છે. B તેના જીવનપર્યંત રૂપિયા ૫૦૦૦ ના વર્ષાસન માટે હકદાર છે. Bની પાછળ C હયાત રહે તો Bના મૃત્યુથી પોતે મૃત્યુ પામે ત્યાં સુધી, C ૫૦૦૦ રૂપિયાના વર્ષાસન માટે હકદાર છે.

**૧૭૪.** વિલમાં એવો આદેશ કરવામાં આવ્યો હોય કે મિલકતની ઊપજમાંથી અથવા મિલકતમાંથી કોઇ વ્યક્તિ માટે વર્ષાસનની જોગવાઇ કરવામાં આવે અથવા કોઇ વ્યક્તિ માટે વર્ષાસન ખરીદવામાં રોકવા માટે વિલથી કોઇ રકમ આપવામાં આવે ત્યારે વિલ કરનારનું મૃત્યુ થયે તે વસિયતી વારસાનું હિત વસિયતદારમાં નિહિત થાય છે અને તે પોતાને માટે વર્ષાસન ખરીદાવવા અથવા વિકલ્પે વિલથી તે હેતુ માટે વિનિયોગ કરેલી રકમ મેળવવા હકદાર છે.

મિલકતની ઊપજમાંથી અથવા મિલકતમાંથી વર્ષાસનની જોગવાઇ કરવાનો વિલમાં આદેશ કરવામાં આવ્યો હોય અથવા વર્ષાસન ખરીદવામાં રોકવા માટે કોઇ રકમ વિલથી આપવામાં આવી હોય ત્યારે નિહિત થવાનો સમય.

### ઉદાહરણો

(૧) "A" વિલથી આદેશ કરે છે કે તેના એકઝીક્યુટરોએ તેની મિલકતમાંથી "B" માટે રૂપિયા ૧૦,૦૦૦નું વર્ષાસન ખરીદવું. "B' પોતાને માટે પોતાના જીવનપર્યંત રૂપિયા ૧૦,૦૦૦નું વર્ષાસન ખરીદાવવા અથવા વિકલ્પે એવું વર્ષાસન ખરીદવા માટે પૂરતી થાય એટલી રકમ મેળવવા હકદાર છે.

(૨) "A" વિલથી "B" ને તેના જીવનપર્યંત અમુક ભંડોળ આપે છે. અને આદેશ કરે છે કે "A" ના મૃત્યુ પછી તે ભંડોળ "C" માટે વર્ષાસન ખરીદવામાં રોકવું. વિલ કરનારની પાછળ "B" અને "C" બન્ને હયાત રહે છે. "B" ની હયાતી દરમિયાન "C" મૃત્યુ પામે છે. "B" નું નું મૃત્યુ થયે તે ભંડોળ "C" ના પ્રતિનિધિને મળશે.

**૧૭૫.** વિલથી કોઇ વર્ષાસન આપવામાં આવે પણ વસિયત કરનારની અસ્કયામત વિલથી આપેલાં તમામ વારસાઓ આપવા માટે પૂરતી ન હોય ત્યારે વિલથી આપેલાં બીજા નાણાંકીય વારસાઓમાં ઘટાડો થાય તે પ્રમાણમાં સદરહુ વર્ષાસનમાં ઘટાડો થશે.

વર્ષાસનનો ઘટાડો.

**૧૭૬.** વર્ષાસનની અને શેષ મિલકતની બક્ષિસ હોય ત્યારે, શેષ વસિયતદારને શેષ મિલકતનો કોઈ ભાગ આપવામાં આવે તે પહેલાં સદરહુ આખું વર્ષાસન આપવું જોઇશે. અને જરૂરી હોય તો તે હેતુ માટે વિલ કરનારની એસ્ટેટની મુદ્દલનો ઉપયોગ કરવો જોઇશે.

વર્ષાસનની અને શેષ મિલકતની બક્ષિસ હોય ત્યારે આખું વર્ષાસન પ્રથમ આપવું જોઇશે.

## લેણદારો અને ભાગલાભીઓને આપેલા વસિયતી વારસાઓ

લેણદાર વસિયતી વારસા માટે તેમજ તેના લેણાં માટે પ્રથમ દર્શને હકદાર છે.

**૧૭૭.** કોઈ દેણદાર પોતાના લેણદારને વિલથી કોઇ વારસો આપે અને તે વિસયતી વારસો લેણાંની ભરપાઈ તરીકે હોવાનું વિસયત ઉપરથી જણાતું ન હોય ત્યારે, લેણદાર તે વસિયતી વારસા માટે તેમજ લેણાંની રકમ માટે હકદાર છે.

સંતાન વસિયતી વારસા માટે તેમજ પોતાના હિસ્સા માટે પ્રથમ દર્શને હકદાર છે.

**૧૭૮.** પોતાના કોઈ સંતાન માટે અમુક ભાગની જોગવાઈ કરવા માટે કરારની રૂએ જવાબદાર હોય એવી માતા કે પિતા તેમ ન કરે અને પાછળથી વિલથી તે બાળકને વારસો આપે અને તે વિસયતી વારસો સદરહુ ભાગની ભરપાઇ તરીકે આપ્યો છે એમ પોતાના વિલમાં જણાવે નહિ ત્યારે, તે સંતાન સદરહુ વસિયતી વારસો તેમજ સદરહુ ભાગ મેળવવા હકદાર છે.

### ઉદાહરણ

“B” સાથે પોતાના લગ્ન થતી વેળા “A” એવું કરારનામું કરી આપે છે કે કરવા ધારેલાં લગ્નથી થાય તેવી દરેક પુત્રીને તેના લગ્ન સમયે પોતે રૂપિયા ૨૦,૦૦૦ નો ભાગ આપશે. “A” આ કરારનામાનો ભંગ કરે છે અને પોતાની અને “B” ની દરેક પરિણીત પુત્રીને વિલથી રૂપિયા ૨૦,૦૦૦ આપે છે. વિસયતદારો પોતાના ભાગ ઉપરાંત આ વસિયતી બક્ષિસના ફાયદા માટે હકદાર છે.

વસિયતદાર માટે પછીથી જોગવાઇ કરવાથી વિલોપન થતું નથી.

**૧૭૯.** વસિયતદાર માટે કોઇ વ્યવસ્થા કરીને કે બીજી રીતે પછીથી કોઈ જોગવાઈ કરવામાં આવે તેથી કોઈપણ વસિયતી બક્ષિસ પૂર્ણતઃ કે અંશતઃ વિલુપ્ત થતી નથી.

### ઉદાહરણો

(૧) “A” પોતાના પુત્ર “B” ને રૂપિયા ૨૦,૦૦૦ વિલથી આપે છે પાછળથી તે “B” ને રૂપિયા ૨૦,૦૦૦ આપે છે તેમ કરવાથી વસિયતી વારસો વિલુપ્ત થતો નથી.

(૨) "A" પોતે નાનેથી મોટી કરેલી પોતાની "B" નામની અનાથ ભત્રીજી/ભાણેજીને વિલથી રૂપિયા ૪૦,૦૦૦ આપે છે. પાછળથી "B" ના લગ્ન પ્રસંગે "A" તેની ભત્રીજી/ ભાણેજી માટે રૂપિયા ૩૦,૦૦૦ની વ્યવસ્થા કરે છે. તેમ કરવાથી વસિયતી વારસામાં ઘટાડો થતો નથી.

## પસંદગી

**૧૮૦.** કોઈ વ્યક્તિ, પોતાને જેની વ્યવસ્થા કરવાનો હક ન હોય એવી કોઈ વસ્તુની વિલથી વ્યવસ્થા કરે ત્યારે તે વસ્તુ જે વ્યકિતની હોય તેણે એવી વ્યવસ્થા મંજૂર રાખવાનું અથવા નામંજૂર રાખવાનું પસંદ કરવું જોઈશે અને જો તે નામંજૂર રાખે તો વિલથી તેના માટે જોગવાઈ કરવામાં આવી હોય તે ફાયદાઓ તેણે છોડી દેવા જોઈશે. કેવા સંજોગોમાં પસંદગી કરવી જોઇશે.

**૧૮૧.** કલમ ૧૮૦માં જણાવેલા સંજોગોમાં છોડી દીધેલું હિત, વસિયતદારની તરફેણમાં વિલથી તેની વ્યવસ્થા કરવામાં આવી ન હોય તેમ પ્રાપ્ત થશે. પરંતુ તે છોડી દેનાર વસિયતદારને વિલથી જે બક્ષિસ આપવાની કોશિશ કરવામાં આવી હોય તેની રકમ અથવા મુલ્ય તેને આપવાના બોજાને તે હિત અધીન રહેશે. માલિકે જતું કરેલું હિત પ્રાપ્ત થવા બાબત.

**૧૮૨.** વિલ કરનાર પોતાના વિલથી જેની વ્યવસ્થા કરતો હોય તે વસ્તુ પોતાની માલિકીની હોવાનું માનતા હોય કે ન હોય તો પણ કલમ ૧૮૦ અને ૧૮૧ની જોગવાઇઓ લાગુ પડે છે. પોતાની માલિકી વિષે વસિયત કરનારની માન્યતા મહત્વની નથી

### ઉદાહરણો

(૧) કચ્છનું ફાર્મ "A" ની મિલકત હતી "A" એ વિલથી તે ફાર્મ "B" ને આપ્યું અને આપ્યું અને "C" ને રૂપિયા ૧,૦૦,૦૦૦નો વિવસયતી વારસો આપે. "ગ" એ પોતાનું કચ્છનું ફાર્મ રાખવાનું પસંદ કર્યું તે ફાર્મ રૂપિયા ૮૦,૦૦૦ની કિમતનું છે "C" નો રૂપિયા ૧,૦૦, ૦૦૦ નો વસિયતી વારસાનો હક રદ થાય છે. * તે રકમમાંથી રૂપિયા ૮૦,૦૦૦ "B" ને મળશે. અને બાકીના રૂપિયા ૨૦,૦૦૦, યથાપ્રસંગ, શેષ ભાગની વસિયતી બક્ષિસમાં ભળી જશે અથવા બિનવસિયતી વારસાના નિયમો અનુસાર પ્રાપ્ત થશે.

(૨) "B"નો મોટો ભાઈ (જેનાં લગ્ન થયાં છે અને જેને સંતાનો છે) તેના મૃત્યુ સમયે તેની પાછળ કોઈ હયાત સંતાન મૂકી ન જાય તો "B" ને "A" અમુક એસ્ટેટ વિલથી આપે છે. "A" વિલથી "C" ને પણ એક રત્ન આપે છે. જે "B" નું છે. "B" એ તે રત્ન છોડી દેવાનું અથવા તે એસ્ટેટ ગુમાવવાનું પસંદ કરવું પડશે.

(૩) "A" વિલથી "B" ને રૂપિયા ૧,00,000 આપે છે. અને "C" ને કોઈ એવી એસ્ટેટ આપે છે કે જે "B" નો મોટાભાઈ (જેનાં લગ્ન થયાં છે અને જેને સંતાનો છે) તેનાં મરણ સમયે તેની પાછળ કોઈ હયાત સંતાન મૂકી ન જાય તો થયેલી કોઈ વ્યવસ્થાની રૂએ "B" ને મળવાની હોય. "B" એ સદરહુ એસ્ટેટ છોડી દેવાનું અથવા સદરહ વિવિસયતી વારસો ગુમાવવાનું પસંદ કરવું પડશે.

(૪) "A" ૧૮ વર્ષનો છે. તે ગુજરાતમાં ભારતમાં કાયમનો વસવાટ કરે છે. પણ તેને ઈંગ્લેંડમાં સ્થાવર મિલકત છે તે મિલકતનો "C" કાયદેસર વારસ છે. "A" વિલથી "C"ને અમુક વારસો આપે છે. અને તે વિવિસયતી વારસાને અધીન રહીને એવું વિલ કરે છે કે મારી જે કંઈ મિલકત હોય અને તે ગમે ત્યાં હોય તે તમામ મિલકત હું "B" ને આપું છું અને તે ૨૧ વર્ષથી ઓછી વયે મૃત્યુ પામે છે. ઈંગ્લેંડમાંની સ્થાવર મિલકત સદરહુ વિલથી પ્રાપ્ત થતી નથી. ઈંગ્લેંડમાંની સ્થાવર મિલકત છોડી દીધા વિના "C" પોતાનો વસિયતી વારસો માંગી શકે છે.

કોઇ વ્યક્તિના ફાયદા માટે આપેલી વસિયતી બક્ષિસ પસંદગીના હેતુ માટે કેવી ગણાય.

**૧૮૩.** કોઈ વ્યકિતના ફાયદા માટે આપેલી વસિયતી બક્ષિસ પસંદગીના હેતુ માટે, તેને/તેણીને પોતાને આપેલી વસિયતી બક્ષિસ બરાબર છે..

**ઉદાહરણ**

સાપુતારા નું ફાર્મ "B" ની મિલકત છે. "A" એ વિલથી તે ફાર્મ "C" ને આપ્યું અને ભરૂચ ફાર્મહાઉસ નામનું બીજું ફાર્મ તેના એકઝીક્યુટરોને એવા જીત આદેશ સાથે વિલથી આપ્યું કે તેને વેચી નાખવામાં આવે અને ઊપજે તે રકમનો "B" ના દેવાં ચૂકવવા માટે ઉપયોગ કરવામાં આવે. "B" એ પોતે વિલ પ્રમાણે વર્તવાનું અથવા વિલ વિરૂદ્ધ સાપુતારા ફાર્મ રાખવાનું પસંદ કરવું પડશે.

પરોક્ષ રીતે ફાયદો મેળવનાર વ્યક્તિને પસંદગી કરવાની રહેતી નથી

**૧૮૪.** કોઈ વિલ હેઠળ જેને પ્રત્યક્ષ રીતે ફાયદો મળતો ન હોય પણ પરોક્ષ રીતે ફાયદો મળતો હોય તે વ્યકિતએ પસંદગી કરવાની રહેતી નથી.

**ઉદાહરણ**

"C" માટે તેના જીવનપર્યંત અને તેના મૃત્યુ પછી તેના એકના એક સંતાન "D" માટે ભાવનગરની જમીનની વ્યવસ્થા કરવામાં આવે છે. "A", વિલથી ભાવનગરની જમીન "B" ને અને રૂપિયા ૧,00,000 "C" ને આપે છે. "C" વિલ કરનારના મૃત્યુ પછી ટૂંક સમયમાં કોઈ પસંદગી કર્યા વિના અને વિલ કર્યા વિના મૃત્યુ પામે છે. "D" "C" ની મિલકતનો વહીવટ કરવાનો અધિકાર મેળવે છે. અને વહીવટ-કર્તા તરીકે "C" ની એસ્ટેટ વતી સદરહુ વિલ હેઠળ ફાયદો મેળવવાનું પસંદ કરે છે. એવી હેસિયતમાં "D", રૂપિયા ૧,00,000 નો વિવસયતી વારસો મેળવે છે અને વિલ કરનારના

મૃત્યુ પછી અને “C” ના મૃત્યુ પહેલાં ઊપજેલાં ભાવનગરની જમીનનાં ભાડાંનો હિસાબ “B”ને આપે છે. “D” ને તેની વ્યકિતગત હેસિયતમાં સદરહુ વિલથી વિરૂદ્ધ ભાવનગરની જમીન રહે છે.

**૧૮૫.** પોતાની વ્યકિતગત હેસિયતમાં કોઈ વિલ હેઠળ ફાયદો મેળવનાર વ્યકિત તેની બીજી હેસિયતમાં તે વિલથી વિરૂદ્ધ લેવાનું પસંદ કરી શકે છે.

કોઇ વિલ હેઠળ પોતાની વ્યક્તિગત હેસિયતથી ફાયદો મેળવનાર વ્યક્તિ તેની બીજી હેસિયતમાં વિલથી વિરૂદ્ધ લેવાનું પસંદ કરી શકે છે.

**ઉદાહરણ**

“A” માટે તેના જીવનપર્યંત અને તેના મૃત્યુ પછી “B” માટે વિસનગરની એસ્ટેટની વ્યવસ્થા કરવામાં આવે છે. “A” વિસનગરની એસ્ટેટ “D” ને અને રૂપિયા ૨,૦૦,૦૦૦ “B”ને અને રૂપિયા ૧,૦૦,૦૦૦ “B” ના એક માત્ર સંતાન “C” ને આપી જાય છે. “B”, વિલ કરનારના મૃત્યુ પછી ટૂંક સમયમાં પસંદગી કર્યા વિના બીજી અને વિલ કર્યા વિના મૃત્યુ પામે છે. “B” ની મિલકતનો વહીવટ કરવાનો અધિકાર “C” મેળવે છે. અને વહીવટકર્તા તરીકે સદરહુ વિસયતથી વિરૂદ્ધ વિસનગરની એસ્ટેટ રાખવાનું અને રૂપિયા ૨,૦૦,૦૦૦ નો વસિયતી વારસો છોડી દેવાનું પસંદ કરે છે. “C” આમ કરી શકે છે. અને તેમ છતાં સદરહુ વિલ હેઠળ પોતાનો ૧,૦૦,૦૦૦ રૂપિયાનો વસિયતી વારસો માંગી શકે છે.

**૧૮૬.** કલમો ૧૮૦ થી ૧૮૫માં ગમે તે મજકૂર હોય છતાં, કોઈ ખાસ બક્ષિસ, વસિયતદારની કોઈ વસ્તુને બદલે આપવામાં આવી હોવાનું વિલમાં દર્શાવ્યું હોય અને વિલથી તે વસ્તુની પણ વિલમાં જણાવ્યા મુજબ વ્યવસ્થા કરવા માં આવી હોય ત્યારે, વસિયતદાર જો તે વસ્તુનો દાવો કરે, તો તેણે સદરહુ ખાસ બક્ષિસ છોડી દેવી પડશે. પણ સદરહુ વિલથી તેને આપવામાં આવેલો બીજો કોઈ ફાયદો છોડી દેવા તે બંધાયેલ નથી.

છેલ્લી છ કલમોની જોગવાઈઓનો અપવાદ.

**ઉદાહરણ**

“A” ની પત્ની, “A” ની પાછળ હયાત રહે તો તેના જીવનપર્યંત અમદાવાદની એસ્ટેટનો ભોગવટો કરવા “A” ની લગ્ન વ્યવસ્થા હેઠળ હકદાર છે. “A” વિલથી તેની પત્નીને તેના અમદાવાદની એસ્ટેટમાંના હિતને બદલે જીવનપર્યંત રૂપિયા ૨,૦૦,૦૦૦ નું વર્ષાસન આપે છે. અને અમદાવાદની એસ્ટેટ તેના પુત્રને આપે છે. “A” તેની પત્નીને રૂપિયા ૧૦,૦૦,૦૦૦ નો વસિયતી વારસો પણ આપે છે. “A”ની વિધવા સદરહુ લગ્ન વ્યવસ્થા હેઠળ પોતે જેના માટે હકદાર હોય તે ફાયદો મેળવવાનું પસંદ કરે છે. વર્ષાસન છોડી દેવા તે બંધાયેલ છે. પણ રૂપિયા ૧૦,૦૦,૦૦૦ નો વસિયતી વારસો છોડી દેવા બંધાયેલ નથી.

વિલથી આપવામાં આવેલો ફાયદો સ્વીકારવાથી વિલ હેઠળ

૧૮૭. પસંદ કરવાના પોતાના હકની, અને પસંદ કરવા માટે કોઈ સમજદાર માણસની નિર્ણય શકિતને અસર કરે એવા સંજોગોની વસિયતદારને જાણ હોય અથવા તે સંજોગો વિષે તપાસ કરવાનું તે જતું કરે તો કોઈ વિલથી આપવામાં આવેલો ફાયદો સ્વીકારવાથી તેણે વિલ હેઠળ લેવાનું પસંદ કર્યું ગણાય.

### ઉદાહરણો

(૧) "A" કેસર ફાર્મ નામની માલિક છે. તેને વડોદરા ફાર્મ નામની બીજી એસ્ટેટમાં જીવનપર્યં તનું હિત છે. "A" મૃત્યુ પામે એટલે કેસર ફાર્મ માટે તેનો પુત્ર "B" અબાધિતરીતે હકદાર થશે. "A" વિલથી કેસર ફાર્મની મિલકત "B"ને અને વડોદરા ફાર્મ નામની મિલ્કત 'C" ને આપે છે. "B" વડોદરા ફાર્મ નામની મિલ્કતના પોતાના હકથી અજ્ઞાત હોઈને 'C"ને તેનો કબજો લેવા દે છે અને પોતે કેસર ફાર્મ મિલકતનો કબજો લે છે. "C" ને આપવામાં આવેલી વડોદરા ફાર્મની વસિયતી બક્ષિસ "B" એ મંજૂર રાખી ન ગણાય.

(૨) "A" નો સૌથી મોટો પુત્ર "B" રોઝ ફાર્મહાઉસ નામની એસ્ટેટનો કબજેદાર છે. "A" વિલથી "C" ને રોઝ ફાર્મહાઉસની એસ્ટેટ અને "B" ને પોતાની શેષ મિલકત આપે છે. "A" ના એકઝીકયુટરો "B" ને જણાવે છે કે શેષ મિલકત રૂપિયા ૫,00,000 ની થશે. "B", "C" ને રોઝ ફાર્મહાઉસનો કબજો લેવા દે છે. પાછળથી તેને ખબર પડે છે કે શેષ મિલકત રૂપિયા ૫,00,000 થી વધુ કિંમતની નથી "C"ને આપવામાં આવેલી રોઝ ફાર્મહાઉસની એસ્ટેટની વસિયતી બક્ષિસ "B" એ મંજૂર રાખી ન ગણાય.

કેવા સંજોગોમાં જાણ હોવાનું અથવા જતું કર્યું હોવાનું માની શકાય અથવા એવું અનુમાન કરી શકાય.

૧૮૮. (૧) અસંમતિ દર્શાવવા માટે કશું કર્યા વિના વસિયતદારે વિલથી પોતાના માટે જોગવાઈ કરવામાં આવી હોય તે ફાયદાઓ બે વર્ષ સુધી ભોગવ્યા હોય ત્યારે જો વિરૂદ્ધ પુરાવો ન હોય તો તેને એવી જાણ હતી અથવા તેણે તપાસ કરવાનું જતું કર્યું છે એવું માની લેવું જોઈશે.

(૨) વસિયતદાર કોઈ એવું કાર્ય કરે કે જેથી સદરહુ વસિયતી બક્ષિસની વિષયવસ્તુમાં હિત ધરાવતી વ્યક્તિઓને એવું કાર્ય કરવામાં આવ્યું ન હોત અને તેઓ જે સ્થિતિમાં હોત એ જ સ્થિતિમાં મૂકવાનું અશક્ય બને ત્યારે તેને એવી જાણ હતી અથવા તેણે તપાસ કરવાનું જતું કર્યું છે એવું અનુમાન કરી શકાશે.

### ઉદાહરણ

જેનો "C'" હકદાર હોય એવી કોઈ એસ્ટેટ "A", વિલથી "B" ને આપે છે. અને "C"ને એક કોલસાની ખાણ આપે છે. "C" તે ખાણનો કબજો લે છે. અને બધો કોલસો કાઢી લે છે. તેમ કરવાથી તેણે "B" ને આપેલી તે એસ્ટેટની બક્ષિસ મંજૂર રાખી ગણાય.

વિલ કરનારના પ્રતિનિધિઓ વસિયતદાર ને પસંદ કરવાનું ક્યારે કહી શકે.

૧૮૯. વિલ કરનારના મૃત્યુ પછી એક વર્ષની અંદર વસિયતદાર જો વિલ કરનારના પ્રતિનિધિઓને વિલ મંજૂર રાખવાના અથવા નામંજૂર રાખવાના પોતાના ઈરાદાની જાણ ન કરે તો, તે સમય પૂરો થતાં સદરહુ પ્રતિનિધિઓએ તેને તેની પસંદગી કરવા કહેવું જોઈશે અને જો તેની પાસે એવી માંગણી થયા પછી તે વાજબી સમયમાં તે માંગણી મુજબ અમલ ન કરે તો તેણે સદરહુ વિલ મંજૂર રાખવાનું પસંદ કર્યું છે એમ ગણાશે.

અસમર્થતા ના દાખલામાં પસંદગી મુલતવી રાખવા બાબત.

૧૯૦. અસમર્થતાના કિસ્સામાં, અસમર્થતા ન રહે ત્યાં સુધી અથવા કોઈ ક્ષમતા ધરાવતા સત્તાધિકારી પસંદગી ન કરે ત્યાં સુધી, પસંદગી મુલતવી રાખવી જોઇશે.

મૃત્યુ નજીક છે એમ માનીને આપેલી બક્ષિસો.

મૃત્યુ નજીક છે એમ માનીને આપેલી બક્ષિસથી મિલકત તબદીલ કરવા બાબત.

૧૯૧. (૧) કોઈ વ્યકિત, પોતે/તેણી વિલથી જે જંગમ મિલકતની વ્યવસ્થા કરી શકતી હોય તે મિલકતની વ્યવસ્થા મૃત્યુ નજીક છે એમ માનીને આપેલી બક્ષિસ (ભેટ)થી કરી શકશે.

(૨) પોતે/તેણી બિમાર હોય અને એ બિમારીથી પોતે ટૂંક સમયમાં મૃત્યુ પામશે એવું માનતી હોય તે વ્યકિત, સદરહુ બિમારીથી પોતે મૃત્યુ પામે તો બક્ષિસ તરીકે રાખી લેવા માટે કોઇ બીજી વ્યકિતને કોઈ જંગમ મિલકતનો કબજો સોંપે ત્યારે તે બક્ષિસ મૃત્યુ નજીક છે એમ માનીને આપી છે એમ કહેવાય.

(૩) દાતા એવી બક્ષિસ પાછી લઇ શકશે અને જે બિમારી દરમિયાન તે આપવામાં આવી હોય તેમાંથી દાતા સાજો થાય અથવા જેને તે આપવામાં આવી હોય તે વ્યકિતની પાછળ હયાત રહે તો તે બક્ષિસ અમલી બનશે નહિ.

**દ્રષ્ટાંત**

(૧) “A” બિમાર છે અને પોતે મૃત્યુ પામશે એમ માને છે પોતે મૃત્યુ પામે તો રાખી લેવા માટે તે “B” ને નીચેની વસ્તુઓ સોપે છે: --

એક ઘડીયાળ:

“ગ” એ “ક” ને આપેલું બોન્ડ:

બેન્ક નોટ:

ખાલી શેરાવાળી કેન્દ્ર સરકારની પ્રોમિસરી નોટ:

ખાલી શેરાવાળું વિનિમયપત્ર :

અમુક ગીરો દસ્તાવેજો :

જે બિમારી દરમિયાન “ક” એ આ વસ્તુ સાંપી હતી તે બિમારીથી “ક” મૃત્યુ પામે છે.

નીચેની વસ્તુઓ માટે “ખ” હકદાર છે.

સદરહુ ઘડીયાળ :

“ગ” ના બોન્ડથી સુરક્ષિત કરેલું લેણું :

સદરહુ બેન્ક નોટ:

કેન્દ્ર સરકારની સદરહુ પ્રોમિસરી નોટ:

સદરહુ વિનિમયપત્ર :

સદરહુ ગીરો દસ્તાવેજોથી સુરક્ષિત કરેલી રકમ :

(૨) “ક” બિમાર છે અને પોતે મૃત્યુ પામશે એમ માનીને “ખ”ને કોઇ ટ્રંકની ચાવી અથવા જેમાં પોતાનો માલનો જથ્થો રાખેલો હોય તે વખારની ચાવી “ખ” ને સોંપે છે. તેનો ઈરાદો “ક” ને ટ્રંકમાંની વસ્તુઓ ઉપર અથવા વખારમાં રાખેલા માલ ઉપર અંકુશ આપવાનો છે. અને પોતે મૃત્યુ પામે તો 'તે માલ રાખી લે એમ “ક” ઈચ્છે છે. જે બિમારી દરમિયાન “ક” એ આ વસ્તુઓ સોંપી તે બિમારીથી તે મૃત્યુ પામે છે. સદરહુ ટ્રંક અને તેમાંની વસ્તુઓ માટે અથવા વખારમાં રાખેલા “ક” ના માલના જથ્થા માટે “ખ” હકદાર છે.

(૩) “ક” બિમાર છે અને પોતે મૃત્યુ પામશે એમ માનીને અમુક ચીજ વસ્તુઓના જુદા જુદા પાર્સલ કરીને એલગ મૂકે છે. અને તે પારસલો ઉપર અનુક્રમે “ખ” અને “ગ” ના નામો લખે છે. સદરહુ પારસલો “ક” ની હયાતી દરમિયાન સોંપવામાં આવેલ નથી. જે બિમારી દરમિયાન “ક” એ સદરહુ પારસલો અલગ કર્યા હતા, તે, બિમારીથી તે મૃત્યુ પામે છે. સદરહુ પારસલોમાંની વસ્તુઓ માટે “ખ” અને “ગ” હકદાર નથી.

## પ્રકરણ - ૩

## મૃતક વ્યકિતની મિલકતનું રક્ષણ

**૧૯૨.** (૧) કોઈ વ્યકિત તેની પાછળ જંગમ કે સ્થાવર મિલકત મૂકીને મૃત્યુ પામે, તો તે મિલકત અથવા તેના કોઈ ભાગ ઉપર વારસાહકની રૂએ દાવો કરનાર કોઈપણ વ્યક્તિ કોઈ બીજી વ્યકિતએ ખરેખર કબજો લીધા પછી અથવા બળજબરીથી કબજો લઈ લેવામાં આવશે એવો ભય હોય ત્યારે, જે જિલ્લામાં તે મિલકતનો કોઈ ભાગ મળી આવે અથવા આવેલો હોય ત્યાંના જિલ્લા ન્યાયાધીશને, દાદ મેળવવા માટે અરજી કરી શકશે.

મૃતક વ્યકિતની મિલકત ઉપર વારસાહકની રૂએ દાવો કરનાર વ્યકિત ગેર-કાયદે કબજા સામે દાદ માંગી શકશે.

(૨) કોઈ સગીર અથવા કોઇ ગેરલાયક અથવા ગેરહાજર વ્યકિત, ઉપર જણાવ્યા પ્રમાણેની મિલકત માટે વારસાહકની રૂએ હકદાર હોય તે પ્રસંગે, કોઈ એજન્ટ, સગું અથવા નજીકનો મિત્ર અથવા પોતાના અધિકારના કેસોમાં વાલી દાદ મેળવવા માટે એવી અરજી કરી શકશે.

**૧૯૩.** જે ન્યાયાધીશને એવી અરજી કરવામાં આવી હોય તે પ્રથમ અરજદારને સોગંદ ઉપર તપાસશે અને કબજો ધરાવનાર અથવા બળજબરીથી કબજો માંગતા પક્ષકારને કાયદેસરનો હક નથી અને અરજદાર અથવા જેના વતી તે અરજી કરતો હોય તે વ્યકિત ખરેખર હકદાર છે અને તેણે દાવો માંડવાનો સામાન્ય ઉપાય લેવો પડે તો તેને ભારે પ્રતિકૂળ અસર થવાનો સંભવ અને તે અરજી શુદ્ધબુદ્ધિથી કરવામાં આવી છે એમ માનવા માટે પૂરતું કારણ છે કે નહિ તે વિષે પોતાને જરૂરી લાગે તેવી વધુ તપાસ કરી શકશે.

ન્યાયાધીશે કરવાની તપાસ.

**૧૯૪.** જિલ્લા ન્યાયાધીશને એવી ખાતરી થાય કે ઉપર જણાવ્યા મુજબ હકીકત છે એમ માનવાને પૂરતું કારણ છે, તો જેની સામે ફરિયાદ હોય તે પક્ષકારને સમન્સ કરીને તે બોલાવશે અને ખાલી અથવા હરકતવાળા કબજા અંગેની નોટિસ પ્રસિદ્ધ કરશે અને વાજબી સમય વીત્યા પછી સંક્ષિપ્ત રીતે (આમાં) હવે પછી જોગવાઈ કર્યા પ્રમાણેના દાવાને અધીન) કબજા હક વિષે નિર્ણય કરશે અને તદનુસાર કબજો સોંપશે; પણ એમ માનવાને કારણ ન હોય તો જિલ્લા ન્યાયાધીશ આ પ્રમાણે નહિ કરે:

કાર્યરીતિ.

પરંતુ ન્યાયાધીશે જેની સામે ફરિયાદ હોય તે પક્ષકારને સમન્સ કરીને બોલાવવા માટે જરૂરી તપાસ પૂરી કરી હોય કે ન હોય છતાં, જિલ્લા ન્યાયાધીશને એવા અધિકારી નીમવાની સત્તા રહેશે કે જેઓ આ માટે અરજી કરવામાં આવે એટલે વિના વિલંબે માલમત્તાની યાદી કરીને તેને સીલ કરશે અથવા બીજી રીતે તેને સુરક્ષિત રાખશે.

**૧૯૫.** ઉપર મુજબની તપાસ ઉપરથી વધુમાં એવું જણાય કે સંક્ષિપ્ત કાર્યવાહી પૂરી થાય તે પહેલાં મિલકતનો દુર્વિનિયોગ કે દુર્વ્યય થયાનો ભય છે અને કબજો ધરાવતા પક્ષકાર પાસેથી

કાર્યવાહી પૂરી થતાં સુધી ક્યુરેટરની નિમણૂંક.

જામીનગીરી લેવામાં વિલંબ થવાથી અથવા જામીનગીરી અપૂરતી હોવાથી જેની પાસે કબજો ન હોય તે પક્ષકાર, જો પોતે કાયદેસર માલિક હોય તો ભારે જોખમમાં મુકાવાનો સંભવ છે, તો જિલ્લા ન્યાયાધીશ એવા એક કે વધુ ક્યુરેટરો નીમી શકશે કે જેનો અધિકાર અનુક્રમે તેની કે તેમની નિમણૂકની શરતો અનુસાર ચાલુ રહેશે અને કોઇપણ સંજોગોમાં સંક્ષિપ્ત કાર્યવાહી પૂરી થયા પછી અને તેને પરિણામે કબજો મંજૂર રખાયા કે સોંપી દેવાયા પછી ચાલુ રહેશે નહિ:

પરંતુ, જમીનના દાખલામાં, ન્યાયાધીશ કલેકટરને અથવા કલેકટરના તાબાના કોઈ અધિકારીને કયુરેટરની સત્તાઓ સોંપી શકશે:

વધુમાં કોઇપણ મિલકત અંગે ક્યુરેટરની દરેક નિમણૂકને યોગ્ય રીતે પ્રસિદ્ધ કરવી જોઇશે.

ક્યુરેટરને આપી શકાય તેવી સત્તા.

**૧૯૬.** જિલ્લા ન્યાયાધીશ, ક્યુરેટરને સામાન્ય રીતે અથવા કબજો ધરાવનાર પક્ષકાર જામીનગીરી આપે ત્યાં સુધી અથવા મિલકતની યાદી કરવામાં આવે ત્યાં સુધી અથવા કબજો ધરાવનાર પક્ષકારના દુર્વિનિયોગ કે દુર્વ્યયથી મિલકતને સુરક્ષિત રાખવા માટે જરૂરી હોય તેવા બીજા હેતુઓ માટે મિલકત કબજે લેવાનો અધિકાર આપી શકશે:

પરંતુ, કબજો ધરાવનાર પક્ષકારને જામીનગીરી લઈને કે લીધા વિના કબજો ચાલુ રાખવા દેવાનું ન્યાયાધીશની વિવેકબુદ્ધિ ઉપર રહેશે અને કબજો ચાલુ રહેવા દેવામાં આવે તો ન્યાયાધીશ, યાદીઓ અથવા ખતો અને બીજી માલમત્તા સુરક્ષિત રાખવાને સ્પર્શતા જે હુકમો કરે તેને તે અધીન રહેશે.

ક્યુરેટરોએ અમુક સત્તાઓ વાપરવાનો પ્રતિબંધ.

**૧૯૭.** (૧) આ ભાગના પ્રકરણ – ૬ હેઠળ અથવા પ્રોબેટ અથવા વહીવટપત્ર આપવામાં આવેલ હોય ત્યારે, આ પ્રકરણ હેઠળ નીમેલા ક્યુરેટરથી, સર્ટિફિકેટ ધરાવનાર અથવા એક્ઝિક્યુટર અથવા વહીવટદારનો કાયદેસરનો અધિકાર વાપરી શકાશે નહિ.

(૨) લેણું અથવા ભાડું વસુલ કરવા માટે કોઈ કોર્ટે અધિકૃત કરેલા ક્યુરેટરને દેવું અથવા ભાડું ચુકવ્યું હોય એવી તમામ વ્યકિતઓ જવાબદારીમાંથી મુક્ત થશે અને, યથાપ્રસંગ, સર્ટિફિકેટ, પ્રોબેટ અથવા વહિવટપત્ર મેળવનાર વ્યક્તિને તે ચૂકવવા માટે ક્યુરેટર, જવાબદાર રહેશે.

ક્યુરેટરે જામીનગીરી આપવી જોઇશે અને તે મહેનતાણું મેળવી શકશે.

**૧૯૮.** (૧) ક્યુરેટર પોતાને સોંપાયેલું કામ નિષ્ઠાપૂર્વક કરે, અને આમાં હવે પછી જોગવાઇ કર્યા મુજબ, તેનો સંતોષકારક હિસાબ આપે તે માટે તેની પાસેથી જિલ્લા ન્યાયાધીશે જામીનગીરી લેવી જોઈશે અને કોઈપણ દાખલામાં જંગમ મિલકતના ૫ ટકાથી અને સ્થાવર મિલકતના વાર્ષિક નફાના પાંચ ટકાથી વધુ નહિ એવું જિલ્લા ન્યાયાધીશને વાજબી લાગે એટલું મહેનતાણું લેવા માટે તેને જિલ્લા ન્યાયાધીશ અધિકાર આપી શકશે.

(૨) ક્યુરેટર વસૂલ કરે તેવી તમામ વધારાની રકમ તેણે કોર્ટમાં ભરવી જોઈશે અને સંક્ષિપ્ત કાર્યવાહીનો ન્યાય નિર્ણય થયે હકદાર થાય તે વ્યક્તિઓના ફાયદા માટે તે રકમનું જાહેર જામીનગીરીઓમાં રોકાણ કરવું જોઈશે.

(૩) બનતી ત્વરાએ કયુરેટર પાસેથી જામીનગીરી લેવી જોઇશે અને શક્ય હોય ત્યારે, જેના માટે તેને પાછળથી ક્યુરેટર નિમવામાં આવે એવા તમામ કેસો પૂરતી જામીનગીરી સામાન્ય રીતે લેવી જોઈશે; પણ જામીનગીરી લેવામાં કંઈ વિલંબ થાય તો તેથી ક્યુરેટરને તેના હોદ્દાની સત્તા તરત જ આપવામાં ન્યાયાધીશને કોઈ હરકત આવશે નહિ.

**૧૯૯.** મૃતક વ્યકિતની એસ્ટેટ પૂર્ણત: અથવા અંશત: સરકારને મહેસૂલ ભરતી જમીન હોય ત્યારે, કબજો ધરાવતા પક્ષકારને સમન્સથી બોલાવવાની, કયુરેટર નીમવાની અથવા તે જગા ઉપર વ્યક્તિઓને નિયુક્ત કરવાની યોગ્યતા સંબંધી તમામ બાબતોમાં જિલ્લા ન્યાયાધીશે કલેકટર પાસેથી રિપોર્ટ માંગવો જોઈશે અને તે ઉપરથી કલેકટરે રિપોર્ટ કરવો જોઈશે:

એસ્ટેટમાં મહેસૂલ ભરતી જમીનનો સમાવેશ થતો હોય ત્યારે કલેક્ટર પાસેથી રિપોર્ટ.

પરંતુ તાકીદના કેસોમાં ન્યાયાધીશ પ્રથમ દરજ્જે એવા રિપોર્ટ વિના કાર્યવાહી કરી શકશે.

(૨) એવા કોઈ રિપોર્ટને અનુરૂપ પગલું ભરવા માટે ન્યાયાધીશ જવાબદાર રહેશે નહિ.

**૨૦૦.** ક્યુરેટર દાવા માંડવા અને તેની સામે બચાવ કરવા સંબંધી જિલ્લા ન્યાયાધીશના તમામ હુકમોને અધીન રહેશે અને તમામ દાવા એસ્ટેટની વતી ક્યુરેટરના નામે માંડી શકાશે અથવા તેમની સામે તેનો બચાવ કરી શકાશે:

દાવાઓ માંડવા અને તેની સામે બચાવ કરવા બાબત.

પરંતુ ક્યુરેટરની નિમણૂકના હુકમમાં લેણું અથવા ભાડું વસુલ કરવા માટે સ્પષ્ટ અધિકાર હોવો જરૂરી છે; અને એવા અધિકારની રૂએ મળેલી રકમો માટે ક્યુરેટર ચૂકતેની પહોંચ આપી શકશે.

**૨૦૧.** મિલકતનો હવાલો ક્યુરેટરનો હોય તે દરમિયાન હિત ધરાવતા પક્ષકારોના હિત અને સંજોગોના સંક્ષિપ્ત અન્વેષણ ઉપરથી જે પક્ષકારોને ભથ્થું મેળવવાનો પ્રથમ દર્શને હક હોય તેમને જિલ્લા ન્યાયાધીશ પોતાને જરૂરી લાગે તેટલું ભથ્થું આપી શકશે અને સદરહુ પક્ષકાર સંક્ષિપ્ત કાર્યવાહીના નિર્ણય ઉપરથી તેવાં ભથ્થાં માટે હકદાર હોવાનું ન જણાય તે પ્રસંગે, તે ભથ્થાંની રકમ વ્યાજ સાથે પાછી ચૂકવવા માટે પોતાની વિવેકબુદ્ધિ અનુસાર જામીનગીરી લઈ શકશે.

કયુરેટર પાસે હવાલો હોય તે દરમિયાન દેખીતા માલિકોને ભથ્થાં.

**૨૦૨.** કયુરેટરે માસિક હિસાબની તારીજ રજૂ કરવી જોઈશે અને જો તેનો/તેણીનો વહીવટ લાંબો ચાલે તો દર ત્રણ મહિનાની મુદત પૂરી થયે, અને મિલકતનો કબજો સોંપી દે એટલે તેણે જિલ્લા

ક્યુરેટરે હિસાબ રજૂ કરવા બાબત.

ન્યાયાધીશને ખાતરી થાય એ પ્રમાણે તેના/તેણીના વહીવટનો વિગતવાર હિસાબ રજૂ કરવો જોઈશે.

*હિસાબની તપાસણી અને હિત ધરાવતા પક્ષકારોને તેની બીજી પ્રત રાખવાનો હક.*

**૨૦૩.** (૧) કયુરેટરનો હિસાબ હિત ધરાવતા તમામ પક્ષકારોની તપાસણી માટે ખુલ્લો રહેશે; અને એવો કોઈ હિત ધરાવતો પક્ષકાર કયુરેટરને મળેલી અને તેણે ચૂકવેલી તમામ રકમના હિસાબની બીજી નકલ રાખવા માટે કોઈ જુદી વ્યકિતને નીમી શકશે.

(૨) કયુરેટરે આપવાનો હિસાબ ચડી ગયો હોવાનું અથવા તે ભૂલવાળો કે અધૂરો હોવાનું માલુમ પડે અથવા જિલ્લા ન્યાયાધીશ તેને હુકમ કરે ત્યારે ક્યુરેટર હિસાબ રજૂ ન કરે તો એવી દરેક કસૂર માટે વધુમાં વધુ એક હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષાને તે/તેણી પાત્ર થશે.

*એ જ મિલકત માટે બીજો ક્યુરેટર નીમવાનો બાધ.*

**૨૦૪.** કોઈ મૃતક વ્યકિતની તમામ મિલકત અંગે કોઈ જિલ્લાના ન્યાયાધીશે ક્યુરેટર નીમેલો હોય તો એવી નિમણૂક થવાથી એજ રાજયના બીજા કોઈ જિલ્લાના ન્યાયાધીશને બીજો કોઈ કયુરેટર નીમવામાં બાધ આવશે, પણ મૃતક વ્યક્તિની મિલકતના કોઈ ભાગ અંગે થયેલી કયુરેટરની નિમણૂકથી એજ રાજ્યમાં તે મિલકતના શેષ અથવા કોઈ બીજા ભાગ અંગે બીજા કયુરેટરની નિમણુકને બાધ આવશે નહિ:

પરંતુ કોઈપણ ન્યાયાધીશથી કોઈ બીજા ન્યાયાધીશ સમક્ષ આ ભાગ હેઠળ અગાઉ માંડવામાં આવેલી કોઈ સંક્ષિપ્ત કાર્યવાહીનો વિષય હોય તે મિલકત અંગે ક્યુરેટર નીમી શકાશે નહિ અથવા સંક્ષિપ્ત કાર્યવાહી ચલાવી શકાશે નહિ:

વધુમાં કોઈ એસ્ટેટના અલગ અલગ ભાગો માટે જુદા જુદા ન્યાયાધીશોએ બે કે વધુ કયુરેટરો નીમ્યા હોય તો હાઈકોર્ટ તમામ મિલકતના એક ક્યુરેટર નીમવા માટે પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરી શકશે.

*ક્યુરેટર નીમવા માટે અરજી કરવાની મુદત.*

**૨૦૫.** વારસાહકની રૂએ જેની મિલકત ઉપર દાવો કરવામાં આવે તે માલિકના મૃત્યુથી છ મહિનાની અંદર જિલ્લા મેજિસ્ટ્રેટને આ ભાગ હેઠળની અરજી કરવી પડશે.

૨૦૬. આ પ્રકરણનો કોઈપણ મજકૂર, કોઈ મિલકતના માલિકે પોતાના મૃત્યુ પછી સગીરાવસ્થાને અથવા બીજા કારણે પોતાની મિલકતના કબજા માટે કરેલી જાહેર વ્યવસ્થાનું અથવા તેણે કરેલા કાયદેસરના આદેશોનું ઉલ્લંઘન કરવાનો અધિકાર આપે છે એમ ગણાશે નહિ અને એવા દરેક દાખલામાં કોઈ મૃતક વ્યકિતની મિલકત અંગે હકૂમત ધરાવતા ન્યાયાધીશને એવા આદેશો થયા હોવાની ખાતરી થાય કે તરત તેણે તેમનો અમલ કરવો જોઈશે. મૃતક વ્યક્તિએ કરેલી જાહેર વ્યવસ્થા અથવા આપેલા કાયદેસરના આદેશો સામે આ ભાગના અમલને બાધ.

૨૦૭. કબજો ધરાવનાર પક્ષકારને સમન્સથી બોલાવવા પહેલાં કે પછી જેની અરજી કાઢી નાખવામાં આવી હોય તે પક્ષકારોને અથવા આ ભાગ હેઠળ જેની પાસેથી કબજો છોડાવવામાં આવ્યો હોય તે પક્ષકારોને દાવો લાવવામાં. આ ભાગના કોઈપણ મજકૂરથી કંઈ બાધ આવશે નહિ. દાવો લાવવાના હકનો અપવાદ.

૨૦૮. વાસ્તવિક કબજો નક્કી કરી આપવા સિવાય આ ભાગ હેઠળની સંક્ષિપ્ત કાર્યવાહીના જિલ્લા ન્યાયાધીશના નિર્ણયની બીજી કોઈ અસર થશે નહિ; પણ આ હેતુ માટે તે આખરી ગણાશે. અને તેની સામે અપીલ અથવા તેનું પુનર્વિલોકન થઈ શકશે નહિ. સંક્ષિપ્ત કાર્યવાહીના નિર્ણયની અસર.

૨૦૯. રાજ્ય સરકાર કોઈ જિલ્લા કે જિલ્લાઓના જુથ માટે સરકારી કમ્યુકેટરો નીમી શકશે; અને હકૂમત ધરાવતા જિલ્લા ન્યાયાધીશ, જે દાખલાઓમાં ક્યુરેટરની પસંદગી આ પ્રકરણ હેઠળ પોતાની વિવેકબુદ્ધિ ઉપર છોડવામાં આવી હોય તેમાં એવા સરકારી કયુરેટરોને નિયુક્ત કરશે. સરકારી ક્યુરેટરોની નિમણૂક.

## પ્રકરણ - ૪

## મૃતકની મિલકત વારસામાં જતાં તે મિલકતના પ્રતિનિધિત્વનો હક

૨૧૦. યથાપ્રસંગ, મૃતક વ્યક્તિનો એકઝીક્યુટર અથવા વહીવટકર્તા તમામ હેતુઓ માટે તેનો કાયદેસરનો પ્રતિનિધિ છે, અને એવી હેસિયતથી તેનામાં મૃતકની તમામ મિલકત નિહિત થાય છે. એકઝીક્યુટરની અથવા વહીવટ-કર્તાની એકઝીક્યુટર તરીકેની અથવા વહીવટકર્તા તરીકેની હેસિયત અને તેની મિલકત.

મૃતક વ્યક્તિઓના દેણદારો પાસેથી કોર્ટો મારફત વસુલાત કરવા માટે પ્રતિનિધિત્વના હકની સાબિતી પૂર્વશરત છે.

**૨૧૧.** (૧) કોઈપણ કોર્ટ, -

(ક) તે મૃતક વ્યક્તિના દેણદાર સામે તેણીનું / તેનું દેવું એ રીતે દાવો કરનાર વ્યક્તિને ચુકવવા માટે હુકમનામું કરી શકશે નહિ; અથવા

(ખ) (૧) મૃતક વ્યક્તિની એસ્ટેટનો વહીવટ કરવાનો અધિકાર તેણીને / તેને આપવામાં આવ્યો છે તે દર્શાવતું પ્રોબેટ અથવા વહીવટ પત્ર, અથવા

(૨) આ ભાગના પ્રકરણ – ૬ હેઠળ આપેલું અને જેમાં લેણું નિર્દિષ્ટ કરેલું હોય તેવું વારસા સર્ટિફિકેટ –

એ રીતે દાવો કરનાર વ્યક્તિની અરજી ઉપરથી એવાં દેણદાર સામે તેનું દેવું ચૂકવવા માટેના કોઈ હુકમનામા કે હુકમની બજવણી કરી શકાશે નહિ.

(૨) પેટા-કલમ (૧) માં "દેવું" એ શબ્દમાં ખેતીના હેતુ માટે વપરાતી જમીન અંગે આપવાનું ગણોત, મહેસૂલ અથવા નફા સિવાયના કોઈપણ દેવાંનો સમાવેશ થાય છે.

પાછળથી આપેલા પ્રોબેટ અથવા વહીવટ પત્રની સર્ટિફિકેટ ઉપર અસર.

**૨૧૨.** (૧) કોઈ એસ્ટેટ અંગે પ્રોબેટ અથવા વહીવટ-પત્ર આપવામાં આવ્યેથી, આ ભાગના પ્રકરણ-૬ હેઠળ એસ્ટેટમાં જેનો સમાવેશ થતો હોય એવાં લેણાં અથવા જામીનગીરીઓ અંગે અગાઉ આપવામાં આવેલું સર્ટિફિકેટ રદ થયું છે એમ ગણાશે.

(૨) પ્રોબેટ અથવા વહીવટ—પત્ર આપવામાં આવે તે વખતે, એવું સર્ટિફિકેટ ધરાવનારે એવાં લેણાં કે જામીનગીરી સંબંધમાં માંડેલો કોઈ દાવો અથવા બીજી કાર્યવાહી નિકાલ બાકી હોય તો જેને પ્રોબેટ અથવા વહીવટ-પત્ર આપવામાં આવેલ હોય તે વ્યકિત જે કોર્ટમાં તે દાવો અથવા કાર્યવાહી નિકાલ બાકી હોય તે કોર્ટને અરજી કરે એટલે, તે દાવા અથવા કાર્યવાહીમાં સર્ટિફિકેટ ધરાવનાર વ્યક્તિનું સ્થાન લેવા તે હકદાર થશે:

પરંતુ આ કલમ હેઠળ કોઈ સર્ટિફિકેટ રદ થાય ત્યારે તે રદ થયાની જાણ વિના એવાં સર્ટિફિકેટ ધરાવનારને કરેલી તમામ ચૂકવણા સદરહુ પ્રોબેટ અથવા વહીવટ-પત્ર કાના દાવા પેટે કરવામાં આવી છે એમ ગણાશે.

પ્રોબેટ અથવા વહીવટ પત્ર રદ કરવામાં ન આવે ત્યાં સુધી જેને તે આપવામાં આવેલ હોય તે જ વ્યક્તિથી દાવો માંડી શકાશે વગેરે.

**૨૧૩.** પ્રોબેટ અથવા વહીવટ-પત્ર આપવામાં આવે ત્યારપછી, જેને તે આપવામાં પ્રોબેટ અથવા આવેલ હોય તે વ્યકિત સિવાયની બીજી કોઈ વ્યકિતને, પ્રોબેટ અથવા વહીવટ-પત્ર વહીવટ પત્ર પાછુ ખેંચી લેવામાં કે રદ કરવામાં ન આવે ત્યાં સુધી જે રાજ્યમાં તે આપવામાં રદ કરવામાં ન

આવેલ હોય તે સમગ્ર રાજ્યમાં કોઈ દાવો માંડવાની કે ચલાવવાની અથવા મૃતક વ્યક્તિના પ્રતિનિધિ તરીકે કાર્ય કરવાની સત્તા રહેશે નહિ.

### પ્રકરણ-૫

## પ્રોબેટ, વહીવટપત્ર અને મૃતક વ્યક્તિની અસ્કયામતનો વહીવટ

**૨૧૪.** આ ભાગથી અથવા તે સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદાથી અન્યથા કોઈ જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય, આ પ્રકરણની જોગવાઈઓ અનુસાર, યથાપ્રસંગ, વિલ જોડેલાં પ્રોબેટ અને વહીવટ-પત્ર આપવામાં આવશે અને બિનવસિયતી વારસા હકના દાખલાઓમાં મૃતકની અસ્ક્યામતનો વહીવટ કરવામાં આવશે. આ પ્રકરણ લાગુ પાડવા બાબત.

## પ્રોબેટ અને વહીવટપત્ર આપવા બાબત

**૨૧૫.** (૧) મૃતક વ્યક્તિ વિલ કર્યા વિના મૃત્યુ પામી હોય, તો આ ભાગના પ્રકરણ-૧ની જોગવાઈઓ અનુસાર જે વ્યક્તિ આવી મૃતક વ્યક્તિની તમામ એસ્ટેટ અથવા તેના કોઈ ભાગ માટે હકદાર હોય, તેને તેણીની/તેની એસ્ટેટનો વહીવટ કરવાનો અધિકાર આપી શકાશે. વહીવટ કરવાનો અધિકાર કોને આપવા બાબત.

(૨) વહીવટ કરવાનો અધિકાર મેળવવા માટે કેટલીક વ્યક્તિઓ અરજી કરે ત્યારે તેમાંની કોઈ એક કે વધુ વ્યક્તિઓને વહીવટ કરવાનો અધિકાર આપવાનું કોર્ટની વિવેકબુદ્ધિ ઉપર રહેશે.

(૩) એવી કોઈ વ્યક્તિ અરજી ન કરે ત્યારે, વહીવટ કરવાનો અધિકાર મૃતકના કોઈ લેણદારને આપી શકાશે.

**૨૧૬.** બિનવસિયત વ્યક્તિના મૃત્યુ પછી તરત જ વહીવટ કરવાનો અધિકાર આપવામાં આવેલો હોય એવી જ અસરકારક રીતે તેના તમામ હકોનો વહીવટ. કરવા માટે વહીવટકર્તાને વહીવટપત્ર હકદાર બનાવે છે. વહીવટપત્રની અસર.

**૨૧૭.** બિનવસિયત વ્યકિતની એસ્ટેટમાં ઘટાડો કરે અથવા તેને નુકસાન પહોંચાડે એવાં વહીવટકર્તાના વચગાળાનાં કાર્યો તેને વહીવટપત્ર મળવાથી માન્ય થતાં નથી. વહીવટ કરવાનો અધિકાર મળવાથી કાર્યો માન્ય ન થવા બાબત.

**૨૧૮.** (૧) વિલથી નિમાયેલા એકઝીક્યુટરને જ પ્રોબેટ આપવામાં આવશે. નિમાયેલા એકઝીક્યુટર ને જ પ્રોબેટ આપવા બાબત.

(૨) એવી નિમણૂંક સ્પષ્ટ શબ્દોમાં હોઈ શકે અથવા એવી હોઈ શકે કે જેનો  ગર્ભિત અર્થ એ જ થાય.

ઉદાહરણો

(૧) "A" વિલ કરે છે કે જો "B" મારો એકઝીક્યુટર થવાની ના પાડે તો ''C''ને મારો એકઝીક્યુટર નીમું છું. આમાં એવું ગભિત છે કે "B"ને એકઝીક્યુટર તરીકે નિમવામાં આવ્યો છે.

(૨) "A" વિલથી "B"ને અમુક વારસો આપે છે અને પોતાની પુત્રવધુ "C" સહિત બીજી વ્યકિતઓને પણ વારસા આપે છે અને ઉમેરે છે કે વિલમાં જણાવેલી મારી પુત્રવધુ "C" હયાત ન હોય તો હું "B"ને એકલીને જ મારી એકઝીક્યુટર તરીકે નીમું છું. આમાં એવું ગભિત છે કે "C"ને એકઝીક્યુટર તરીકે નિમવામાં આવે છે.

(૩) "A" કેટલીક વ્યકિતઓને પોતાના વિલ અને કોડિસિલોના એક્ઝિકયુટરો તરીકે અને પોતાના ભત્રીજા/ભાણેજને શેષ વસિયતદાર તરીકે નીમે છે અને એક બીજી કોડિસિલમાં આ પ્રમાણે શબ્દો છે હું મારા ભત્રીજા/ભાણેજને મારા વિલ અને જુદ અને જુદી તારીખે સહી કરેલા કોડિસિલો અંગે કાયદેસરની તમામ માંગણીઓ અદા કરવા માટે મારા શેષ વસિયતદાર તરીકે નીમું છું. આમાં એવું ગર્ભિત છે કે તે ભત્રીજ ભાણેજને એકઝીક્યુટર તરીકે નિમવામાં આવે છે.

કોને પ્રોબેટ આપી ન શકાય.

**૨૧૯.** સગીર અથવા અસ્થિર મગજની વ્યક્તિને તેમજ આ અર્થે રાજ્ય સરકાર, ગુજરાત સરકારી રાજપત્રમાં, જાહેરનામાથી કરે, તે નિયમોથી ઠરાવેલી શરતો મુજબની કંપની ન હોય એવાં વ્યક્તિઓનાં કોઈ મંડળને પ્રોબેટ આપી શકાય નહિ.

કેટલાંક એકઝીક્યુટરો-ને એક સાથે અથવા જુદાં જુદાં સમયે પ્રોબેટ આપવા બાબત.

**૨૨૦.** કેટલાંક એકઝીક્યુટરો નિમવામાં આવે ત્યારે, તેઓને એક સાથે અથવા જુદાં જુદાં સમયે પ્રોબેટ આપી શકાશે.

ઉદાહરણ

''A" સ્પષ્ટ નિમણૂકના આધારે "B"ના વિલનો એક્ઝિક્યુટર છે અને "C" તે વિલનો એકઝીકયુટર છે એવું ગભિત છે. "A" અને "C"ને એકજ સમયે અથવા પ્રથમ "A"ને અને પછી "C"ને અથવા પ્રથમ "C"ને અને પછી "A"ને પ્રોબેટ આપી શકાશે.

**૨૨૧.** (૧) પ્રોબેટ આપ્યા પછી કોઈ કોડિસિલ મળી આવે ત્યારે, વિલથી કરેલી એક્ઝિક્યુટરોની નિમણક તેથી કોઈ પ્રકારે રદ થતી ન હોય, તો એકઝીક્યુટરને તે કોડિસિલનું જુદું પ્રોબેટ આપી શકાશે.

પ્રોબેટ આપ્યા પછી મળી આવેલી કોડિસિલનું જુદું પ્રોબેટ.

(૨) કોડિસિલથી જુદા એકઝીક્યુટરો નિમવામાં આવ્યા હોય, તો વિલનું પ્રોબેટ રદ કરવું જોઈશે અને વિલનું અને કોડિસિલનું એક સાથે નવું પ્રોબેટ આપવું જોઈશે.

**૨૨૨.** કેટલાંક એકઝીક્યુટરોને પ્રોબેટ આપવામાં આવ્યું હોય અને તેમાંનો એક મૃત્યુ પામે ત્યારે, હયાત એકઝીક્યુટર અથવા એકઝીક્યુટરોને વિલ કરનારનું પૂરૂં પ્રતિનિધિત્વ પ્રાપ્ત થાય છે.

હયાત એકઝીક્યુટર-ને પ્રતિનિધિત્વ પ્રાપ્ત થવા બાબત.

**૨૨૩.** વિલનું પ્રોબેટ આપવામાં આવે ત્યારે વિલ કરનારના મૃત્યુ સમયથી તે પ્રોબેટ વિલને સ્થાપિત કરે છે અને એક્ઝિક્યુટરે પોતાની એવી હેસિયતથી કરેલાં વચગાળાનાં કાર્યોને માન્ય બનાવે છે.

પ્રોબેટની અસર.

**૨૨૪.** કોઈ રાજ્યની હદ બહાર ભારતમાં આવેલી કે ભારતની હદ બહાર આવેલી યોગ્ય હકૂમતવાળી કોઈ કોર્ટમાં કોઈ વિલ સાબિત કરીને અનામત મૂકવામાં આવ્યું હોય અને તે વિલની યોગ્ય રીતે પ્રમાણિકૃત કરેલી નકલ રજુ કરવામાં આવે ત્યારે, એવી નકલની એક નકલ સાથેનો વહીવટપત્ર આપી શકાશે.

રાજ્ય બહાર સાબિત કરેલા વિલની પ્રમાણિકૃત નકલનો નકલ જોડેલ વહીવટ કરવાનો અધિકાર આપવા બાબત.

**૨૨૫.** એકઝીક્યુટર તરીકે નીમેલી કોઈ વ્યક્તિએ એકઝીક્યુટરપદ છોડી દીધું ન હોય ત્યારે, તે વ્યકિત, તેણીનું/તેનું એકઝીક્યુટરપદ સ્વીકારે છે કે છોડી દે છે તે બાબત પૂછવા માટે આજ્ઞાપત્ર કાઢવામાં ન આવે ત્યાં સુધી, બીજી કોઈ વ્યકિતને વહીવટપત્ર આપી શકાશે નહિ:

પરંતુ કેટલાંક એકઝીક્યુટરો પૈકી એક અથવા વધુ એકઝીક્યુટરોએ કોઈ વિલ સાબિત કર્યું હોય ત્યારે, સાબિત કરનારાઓ પૈકી છેલ્લા હયાત એકઝીકયુટરનું મૃત્યુ થતાં, કોર્ટ, જેઓએ વિલ સાબિત કર્યું ન હોય તેમને બોલાવીને પુછ્યા વિના વહીવટપત્ર આપી શકશે.

એકઝીક્યુટરે એકઝીક્યુટર પદ છોડી દીધુ ન હોય ત્યારે વહીવટ કરવાનો અધિકાર આપવા બાબત.

એકઝીક્યુટર પદ છોડી દેવાની રીત અને તેની અસર.

**૨૨૬.** ન્યાયાધીશની હાજરીમાં મૌખિક રીતે એકઝીક્યુટરપદ છોડી શકાશે અથવા છોડી દેનાર વ્યક્તિની સહીવાળા લખાણથી તે છોડી શકાશે અને છોડી દેવામાં આવે તો ત્યારપછી તેણીને/તેને એકઝીક્યુટર તરીકે નીમતા વિલના પ્રોબેટ માટે અરજી કરવામાં તેણીને/તેને હંમેશને માટે બાધ આવશે.

મર્યાદિત સમયમાં એકઝીક્યુટર, એકઝીક્યુટર પદ છોડી ન દે અથવા સ્વીકારે નહિ ત્યારે અનુસરવાની કાર્યરીતિ.

**૨૨૭.** એકઝીકયુટરપદ છોડી દેવા અથવા ન સ્વીકારવા માટેની સમય મર્યાદાની અંદર કોઈ એકઝીકયુટર તે છોડી દે અથવા સ્વીકારે નહિ, તો બિનવસિયતતાના દાખલામાં વહીવટ કરવા હકદાર હોય તે વ્યક્તિ વિલ સાબિત કરી શકશે અને તેને વિલની કોપી જોડેલો વહીવટપત્ર આપી શકાશે.

તમામ મિલકતના અથવા શેષ મિલકતના વસિયતદારને વહીવટ કરવાનો અધિકાર આપવા બાબત.

**૨૨૮.** જ્યારે-

(૧) મૃતક વ્યક્તિએ વિલ કર્યું હોય પણ કોઈ એક્ઝિક્યુટર નીમ્યો ન હોય, અથવા

(૨) મૃતક વ્યકિતએ એક્ઝિક્યુટર નીમ્યો હોય પણ, તે કાયદેસર રીતે અસમર્થ હોય અથવા એકઝીક્યુટર તરીકે કાર્ય કરવાની ના પાડે અથવા વિલ કરનારના મૃત્યુ પહેલાં અથવા તેણી/પોતે વિલ સાબિત કર્યા પહેલાં મૃત્યુ પામ્યો હોય, અથવા

(૩) વિલ સાબિત કર્યા પછી પણ મૃતક વ્યકિતની તમામ એસ્ટેટનો વહીવટ કર્યા પહેલાં એકઝીક્યુટર મૃત્યુ પામ્યો હોય,

ત્યારે તમામ મિલકતના અથવા શેષ મિલકતના વસિયતદારને સદરહુ વિલ સાબિત કરવાની પરવાનગી આપી શકાશે, અને તેને તમામ એસ્ટેટનું અથવા વહીવટ કર્યા વિનાની હોય તેટલી એસ્ટેટનો વિલ જોડેલો વહીવટપત્ર આપી શકાશે.

મૃતક શેષ વસિયતદારના પ્રતિનિધિને વહીવટ કરવાનો અધિકાર મેળવવાનો હક.

**૨૨૯.** ફાયદાકારક હિત ધરાવનાર શેષ વસિયતદાર વિલ કરનારની પાછળ હયાત હોય પણ એસ્ટેટનો પૂરો વહીવટ થયા પહેલાં મૃત્યુ પામે ત્યારે, તેણીના/તેના પ્રતિનિધિને વિલ જોડેલો વહીવટ કરવાનો અધિકાર મેળવવાનો શેષ વસિયતદારને હોય એવો જ હક છે.

**૨૩૦.** કોઈ એકઝીકયુટર અથવા કોઈ શેષ વસિયતદાર અથવા શેષ-વસિયતદારનો પ્રતિનિધિ ન હોય અથવા તેણી/તે કાર્ય કરવાની ના પાડે અથવા કાર્ય કરવા માટે અસમર્થ વસિયતદાર હોય અથવા તે મળી આવે નહિ ત્યારે મૃતક-વ્યકિત વિલ કર્યા વિના મૃત્યુ પામી હોત અને જે વ્યકિત તેની એસ્ટેટનો વહીવટ કરવા હકદાર થાત એવી વ્યક્તિ અથવા વ્યક્તિઓને અથવા જેને ફાયદાકારક હિત હોય એવા બીજા કોઈ વસિયતદારને અથવા કોઈ લેણદારને વિલ સાબિત કરવા માટે પરવાનગી આપી શકાશે અને તેણીને/તેને અથવા તેઓને તદનુસાર વહીવટપત્ર આપી શકાશે.

એકઝીકયુટર અથવા કોઈ શેષ વસિયતદાર અથવા શેષ-વસિયતદારનો પ્રતિનિધિ ન હોય ત્યારે વહીવટ કરવાનો અધિકાર આપવા બાબત.

**૨૩૧.** તરત નજીકનાં સગાંઓ વહીવટપત્ર સ્વીકારે છે કે સ્વીકારવાની ના પાડે છે તે બાબત પૂછવા માટે આમાં હવે પછી જણાવેલી રીતે આજ્ઞાપત્ર કાઢી પ્રસિધ્ધ કરવામાં ન આવે ત્યાં સુધી, તમામ મિલકતના અથવા શેષ મિલકતના વસિયતદાર સિવાયના બીજા કોઇ વસિયતદારને વિલ જોડેલો વહીવટપત્ર આપી શકાશે નહિ.

તમામ મિલકતના અથવા શેષ મિલકતના વસિયતદાર સિવાયના બીજા વસિયતદારને વહીવટ કરવાનો અધિકાર આપતાં પહેલાં આજ્ઞાપત્ર કાઢવા બાબત.

**૨૩૨.** સગીર અથવા અસ્થિર મગજની વ્યક્તિને તેમજ આ માટે રાજય સરકાર ગુજરાત સરકારી રાજપત્રમાં જાહેરનામાથી કરે તે નિયમોથી ઠરાવેલી શરતો મુજબની કંપની ન હોય એવાં વ્યકિતઓના મંડળને વહીવટપત્ર આપી શકાય નહિ.

કોને વહીવટ કરવાનો અધિકાર આપી શકાય નહીં.

રાજ્ય વિધાનમંડળ સમક્ષ નિયમો મુકવા બાબત.

**૨૩૩.** કલમ ૨૧૯ અને કલમ ૨૩૨ હેઠળ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ દરેક નિયમ, તે બનતી ત્વરાએ, રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવામાં આવશે.

## મર્યાદિત પ્રોબેટ અથવા વહીવટપત્રો આપવા વિષે

## મર્યાદિત સમય માટે પ્રોબેટ અથવા વહીવટપત્રો આપવા વિષે

ખોવાઈ ગયેલ વિલની નકલ

**૨૩૪.** વિલ કરનારના મૃત્યુ પછી કોઈ વિલ ખોવાઈ ગયું હોય અથવા આડુઅવળું મૂકાઇ ગયું હોય અથવા વિલ કરનારના કોઇ કાર્યથી નહિ પણ કોઈ અપકૃત્ય અથવા અકસ્માતને કારણે નાશ પામ્યું હોય અને તે વિલની નકલ અથવા મુસદ્દો જાળવી રાખવામાં આવ્યો હોય ત્યારે, એવી નકલ અથવા મુસદ્દાનું પ્રોબેટ, અસલ વિલ અથવા તેની યોગ્ય રીતે પ્રમાણીકૃત કરેલી નકલ રજુ કરવામાં ન આવે ત્યાં સુધીના સમય માટે આપી શકાશે.

ખોવાઈ ગયેલા અથવા નષ્ટ થયેલા વિલના મજકૂરનું પ્રોબેટ.

**૨૩૫.** કોઈ વિલ ખોવાઈ ગયું હોય અથવા નાશ પામ્યું હોય અને તેની નકલ કરી લેવામાં આવી ન હોય તેમજ તેનો મુસદ્દો જાળવી રાખવામાં આવ્યો ન હોય ત્યારે, જો તે વસિયતનો મજકૂર પુરાવાથી સાબિત કરી શકાય તો તે મજકૂરનું પ્રોબેટ આપી શકાશે.

અસલ વિલ અસ્તિત્વમાં હોય ત્યારે તેની નકલનું પ્રોબેટ.

**૨૩૬.** વિલ, જે રાજયમાં પ્રોબેટ માટે અરજી કરવામાં આવી હોય તેની બહાર રહેતી કોઈ વ્યકિતના કબજામાં હોય અને તેણે તે વિલ આપવાની ના પાડી હોય અથવા આપી દેવામાં બેદરકારી બતાવી હોય પણ તેની નકલ એકઝીકયુટરને મોકલી આપી હોય અને અસલ વિલ આવે ત્યાં સુધી રાહ જોયા વિના એસ્ટેટના હિત માટે પ્રોબેટ આપવું જરૂરી હોય ત્યારે, એ રીતે મોકલેલી નકલનું પ્રોબેટ, સદરહુ વિલ અથવા તેની પ્રમાણીકૃત નકલ રજુ ન થાય ત્યાં સુધીના સમય માટે આપી શકાશે.

વિલ રજૂ ન થાય ત્યાં સુધી વહીવટ કરવાનો અધિકાર આપવા બાબત.

**૨૩૭.** મૃતક વ્યકિતનું કોઈ વિલ હાથ આવતું ન હોય પણ તેનું કોઈ વિલ અસ્તિત્વમાં છે એમ માનવાને કારણ હોય ત્યારે સદરહુ વિલ અથવા તેની પ્રમાણીકૃત નકલ રજુ ન થાય ત્યાં સુધીના સમય માટે વહીવટપત્ર આપી શકાશે.

## હક ધરાવતી અન્ય વ્યકિતઓના ઉપયોગ અને ફાયદા માટે પ્રોબેટ અથવા વહીવટપત્ર આપવા વિષે

**૨૩૮.** જે રાજ્યમાં અરજી કરવામાં આવી હોય તેમાંથી કોઈ એકઝીકયુટર ગેરહાજર હોય અને કાર્ય કરવા માટે રાજી હોય તેવો તે રાજ્યમાં કોઈપણ એકઝીકયુટર ન હોય ત્યારે, ગેરહાજર એકઝીકયુટર પોતે/તેણી પ્રોબેટ અથવા વહીવટપત્ર મેળવે નહિ ત્યાં સુધીના સમય માટે તે એકઝીકયુટરના ઉપયોગ તથા ફાયદા માટે તેના એટર્ની અથવા એજન્ટને વિલ જોડેલો વહીવટપત્ર આપી શકાશે.

ગેરહાજર એક્ઝીક્યુટરના એટર્નીને વિલ જોડેલો વહીવટ કરવાનો અધિકાર આપવા બાબત.

**૨૩૯.** પોતે હાજર હોત અને જેને વિલ જોડેલો વહીવટપત્ર આપવામાં આવ્યો હોત તેવી કોઈ વ્યકિત રાજયમાંથી ગેરહાજર હોય ત્યારે, કલમ ૨૩૮માં જણાવ્યા પ્રમાણેના સમય માટે તેના/તેણીના એટર્ની અથવા એજન્ટને વિલ જોડેલો વહીવટપત્ર આપી શકાશે.

પોતે હાજર હોત અને વહીવટ કરવા હકદાર હોત એવી ગેરહાજર વ્યક્તિના એટર્નીને વસિયત જોડેલો વહીવટ કરવાનો અધિકાર આપવા બાબત.

**૨૪૦.** બિનવસિયતતાના કિસ્સામાં વહીવટ કરવા હકદાર વ્યક્તિ રાજ્યમાંથી ગેરહાજર હોય અને એજ પ્રમાણે હકદાર હોય એવી બીજી કોઇપણ વ્યકિત કાર્ય કરવા રાજી ન હોય ત્યારે, કલમ ૨૩૮માં જણાવેલા સમય માટે સદરહુ ગેરહાજર વ્યક્તિના એટર્ની અથવા એજન્ટને વહીવટપત્ર આપી શકાશે.

બિન વસિયતતાના દાખલામાં વહીવટ કરવા હકદાર વ્યક્તિ ગેરહાજર હોય તો તેના એટર્નીને વહીવટ કરવાનો અધિકાર આપવા બાબત.

એકમાત્ર એક્ઝીક્યુટર અથવા શેષ વસિયતદારની સગીરાવસ્થા દરમિયાન વહીવટ કરવાનો અધિકાર આપવા બાબત.

**૨૪૧.** કોઈ સગીર વ્યક્તિ પોતે એકમાત્ર એકઝીક્યુટર અથવા એકમાત્ર શેષ-વસિયતદાર હોય ત્યારે તે પુખ્ત વયની ન થાય ત્યાં સુધી તેના કાયદેસરના વાલીને અથવા કોર્ટને યોગ્ય જણાય તેવી બીજી વ્યક્તિને વિલ જોડેલો વહીવટપત્ર આપી શકાશે અને સગીર વ્યક્તિ પુખ્તવયની થાય ત્યારે તેને વિલનું પ્રોબેટ આપી શકાશે અને તે પહેલાં આપી શકાશે નહિ.

એકથી વધુ એક્ઝીક્યુટરો અથવા શેષ વસિયતદારોની સગીરાવસ્થા દરમિયાન વહીવટ કરવાનો અધિકાર આપવા બાબત.

**૨૪૨.** બે કે વધુ સગીર એકઝીકયુટરો હોય અને કોઈ એકઝીક્યુટર પુખ્ત વયનો ન હોય અથવા બે કે વધુ શેષ વસિયતદારો હોય અને કોઇ શેષ વસિયતદાર પુખ્ત વયનો ન હોય ત્યારે તેમાંનો એક પુખ્ત વયનો ન થાય ત્યાં સુધીના સમય માટે જ વહીવટપત્ર આપી શકાશે.

પાગલ અથવા સગીર વ્યક્તિના ઉપયોગ અને ફાયદા માટે વહીવટ કરવાનો અધિકાર આપવા બાબત.

**૨૪૩.** કોઈ એકમાત્ર એકઝીક્યુટર અથવા તમામ કે શેષ મિલકતનો એક માત્ર વસિયતદાર અથવા આ ભાગના પ્રકરણ-૧ની જોગવાઇઓ અનુસાર પોતે એકલી જ હકદાર હોય એવી વ્યકિત, સગીર અથવા પાગલ હોય, તો જે વ્યક્તિને યોગ્ય સત્તાધિકારીએ મૃતકની એસ્ટેટની સંભાળ રાખવાનું સોપ્યું હોય તેને અથવા એવી કોઈ વ્યકિત ન હોય તો કોર્ટને નીમવી યોગ્ય લાગે તે બીજી વ્યક્તિને, યથાપ્રસંગ, સગીર વ્યક્તિ પુખ્ત વયની ન થાય અથવા પાગલ વ્યકિત સ્થિર મગજની ન થાય ત્યાં સુધી તેના ઉપયોગ અને ફાયદા માટે, યથાપ્રસંગ, વસિયત જોડેલો અથવા જોડ્યાયા વિનાનો વહીવટપત્ર આપવામાં આવશે.

દાવો ચાલુ હોય ત્યાં સુધી વહીવટ કરવાનો અધિકાર આપવા બાબત.

**૨૪૪.** કોઈ મૃતક વ્યક્તિના વિલની માન્યતાને સ્પર્શતો અથવા કોઈ પ્રોબેટ અથવા વહીવટપત્ર મેળવવા માટેનો કે તે રદ કરાવવા માટેનો કોઈ દાવો નિકાલ બાકી હોય તે દરમિયાન, કોર્ટ તે મૃતક વ્યકિત એસ્ટેટનો વહીવટકર્તા નીમી શકશે, જેને તે એસ્ટેટની વહેંચણી કરવાના હક

સિવાયના સામાન્ય વહીવટકર્તાના તમામ હકો અને સત્તા રહેશે અને એવો દરેક વહીવટકર્તા કોર્ટના સીધા નિયંત્રણને અધીન રહેશે અને તેણે કોર્ટના આદેશ હેઠળ કાર્ય કરવું જોઈશે.

### ખાસ હેતુઓ માટે પ્રોબેટ અથવા વહીવટપત્ર આપવા વિષે

**૨૪૫.** વિલમાં નિર્દિષ્ટ કરેલા મર્યાદિત હેતુ માટે કોઈ એકઝીક્યુટર નિમવામાં આવે, તો પ્રોબેટ તે હેતુ પૂરતું મર્યાદિત રહેશે, અને એક્ઝિક્યુટર જો પોતાના વતી વહીવટ કરવાનો અધિકાર મેળવવા કોઈ એટર્ની અથવા એજન્ટ નીમે તો વિલ જોડેલો વહીવટપત્ર તદનુસાર મર્યાદિત રહેશે.

વિલમાં નિર્દિષ્ટ કરેલા હેતુ પૂરતું મર્યાદિત પ્રોબેટ.

**૨૪૬.** સામાન્ય રીતે નિમાયેલો કોઈ એકઝીક્યુટર પોતાના/તેણી વતી વિલ સાબિત કરવા માટે કોઇ એટર્ની કે એજન્ટને અધિકાર આપે અને તે અધિકારનો કોઈ ખાસ હેતુ પૂરતો મર્યાદિત રાખે, તો વિલ જોડેલો વહીવટપત્ર તદનુસાર મર્યાદિત રહેશે.

ખાસ હેતુ પૂરતો વિલ જોડેલો વહીવટ કરવાનો મર્યાદિત અધિકાર આપવા બાબત.

**૨૪૭.** જે મિલકતનો પોતે/તેણી એકમાત્ર અથવા છેલ્લો હયાત ટ્રસ્ટી હોય અથવા જેમાં પોત ને માટે કશું ફાયદાકારક હિત ન હોય એવી મિલક્ત મૂકીને કોઈ વ્યક્તિ મૃત્યુ પામે અને કોઈ સમાન્ય પ્રતિનિધિ મૂકી ન જાય અથવા એવો પ્રતિનિધિ મૂકી જાય કે જે પ્રતિનિધિ તરીકે કાર્ય કરવા માટે અશકત હોય અથવા રાજી ન હોય ત્યારે, તે મિલકતના હિતાધિકારીને અથવા તેના વતી કોઈ બીજી વ્યક્તિને તે મિલકત પૂરતો મર્યાદિત વહીવટપત્ર આપી શકાશે.

જેમાં કોઇ વ્યક્તિને ફાયદાકારક હિત હોય તે મિલકત પૂરતો વહીવટ કરવાનો મર્યાદિત અધિકાર આપવા બાબત.

**૨૪૮.** કોઈ નિકાલ બાકી દાવામાં કોઈ મૃતક વ્યક્તિના પ્રતિનિધિને પક્ષકાર બનાવવો જરૂરી હોય અને એકઝીક્યુટર અથવા વહીવટ કરવા હકદાર વ્યક્તિ કાર્ય કરવા માટે અશકત હોય અથવા રાજી ન હોય ત્યારે, એવા દાવાનો કોઈ પક્ષકાર જેનું નામ આપે તે વ્યકિતને સદરહુ દાવામાં અથવા તે પક્ષકારો અથવા બીજા કોઈ પક્ષકારો વચ્ચે તે જ કોર્ટમાં અથવા બીજી કોઈ કોર્ટમાં શરૂ

દાવા પૂરતો વહીવટ કરવાનો મર્યાદિત અધિકાર.

કરવામાં આવે એવી સદરહુ કાર્યવાહી અથવા દાવાની મુદ્દામાંની હકીકતને સ્પર્શતી બીજી કોઈ કાર્યવાહી અથવા દાવામાં મૃતકનું પ્રતિનિધિત્વ કરવાના હેતુ પૂરતો મર્યાદિત અને તેમાં આખરી હુકમનામું ન થાય અને તેની સંપૂર્ણ બજવણી ન થાય ત્યાં સુધીના સમય માટે વહીવટપત્ર આપી શકાશે.

વહીવટ કરનાર સામે લાવવાના દાવામાં પક્ષકાર બનાવવાના હેતુ પૂરતો વહીવટ.

**૨૪૯.** કોઈ પ્રોબેટ અથવા વહીવટપત્રની તારીખથી બાર મહિના પૂરા થાય ત્યારે જેને તે આપવામાં આવેલ હોય તે એકઝીક્યુટર અથવા વહીવટકર્તા તે પ્રોબેટ અથવા વહીવર્ટપત્ર આપનાર કોર્ટ જે રાજ્યમાં હકૂમત ભોગવતી હોય તેમાંથી ગેરહાજર હોય, તો કોર્ટ પોતાને યોગ્ય લાગે તે વ્યક્તિને એક્ઝિક્યુટર અથવા વહીવટકર્તા સામે લાવવાના દાવામાં પક્ષકાર થવાના અને તેને પક્ષકાર બનાવવાના અને તે દાવામાં જે હુકમનામું કરી આપવામાં આવે તેનો અમલ કરવાના હેતુ પૂરતો મર્યાદિત વહીવટપત્ર આપી શકશે.

મૃતક વ્યક્તિની મિલકત એકત્રિત કરવા અને સાચવવા પૂરતો વહીવટ કરવાનો મર્યાદિત અધિકાર.

**૨૫૦.** કોઈ મૃતક વ્યક્તિની મિલકત સાચવવા માટે જરૂરી જણાય એવા મૃતક દાખલામાં જેની હકૂમતમાં તે મિલકતમાંની કંઈ મિલકત આવેલી હોય તે કોર્ટ પોતાને યોગ્ય લાગે તે વ્યક્તિને કોર્ટના આદેશોને અધીન રહીને તે મિલકત એકત્રિત કરવા અને સાચવવા અને મૃતકની એસ્ટેટના લેણાં વસૂલ કરી પહોંચ આપવા પૂરતો મર્યાદિત વહીવટપત્ર આપી શકશે.

સાધારણ સંજોગોમાં વહીવટ કરવા માટે હકદાર વ્યક્તિ સિવાયની કોઇ વ્યક્તિની વહીવટકર્તા તરીકે નિમણૂક.

**૨૫૧. (૧)** કોઈ વ્યકિત વિલ કર્યા વિના અથવા જે વિલનો કોઈપણ એકઝીક્યુટર કાર્ય કરવા માટે રાજી ન હોય અને ક્ષમતા ધરાવતો ન હોય એવું વિલ મૂકીને મૃત્યુ પામ્યો હોય ત્યારે અથવા એવી વ્યકિતના મૃત્યુ સમયે એકઝીકયુટર રાજ્ય બહાર રહેતો હોય અને સાધારણ સંજોગોમાં વહીવટ કરવાનો અધિકાર મેળવવા હકદાર વ્યકિત સિવાયની કોઈ બીજી વ્યકિતને તે એસ્ટેટનો વહીવટ કરવા માટે નીમવાનું કોર્ટને જરૂરી અથવા સગવડભર્યું જણાય ત્યારે કોર્ટ, પોતાની વિવેકબુધ્ધિ અનુસાર લોહીનો સંબંધ, કેટલું હિત છે તેં, એસ્ટેટની સલામતિ અને તેનો યોગ્ય રીતે વહીવટ થવાનો સંભવ ધ્યાનમાં રાખીને, પોતાને યોગ્ય લાગે તે વ્યકિતને વહીવટકર્તા તરીકે નીમી શકશે.

(૨) એવા દરેક દાખલામાં વહીવટપત્ર કોર્ટને યોગ્ય લાગે તે મુજબ મર્યાદિત હોઈ શકે અથવા ન હોઈ શકે.

## અપવાદ સાથે પ્રોબેટ અથવા વહીવટપત્ર આપવા વિષે

**૨૫૨.** કેસનો પ્રકાર જોતાં કોઈ અપવાદ રાખવો જરૂરી હોય ત્યારે વિલનું પ્રોબેટ અથવા વિલ જોડેલો વહીવટપત્ર, એવો અપવાદ રાખીને આપવામાં આવશે.

અપવાદને અધીન પ્રોબેટ અથવા વિલ જોડેલો વહીવટ.

**૨૫૩.** કેસનો પ્રકાર જોતાં કોઈ અપવાદ રાખવો જરૂરી હોય, ત્યારે અપવાદ રાખીને વહીવટપત્ર આપવામાં આવશે.

અપવાદ સાથે વહીવટ કરવાનો અધિકાર.

## શેષ મિલકતનું પ્રોબેટ અથવા વહીવટપત્ર આપવા વિષે

**૨૫૪.** અપવાદ સાથે કોઈ પ્રોબેટ અથવા વિલ જોડેલો કે જોડયા વિનાનો વહીવટપત્ર આપવામાં આવેલ હોય ત્યારે, મૃતક વ્યકિતની એસ્ટેટના શેષ ભાગના પ્રોબેટ અથવા વહીવટ કરવાના અધિકાર માટે હકદાર વ્યકિત, યથાપ્રસંગ, મૃતકની એસ્ટેટના શેષ ભાગનું પ્રોબેટ અથવા વહીવટપત્ર મેળવી શકશે.

શેષ મિલકતનું પ્રોબેટ અથવા વહીવટ કરવાનો અધિકાર.

## વહીવટ કર્યા વિનાની માલમત્તાનું પ્રોબેટ અથવા વહીવટપત્ર આપવા વિષે

**૨૫૫.** જેને પ્રોબેટ આપવામાં આવેલ હોય તે એકઝીકયુટર વિલ કરનારની એસ્ટેટના કોઈ ભાગનો વહીવટ કર્યા વિના મૃત્યુ પામે, તો તે એસ્ટેટના એટલા ભાગનો વહીવટ કરવા માટે નવો પ્રતિનિધિ નીમી શકાશે.

વહીવટ કર્યા વિનાની માલમત્તાનું પ્રોબેટ અથવા વહીવટપત્ર આપવા વિષે.

**૨૫૬.** જેનો પૂરો વહીવટ થયો ન હોય એવી એસ્ટેટનો વહીવટપત્ર આપવામાં કોર્ટે મૂળ પ્રોબેટ અથવા વહીવટપત્ર આપવાને લાગુ પડતા હોય એજ નિયમોને અનુસરવું જોઈશે અને જેમને મૂળ પ્રોબેટ અથવા વહીવટપત્ર આપી શકાયો હોત તેજ વ્યકિતઓને વહીવટપત્ર આપવો જોઈશે.

વહીવટ કર્યા વિનાની માલમત્તાનું પ્રોબેટ અથવા વહીવટપત્ર આપવા અંગેના નિયમો.

મર્યાદિત પ્રોબેટ અથવા વહીવટપત્રથી આપેલો અધિકાર પૂરો થયો હોય અને એસ્ટેટનો કોઇ ભાગ વહીવટ કર્યા વિનાનો રહ્યો હોય ત્યારે વહીવટ કરવાનો અધિકાર આપવા બાબત.

**૨૫૭.** કોઈ મર્યાદિત પ્રોબેટ અથવા વહીવટપત્રથી આપેલો અધિકાર સમય વીતી જવાથી અથવા જે બનાવ અથવા ઘટના બનવા ઉપર તે મર્યાદિત રાખવામાં આવેલ હોય તે બનવાથી પૂરો થયો હોય અને મૃતક વ્યકિતની એસ્ટેટનો કોઈ ભાગ વહીવટ કર્યા વિનાનો રહી ગયો હોય ત્યારે, જેમને મૂળ પ્રોબેટ અથવા વહીવટપત્ર આપી શકાયો હોત તે વ્યકિતઓને વહીવટપત્ર આપવો જોઈશે.

## આપેલા પ્રોબેટ અથવા વહીવટપત્રમાં ફેરફાર કરવા અને તે રદ કરવા વિષે

કોર્ટથી કઈ ભૂલો સુધારી શકાય.

**૨૫૮.** નામમાં અને વર્ણનમાં અથવા મૃતક વ્યકિતના મૃત્યુનો સમય અને સ્થળ જણાવવામાં અથવા કોઈ મર્યાદિત પ્રોબેટ અથવા વહીવટપત્રમાં તે આપવાના હેતુમાં થયેલી ભૂલો કોર્ટથી સુધારી શકાશે અને આપેલાં પ્રોબેટમાં અથવા વહીવટપત્રમાં તદનુસાર ફેરફાર કરી તેને સુધારી શકાશે.

વિલ જોડેલો વહીવટપત્ર આપ્યા પછી કોડિસિલ મળી આવે ત્યારે અનુસરવાની કાર્યરીતિ.

**૨૫૯.** વિલ જોડેલો વહીવટપત્ર આપ્યા પછી કોઈ કોડિસિલ મળી આવે તો, તેની યોગ્ય સાબિતી અને ઓળખ થયે તેને વહીવટપત્રમાં ઉમેરી શકાશે અને વહીવટપત્રમાં તદનુસાર ફેરફાર કરી તેને સુધારી શકાશે.

વ્યાજબી કારણસર પાછું ખેંચી લેવા અથવા રદ કરવા બાબત.

**૨૬૦.** આપેલું પ્રોબેટ અથવા વહીવટપત્ર વાજબી કારણસર પાછું ખેંચી લઇ શકાશે અથવા તેને રદ કરી શકાશે.

સ્પષ્ટીકરણ. નીચે પ્રમાણે હોય ત્યારે વાજબી કારણ છે એમ ગણાશે :

(ક) પ્રોબેટ અથવા વહીવટપત્ર મેળવવા માટેની કાર્યવાહી મહત્વની બાબતમાં ખામીવાળી હોય ત્યારે; અથવા

(ખ) ખોટું સૂચન કરીને અથવા કેસને લગતી કોઈ મહત્વની બાબત કોર્ટથી છુપાવીને કપટથી પ્રોબેટ અથવા વહીવટપત્ર મેળવ્યું હોય ત્યારે; અથવા

(ગ) પ્રોબેટ અથવા વહીવટપત્ર મેળવવા માટે, કાયદાની દ્રષ્ટિએ આવશ્યક એવી હકીકત હોવાનો ખોટો આક્ષેપ કરીને તે મેળવ્યું હોય ત્યારે; પછી ભલે એવો આક્ષેપ અજાણતાં કે શરતચૂકથી કરવામાં આવ્યો હોય;

(ઘ) આપેલું પ્રોબેટ અથવા વહીવટપત્ર સંજોગોવશાત નકામું અને બિનઅમલી થઇ ગયું હોય ત્યારે; અથવા

(ચ) જેને પ્રોબેટ અથવા વહીવટ પત્ર આપવામાં આવ્યું હોય તે વ્યકિતઓ જાણીબુજીને અને વાજબી કારણ વિના કલમ ૩૧૧ થી ૩૨૬ અનુસાર કોઈ યાદી અથવા હિસાબ બતાવેલ ન હોય અથવા તે જોગવાઇઓ હેઠળ એવી યાદી અથવા હિસાબ બતાવેલ હોય કે જે મહત્વની બાબત અંગે ખરો ન હોય ત્યારે.

ઉદાહરણો

(૧) જેણે પ્રોબેટ અથવા વહીવટ પત્ર આપેલ ન હોય તે કોર્ટને કોઈપણ હકૂમત ન હતી.

(૨) જે પક્ષકારોને કોર્ટમાં બોલાવી પૂછવું જોઈતું હતું તેમને બોલાવીને પૂછ્યા વિના પ્રોબેટ અથવા વહીવટપત્ર આપવામાં આવ્યું હતું.

(૩) જેનું પ્રોબેટ મેળવવામાં આવ્યું હતું તે વિલ બનાવટી હતું અથવા તેને રદ કરવામાં આવ્યુ હતું.

(૪) A એ B ની વિધવા તરીકે B ની એસ્ટેટનો વહીવટ કરવા માટે વહીવટપત્ર મેળવ્યું પણ ત્યારપછી એવું બહાર આવ્યું છે કે તેણે B સાથે કદી લગ્ન કર્યા નથી.

(૫) B ની એસ્ટેટનો વહીવટ કરવા માટે તે વિલ કર્યા વિના મૃત્યુ પામેલ હોય તેમ A એ વહીવટપત્ર મેળવ્યું છે, પણ ત્યારપછી "ખ" નું વિલ મળી આવ્યું છે.

(૬) પ્રોબેટ અપાયા પછી પાછળથી કરેલું વિલ મળી આવ્યું છે.

(૭) પ્રોબેટ અપાયા પછી એવી કોડિસિલ મળી આવેલ છે કે જેથી વિલ હેઠળની એક્ઝિક્યુટરોની નિમણૂક રદ કરવામાં આવેલ છે અથવા તેમાં વધારો કરવામાં આવેલ છે.

(૮) જેને પ્રોબેટ અથવા વહીવટપત્ર આપવામાં આવેલ છે તે વ્યકિત પાછળથી અસ્થિર મગજની થઇ ગઇ છે.

**પ્રોબેટ અને વહીવટપત્ર આપવામાં અને પાછું ખેંચી લેવામાં અનુસરવાની કાર્યપદ્ધતિ.**

પ્રોબેટ વિગેરે આપવાની અને રદ કરવાની જિલ્લા ન્યાયાધીશની હકૂમત.

**૨૬૧.** જિલ્લા ન્યાયાધીશને પોતાના જિલ્લાની અંદર, તમામ દાખલામાં પ્રોબેટ અને વહીવટપત્ર આપવાની અને રદ કરવાની હકૂમત રહેશે.

બિન તકરારી કેસો ચલાવવા માટે જિલ્લા મેજિસ્ટ્રેટના પ્રતિનિધિ (ડેલિગેટ) નીમવાની સત્તા.

**૨૬૨.** (૧) બિન તકરારી કેસોમાં પ્રોબેટ અને વહીવટપત્ર આપવા માટે જિલ્લા ન્યાયાધીશ વતી કાર્ય કરવા માટે હાઈકોર્ટ, કોઈપણ જિલ્લામાં પોતે ઠરાવે તે સ્થાનિક હદની અંદર પોતાને યોગ્ય જણાય તેવા ન્યાયાધિકારીઓને પ્રતિનિધિઓ તરીકે નીમી શકશે:

(૨) એ રીતે નિમાયેલી વ્યકિતઓ "જિલ્લા પ્રતિનિધિઓ" કહેવાશે.

પ્રોબેટ અને વહીવટ કરવાનો અધિકાર આપવા અંગે જિલ્લા ન્યાયાધીશની સત્તા.

**૨૬૩.** જિલ્લા ન્યાયાધીશમાં તેની કોર્ટના નિકાલ બાકી કોઈ દાવા કે કાર્યવાહીના સંબંધમાં તેણી/તેનામાં જે સત્તા અને અધિકાર કાયદાથી નિહિત થયા હોય તેવી જ સત્તા અને અધિકાર તેને પ્રોબેટ અને વહીવટપત્ર આપવાના સંબંધમાં અને તેને લગતી તમામ બાબતોના સંબંધમાં રહેશે.

જિલ્લા ન્યાયાધીશ સંબંધિત વ્યક્તિને વસિયતી દસ્તાવેજો રજૂ કરવાનો હુકમ કરી શકશે.

**૨૬૪.** (૧) જિલ્લા ન્યાયાધીશ કોઇપણ વ્યકિતને તેના કબજામાં કે તેના નિયંત્રણ હેઠળ હોય એવો વસિયતી અથવા વસિયતી હોવાનું અભિપ્રેત હોય એવો દસ્તાવેજ અથવા લખાણ રજૂ કરવા અને કોર્ટમાં લાવવાનો હુકમ કરી શકશે.

(૨) એવો કોઈ દસ્તાવેજ અથવા લખાણ તે વ્યકિતના કબજામાં કે તેના નિયંત્રણ હેઠળ છે એવું બતાવવામાં ન આવે પણ તેને એવા કોઈ દસ્તાવેજની જાણ છે એમ માનવાને કારણ હોય તો, કોર્ટ તેના અંગે તે વ્યકિતને તપાસવા માટે તેને હાજર થવાનો આદેશ કરી શકશે.

સન ૨૦૨૩નો ૪૫ મો.

(૩) એવી વ્યકિત, કોર્ટ તેને પૂછે તો પ્રશ્નોના સાચા ઉત્તર આપવા અને તેને હુકમ કરવામાં આવે તો એવો દસ્તાવેજ અથવા લખાણ રજૂ કરવા અને લાવવા બંધાયેલી રહેશે, અને તે હાજર ન થવાની, અથવા એવા પ્રશ્નોના ઉત્તર ન આપવાની અથવા એવો દસ્તાવેજ કે લખાણ ન લાવવાની કસૂર કરે તો, તે વ્યક્તિ કોઈ દાવામાં પક્ષકાર હોત અને તેણે એવી કસૂર કરી હોત અને તેને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ હેઠળ જે શિક્ષા થઈ શકી હોત તેવી જ શિક્ષાને તે અધીન રહેશે.

(૪) ન્યાયાધીશ પોતાની વિવેકબુધ્ધિ અનુસાર કાર્યવાહીનું ખર્ચ અપાવશે.

સન ૧૯૦૮નો ૫ મો.

પ્રોબેટ અને વહીવટ કરવાના અધિકારના સંબંધમાં જિલ્લા ન્યાયાધીશની કોર્ટની કાર્યવાહી.

**૨૬૫.** પ્રોબેટ અને વહીવટપત્ર આપવા સંબંધમાં જિલ્લા ન્યયાધીશની કોર્ટની કાર્યવાહીનું નિયમન આમાં હવે પછી જોગવાઈ કરવામાં આવે તે સિવાય, કેસના સંજોગો જોતાં થઈ શકે ત્યાં સુધી, દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮ (સન ૧૯૦૮ના અધિનિયમ ક્રમાંક ૫-મા) મુજબ કરવું જોઈશે.

મિલકતનું રક્ષણ કરવા માટે જિલ્લા ન્યાયાધીશે ક્યારે અને કેવી રીતે દરમિયાનગીરી કરવી.

**૨૬૬.** કોઈ મૃતક વ્યક્તિના વિલનું પ્રોબેટ આપવામાં ન આવે અથવા તેની એસ્ટેટનો વહીવટકર્તા નિમવામાં ન આવે ત્યાં સુધી, જેની હકૂમતમાં મૃતક વ્યક્તિની એસ્ટેટનો કોઈ ભાગ આવેલો હોય તે જિલ્લા ન્યાયાધીશને તે એસ્ટેટમાં હિત ધરાવવાનો દાવો કરનાર કોઈ વ્યકિતના કહેવાથી અને બીજા તમામ દાખલામાં પોતાને લાગે કે તે એસ્ટેટને નુકસાન અથવા હાનિ પહોંચાડવાનું કોઈ જોખમ છે ત્યારે દરમિયાનગીરી કરવાનો અને તે હેતુ માટે તેણીને/તેને યોગ્ય લાગે તો તે એસ્ટેટનો કબજો લેવા અને રાખવા માટે કોઈ અધિકારી નીમવાનો અધિકાર છે અને તેમ કરવાની તેની ફરજ છે.

જિલ્લા ન્યાયાધીશે ક્યારે પ્રોબેટ અથવા વહીવટ કરવાનો અધિકાર

**૨૬૭.** પ્રોબેટ અથવા વહીવટપત્ર માટે અરજી કરનાર વ્યક્તિની આ અધિનિયમમાં હવે પછી જણાવેલી રીતે ખરાઈ કરેલી અરજ ઉપરથી એમ જણાય કે, વિલ કરનારને અથવા યથાપ્રસંગ,

બિનવસિયત વ્યક્તિને ન્યાયાધીશની હકૂમતની અંદર કાયમી રહેઠાણ હતું અથવા કોઈ સ્થાવર કે જંગમ એસ્ટેટ હતી, તો જિલ્લા ન્યાયાધીશ તેણીના/તેના કોર્ટના સીલ હેઠળ મૃતક વ્યક્તિની વસિયતનું પ્રોબેટ અથવા તેની એસ્ટેટનો વહીવટપત્ર આપી શકશે.

મરહૂમ વ્યક્તિને જેમાં કાયમી રહેઠાણ ન હોય એવા જિલ્લાના ન્યાયાધીશને કરેલી અરજીનો નિકાલ.

**૨૬૮.** મૃતક વ્યક્તિને તેણીના/તેના મૃત્યુ સમયે જે જિલ્લામાં કોઈપણ કાયમી રહેઠાણ ન હોય તે જિલ્લાના ન્યાયાધીશને અરજી કરવામાં આવે ત્યારે, જો તે ન્યાયાધીશના માનવા મુજબ તે અરજીનો બીજા કોઈ જિલ્લામાં વધુ ન્યાયપૂર્ણ રીતે અથવા સગવડથી નિકાલ થઈ શકે તેમ હોય તો તે અરજીનો અસ્વીકાર કરવાનું અથવા અરજી વહીવટપત્ર માટેની હોય ત્યારે, અબાધિત રીતે અથવા પોતાની હકૂમતની અંદરની મિલકત પૂરતો મર્યાદિત વહીવટપત્ર આપવાનું તે ન્યાયાધીશની વિવેકબુધ્ધિ ઉપર રહેશે.

ડેલિગેટથી પ્રોબેટ અને વહીવટપત્ર આપી શકાશે.

**૨૬૯.** કોઈ જિલ્લા ડેલિગેટને પ્રોબેટ અને વહીવટપત્ર મળવા માટે અરજી કરવામાં આવે એટલે જો આ અધિનિયમમાં હવે પછી જણાવેલી રીતે ખરાઈ કરેલી અરજ ઉપરથી એવું જણાય કે, વિલ કરનારને અથવા યથાપ્રસંગ, બિન-વસિયત વ્યક્તિને તેણીના/તેના મૃત્યુ સમયે તે ડેલિગેટની હકૂમતની અંદર કાયમી રહેઠાણ હતું તો તે ડેલિગેટ કોઈપણ બિન-તકરારી કેસમાં પ્રોબેટ અને વહીવટપત્ર આપી શકશે.

પ્રોબેટ અથવા વહીવટપત્રની નિર્ણયાત્મકતા.

**૨૭૦.** જે રાજ્યમાં પ્રોબેટ અથવા વહીવટપત્ર આપવામાં આવેલ હોય તે સમગ્ર રાજ્યમાં મૃતક વ્યક્તિની તમામ એસ્ટેટ અંગે તે અસરકર્તા થશે અને મૃતકના તમામ દેણદારો સામે અને તેની મિલકત ધરાવતી તમામ વ્યક્તિઓ સામે પ્રતિનિધિત્વ હક અંગે તે નિર્ણયાત્મક રહેશે અને જેને પ્રોબેટ અથવા વહીવટપત્ર આપવામાં આવેલ હોય તે વ્યક્તિને પોતાનું દેવું ચૂક્વનાર તમામ દેણદારોને અને એવી મિલકત આપી દેનાર તમામ વ્યક્તિઓને તેણીની/તેમની જવાબદારીમાંથી સંપૂર્ણ મુકિત મળશે;

પરંતુ મૃતક વ્યકિતને તેણીના/તેના મૃત્યુ સમયે કોઇ જિલ્લા ન્યાયાધીશની હકૂમતમાં કાયમી રહેઠાણ હોય અને તે ન્યાયાધીશ એવું પ્રમાણિત કરે કે રાજ્યની હદ બહાર જેને અસર થતી હોય એવી મિલકત અને એસ્ટેટની કિંમત દસ લાખ રૂપિયાથી વધુ નથી ત્યારે એવા કોઈ જિલ્લા ન્યાયાધીશે, આપેલું પ્રોબેટ અથવા વહીવટપત્ર, જો તેમાં અન્યથા આદેશ કરવામાં આવ્યો ન હોય તો, બીજા રાજ્યોમાં સર્વત્ર એવી જ રીતે અસરકર્તા થશે.

કલમ ૨૭૦ના પરંતુક હેઠળ આપવામાં આવેલ પ્રોબેટ અથવા વહીવટપત્રનું પ્રમાણપત્ર હાઇકોર્ટને

**૨૭૧.** (૧) જિલ્લા ન્યાયાધીશે કલમ ૨૭૦ના પરંતુકમાં ઉલ્લેખેલી અસરવાળું પ્રોબેટ અથવા વહીવટપત્ર આપેલ હોય ત્યારે, જિલ્લા ન્યાયાધીશે તેનું પ્રમાણપત્ર તે જિલ્લા ન્યાયાધીશ જેના તાબામાં હોય તે હાઇકોર્ટને અને બીજી દરેક હાઇકોર્ટને મોકલવું જોઇશે.

(૨) પેટા-કલમ (૧) માં ઉલ્લેખેલું દરેક પ્રમાણપત્ર, સંજોગો પ્રમાણે શક્ય હોય ત્યાં સુધી, અનુસૂચિ ૩-માં આપેલા નમૂનામાં હોવું જોઈશે અને જે હાઇકોર્ટને તે મળે તેણે તેને ફાઇલ કરવું જોઈશે.

(૩) અરજદારે આ અધિનિયમમાં હવે પછી કલમો ૨૭૩ અને ૨૭૫માં જણાવ્યા પ્રમાણે અસ્કયામતનો કોઈ ભાગ કોઈ બીજા રાજયમાંના જિલ્લા ન્યાયાધીશની હકૂમતની અંદર આવેલ હોવાનું જણાવ્યું હોય ત્યારે, પેટા-કલમ (૧) માં ઉલ્લેખેલું પ્રમાણપત્ર મોકલવાની જેની ફરજ હોય તે કોર્ટે એવા જિલ્લા ન્યાયાધીશને તેની એક નકલ મોકલવી જોઇશે અને જે જિલ્લા ન્યાયાધીશને એવી નકલ મળે તેણે તેને ફાઇલ કરવી જોઇશે.

**૨૭૨.** પ્રોબેટ અથવા વહીવટપત્ર માટેની અરજી આ અધિનિયમમાં હવે પછી જણાવેલી રીતે કરવામાં આવે અને તેની ખરાઇ કરવામાં આવે, તો પ્રોબેટ અથવા વહીવટપત્ર કરવાના અધિકાર માટેની અરજી યોગ્ય રીતે વહીવટપત્ર આપવાનું અધિકૃત કરવા માટે તે નિર્ણયાત્મક રહેશે અને વિલ કરનારને અથવા બિન-વસિયત વ્યકિતને તેના મૃત્યુ સમયે તે જિલ્લાની અંદર કોઈ કાયમી રહેઠાણ ન હતું અથવા કોઇ એસ્ટેટ ન હતી એટલા જ કારણે આપવામાં આવેલાં કોઈ પ્રોબેટ અથવા વહીવટપત્રની સામે વાંધો ઉઠાવી શકાશે નહિ સિવાય કે કોર્ટ સાથે કપટ કરીને તે મેળવ્યું હોય તો તેને પાછું ખેંચી લેવા માટેની કાર્યવાહીથી વાંધો ઉઠાવવામાં આવ્યો હોય.

પ્રોબેટ અથવા વહીવટ કરવાના અધિકાર માટેની અરજી યોગ્ય રીતે અને ખરાઈ કરીને કરવામાં આવી હોય તો તેની નિર્ણયાત્મકતા.

**૨૭૩.** (૧) પ્રોબેટ અથવા વિલ જોડેલા વહીવટપત્ર માટેની અરજ વિલ જોડે રાખીને અથવા કલમો ૨૩૪, ૨૩૫ અને ૨૩૬માં જણાવેલાં દાખલાઓમાં વિલની નકલ, મુસદ્દો અથવા વિલના મજકૂરનું નિવેદન જોડે રાખીને સ્પષ્ટ રીતે અંગ્રેજી/ હિન્દીમાં અથવા જે કોર્ટને અરજી કરવામાં આવે તે કોર્ટ સમક્ષની કાર્યવાહીમાં સાધારણ રીતે વપરાતી ભાષામાં લખેલી અરજીથી કરવી જોઈશે, અને તેમાં નીચેની બાબતો જણાવવી જોઈશે—

પ્રોબેટ માટે અરજ.

(ક) વિલ કરનારના મૃત્યુનો સમય,

(ખ) જોડે રાખેલું લખાણ તેનું છેલ્લું વિલ અને વિસયતનામું છે,

(ગ) તે યોગ્ય રીતે કરી આપેલું છે,

(ઘ) અરજદાર હસ્તક આવવાનો સંભવ હોય તે અસ્કયામતની કિંમત, અને

(ચ) પ્રોબેટ માટે અરજી હોય ત્યારે, અરજદાર વિલમાં જણાવેલો એક્ઝિકયુટર છે.

(૨) આ વિગતો ઉપરાંત, નીચે પ્રમાણે હોય ત્યારે અરજમાં વધુમાં નીચેની બાબતો જણાવવી જોઈશે:-

(ક) અરજી જિલ્લા ન્યાયાધીશને કરવામાં આવી હોય ત્યારે, તેમાં જણાવવું જોઈશે કે મૃતક વ્યકિતને તેણીના/તેના મૃત્યુ સમયે તે ન્યાયાધીશની હકૂમતની અંદર કાયમી રહેઠાણ હતું અથવા કોઈ મિલકત હતી; અને

(ખ) અરજી જિલ્લા ડેલિગેટને કરવામાં આવી હોય ત્યારે, તેમાં જણાવવું જોઈશે કે મૃતક વ્યક્તિને તેના મૃત્યુ સમયે તે ડેલિગેટની હકૂમતની અંદર કાયમી રહેઠાણ હતું.

(3) અરજી જિલ્લા ન્યાયાધીશને કરવામાં આવી હોય અને અરજદારના હસ્તક આવવાનો સંભવ હોય તે અસ્કયામતનો કોઈ ભાગ બીજા રાજ્યમાં આવેલો હોય ત્યારે અરજમાં વધુમાં જણાવવું જોઈશે કે દરેક રાજયમાંની એવી અસ્કયામતની શું કિંમત છે અને એવી અસ્કયામતો કયા જિલ્લા ન્યાયાધીશોની હકૂમતમાં આવેલી છે.

કયા દાખલામાં વિલનું ભાષાંતર અરજ જોડે રાખવું જોઇએ. કોર્ટના ભાષાંતરકાર સિવાયની બીજી વ્યક્તિ દ્વારા ભાષાંતરની ખરાઇ.

**૨૭૪.** વિલની નકલ અથવા મુસદ્દો અંગ્રેજી/હિન્દી સિવાયની અથવા કોર્ટ સમક્ષની કાર્યવાહીમાં સાધારણ રીતે ઉપયોગમાં લેવાતી ભાષા સિવાયની કોઈ ભાષામાં લખેલ હોય ત્યારે, તે ભાષા માટે કોર્ટના ભાષાંતરકાર નિમાયેલ હોય તો તેણે કરેલું ભાષાંતર અથવા તે વિલની નકલ અથવા મુસદ્દો કોઈ બીજી ભાષામાં હોય તો તેનું ભાષાંતર કરી શકે તેવી વ્યકિતએ કરેલું તેનું ભાષાંતર અરજ જોડે રાખવું જોઈશે અને તે વ્યકિતએ તે ભાષાંતરની નીચે પ્રમાણે ખરાઈ કરવી જોઈશે :-

"હું (A, B) એકરાર કરું છું કે હું અસલ વિલની ભાષા અને લિપિ વાંચી શકું છું અને બરાબર સમજું છું અને તેનું ઉપર મુજબનું ભાષાંતર ખરું અને ભૂલચૂક વિનાનું છે."

**૨૭૫.** (૧) વહીવટપત્ર માટેની અરજ ઉપર જણાવ્યા પ્રમાણે સ્પષ્ટ રીતે લખેલી અરજીથી કરવી જોઈશે અને તેમાં નીચેની બાબતો જણાવવી જોઈશે :- વહીવટપત્ર માટે અરજ.

(ક) મૃતક વ્યકિતના મૃત્યુનો સમય અને સ્થળ;

(ખ) મૃતક વ્યકિતનું કુટુંબ અને બીજા સગાં અને અનુક્રમે તેમના સરનામાં;

(ગ) અરજદાર કયા હકની રૂએ માંગણી કરે છે તે;

(ઘ) અરજદારના હસ્તક આવવાની હોય તે અસ્કયામતની કિંમત;

(ચ) અરજી જિલ્લા ન્યાયાધીશને કરવામાં આવી હોય ત્યારે તેમાં જણાવવું જોઈશે કે મૃતક વ્યકિતને તેણીના/તેના મૃત્યુ સમયે તે ન્યાયાધીશની હકૂમતની અંદર કાયમી રહેઠાણ હતું અથવા કોઈ એસ્ટેટ હતી;

(છ) અરજી જિલ્લા ડેલિગેટને કરવામાં આવી હોય ત્યારે તેમાં જણાવવું જોઈશે કે મૃતક વ્યકિતને તેના મૃત્યુ સમયે તે ડેલિગેટની હકૂમતની અંદર કાયમી રહેઠાણ હતું.

(૨) અરજી જિલ્લા ન્યાયાધીશને કરવામાં આવી હોય અને અરજદારના હસ્તક આવવાનો સંભવ હોય તે અસ્કયામતનો કોઈ ભાગ કોઇ બીજા રાજ્યમાં આવેલો હોય ત્યારે, અરજમાં વધુમાં જણાવવું જોઈશે કે દરેક રાજ્યમાંની એવી અસ્કયામતની શું કિંમત છે અને કયા જિલ્લા ન્યાયાધીશોની હકૂમતમાં તે અસ્ક્યામતો આવેલી છે.

અમુક દાખલામાં પ્રોબેટ અથવા વહીવટપત્ર માટેની અરજ વગેરેમાં કરેલા નિવેદનમાં વધારો.

**૨૭૬.** (૧) કોઈ વિલના સમગ્ર ભારતમાં અસરકર્તા બને એવા પ્રોબેટ માટે અથવા કોઇ એસ્ટેટના એવા વહીવટપત્ર માટે કલમ ૨૭૦ના પરંતુકમાં જણાવેલી કોર્ટોને અરજી કરનાર દરેક વ્યકિતએ તેની અરજમાં અનુક્રમે કલમ ૨૭૩ અને કલમ ૨૭૫ મુજબ જરૂરી એવી બાબતો જણાવવા ઉપરાંત જણાવવું જોઇશે કે પોતાની સાચી માન્યતા મુજબ ઉપર જણાવ્યા પ્રમાણે અસરકર્તા બને એવાં એ જ વિલના પ્રોબેટ માટે અથવા એજ એસ્ટેટના વહીવટપત્ર માટે બીજી કોઇ કોર્ટને કોઈપણ અરજી કરવામાં આવી નથી અથવા એવી કોઇ અરજી કરવામાં આવી હોય ત્યારે કઈ કોર્ટને તે કરવામાં આવી છે, કોણે અથવા કઈ વ્યકિતઓએ તે કરી છે, અને તે ઉપરથી કોઇ કાર્યવાહી થઈ હોય તો શું કાર્યવાહી થઇ છે.

(૨) કલમ ૨૭૦ના પરંતુક હેઠળ એવી અરજી જે કોર્ટને કરવામાં આવે તે કોર્ટ પોતાને યોગ્ય લાગે તો તેનો અસ્વીકાર કરી શકશે.

પ્રોબેટ વગેરે માટેની અરજ ઉપર સહી કરવી જોઇશે અને તેની ખરાઈ કરવી જોઇશે.

**૨૭૭.** તમામ દાખલામાં પ્રોબેટ અથવા વહીવટપત્ર માટેની અરજ ઉપર અરજદારે અને તેને વકીલ હોય તો તેણે સહી કરવી જોઈશે અને અરજદારે તેની નીચે મુજબની ખરાઈ કરવી જોઇશે:-

"હું (A, B) ઉપરની અરજનો અરજદાર એકરાર કરું છું કે આમાં જણાવેલી હકીકત મારી સાચી માહિતી અને માન્યતા મુજબ ખરી છે."

**વિલના એક સાક્ષીએ પ્રોબેટ માટેની અરજની ખરાઈ કરવા બાબત.**

**૨૭૮.** અરજ પ્રોબેટ માટે હોય ત્યારે, વિલના સાક્ષીઓ પૈકી ઓછામાં ઓછા એક સાક્ષીએ પણ તે અરજની નીચે પ્રમાણે અથવા એવી મતલબે ખરાઈ કરવી જોઇશે:-

"હું (C, D) ઉપરની અરજમાં જણાવેલ વિલ કરનારના છેલ્લા વિલ અને વસિયતનામાનો સાક્ષી આથી જાહેર કરું છું કે મારી હાજરીમાં એ વિલ કરનારને તેના ઉપર તેની/તેણીની સહી (અથવા નિશાન) કરતાં જોઈ /જોયો છે (અથવા સદરહુ વસિયતનામું કરનારે ઉપરની અરજ જોડે રાખેલું લખાણ તેણીનું/તેનું છેલ્લું વિલ અને વસિયતનામું હોવાનું મારી હાજરીમાં કબૂલ કર્યું છે.)"

**અરજમાં અથવા એકરારમાં ખોટી હકીકત જણાવવા માટે શિક્ષા.**

**૨૭૯.** આ અધિનિયમ મુજબ જેની ખરાઈ કરવી જરૂરી હોય તેવી કોઈ અરજ અથવા એકરારમાં ખરાઇ કરનારે પાતે ખોટી હોવાનું જાણતો હોય અથવા માનતો હોય એવી કોઇ હકીકત જણાવી હોય તો, તેણે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૨૯ હેઠળ ગુનો કર્યો છે એમ ગણાશે. સન ૨૦૨૩ નો ૪૫ મો.

**જિલ્લા ન્યાયાધીશની સત્તા.**

**૨૮૦.** (૧) તમામ દાખલાઓમાં જિલ્લા ન્યાયાધીશ અથવા જિલ્લા ડેલિગેટ પોતાને યોગ્ય લાગે તો,–

(ક) અરજદારને રૂબરૂમાં સોગંદ ઉપર તપાસી શકશે;

(ખ) વિલ યોગ્ય રીતે કરી આપવામાં આવેલ છે તે અંગે અથવા યથાપ્રસંગ, વહીવટપત્ર મેળવવાના અરજદારના હક અંગે વધુ પુરાવો માંગી શકશે;

(ગ) મૃતક વ્યકિતની એસ્ટેટમાં કોઈ હિત હોવાનો દાવો કરનાર તમામ વ્યકિતઓને હાજર રહી પ્રોબેટ અથવા વહીવટપત્ર આપવા પહેલાંની કાર્યવાહી જોવા માટે કોર્ટમાં બોલાવવા આજ્ઞાપત્ર કાઢી શકશે.

(૨) તે આજ્ઞાપત્ર કોર્ટના મકાનના કોઇ દેખાઈ આવે એવા ભાગ ઉપર અને જિલ્લાના કલેકટરની ઓફિસમાં પણ ચોડવામાં આવશે અને તે કાઢનાર ન્યાયાધીશ અથવા જિલ્લા ડેલિગેટ આદેશ કરે એ રીતે અન્યથા પ્રસિદ્ધ અથવા જાહેર કરવામાં આવશે.

(૩) અરજદારે અસ્કયામતોનો કોઈપણ ભાગ બીજા રાજ્યમાં જિલ્લા ન્યાયાધીશની હકૂમતની અંદર આવેલો હોવાનું જણાવ્યું હોય, ત્યારે આજ્ઞાપત્ર બહાર પાડનાર જિલ્લા ન્યાયાધીશે, તેની

એક નકલ આવા બીજા જિલ્લા ન્યાયાધીશને મોકલવી જોઇશે, જે તેને તે જ રીતે પ્રકાશિત કરશે જાણે કે તે તેણીએ/તેણે જ બહાર પાડેલું આજ્ઞાપત્ર હોય અને જે જિલ્લા ન્યાયાધીશે આજ્ઞાપત્ર બહાર પાડ્યું હોય તેઓએ જ તેને પ્રમાણિત કરવું જોઇશે.

**૨૮૧.** (૧) જિલ્લા ન્યાયાધીશ અથવા જિલ્લા પ્રતિનિધિ સમક્ષ પ્રોબેટ અથવા વહીવટ(પત્રો) આપવા સામે વાંધાપત્રો રજૂ કરી શકાશે.

પ્રોબેટ અથવા વહીવટ (પત્રો) આપવા સામે વાંધાપત્રો (કેવિયટ્સ).

(૨) કોઈપણ જિલ્લા પ્રતિનિધિ સમક્ષ કોઈપણ વાંધાપત્ર દાખલ કરવામાં આવે ત્યારે તરત જ, તેણીએ/તેણે તેની નકલ જિલ્લા ન્યાયાધીશને મોકલવી જોઇશે.

(૩) જિલ્લા ન્યાયાધીશ સમક્ષ વાંધાપત્ર દાખલ કરવામાં આવે ત્યારે તરત જ, તેઓએ, તેની એક નકલ જેની હકૂમતમાં મૃતકનું તેની/તેણીના મૃત્યુ સમયે કાયમી રહેઠાણનું સ્થળ હોવાનું કહેવાતું હોય તેવા જિલ્લા પ્રતિનિધિ, કોઈ હોય તો-તેમને અને તે મોકલવાનું પોતાને યોગ્ય લાગે તેવા કોઈપણ બીજા ન્યાયાધીશ અથવા જિલ્લા પ્રતિનિધિને આપવી જોઇશે.

(૪) અનુસૂચિ-૪-માં દર્શાવેલ નમૂનામાં સંજોગોના સંજોગો પ્રમાણે ગ્રાહ્ય વાંધાપત્ર આપવા જોઇશે.

**૨૮૨.** પ્રોબેટ અથવા વહીવટપત્રો આપવા સામે વાંધાપત્રની પિટિશન (અરજી) દાખલ કર્યા પછી, જેમને અરજી કરવામાં આવી હોય તેવા ન્યાયાધીશ અથવા જિલ્લા પ્રતિનિધિ સમક્ષ અથવા જેમને તે (અરજી) દાખલ કર્યાની નોટિસ આપવામાં આવી હોય તેવા તેમના કોઈ બીજા પ્રતિનિધિ સમક્ષ, આવી નોટિસ કોર્ટને યોગ્ય લાગે તેમ જે વ્યક્તિએ દાખલ કરી હોય તેને આપવામાં ન આવે ત્યાં સુધી, તે પિટિશન (અરજી) પર કોઇ કાર્યવાહી થશે નહિ.

વાંધાપત્ર દાખલ કર્યા પછી, વાંધો લેનારને નોટિસ આપવામાં ન આવે ત્યાં સુધી પિટિશન (અરજી) પર કોઈ કાર્યવાહી ન કરવા બાબત.

જિલ્લા પ્રતિનિધિએ ક્યારે પ્રોબેટ અથવા વહીવટ કરવાનો અધિકાર ન આપવો.

**૨૮૩.** જેમાં પ્રોબેટ અથવા વહીવટ-પત્રો આપવા અંગે વિવાદ હોય અથવા જેમાં તેણીને/તેને અન્યથા એવું લાગે કે પોતાની કોર્ટમાં તે આપવા ન જોઈએ તેવા કોઈપણ કિસ્સામાં, જિલ્લા પ્રતિનિધિએ, પ્રોબેટ અથવા વહીવટ-પત્રો આપવા જોઇશે નહિ.

**સ્પષ્ટીકરણ.-** "વિવાદ" એટલે કાર્યવાહીનો વિરોધ કરવા માટે કોઈપણ વ્યક્તિએ પોતે અથવા તેણીના/તેના માન્ય એજન્ટ મારફત અથવા તેણીના/તેના વતી કાર્ય કરવા માટે યોગ્ય રીતે નીમેલા પ્લીડર (વકીલ) મારફત ઉપસ્થિત રહેવું.

જેમાં કોઈ વિવાદ ન હોય તેવા શંકાસ્પદ કેસોમાં જિલ્લા ન્યાયાધીશને નિવેદન મોકલવાની સત્તા.

**૨૮૪.** જેમાં કોઈ વિવાદ ન હોય પરંતુ જિલ્લા પ્રતિનિધિને શંકા હોય કે પ્રોબેટ અથવા વહીવટ-પત્રો આપવા જોઈએ કે નહિ અથવા જ્યારે કોઈપણ પ્રોબેટ અથવા વહીવટ પત્રોની આપવાના અથવા આપવા માટેની અરજીના સંબંધમાં કોઈ પ્રશ્ન ઉદ્દભવે, ત્યારે તેવા દરેક કિસ્સામાં, જિલ્લા પ્રતિનિધિ, તેણીને/તેને યોગ્ય લાગે, તો પ્રસ્તુત બાબતનું નિવેદન જિલ્લા ન્યાયાધીશને મોકલી શકશે, જે પોતાને જરૂરી જણાય તેવી સૂચનાઓ અનુસાર અરજીની બાબતમાં કાર્યવાહી કરવા માટે, જિલ્લા પ્રતિનિધિને આદેશ આપી શકશે અથવા આવી અરજીની બાબતના સંબંધમાં જિલ્લા પ્રતિનિધિ દ્વારા આગળની કોઈપણ કાર્યવાહીને પ્રતિબંધિત કરી શકશે, જેનાથી પ્રસ્તુત મંજૂરી માટે અરજી કરનાર પક્ષકાર ન્યાયાધીશને અરજી કરી શકશે.

જેમાં વિવાદ હોય અથવા જેમાં જિલ્લા પ્રતિનિધિને લાગે કે તેણીની/તેમની કોર્ટમાં પ્રોબેટ અથવા વહીવટ-પત્રો નામંજૂર કરવા જોઈએ તેવી કાર્યરીતિ.

**૨૮૫.** જેમાં વિવાદ હોય અથવા જેમાં જિલ્લા પ્રતિનિધિનો અભિપ્રાય હોય કે તેણીની/તેમની કોર્ટમાં પ્રોબેટ અથવા વહીવટ-પત્રો નામંજૂર કરવા જોઈએ ત્યારે તેવા દરેક કિસ્સામાં, પિટિશન (અરજી), તેની સાથે ફાઇલ (દાખલ) કરવામાં આવેલા કોઈપણ દસ્તાવેજો સાથે, જેણે અરજી કરી હતી તે વ્યક્તિને પરત કરવી જોઇશે, જેથી તે જિલ્લા ન્યાયાધીશ સમક્ષ રજૂ કરી શકાય, સિવાય કે ન્યાયના હેતુઓ માટે, જે કરવા માટે તેણીને/તેને આથી અધિકૃત કરવામાં આવી/આવ્યા હોય તેવા જિલ્લા પ્રતિનિધિ તેને જપ્ત કરવાનું જરૂરી માને; અને, તે કિસ્સામાં, તે (અરજી) તેણીએ/તેણે જિલ્લા ન્યાયાધીશને મોકલવી જોઇશે.

કોર્ટના સીલ (સિક્કા) હેઠળ પ્રોબેટ આપવા બાબત.

**૨૮૬.** જિલ્લા ન્યાયાધીશ અથવા જિલ્લા પ્રતિનિધિને એવું લાગે કે કોઇ વસિયતનામાનો પ્રોબેટ આપવો જોઈએ, ત્યારે તેણીએ/તેણે પોતાની કોર્ટના સીલ હેઠળ અનુસૂચિ-૫-માં દર્શાવેલ નમૂનામાં તે આપવો જોઇશે.

કોર્ટના સીલ સીલ હેઠળ વહીવટ-પત્રો આપવા બાબત.

**૨૮૭.** જિલ્લા ન્યાયાધીશ અથવા જિલ્લા પ્રતિનિધિને એવું લાગે કે જોડેલા વસિયતનામાની નકલ સાથે અથવા નકલ વગર મૃતક વ્યક્તિની મિલકત (એસ્ટેટ)ના વહીવટ-પત્રો આપવા જોઈએ, ત્યારે તેણીએ/તેણે તેણીના/તેના કોર્ટના સીલ હેઠળ અનુસૂચિ-૬-માં દર્શાવેલ નમૂનામાં તે આપવા જોઇશે.

વહીવટ-બોન્ડ (ખત).

**૨૮૮.** જેને કોઈ પ્રોબેટ અથવા વહીવટ-પત્રો આપવામાં આવે તે દરેક વ્યક્તિએ, જિલ્લા ન્યાયાધીશને, મૃતકની મિલકત (એસ્ટેટ)માં પ્રવેશ મેળવવા અને વહીવટ કરવા બાકી લેણાંની વસૂલાત માટે, એક અથવા એકથી વધુ જામીન અથવા જામીનો સાથે બોન્ડ (ખત) જોડીને આપવા જોઇશે, જે બોન્ડ, ન્યાયાધીશ સામાન્ય અથવા વિશેષ હુકમથી આદેશ કરે તેવા સ્વરૂપમાં રહેશે.

**૨૮૯.** કોર્ટ, પિટિશનથી કરવામાં આવેલી અરજી પર અને આવા કોઈપણ બોન્ડની બંધનકર્તા શરતો પાળવામાં આવી નથી તેવી ખાતરી થયેથી અને જામીનગીરી જેવી શરતો પર અથવા પ્રાપ્ત થયેલા નાણા કોર્ટમાં ચૂકવવામાં આવે તેવી જોગવાઈ પર અથવા અન્યથા, કોર્ટને યોગ્ય લાગે તેમ, અમુક વ્યક્તિને, તેણીના/તેના એક્ઝિક્યુટર્સ અથવા વહીવટકર્તાઓ-ને નામે કરી આપી શકશે, જેઓ તેમ થયેથી, સદરહુ બોન્ડ પર તેણીના/તેના અથવા તેમના પોતાના નામે દાવો કરવા માટે એવી રીતે હકદાર રહેશે જાણે કે તે મૂળ કોર્ટના ન્યાયાધીશને બદલે તેણીને/તેને અથવા તેમને આપવામાં આવ્યું હોય, અને તેના પર, હિતસંબંધ ધરાવતી તમામ વ્યક્તિઓ માટે ટ્રસ્ટી તરીકે, તેના કોઈપણ ભંગના સંબંધમાં વસૂલ કરી શકાય તેવી સંપૂર્ણ રકમ વસૂલ કરવા માટે હકદાર રહેશે.

વહીવટ-બોન્ડ બીજાને નામે કરી આપવા બાબત.

**૨૯૦.** વસિયતનામાનો કોઈપણ પ્રોબેટ, સાત સ્પષ્ટ દિવસો પૂરા થાય ત્યાં સુધીમાં મંજૂર કરવો જોઇશે નહિ અને વસિયત કરનાર અથવા બિન-વસિયતીના મૃત્યુના દિવસથી ચૌદ સ્પષ્ટ દિવસો પૂરા થયા પછી સુધી કોઈપણ વહીવટપત્રો આપવા જોઇશે નહિ.

પ્રોબેટ અને વહીવટ આપવા માટેનો સમય.

**૨૯૧.** (૧) દરેક જિલ્લા ન્યાયાધીશે અથવા જિલ્લા પ્રતિનિધિએ, વસિયતનામા માટે કોઈ જાહેર રજિસ્ટ્રીની સ્થાપના ન થાય ત્યાં સુધી, તેણીની/તેઓની કોર્ટના રેકર્ડમાંથી તેણી/તે આપે તેવા વસિયતનામા સાથે પ્રોબેટ અથવા વહીવટ-પત્રો જોડેલા હોય તેવા તમામ મૂળ વસિયતનામા ફાઇલ કરવા જોઇશે અને તેની જાળવણી કરવી જોઇશે.

(૨) રાજ્ય સરકાર, આ રીતે ફાઇલ કરવામાં આવેલ વસિયતનામાની જાળવણી અને નિરીક્ષણ માટે વિનિયમો કરશે.

જેના પ્રોબેટ અથવા વહીવટ, વસિયતનામા સાથે જોડેલા હોય અને આપેલા હોય તેવા મૂળ (અસલ) વસિયતનામા ફાઇલ (દાખલ) કરવા બાબત.

વિવાદાસ્પદ કેસોમાં કાર્યરીતિ.

**૨૯૨.** જિલ્લા ન્યાયાધીશ સમક્ષ જેમાં વિવાદ હોય તેવા કોઈ કેસની કાર્યવાહી, દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮ની જોગવાઈઓ અનુસાર, લગભગ નિયમિત દાવાના સ્વરૂપમાં કરવી જોઇશે, જેમાં પ્રોબેટ અથવા યથાપ્રસંગ, વહીવટ-પત્રો, અરજદાર એ વાદી રહેશે, અને જે વ્યક્તિ આપવાનો વિરોધ કરવા માટે હાજર રહી હોય તે પ્રતિવાદી રહેશે.

સન ૧૯૦૮ નો ૫ મો.

પાછા ખેંચી લેવામાં આવેલ પ્રોબેટ અથવા વહીવટ-પત્રો પાછા સોંપી દેવા બાબત.

**૨૯૩.** **(૧)** આ ભાગ હેઠળ પ્રોબેટ અથવા વહીવટ-પત્રો આપવાનું પાછું ખેંચી લેવામાં આવે અથવા રદ કરવામાં આવે, ત્યારે જેને આપવામાં આવ્યા હતા તે વ્યક્તિએ, તરત જ પ્રોબેટ અથવા (વહીવટ)પત્રો આપનાર કોર્ટને પાછા સોંપી દેવા જોઇશે.

(૨) આવી વ્યક્તિ, ઇરાદાપૂર્વક અને વાજબી કારણ વિના પ્રોબેટ અથવા (વહીવટ)પત્રો પાછા સોંપી દેવામાં નિષ્ફળ જાય, તો તેણી/તે દસ હજાર રૂપિયા સુધીના દંડ અથવા ત્રણ મહિના સુધીની મુદતની કેદની શિક્ષા અથવા તે બંને શિક્ષાને પાત્ર થશે.

પ્રોબેટ અથવા વહીવટ પાછા ખેંચી લેતા પહેલાં એક્ઝિકયુટર અથવા વહીવટકર્તાને ચુકવણી.

**૨૯૪.** આવી રીતે આપવામાં આવ્યા હોય તેવા પ્રોબેટ અથવા વહીવટ-પત્રો પાછા ખેંચી લેવામાં આવે, ત્યારે આવી રીતે પાછા ખેંચી લીધા હોવા છતાં, પ્રોબેટ અથવા વહીવટ-પત્રો પાછા ખેંચી લેતા પહેલાં તે હેઠળ જે વ્યક્તિએ શુદ્ધબુદ્ધિથી કોઈપણ એક્ઝિકયુટર અથવા વહીવટકર્તાને તમામ ચુકવણી કરી હોય તે વ્યક્તિને ચુકવણીની તમામ જવાબદારીમાંથી કાયદેસર રીતે મુક્ત કરવી જોઇશે; અને આવા કોઈપણ પાછા ખેંચી લેવામાં આવેલ પ્રોબેટ અથવા વહીવટ-પત્ર હેઠળ કાર્યવાહી કરનાર એક્ઝિકયુટરે અથવા વહીવટકર્તાએ જેને તે પછીથી આપવામાં આવ્યા હોય તે વ્યક્તિ કાયદેસર રીતે કરી શકી હોત તેવી તેણીએ/તેણે કરેલી કોઈપણ ચુકવણીના સંબંધમાં, એક્ઝિકયુટર અથવા વહીવટકર્તા, તે ચુકવણી તેણી/તેની પાસે રાખી શકશે અને ભરપાઈ કરી (મજરે લઇ) શકશે.

વહીવટપત્રો નામંજૂર કરવાની સત્તા.

**૨૯૫.** આ અધિનિયમમાં અગાઉ ગમે તે મજકૂર હોય તેમ છતાં, લેખિતમાં કારણોની નોંધ કરીને, આ ભાગ હેઠળ કરવામાં આવેલી વહીવટ-પત્રો માટેની કોઈપણ અરજી નામંજૂર કરતો હુકમ કરવો તે કોર્ટની વિવેકબુદ્ધિ અનુસાર રહેશે.

જિલ્લા ન્યાયાધીશના હુકમો વિરુદ્ધ અપીલ.

**૨૯૬.** તેણીને/તેને આપવામાં આવેલી સત્તાની રૂએ, જિલ્લા ન્યાયાધીશે કરેલ દરેક હુકમ, અપીલને લાગુ પડતા દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮ (સન ૧૯૦૮ના અધિનિયમ ક્રમાંક. ૫)ની જોગવાઈઓ અનુસાર હાઇકોર્ટમાં કરવામાં આવે તે અપીલને અધીન રહેશે. સન ૧૯૦૮ નો ૫ મો.

એક્ઝિકયુટર અથવા વહીવટકર્તાને દૂર કરવા બાબત અને વારસદાર માટેની જોગવાઈ.

**૨૯૭.** જિલ્લા ન્યાયાધીશ, તેઓને કરવામાં આવેલી અરજી પરથી, કોઈપણ ખાનગી એક્ઝિકયુટર અથવા વહીવટકર્તાને ફરજમોકૂફ, બરતરફ અથવા છૂટા કરી શકશે અને હોદ્દો ધરાવતા બંધ થાય (છોડી દે) તેવા કોઈપણ એક્ઝિકયુટર અથવા વહીવટકર્તાની જગ્યાએ અન્ય વ્યક્તિના વારસાહક માટે જોગવાઈ કરી શકશે અને એસ્ટેટની માલિકીની કોઈપણ મિલકત આવા વારસદારમાં નિહિત થશે.

૨૯૮. આ ભાગ હેઠળ કોઈપણ મિલકત (એસ્ટેટ)ના સંબંધમાં પ્રોબેટ અથવા વહીવટ-પત્રો મંજૂર કરવામાં આવ્યા હોય, ત્યારે જિલ્લા ન્યાયાધીશ, તેઓને કરવામાં આવેલી અરજી પરથી, એક્ઝિકયુટર અથવા વહીવટકર્તા-ને, મિલકત (એસ્ટેટ)ના સંદર્ભમાં અથવા તેના વહીવટના સંદર્ભમાં કોઈપણ સામાન્ય અથવા વિશેષ આદેશો આપી શકશે. એક્ઝિકયુટર અથવા વહીવટકર્તાને આદેશો.

## સદોષ એક્ઝિક્યુટર્સ

૨૯૯. કોઈપણ યોગ્ય એક્ઝિકયુટર અથવા વહીવટકર્તા હયાત ન હોય, ત્યારે મૃતકની મિલકત (એસ્ટેટ)માં હસ્તક્ષેપ કરતી હોય અથવા વહીવટકર્તાના હોદ્દાને લગતું કોઈપણ અન્ય કાર્ય કરતી હોય તેવી વ્યક્તિ, તેણી/તે સદોષ એક્ઝિકયુટર બને છે. સદોષ એક્ઝિક્યુટર્સ.

**અપવાદો** - (૧) મૃતકના માલને સાચવવાના હેતુથી અથવા તેણીના/તેના અંત્યેષ્ટિની અથવા તેણીના/તેના પરિવાર અથવા મિલકત (એસ્ટેટ)ની તાત્કાલિક જરૂરિયાતો પૂરી પાડવાના હેતુથી હસ્તક્ષેપ કરવાથી, તેણી/તે પોતે સદોષ એક્ઝિકયુટર બનતી/બનતો નથી.

(૨) બીજા પાસેથી પ્રાપ્ત કરેલા મૃતકના માલસામાનની ધંધાના રોજીંદા વ્યવહારમાં લેવડદેવડ કરવાથી, તેણી/તે પોતે સદોષ એક્ઝિકયુટર બનતી/બનતો નથી.

ઉદાહરણો

(૧) A મૃતકના માલસામાનનો ઉપયોગ કરે છે અથવા આપે છે અથવા વેચે છે અથવા પોતાના દેવા અથવા વસિયતી વારસા પૂરા કરવા માટે લે છે અથવા મૃતકના દેવાની ચુકવણી મેળવે છે. તે પોતે સદોષ એક્ઝિકયુટર છે.

(૨) A-ને, મૃતકે તેની હયાતીમાં તેના દેવા વસૂલવા અને તેના માલસામાન વેચવા માટે એજન્ટ તરીકે નીમેલો હોવાથી, તેના મૃત્યુની જાણ તેને થયા પછી પણ આમ કરવાનું ચાલુ રાખે છે. મૃતકના મૃત્યુની તેને જાણ થયા પછી કરેલા કાર્યોના સંબંધમાં તે પોતે સદોષ એક્ઝિકયુટર છે.

(૩) A મૃતકના એક્ઝિકયુટર તરીકે દાવો કરે છે, પરંતુ તે એક્ઝિકયુટર નથી. તે પોતે સદોષ વહીવટકર્તા છે.

સદોષ એક્ઝિક્યુટરની જવાબદારી. 300. કોઈ વ્યક્તિ સદોષ એક્ઝિક્યુટર બનવાનું કાર્ય કરે, ત્યારે તેણી/તે, કાયદેસર એક્ઝિક્યુટર અથવા વહીવટકર્તાને કરવામાં આવેલી ચુકવણીની અને વહીવટ દરમિયાન કરવામાં આવેલી ચુકવણીની કપાત કર્યા પછી, તેણીના/તેના હાથમાં આવેલી અસ્કયામતોની હદ સુધી, હકદાર

એક્ઝિક્યુટર અથવા વહીવટકર્તા-ને અથવા મૃતકના કોઈપણ લેણદાર અથવા વસિયતદાર-ને જવાબદાર રહેશે.

## એક્ઝિક્યુટર અથવા વહીવટકર્તાની સત્તા

મૃતકના મૃત્યુ પછીની કાર્યવાહીના કારણો અને મૃત્યુ સમયે બાકી રહેલા દેવાના સંબંધમાં.

**૩૦૧.** એક્ઝિક્યુટર અથવા વહીવટકર્તાને મૃતકના મૃત્યુ પછીની કાર્યવાહીના તમામ કારણોના સંબંધમાં દાવો કરવાની સમાન સત્તા રહેશે અને મૃતક હયાત હતા ત્યારે તેમની પાસે જે સત્તા હતી તે જ સત્તાનો ઉપયોગ, દેવાની વસૂલાત માટે કરી શકશે.

મૃતકની અને તેની વિરુદ્ધની માગણીઓ અને કાર્યવાહીના અધિકારો, મૃતકને બદલે એક્ઝિક્યુટર અથવા વહીવટકર્તાને પ્રાપ્ત થાય છે અને મળે છે.

**૩૦૨.** ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩માં વ્યાખ્યાયિત કર્યા પ્રમાણે માનહાનિ, હુમલો, અથવા પક્ષકારના મૃત્યુમાં ન પરિણમે તેવી અન્ય વ્યક્તિગત ઇજાઓ માટેના પગલાંના કારણો સિવાય; સન ૨૦૨૩ નો ૪૫ મો. અને પક્ષકારના મૃત્યુ પછી, માંગવામાં આવેલી રાહત ભોગવી શકાશે નહિ અથવા તે મંજૂર કરવી નિરર્થક રહેશે, ત્યારે તેવા કિસ્સા સિવાય; વ્યક્તિના મૃત્યુ સમયે તેણીની/તેની તરફેણમાં અથવા તેણીના/તેના વિરુદ્ધ ચાલુ કરેલી કોઈપણ કાર્યવાહી અથવા વિશેષ કાર્યવાહી ચલાવવા અથવા તેનો બચાવ કરવાની તમામ માગણીઓ અને તમામ અધિકારો, મૃતકના બદલે તેણીના/તેના એક્ઝિક્યુટર્સ અને વહીવટકર્તાઓ-ને પ્રાપ્ત થાય છે અને મળે છે.

ઉદાહરણો

(૧) કોઈ અધિકારીની કોઈ બેદરકારી અથવા કસૂરના પરિણામે રેલવે પર અથડામણ થાય છે, અને એક મુસાફરને ગંભીર ઈજા થાય છે પરંતુ મૃત્યુમાં પરિણમે તે રીતે નહિ. તે પછીથી કોઈ કાર્યવાહી કર્યા વિના મૃત્યુ પામે છે. કાર્યવાહીનું કારણ ટકી રહેતું નથી.

(૨) A છૂટાછેડા માટે દાવો કરે છે. A મૃત્યુ પામે છે. કાર્યવાહીનું કારણ તેના પ્રતિનિધિ માટે ટકી રહેતું નથી.

મિલકત (એસ્ટેટ)ની વ્યવસ્થા કરવાની એક્ઝિક્યુટર અથવા વહીવટકર્તાની સત્તા.

**૩૦૩.** (૧) પેટા-કલમ (૨)ની જોગવાઈઓને અધીન રહીને, એક્ઝિક્યુટર અથવા વહીવટકર્તાને, કલમ ૨૧૦ હેઠળ તેણીમાં/તેનામાં નિહિત થયેલી મૃતકની મિલકત (એસ્ટેટ)ની પોતાને યોગ્ય લાગે તે રીતે સંપૂર્ણતઃ અથવા અંશતઃ નિકાલ કરવાની સત્તા છે.

ઉદાહરણો

(૧) મૃતકે તેની મિલકત (એસ્ટેટ)ના ભાગનું ચોક્કસ વસિયત કર્યું છે. વસિયતને સંમતિ આપ્યા વિના, એક્ઝિક્યુટર તેના માલાસમાનને વેચે છે. તે વેચાણ માન્ય છે.

(૨) એક્ઝિક્યુટર સ્વ-વિવેકબુદ્ધિનો ઉપયોગ કરીને મૃતકની સ્થાવર મિલકતનો એક ભાગ ગીરો રાખે છે. તે ગીરો માન્ય છે.

(૨) પેટા-કલમ (૧)થી મળેલી સામાન્ય સત્તા, નીચેના નિયંત્રણો અને શરતોને અધીન રહેશે -

(ક) એક્ઝિક્યુટરને તેણીમાં/તેનામાં નિહિત થયેલી સ્થાવર મિલકત (એસ્ટેટ)નો નિકાલ કરવાની સત્તા, તેણીની/તેની નિમણૂક કરતા વસિયતનામાથી આ અર્થે લાદવામાં આવે તેવા કોઈપણ નિયંત્રણને અધીન છે, સિવાય કે તેણીને/તેને પ્રોબેટ આપવામાં આવ્યું હોય અને પ્રોબેટ આપ્યું હોય તે કોર્ટ, તેણીને/તેને લેખિતમાં હુકમ કરીને, નિયંત્રણ હોવા છતાં, હુકમથી પરવાનગી આપેલી રીતે હુકમમાં નિર્દિષ્ટ કરેલી કોઈપણ સ્થાવર મિલકત (એસ્ટેટ)નો નિકાલ કરવાની પરવાનગી આપે.

(ખ) વહીવટકર્તા, જે કોર્ટે વહીવટ-પત્રો મંજૂર કર્યા હોય તેની પૂર્વ-મંજૂરી વિના -

(૧) કલમ ૨૧૦ હેઠળ તેણીમાં/તેનામાં નિહિત થયેલી તત્સમાન કોઈપણ સ્થાવર મિલકત (એસ્ટેટ)ને, વેચાણથી, ભેટ આપીને, વિનિમય કરીને અથવા અન્યથા ગીરે મૂકી શકશે નહિ, તેના પર બોજો નાખી શકશે નહિ અથવા તબદીલ કરી શકશે નહિ; અથવા

(૨) આવી કોઈપણ મિલકત (એસ્ટેટ) પાંચ વર્ષથી વધુ મુદત માટે ભાડાપટે આપી શકશે નહિ.

(ગ) એક્ઝિક્યુટરે અથવા વહીવટકર્તાએ ખંડ (૧) અથવા યથાપ્રસંગ, ખંડ (૨)નું ઉલ્લંઘન કરીને કરેલી મિલકત (એસ્ટેટ)નો નિકાલ, મિલકતમાં હિતસંબંધ ધરાવતી કોઈપણ બીજી વ્યક્તિની સૂચના પર રદ થવાપાત્ર છે.

(૩) આવા કિસ્સામાં, કોઈપણ પ્રોબેટ અથવા વહીવટપત્રો આપવામાં આવે તે પહેલાં, તેના પર પેટા-કલમ (૧) અને પેટા-કલમ (૨)ના ખંડો (૧) અને (૩) અથવા યથાપ્રસંગ, પેટા-કલમ (૧) અને પેટા-કલમ (૨)ના ખંડો (૨) અને (૩)-ની એક નકલમાં શેરો મારવો જોઇશે અથવા તેની સાથે જોડવી જોઈશે.

(૪) તેના પર પેટા-કલમ (૩)થી ફરમાવ્યા મુજબ શેરો મારવામાં આવ્યો ન હોય અથવા જોડાણ કરવામાં આવ્યું ન હોય તેના કારણે પ્રોબેટ અથવા વહીવટપત્રો અમાન્ય ગણવામાં આવશે

નહિ અને આવા શેરા અથવા જોડાણ ન હોય તો, એક્ઝિકયુટર અથવા વહીવટકર્તા, આ કલમની જોગવાઈઓ અનુસાર હોય તે સિવાય અન્યથા કાર્યવાહી કરવા માટે અધિકૃત થશે નહિ.

વહીવટની સામાન્ય સત્તા.

**૩૦૪.** એક્ઝિકયુટર અથવા વહીવટકર્તા,-

(૧) તેણી/તેના દ્વારા સંચાલિત કોઈપણ એસ્ટેટની માલિકીની કોઈપણ મિલકતની યોગ્ય સંભાળ અથવા સંચાલન માટે જરૂરી હોય તેવા કાર્યો પર; અને

(૨) જિલ્લા ન્યાયાધીશની પૂર્વ-મંજૂરી સાથે, ધાર્મિક, સખાવતી મિલકત (એસ્ટેટ) પર અને આવી મિલકત (એસ્ટેટ)ના કિસ્સામાં વાજબી અને યોગ્ય હોય તેવી અન્ય વસ્તુઓ પર અને તેવા સુધારા પર,

-તેણી/તે કાયદેસર રીતે ઉપયોગમાં લઈ શકે તેવી ખર્ચની અન્ય કોઈપણ સત્તા ઉપરાંત અને તેનું અલ્પીકરણ કર્યા વિના ખર્ચ કરી શકશે.

મૃતકની મિલકત (એસ્ટેટ)ની એક્ઝિકયુટર અથવા વહીવટકર્તા

**૩૦૫.** કોઈ એક્ઝિકયુટર અથવા વહીવટકર્તા, પ્રત્યક્ષ રીતે અથવા પરોક્ષ રીતે મૃતકની મિલકત (એસ્ટેટ)નો કોઈપણ ભાગ ખરીદે, તો વેચાયેલી મિલકત(એસ્ટેટ)માં હિતસંબંધ ધરાવતી કોઈપણ બીજી વ્યક્તિની સૂચનાથી વેચાણ રદ થવાપાત્ર છે.

અનેક એક્ઝિક્યુટર્સ અથવા વહીવટકર્તાઓ પૈકી એક દ્વારા ઉપયોગમાં લેવાની સત્તા.

**૩૦૬.** અનેક એક્ઝિક્યુટર્સ અથવા વહીવટકર્તાઓ હોય, ત્યારે વિરુદ્ધનો કોઈ આદેશ ન હોય તો, તેમની તમામ સત્તાનો ઉપયોગ, જેણે વસિયતનામાને સાબિત કર્યું હોય અથવા તેનો વહીવટ હાથ ધર્યો હોય તેવા તેમનામાંથી કોઇપણ એક એક્ઝિક્યુટર અથવા વહીવટકર્તા કરી શકશે.

ઉદાહરણો

(૧) અનેક એક્ઝિક્યુટર્સ પૈકી એકને મૃતકનું બાકી દેવું મુક્ત કરવાની સત્તા છે.

(૨) (તેમાંના) એકને ભાડાપટે સોંપવાની સત્તા છે.

(૩) (તેમાંના) એકને મૃતકની જંગમ અથવા સ્થાવર મિલકત (એસ્ટેટ) વેચવાની સત્તા છે.

(૪) (તેમાંના) એકને વારસામાં સંમતિ આપવાની સત્તા છે.

(૫) (તેમાંના) એકને મૃતકને ચૂકવવાપાત્ર પ્રોમિસરી નોટ પર શેરો મારવાની સત્તા છે.

(૬) વસિયતનામાથી A, B, C અને D-ને એક્ઝિક્યુટર્સ તરીકે નીમે છે, અને આદેશ આપે છે કે તેમાંથી બે કોરમ રહેશે. કોઈપણ કાર્યવાહી, એક જ એક્ઝિક્યુટર કરી શકશે નહિ.

**૩૦૭.** અનેક એક્ઝિક્યુટર્સ અથવા વહીવટકર્તાઓ પૈકી એક અથવા એકથી વધુના મૃત્યુ પર, વસિયતનામામાં અથવા વહીવટ-પત્રો આપવામાં વિરુદ્ધનો કોઈ આદેશ ન હોય તો, હોદ્દાની તમામ સત્તા, હયાત વ્યક્તિઓ અથવા હયાત વ્યક્તિમાં નિહિત થઈ જાય છે.

એક અથવા એકથી વધુ એક્ઝિક્યુટર્સ અથવા વહીવટકર્તાઓ પૈકી એકનું મૃત્યુ થતાં બાકીનાને સત્તા રહેવા બાબત.

**૩૦૮.** વહીવટ વગરની માલમત્તાના વહીવટકર્તાને, આવી માલમત્તાના સંબંધમાં, મૂળ એક્ઝિકયુટર અથવા વહીવટકર્તા જેટલી જ સત્તા છે.

વહીવટ વગરની માલમત્તાના વહીવટકર્તાની સત્તા.

**૩૦૯.** સગીરાવસ્થા દરમિયાનના વહીવટકર્તાને, સામાન્ય વહીવટકર્તાની તમામ સત્તા છે.

સગીરાવસ્થા દરમિયાનના વહીવટકર્તાની સત્તા.

**૩૧૦.** પરિણીત સ્ત્રીને પ્રોબેટ અથવા વહીવટ-પત્રોની મંજૂરી આપવામાં આવે, ત્યારે તેણીને/તેને સામાન્ય એક્ઝિકયુટર અથવા વહીવટકર્તાની તમામ સત્તા છે.

પરિણીત એક્ઝિકયુટર અથવા વહીવટકર્તાની સત્તા.

## એક્ઝિકયુટર અથવા વહીવટકર્તાની ફરજો

**૩૧૧.** મૃતકે આવશ્યક અંત્યેષ્ટિ વિધિઓ કરવાના હેતુ માટે પૂરતી મિલકત (એસ્ટેટ) છોડી હોય, તો તે માટે તેણીની/તેની સ્થિતિને અનુરૂપ ભંડોળ (ફંડ) પૂરું પાડવાની ફરજ એક્ઝિકયુટરની છે.

મૃતકની અંત્યેષ્ટિ અંગે.

**૩૧૨. (૧)** એક્ઝિકયુટર અથવા વહીવટકર્તા, પ્રોબેટ અથવા વહીવટ પત્રો આપ્યાના છ મહિનાની અંદર અથવા જે કોર્ટે પ્રોબેટ અથવા પત્રો આપ્યા હોય તે કોર્ટ નક્કી કરે તેટલા વધુ સમયની અંદર, જેના પર એક્ઝિકયુટર અથવા વહીવટકર્તા તે સ્વરૂપમાં હકદાર હોય તેવા કોઈપણ વ્યક્તિના કબજામાં રહેલી તમામ મિલકત (એસ્ટેટ) અને તમામ ધિરાણો (ક્રેડિટ્સ)-ના અને તેણે ચૂકવેલા તમામ દેવાના સંપૂર્ણ અને સાચા અંદાજ-નો સમાવેશ કરતી એક યાદી તે કોર્ટમાં પ્રદર્શિત કરવી જોઇશે; અને તે જ રીતે, મંજૂરી મળ્યાના એક વર્ષની અંદર અથવા સદરહુ કોર્ટ નકકી કરે તેટલા વધુ સમયની અંદર, તેણીના/તેના હાથમાં આવેલી અસ્કયામતો અને તેનો ઉપયોગ અથવા વ્યવસ્થા કેવી રીતે કરવામાં આવ્યો/આવી છે તે દર્શાવતો મિલકત (એસ્ટેટ)નો હિસાબ પ્રદર્શિત કરવો જોઇશે.

યાદી અને હિસાબ.

(૨) હાઈકોર્ટ, આ કલમ હેઠળ યાદી અથવા હિસાબ પ્રદર્શિત કરવાના નમૂનાને ઠરાવી શકશે.

(૩) કોઈ એક્ઝિક્યુટર અથવા વહીવટકર્તા, કોર્ટે આ કલમ હેઠળ યાદી અથવા હિસાબ પ્રદર્શિત કરવા માટે ફરમાવ્યા પછી, ઇરાદાપૂર્વક માગણીનું પાલન કરવામાં ચૂક કરે, તો તેણીએ/તેણે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ ૨૧૧ હેઠળ ગુનો કર્યો હોવાનું ગણાશે. સન ૨૦૨૩ નો ૪૫ મો.

(૪) આ કલમ હેઠળ ઇરાદાપૂર્વક ખોટી યાદી અથવા હિસાબ પ્રદર્શિત કરવી/કરવો તે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ ૨૨૯ હેઠળ ગુનો ગણાશે. સન ૨૦૨૩ નો ૪૫ મો.

અમુક કિસ્સામાં ભારતના કોઈપણ ભાગમાંની મિલકત (એસ્ટેટ)નો સમાવેશ કરવાની

**૩૧૩.** સમગ્ર ભારતમાં અમલમાં આવે તેવા ઉદ્દેશથી પ્રોબેટ અથવા વહીવટ-પત્રો આપવામાં આવ્યા હોય, ત્યારે તેવા તમામ કિસ્સામાં, એક્ઝિક્યુટરે અથવા વહીવટકર્તાએ, મૃતકની માલમત્તાની યાદીમાં ભારતમાં આવેલી તેણીની/તેની તમામ જંગમ અને સ્થાવર મિલકતનો સમાવેશ કરવો જોઇશે અને દરેક રાજ્યમાં આવેલી આવી મિલકતનું મૂલ્ય, આવી યાદીમાં અલગથી જણાવવું જોઇશે તેમજ ભારતમાં ગમે ત્યાં આવેલી હોય તેમ છતાં, પ્રોબેટ અથવા વહીવટ-પત્રોમાં અસર પામેલી મિલકત (એસ્ટેટ)ની સંપૂર્ણ રકમ અથવા મૂલ્યને તત્સમાન હોવ તેવી ફી સાથે પ્રોબેટ અથવા વહીવટ-પત્રો વસૂલવાપાત્ર થશે.

મૃતકની મિલકત અને તેના પર બાકી રહેલા દેવા અંગે.

**૩૧૪.** એક્ઝિક્યુટરે અથવા વહીવટકર્તાએ, વાજબી કાળજી રાખીને મૃતકની મિલકત (એસ્ટેટ) અને તેણીના/તેના મૃત્યુ સમયે, તેણીના/તેના બાકી રહેલા દેવા વસૂલ કરવા જોઇશે.

તમામ દેવા પહેલાં ચૂકવવાના ખર્ચ.

**૩૧૫.** મૃતકના દરજ્જા અને મોભા અનુસાર વાજબી રકમના અંત્યેષ્ટિ ખર્ચ અને તબીબી સારવાર માટે ફી અને તેણીના/તેના મૃત્યુ પહેલાંના એક મહિના માટે રહેવા અને જમવાની વ્યવસ્થાનો સહિતના મૃત્યુશય્યા ખર્ચ, તમામ દેવા પહેલાં ચૂકવવા જોઇશે.

આવા ખર્ચ પછી ચૂકવવાના ખર્ચ.

**૩૧૬.** મિલકત (એસ્ટેટ)નું સંચાલન કરવા માટે જરૂરી હોય તેવા કોઈપણ ન્યાયિક કાર્યવાહી માટે અથવા તેના સંબંધમાં થયેલા ખર્ચ સહિતના પ્રોબેટ અથવા વહીવટ-પત્ર મેળવવાના ખર્ચ, અંત્યેષ્ટિ ખર્ચ અને મૃત્યુશય્યા ખર્ચ પછી તરત જ ચૂકવવા જોઇશે.

**૩૧૭.** કોઈપણ મજૂરે, કારીગરે અથવા ઘરના નોકરે મૃતકને તેણીના/તેના મૃત્યુ પહેલાંના ત્રણ મહિનાની અંદર આપેલી સેવાઓ માટે બાકી રહેલ વેતન ચૂકવવું જોઇશે અને પછી મૃતકના અન્ય દેવાના સંબંધમાં દેવાની પ્રાથમિકતા (કોઈ હોય તો) અનુસાર ચૂકવવા જોઇશે.

ત્યાર પછી અમુક સેવાઓ માટે વેતન ચૂકવવા અને તે પછી અન્ય દેવા ચૂકવવા બાબત.

**૩૧૮.** ઉપર્યુક્ત સિવાય, કોઈપણ લેણદારને બીજા લેણદાર પર પસંદગીનો અધિકાર રહેશે નહિ; પરંતુ એક્ઝિક્યુટરે અથવા વહીવટકર્તાએ, મૃતકની અસ્કયામતોનો બોજો હોય ત્યાં સુધી, તેણી/તે જાણતી/જાણતો હોય તેવા પોતાના દેવા સહિતના તમામ દેવા સમાન રીતે અને ફાળે પડતાં ચૂકવવા જોઇશે.

ઉપર્યુક્ત દેવા સિવાય, તમામ દેવા સમાન રીતે અને ફાળે પડતાં ચૂકવવા જોઇશે.

**૩૧૯.** **(૧)** મૃતકનો કાયમી વસવાટ ભારતમાં ન હોય, તો તેના/તેણીના દેવાની ચુકવણી માટે તેણીની/તેની જંગમ મિલકત (એસ્ટેટ)ના ઉપયોગનું નિયમન, ભારતના કાયદાથી નિયંત્રિત કરવામાં આવશે.

(૨) પેટા-કલમ (૧)ની રૂએ તેણીના/તેના દેવાના ભાગની ચુકવણી પ્રાપ્ત કરે તેવો કોઈપણ લેણદાર, મૃતકની સ્થાવર મિલકત (એસ્ટેટ)ની આવકમાં ભાગ લેવા માટે હકદાર રહેશે નહિ, સિવાય કે તેણી/તે, અન્ય લેણદારોના લાભ માટે આવી ચુકવણી ધ્યાનમાં લે.

કાયમી વસવાટ ભારતમાં ન હોય તેવા દેવાની ચુકવણી માટે જંગમ મિલકત (એસ્ટેટ)નો ઉપયોગ.

ઉદાહરણ

A મૃત્યુ પામે છે, તેનું નિવાસસ્થાન એવા દેશમાં હોય છે જ્યાં સીલ હેઠળના દસ્તાવેજો સીલ હેઠળના ન હોય તેવા દસ્તાવેજો કરતાં પ્રાથમિકતા ધરાવે છે, ૫૦૦,૦૦૦ રૂપિયાના મૂલ્યની સ્થાવર મિલકત (એસ્ટેટ) અને ૧,૦૦૦,૦૦૦ રૂપિયાની સ્થાવર મિલકત (એસ્ટેટ), ૧,૦૦૦,૦૦૦ રૂપિયાની રકમના સીલ હેઠળના ન હોય તેવા દસ્તાવેજો પરના દેવા અને તે જ રકમની સીલ હેઠળના દસ્તાવેજો પરના દેવા છોડી દે છે. સીલ હેઠળના દસ્તાવેજો ધરાવતા લેણદારોએ, સ્થાવર મિલકતની આવકમાંથી તેમના દેવાનો અડધો ભાગ મેળવ્યો હતો. સ્થાવર મિલકતની આવક સીલ હેઠળના ન હોય તેવા દસ્તાવેજો પરના દેવાનો અડધો ભાગ છૂટો ન થાય ત્યાં સુધી, આવા દેવાની ચુકવણીમાં લાગુ કરવામાં આવશે. આનાથી ૫૦૦,૦૦૦ રૂપિયા બાકી રહેશે જે તમામ લેણદારોમાં ભેદભાવ વિના, તેમના પર બાકી રહેલી રકમના પ્રમાણમાં વહેંચવાના રહેશે.

વસિયતી વારસા પહેલાં ચૂકવવાના દેવા.

**૩૨૦.** દરેક પ્રકારના દેવા, કોઈપણ વસિયતી વારસા પહેલાં ચૂકવવા પડશે.

એક્ઝિક્યુટર અથવા વહીવટકર્તા ક્ષતિપૂર્તિ વિના વસિયતી વારસો સોંપી દેવા માટે બંધાયેલા નથી.

**૩૨૧.** મૃતકની મિલકત, કોઈપણ આકસ્મિક જવાબદારીઓને અધીન હોય, તો એક્ઝિક્યુટર અથવા વહીવટકર્તા, તે જવાબદારીઓ પૂરી કરવાનો સમય આવે ત્યારે, તે પરિપૂર્ણ કરવા પૂરતી ક્ષતિપૂર્તિ વિના કોઈપણ વસિયતી વારસો સોંપી દેવા (ચૂકવવા) માટે બંધાયેલા નથી.

સામાન્ય વસિયતી વારસામાં કપાત.

**૩૨૨.** દેવા, આવશ્યક ખર્ચ અને યથાનિર્દિષ્ટ વસિયતી વારસા ચૂકવ્યા (સોંપી દીધા) પછી અસ્કયામતો, તમામ સામાન્ય વસિયતી વારસો સોંપી દેવા (ચૂકવવા) માટે પૂરતી ન હોય, તો પછીથી સરખા પ્રમાણમાં કપાત થશે અથવા તેમાં ઘટાડો થશે અને વસિયતનામામાં વિરુદ્ધનો કોઈ આદેશ ન હોય તો, એક્ઝિક્યુટરને, એક વારસદારને બીજા વારસદાર કરતાં વધુ ચુકવણી કરવાનો, અથવા તેણીને/તેને અથવા જેના માટે તે/તેણી ટ્રસ્ટી હોય તેવી કોઈપણ વ્યક્તિને, વસિયતી વારસાના કારણે કોઈપણ નાણા રાખવાનો કોઈ અધિકાર નથી.

દેવાની ચુકવણી કરવા માટે પૂરતી અસ્કયામતો હોય, ત્યારે યથાનિર્દિષ્ટ વસિયતી વારસામાં કપાત.

**૩૨૩.** યથાનિર્દિષ્ટ વસિયતી વારસો હોય અને અસ્કયામતો દેવાની ચુકવણી અને આવશ્યક ખર્ચ માટે પૂરતી હોય, ત્યારે નિર્દિષ્ટ કરેલી વસ્તુ, કોઈપણ વારસદારને કોઈપણ કપાત વિના સોંપવી આવશ્યક છે.

દેવા અને જરૂરી ખર્ચ ચૂકવવા માટે પૂરતી સંપત્તિ હોય ત્યારે મિલકતદર્શક વસિયતી વારસા હેઠળ અધિકાર.

**૩૨૪.** મિલકતદર્શક વસિયતી વારસો હોય અને સંપત્તિ દેવાની ચુકવણી અને આવશ્યક ખર્ચ માટે પૂરતી હોય, ત્યારે વારસદારને જેમાંથી વસિયતી વારસો ચૂકવવાનો આદેશ આપવામાં આવે તે ભંડોળ સમાપ્ત ન થાય ત્યાં સુધી, આવા ભંડોળમાંથી તેણીના/તેના વસિયતી વારસાની ચુકવણી માટે પસંદગીનો દાવો હોય છે અને ભંડોળ સમાપ્ત થયા પછી, વારસાનો ભાગ હજુ પણ ચૂકવવામાં ન આવે, તો તેણી/તે આવી ચૂકવવામાં ન આવેલી બાકીની રકમના વસિયતી વારસા માટે સામાન્ય સંપત્તિ સામે બાકી રકમ માટે ક્રમ આપવા માટે હકદાર છે.

યથાનિર્દિષ્ટ વસિયતી વારસામાં ફાળે પડતી કપાત.

**૩૨૫.** દેવા અને યથાનિર્દિષ્ટ વસિયતી વારસા સોંપી દેવા માટે પૂરતી સંપત્તિ ન હોય, તો પછીથી તેમની સંબંધિત રકમના પ્રમાણમાં ફાળે પડતી કપાત કરવામાં આવશે.

ઉદાહરણ

A-એ B-ને ૫૦,૦૦૦ રૂપિયાની કિંમતની હીરાની વીંટી અને C-ને ૧૦૦,૦૦૦ રૂપિયાની કિંમતનું મોટર વાહન વસિયતમાં આપ્યું છે. વસિયતકર્તાની તમામ માલમત્તા વેચવી જરૂરી જણાય છે; અને દેવાની ચુકવણી પછી તેની સંપત્તિ ફક્ત ૧૦૦,૦૦૦ રૂપિયા છે. આ રકમમાંથી, ૩૩,૩૩૩ રૂપિયા B ને અને ૬૬,૬૬૭ રૂપિયા C-ને ચૂકવવાના છે.

**૩૨૬.** કપાતના હેતુ માટે, જીવનભરનો વસિયતી વારસો, વાર્ષિકી ઉત્પન્ન કરવા માટે વસિયતનામાથી ફાળવવામાં આવેલી રકમ અને તેને રજૂ કરવા માટે કોઈ રકમ ફાળવવામાં ન આવી હોય ત્યારે તેવી વાર્ષિકીનું મૂલ્ય, સામાન્ય વસિયતી વારસા તરીકે ગણવામાં આવશે.

કપાતના હેતુ માટે વસિયતી વારસાઓને સામાન્ય વસિયતી વારસા ગણવા બાબત.

## એક્ઝિક્યુટર અથવા વહીવટકર્તા દ્વારા વારસાને સંમતિ

**૩૨૭.** વારસદારના વસિયતી વારસાના માલિકી હકને પરિપૂર્ણ કરવા માટે, એક્ઝિક્યુટર અથવા વહીવટકર્તાની સંમતિ જરૂરી છે.

વારસદારના માલિકી હકને પરિપૂર્ણ કરવા માટે સંમતિ જરૂરી છે.

ઉદાહરણો

(૧) A તેના વસિયતનામાથી B-ને તેના સરકારી કાગળ વારસામાં આપે છે જે સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયામાં જમા છે. બેંકને એક્ઝિક્યુટરની સંમતિ વિના સિક્યોરિટીઝ (જામીનગીરી) સોંપવાનો કોઈ અધિકાર નથી કે B-ને તેનો કબજો લેવાનો કોઈ અધિકાર નથી.

(૨) A-એ, અમદાવાદમાં B-ને ભાડે આપેલું પોતાનું ઘર તેના વસિયતનામાથી C-ને વરસામાં આપેલ છે. C એક્ઝિક્યુટર અથવા વહીવટકર્તાની સંમતિ વિના ભાડું મેળવવાને હકદાર નથી.

યથાનિર્દિષ્ટ વસિયતી વારસાને એક્ઝિક્યુટરની સંમતિની અસર.

**૩૨૮. (૧)** યથાનિર્દિષ્ટ વસિયતમાં એક્ઝિક્યુટર અથવા વહીવટકર્તાની સંમતિ, તેમાં તેણીના/તેના હિતસંબંધને, એક્ઝિક્યુટર અથવા વહીવટકર્તા તરીકેના હકથી વંચિત કરવા અને વારસદારના વસિયતના વિષયને તબદીલ કરવા માટે પૂરતી રહેશે, સિવાય કે મિલકત (એસ્ટેટ)ના પ્રકાર અથવા સંજોગો, તેને અમુક રીતે તબદીલ કરવાની જરૂર હોય તેવા હોય.

(૨) આ સંમતિ મૌખિક હોઈ શકે અને તે, એક્ઝિક્યુટર અથવા વહીવટકર્તાની વર્તણૂક (એસ્ટેટ)થી સ્પષ્ટ અથવા ગર્ભિત હોઈ શકે.

ઉદાહરણો

(૧) A ઘોડાને વસિયતમાં આપવામાં આવે છે. એક્ઝિક્યુટર, વસિયતદારને તેનો નિકાલ કરવાની વિનંતી કરે છે અથવા કોઈ તૃતીય પક્ષકાર, એક્ઝિક્યુટર પાસેથી ઘોડો ખરીદવાનો પ્રસ્તાવ મૂકે છે, અને તેણી/તે (એક્ઝિક્યુટર), તેણીને/તેને (તૃતીય પક્ષકારને) વસિયતદારને અરજી કરવાનું સૂચન કરે છે. વારસાને સંમતિ ગર્ભિત છે.

(૨) વસિયતથી અમુક ભંડોળનું વ્યાજ, વસિયતદારની સગીરાવસ્થા દરમિયાન તેણીના/તેના ભરણપોષણ માટે ઉપયોગમાં લેવાનો આદેશ કરવામાં આવે છે. એક્ઝિક્યુટર તેનો એ રીતે ઉપયોગ કરવો શરૂ કરે છે. આ સમગ્ર વસિયતી, બક્ષિસની અનુમતિ છે.

(૩) વસિયતી બક્ષિસથી અમુક ફંડ A ને અને તેણીને/તેને આપ્યા પછી B ને આપવામાં આવે છે. એક્ઝિક્યુટર, તે ફંડનું વ્યાજ Aને આપે છે. આ બાબત Bને આપેલી વસિયતી બક્ષિસની ગર્ભિત અનુમતિ છે.

(૪) વસિયત કરનારના તમામ દેવાં ચૂક્વ્યા પછી પરંતુ યથાનિર્દિષ્ટ વસિયતી વારસા આપ્યા પહેલાં એક્ઝિક્યુટરો મૃત્યુ પામે છે. તે વારસાને અનુમતિ આપવામાં આવી છે એમ માની શકાય.

(૫) જેને કોઇ યથાનિર્દિષ્ટ વસ્તુની વસિયતી બક્ષિસ આપવામાં આવેલ હોય તે વ્યક્તિ એક્ઝિક્યુટર તરફથી કોઇ વાંધો લેવાયા વિના તે વસ્તુ કબજે લઇને રાખી લે છે. તેણીની/તેની (એક્ઝિક્યુટરની) અનુમતિ મળી છે એમ માની શકાય.

**૩૨૯.** વસિયતી વારસા અંગેની એક્ઝિક્યુટર અથવા વહીવટકર્તાની અનુમતિ શરતી હોઇ શકે અને જો તે શરતનો અમલ કરાવવાનો તેણીને/તેને (એક્ઝિક્યુટરને) હક હોય અને તેનું પાલન કરવામાં ન આવે, તો અનુમતિ મળી ન ગણાય. **શરતી અનુમતિ**

ઉદાહરણો

(૧) A વસિયતી બક્ષિસથી Bને પોતાની અમદાવાદની જમીન આપે છે, તે જમીન વસિયતની તારીખે અને Aના મૃત્યુ સમયે ૫,00,000 રૂપિયા માટે ગીરો મૂકેલી હતી. એક્ઝિક્યુટર સદરહુ વસિયતી બક્ષિસને એવી શરતે અનુમતિ આપે છે કે B એ વસિયત કરનારના મૃત્યુ સમયે ગીરોની રૂએ લેણી થતી રકમ મર્યાદિત સમયમાં ચૂકવવી જોઇશે. તે રકમ ચૂકવવામાં આવતી નથી. અનુમતિ મળી ન ગણાય.

(૨) વસિયતદારે તેણીને/તેને અમુક રકમ ચૂકવવી જોઇશે એવી શરતે એક્ઝિક્યુટર, વસિયતી બક્ષિસ અંગે અનુમતિ આપે છે. ચુકવણી કરવામાં આવતી નથી. તેમ છતાં, અનુમતિ માન્ય ગણાય.

**330.** (૧) એક્ઝિક્યુટર અથવા વહીવટકર્તા પોતે વસિયતદાર હોય તો બીજી કોઇ વ્યક્તિને વસિયતી બક્ષિસ આપવામાં આવેલ હોય, ત્યારે જેમ તેણીની/તેની અનુમતિ આવશ્યક હોય છે એ જ પ્રમાણે તેણીના/તેના વસિયતી વારસાનો હક સંપૂર્ણ કરવા માટે, તેના તેણીના/તેના વારસાને તેની અનુમતિ જરૂરી હોય છે અને તેણીની/તેની અનુમતિ એવી જ રીતે સ્પષ્ટ અથવા ગર્ભિત હોઇ શકે. **પોતાના વસિયતી વારસા અંગે એક્ઝિક્યુટરની અનુમતિ.**

(૨) મિલકત (એસ્ટેટ)નો વહીવટ કરવામાં એક્ઝિક્યુટર અથવા વહીવટકર્તા, કોઇ એવું કાર્ય કરે કે તે તેણીની/તેની વસિયતદારની હેસિયતથી કર્યું ગણાય અને તેણીની/તેની એક્ઝિક્યુટર અથવા વહીવટકર્તાની હેસિયતથી કર્યું ન ગણાય તો અનુમતિ ગર્ભિત છે એમ સમજવું.

ઉદાહરણ

એક્ઝિક્યુટર, તેને વસિયતી વારસામાં મળેલ ઘરનું ભાડું અથવા સરકારી જામીનગીરીઓનું વ્યાજ મેળવે છે અને તેના પોતાના ઉપયોગ માટે વાપરે છે. આ સંમતિ છે.

**331.** કોઇ વસિયતી વારસા અંગે એક્ઝિક્યુટરે અથવા વહીવટકર્તાએ આપેલી અનુમતિ, તે વસિયતી વારસાને, વસિયત કરનાર મૃત્યુ પામે ત્યારથી અસરકર્તા બનાવે છે. **એક્ઝિક્યુટરની અનુમતિની અસર.**

ઉદાહરણો

(૧) વસિયતદાર, તેણીના/તેના વસિયતી વારસા અંગે એક્ઝિક્યુટર અનુમતિ આપે તે પહેલાં તે વસિયતી વારસો વેચી દે છે. એક્ઝિક્યુટરે પાછળથી આપેલી અનુમતિ, ખરીદનારના ફાયદા માટે અમલી બને છે અને વસિયતી વારસા અંગેનો તેણીનો/તેનો હક સંપૂર્ણ થાય છે.

(૨) A વસિયતી વારસાથી B ને તેણી/તે પોતે મૃત્યુ પામે ત્યારથી ચઢતાં વ્યાજે રૂપિયા ૧,૦૦,૦૦૦ આપે છે. A મૃત્યુ પામ્યો ત્યારથી એક વર્ષ પૂરું થતાં સુધીમાં એક્ઝિક્યુટર તેણીના/તેના વસિયતી વારસાને અનુમતિ આપતો નથી. A મૃત્યુ પામ્યો ત્યારથી B વ્યાજ માટે હકદાર છે.

એક્ઝીક્યુટરે વસિયતી વારસા ક્યારે સોંપી દેવાં જોઇએ.

**૩૩૨.** વસિયત કરનાર, મૃત્યુ પામે ત્યારથી એક વર્ષ પૂરું થાય ત્યાં સુધી એક્ઝિક્યુટર અથવા વહીવટકર્તા, કોઇ વસિયતી વારસો સોંપી દેવા અથવા આપી દેવા બંધાયેલ નથી.

ઉદાહરણ

A તેણીની/તેની વસિયતથી એવો આદેશ કરે છે કે તેણીના/તેના વસિયતી વારસા તેણીના/તેના મૃત્યુ પછી છ મહિનાની અંદર ચૂકવી આપવા (સોંપી દેવા), એક્ઝિક્યુટર વર્ષની સમાપ્તિ પહેલાં તેને ચૂકવી આપવા (સોંપી દેવા) બંધાયેલ નથી.

## વર્ષાસનોની ચુકવણી અને ફાળવણી

વસિયતથી સમય નક્કી કરવામાં આવ્યો ન હોય ત્યારે વર્ષાસનની શરૂઆત.

**૩૩૩.** વસિયતથી વર્ષાસન આપવામાં આવ્યું હોય અને તે શરૂ કરવા માટે કોઈપણ સમય નક્કી કરવામાં આવેલ ન હોય ત્યારે, વસિયત કરનાર, મૃત્યુ પામે ત્યારથી તે શરૂ થશે, અને તે ઘરના (વસિયત કરનારના મૃત્યુ) પછી તરતનું એક વર્ષ પૂરું થયે પહેલી ચુકવણી કરવી જોઇશે.

દર ત્રણ મહિને અથવા દર મહિને આપવાનું વર્ષાસન પ્રથમ ક્યારે લેણું થાય.

**૩૩૪.** દર મહિને અથવા દર મહિને વર્ષાસન આપવાનો આદેશ હોય, ત્યારે વસિયત કરનારના મૃત્યુ પછી, પહેલાં ત્રિમાસ અથવા યથાપ્રસંગ, પહેલાં મહિનાને અંતે પહેલીવાર આપવાની રકમ લેણી થશે; અને એક્ઝિક્યુટર અને વહીવટકર્તાને યોગ્ય લાગે તો લેણી થાય ત્યારે તે આપવામાં આવશે. પરંતુ એક્ઝિક્યુટર અથવા વહીવટકર્તા વર્ષના અંત સુધી તે આપવા માટે બંધાયેલ રહેશે નહિ.

નિયત સમયની અંદર અથવા ચોક્કસ દિવસ પહેલા ચુકવણી કરવાનો આદેશ કરવામાં આવ્યો હોય ત્યારે ઉત્તરોત્તર ચુકવણીની તારીખો.

**૩૩૫.** (૧) એવો આદેશ હોય કે વસિયત કરનારનું મૃત્યુ પામે ત્યારે એક મહિનાની અથવા બીજી કોઇ સમયમર્યાદાની અંદર અથવા ચોક્કસ દિવસે કોઇ વર્ષાસનની પહેલીવારની ચુકવણી કરવી જોઇશે, ત્યારે વહેલામાં વહેલા જે તારીખે પહેલી ચુકવણી કરવાનું વસિયતથી અધિકૃત કરવામાં આવ્યું હોય તે તારીખથી એક વર્ષ પૂરું થયા પછી એ જ તારીખે ઉત્તરોત્તર ચુકવણી કરવાની રહેશે.

(૨) ચુકવણીની તારીખો વચ્ચેના ગાળામાં વર્ષાસની મૃત્યુ પામે, તો વર્ષાસનનો ફાળે પડતો હિસ્સો, તેણીના/તેના પ્રતિનિધિને ચૂકવવો જોઇશે.

## વસિયતી વારસા માટેની જોગવાઇ કરવા ભંડોળનું રોકાણ

**૩૩૬.** યથાનિર્દિષ્ટ ન હોય એવો વસિયતી વારસો, જીવનપર્યંત આપવામાં આવેલ હોય, ત્યારે વર્ષને અંતે હાઇકોર્ટ, કોઈ સામાન્ય નિયમથી અધિકૃત કરે અથવા આદેશ કરે એવી જામીનગીરીઓમાં વસિયતથી આપેલી રકમનું રોકાણ કરવું જોઇશે અને તેની ઊપજ પ્રાપ્ત થતી જાય તેમ વસિયતદારને તે આપવી જોઇશે.

**યથાનિર્દિષ્ટ ન હોય એવો વસિયતી વારસો જીવનપર્યંત આપવામાં આવેલ હોય, ત્યારે વસિયતથી આપેલી રકમનું રોકાણ.**

**ભવિષ્યમાં સોંપી દેવાના સામાન્ય વસિયતી વારસા અંગે રોકાણ અને વચગાળાના હિતની નિકાલ.**

**૩૩૭.** (૧) ભવિષ્યમાં સોંપી દેવો એ રીતે કોઇ સામાન્ય વસિયતી વારસો આપવામાં આવેલ હોય, ત્યારે એક્ઝિક્યુટરે અથવા વહીવટકર્તાએ, આ માટે પૂરતી રકમનું કલમ ૩૩૬માં જણાવેલાં પ્રકારની જામીનગીરીઓમાં રોકાણ કરવું જોઇશે.

(૨) વચગાળાનું હિત, વસિયત કરનારની શેષ મિલકતનો ભાગ બનશે.

**કોઇ ભંડોળ ઉપર વર્ષાસનનો બોજો રાખવામાં આવ્યો ન હોય અથવા**

**૩૩૮.** કોઇ વર્ષાસન આપવામાં આવે અને વસિયતથી કોઇ ભંડોળ ઉપર તેની ચુકવણીનો બોજો રાખવામાં આવે નહિ અથવા તેના માટે ભંડોળનો વિનિયોગ કરવામાં આવે નહિ, ત્યારે નિર્દિષ્ટ રકમનું સરકારી વર્ષાસન ખરીદવું જોઇશે અથવા એવું કોઇ વર્ષાસન મળી શકે નહિ તો વર્ષાસનની રકમ ઊપજે એટલા પૂરતી રકમનું કલમ ૩૩૬ માં જણાવેલા પ્રકારની જામીનગીરીઓમાં તે હેતુ માટે રોકાણ કરવું જોઇશે.

અવલંબી વસિયતી બક્ષિસની શેષ વસિયતદારને તબદીલી.

**૩૩૯.** કોઇ વસિયતી બક્ષિસ અવલંબી (પ્રાસંગિક) હોય, ત્યારે એક્ઝિક્યુટર અથવા વહીવટકર્તા તે વસિયતી વારસાની રકમનું રોકાણ કરવા બંધાયેલ નથી પણ શેષ વસિયતદાર હોય તો તેણી/તે, જો સદરહુ વસિયતી વારસો સોંપી દેવાના થાય તો તે સોંપી દેવા માટે પૂરતી જામીનગીરી આપે એટલે એક્ઝિક્યુટર અથવા વહીવટકર્તા તેને તમામ શેષ મિલકત તબદીલ કરી શકશે.

ખાસ જામીનગીરીઓમાં રોકાણ કરવાનો આદેશ કર્યા વિના વસિયતીથી જીવનપર્યંત આપેલી શેષ મિલકતનું રોકાણ.

**૩૪૦.** કોઇ વસિયત કરનારે તેણીની/તેની શેષ મિલકતનું કોઇ ખાસ જામીનગીરીઓમાં રોકાણ કરવાનો આદેશ કર્યા વિના કોઇ વ્યક્તિને તેના જીવનપર્યંત વસિયતી બક્ષિસથી તે આપેલ હોય, ત્યારે વસિયત કરનારના મૃત્યુ સમયે તેનો જેટલો ભાગ કલમ ૩૩૬માં જણાવેલા પ્રકારની જામીનગીરીઓમાં રોકેલો ન હોય તેનું નાણામાં રૂપાંતર કરી એવી જામીનગીરીઓમાં રોકાણ કરવું જોઇશે.

**૩૪૧.** કોઇ વસિયત કરનારે, તેણીની/તેની શેષ મિલકત (એસ્ટેટ)નું અમુક નિર્દિષ્ટ કરેલી જામીનગીરીઓમાં રોકાણ કરવાના આદેશ સાથે કોઇ વ્યક્તિને તેના જીવનપર્યંત વસિયતી બક્ષિસથી તે આપેલ હોય, ત્યારે તે મિલકતનો જેટલો ભાગ તેણીના/તેના મૃત્યુ સમયે નિર્દિષ્ટ કરેલા પ્રકારની જામીનગીરીઓમાં રોકેલો ન હોય તેનું નાણામાં રૂપાંતર કરી એવી જામીનગીરીઓમાં રોકાણ કરવું જોઇશે.

નિર્દિષ્ટ કરેલી જામીનગીરીઓમાં રોકાણ કરવાના આદેશ સાથે વસિયતી બક્ષિસથી જીવનપર્યંત આપેલ શેષ મિલકતનું રોકાણ.

**૩૪૨.** કલમો ૩૪૦ અને ૩૪૧માં જણાવેલું છે એવું રૂપાંતર અને રોકાણ, એક્ઝિક્યુટર અને વહીવટકર્તાને યોગ્ય લાગે તે સમયે અને તે રીતે કરવાનું રહેશે અને એવું રૂપાંતર અને રોકાણ પૂરું ન થાય ત્યાં સુધી, એ રીતે રોકાણ કરવામાં આવે ત્યારે તે ભંડોળની આવક માટે તે સમયે હકદાર હોય તે વ્યક્તિને એ રીતે રોકાણ કરવામાં આવેલ ન હોય તેવાં સદરહુ ભંડોળના ભાગની(વસિયત કરનારના મૃત્યુની તારીખે હોય તે બજાર કિંમતે ગણતરી કરવાની) બજાર કિંમત ઉપર વર્ષે દર છ ટકાના દરે વ્યાજ મળશે.

રૂપાંતર કરવાનો અને રોકાણ કરવાનો સમય અને રીત.

વસિયતી બક્ષિસની તાત્કાલિક ચુકવણી અથવા કબજા માટે કોઇ સગીર હકદાર હોય અને તેણીના/તેના વતી કોઇ વ્યક્તિને તે સોંપી દેવાનો આદેશ ન હોય ત્યારે અનુસરવાની

**૩૪૩.** (૧) કોઇ વસિયતી બક્ષિસના લખાણ મુજબ બક્ષિસ આપેલી રકમ અથવા વસ્તુની તાત્કાલિક ચુકવણી અથવા કબજા માટે વસિયતદાર હકદાર હોય પણ તે સગીર હોય અને તેના વતી કોઇ વ્યક્તિને તે આપવાનો વસિયતમાં કોઈપણ આદેશ ન હોય ત્યારે એક્ઝિક્યુટર અથવા વહીવટકર્તાએ, જે કોર્ટ અથવા જે જિલ્લા ડેલિગેટે પ્રોબેટ અથવા વસિયત સાથે જોડેલા વહીવટપત્ર આપેલ હોય તે જિલ્લા ન્યાયાધીશની કોર્ટમાં સદરહુ રકમ અથવા વસ્તુ વસિયતદારના ખાતે આપવી અથવા સોંપવી જોઇશે.

(૨) જિલ્લા ન્યાયાધીશની કોર્ટમાં કરેલી ચુકવણીથી આપેલાં નાણાં માટેની જવાબદારી પૂરતી રીતે અદા થઇ ગણાશે.

(૩) આ કલમ હેઠળ ચૂકવવામાં આવે ત્યારે સરકારી જામીનગીરીઓ ખરીદવામાં તેનું રોકાણ કરવું જોઇશે. જે તેના વ્યાજ સાથે, ન્યાયાધીશ આદેશ કરે તે પ્રમાણે તે માટે હકદાર વ્યક્તિને તબદીલ કરવી જોઇશે અથવા અન્યથા રીતે તેણીના/તેના ફાયદા માટે ઉપયોગમાં લેવી જોઇશે.

## વસિયતી વારસાની ઊપજ અને વ્યાજ

વસિયતદારનો યથાનિર્દિષ્ટ વસિયતી વારસાની ઊપજ મેળવવાનો હક.

**૩૪૪.** યથાનિર્દિષ્ટ વસિયતી વારસાનો વસિયતદાર, વસિયત કરનાર મૃત્યુ પામે ત્યારથી તેની ચોખ્ખી ઊપજ માટે હકદાર છે.

અપવાદ- કોઇ યથાનિર્દિષ્ટ વસિયતી વારસો, તેની શરતો મુજબ અવલંબી વારસો હોય તો તેમાં વસિયત કરનારના મૃત્યુના અને સદરહુ વસિયતી વારસો નિહિત થવાના સમય દરમિયાનની તે વસિયતી વારસાની ઊપજનો સમાવેશ થતો નથી. તેની ચોખ્ખી ઊપજ, વસિયત કરનારની શેષ મિલકતનો ભાગ બને છે.

ઉદાહરણો

(૧) A, વસિયતી બક્ષિસથી પોતાનું ઘેટાનું ટોળું Bને આપે છે. Aના મૃત્યુના અને તેના એક્ઝિક્યુટરે ઘેટા સોંપી દેવાના સમય દરમિયાન ઘેટાનું ઊન ઉતારવામાં આવે છે અથવા કેટલીક ઘેટીઓ વિયાઇ છે તે ઉન અને ગાડરડાં Bની મિલકત છે.

(૨) A, વસિયતી બક્ષિસથી તેની સરકારી જામીનગીરીઓ Bને આપે છે. પણ Cનું મૃત્યુ થતાં સુધી તેને તે સોંપી દેવાનું મુલતવી રાખે છે. Aના મૃત્યુ અને Cના મૃત્યુ વચ્ચેના સમય દરમિયાન લેણું થયેલું વ્યાજ Bને મળશે અને તે સગીર ન હોય તો વ્યાજ મળતું જાય તેમ તેને તે ચૂકવવું પડશે.

(૩) A ૧૮ વર્ષની વય પૂરી કરે ત્યારે તેને મળે એ પ્રમાણે વસિયત કરનાર તેને પોતાની ચાર ટકા વ્યાજવાળી તમામ સરકારી પ્રોમિસરી નોટ વસિયતી બક્ષિસથી આપે છે. A, પોતે જો ૧૮ વર્ષની વય પૂરી કરે તો, તે નોટ મેળવવા હકદાર છે, પણ તેના અંગે વસિયત કરનારના મૃત્યુના અને Aને ૧૮ વર્ષ પૂરાં થયાના સમય દરમિયાન ઉપજેલું વ્યાજ શેષ, મિલકતનો ભાગ બને છે.

શેષ વસિયતદારનો શેષ ભંડોળની ઊપજ મેળવવાનો હક.

**૩૪૫.** શેષ મિલકતની સામાન્ય વસિયતી બક્ષિસ હેઠળ વસિયતદાર, વસિયત કરનાર મૃત્યુ પામે ત્યારથી શેષ ભંડોળની ઊપજ મેળવવા હકદાર છે.

અપવાદ- કોઇ શેષ મિલકતની સામાન્ય વસિયતી બક્ષિસ, તેની શરતો મુજબ અવલંબી બક્ષિસ હોય તો તેમાં વસિયત કરનારના મૃત્યુના અને સદરહુ વસિયતી વારસો, નિહિત

થવાના સમય દરમિયાનની વસિયતી બક્ષિસથી આપેલા ભંડોળની આવકનો સમાવેશ થતો નથી. આવી આવક તેની વ્યવસ્થા (નિકાલ) કરવામાં આવી ન હોય તેમ જશે.

ઉદાહરણો

(૧) A એ સગીર છે. A ૧૮ વર્ષની વય પૂરી કરે ત્યારે તેને સોંપી દેવા માટે વસિયત કરનાર, પોતાની શેષ મિલકત, વસિયતી બક્ષિસથી તેને આપે છે. વસિયત કરનાર, મૃત્યુ પામે ત્યારથી આવક Aને મળશે.

(૨) A ૧૮ વર્ષની વય પૂરી કરે ત્યારે તેને મળે એ પ્રમાણે વસિયત કરનાર, પોતાની શેષ મિલકત વસિયતી બક્ષિસથી તેને આપે છે. A ૧૮ વર્ષની વય પૂરી કરે, તો તે શેષ મિલકત મેળવવા હકદાર થશે. તે મિલકત અંગે વસિયત કરનારના મૃત્યુ પછી થયેલી આવક તેની વ્યવસ્થા (નિકાલ) કરવામાં આવી ન હોય તેમ જશે.

સામાન્ય વસિયતી વારસો સોંપી દેવા માટે કોઇ સમય નક્કી કરવામાં આવેલ ન હોય ત્યારે વ્યાજ.

**૩૪૬.** કોઇ સામાન્ય વસિયતી વારસો સોંપી દેવા માટે કોઇ સમય નક્કી કરવામાં આવેલ ન હોય, ત્યારે વસિયત કરનાર મૃત્યુ પામે ત્યારથી એક વર્ષ પૂરું થયે વ્યાજ ચડવું શરૂ થશે.

અપવાદો- (૧) કોઇ દેવું ભરપાઇ કરવા માટે વસિયતી વારસો આપવામાં આવે, ત્યારે વસિયત કરનાર મૃત્યુ પામે ત્યારથી વ્યાજ ચડશે.

(૨) વસિયત કરનાર, વસિયતદારનો પિતા કે માતા અથવા વધુ દૂરનો પૂર્વજ હોય અથવા પોતે વસિયતદારના પિતા કે માતાની જગ્યાએ હોય, ત્યારે વસિયત કરનાર મૃત્યુ પામે ત્યારથી વસિયતી વારસાનું વ્યાજ મળશે.

(૩) વસિયતી બક્ષિસથી કોઇ સગીરને કોઇ રકમ આપવામાં આવે અને તેમાંથી સગીરના (તેણીના/તેના) ભરણપોષણનું ખર્ચ ચૂકવવાનો આદેશ કરવામાં આવે, ત્યારે વસિયત કરનાર મૃત્યુ પામે ત્યારથી વ્યાજ ચૂકવવાપાત્ર થશે.

સમય નક્કી કરવામાં આવેલ હોય ત્યારે વ્યાજ.

**૩૪૭.** કોઇ સામાન્ય વસિયતી વારસો સોંપી દેવા માટે સમય નક્કી કરવામાં આવેલ હોય, ત્યારે એવા નક્કી કરેલા સમયથી વ્યાજ ચડવું શરૂ થાય છે. એવા સમય સુધીનું વ્યાજ, વસિયત કરનારની શેષ મિલકતનો ભાગ બને છે,

અપવાદ- વસિયત કરનાર, વસિયતદારનો પિતા કે માતા અથવા વધુ દૂરનો પૂર્વજ હોય અથવા તેણી/તે વસિયતદારના પિતા કે માતાની જગાએ હોય અને વસિયતદાર સગીર હોય, ત્યારે વસિયત કરનાર મૃત્યુ પામે ત્યારથી વસિયતી વારસાનું વ્યાજ મળશે, સિવાય

કે વસિયતથી કોઇ યથાનિર્દિષ્ટ રકમ ભરણપોષણ માટે આપવામાં આવેલ હોય અથવા વસિયતમાં કોઇ વિરુદ્ધ આદેશ કરવામાં આવેલ હોય.

વ્યાજનો દર.

**૩૪૮.** વ્યાજનો દર, વર્ષે છ ટકાનો રહેશે.

વસિયત કરનારના મૃત્યુ પછી પ્રથમ વર્ષની અંદર વર્ષાસનની બાકી ઉપર વ્યાજ મળશે નહિ.

**૩૪૯.** કોઇ વર્ષાસનની પહેલી ચુકવણી માટે, વસિયત કરનાર મૃત્યુ પામે ત્યારથી એક વર્ષ પૂરું થતાં પહેલાંનો કોઇ સમય નક્કી કરવામાં આવ્યો હોય તો પણ તે મૃત્યુ પામે ત્યારથી પહેલાં વર્ષની અંદર તે વર્ષાસનની બાકી ઉપર કંઇ વ્યાજ ચૂકવવાનું થશે નહિ.

વર્ષાસન ઉપજાવવા માટે રોકાણ કરવાની રકમનું વ્યાજ.

**૩૫૦.** કોઇ વર્ષાસન ઊભું કરવા માટે કોઇ રકમનું રોકાણ કરવાનો આદેશ હોય, ત્યારે તેના ઉપર વસિયત કરનાર મૃત્યુ પામે ત્યારથી વ્યાજ ચૂકવવાનું થશે.

## વસિયતી વારસા પરત આપવા બાબત

કોર્ટના હુકમોથી સોંપી દીધેલો વસિયતી વારસો આપવા બાબત.

**૩૫૧.** એક્ઝિક્યુટર અથવા વહીવટકર્તાએ કોર્ટના હુકમ હેઠળ કોઇ વસિયતી વારસો સોંપી દીધો હોય, ત્યારે તમામ વસિયતી વારસો સોંપી દેવા માટે અસ્કયામતો પૂરતી સાબિત ન થાય તો વસિયતદાર પાસેથી વારસો પરત કરવાની માંગણી કરવા તેણી/તે હકદાર છે.

**૩૫૨.** એક્ઝિક્યુટર અથવા વહીવટકર્તાએ કોઇ વસિયતી વારસો સ્વેચ્છાપૂર્વક સોંપી દીધો હોય, ત્યારે તમામ વસિયતી વારસા સોંપી દેવા માટે અસ્કયામતો પૂરતી ન થાય તો તે/તેણી વસિયતદાર પાસે વારસો પરત કરવાની માંગણી કરી શકશે નહિ.

સ્વેચ્છાપૂર્વક વારસો સોંપી દીધેલ હોય તો પરત માંગી શકાય નહિ.

**૩૫૩.** કોઇ શરતનું પાલન કરવા માટે વસિયતથી ઠરાવેલો સમય, શરતનું પાલન થયા વિના વીતી ગયો હોય, અને તેમ થતાં એક્ઝિક્યુટર અથવા વહીવટકર્તાએ છળકપટ કર્યા વિના અસ્કયામતો વહેંચી દીધી હોય તેવા કિસ્સામાં, શરતનું પાલન કરવા માટે કલમ ૧૩૭ હેઠળ વધુ સમય આપવામાં આવેલ હોય અને તદનુસાર તે શરતનું પાલન કરવામાં આવ્યું હોય, તો એક્ઝિક્યુટર અથવા વહીવટકર્તા પાસે વસિયતી વારસાની માંગણી કરી શકાશે નહિ, પણ તેણીએ/તેણે જેઓને તે વારસો સોંપી દીધો હોય તેઓ તે રકમ પરત કરવા માટે જવાબદાર છે.

કલમ ૧૩૭ હેઠળ આપેલા વધુ સમયની અંદર શરતનું પાલન થવાથી વસિયતી વારસો સોંપી દેવાનો થતો હોય ત્યારે પરત કરવા બાબત.

**૩૫૪.** એક્ઝિક્યુટર અથવા વહીવટકર્તાએ, અસ્કયામતો વારસાઓમાં સોંપી દીધી હોય અને ત્યાર પછી તેણીને/તેને જેની અગાઉથી જાણ ન હોય એવું કોઇ દેવું ચૂકવવાની ફરજ પડે, ત્યારે દરેક વસિયતદાર પાસે પ્રમાણસર વારસો પરત કરવાની માંગણી કરવા તેણી/તે હકદાર છે.

દરેક વસિયતદારને પ્રમાણસર વારસો પરત કરવાની ક્યારે ફરજ પાડી શકાય.

અસ્કયામતોની વહેંચણી.

**૩૫૫.** લેણદારોએ અને અન્ય વ્યક્તિઓએ મૃતક વ્યક્તિની મિલકત સામેના તેમના દાવાઓ તેણીને/તેને મોકલવા માટે એક્ઝિક્યુટર અથવા વહીવટકર્તાએ હાઇકોર્ટ લેણદારો અને અન્યો માટે, કોઇ સામાન્ય નિયમથી, ઠરાવે તેવી નોટિસો આપી હોય, ત્યારે દાવા મોકલવા માટે તે નોટિસોમાં જણાવેલો સમય પૂરો થયેથી, એક્ઝિક્યુટર અથવા વહીવટકર્તાને જેની પોતાને જાણ હોય એવા કાયદેસરના દાવા ચૂકવવા માટે તે અસ્કયામતો અથવા તેના કોઇ ભાગની વહેંચણી કરવાની છૂટ રહેશે અને એવી વહેંચણી કરતી વખતે જેના દાવાની તેણીને/તેને જાણ ન હોય એવી વ્યક્તિને એ રીતે વહેંચી આપેલી અસ્કયામતો માટે તે જવાબદાર રહેશે નહિ;

પરંતુ જે વ્યક્તિઓને તે અસ્કયામતો મળી હોય તેમના હસ્તકની તે અસ્કયામતો અથવા તેના કોઇ ભાગમાંથી કોઇ લેણદારના અથવા દાવેદારના વસૂલ કરવાના હકને, આ કલમના કોઇપણ મજકૂરથી પ્રતિકૂળ અસર થશે નહિ

લેણદાર, વસિયતદાર પાસે વારસો પરત કરવાની માંગણી કરી શકે.

**૩૫૬.** વસિયત કરનારની મિલકતની અસ્કયામતો તેણીના/તેના મૃત્યુ સમયે તેના દેવાં અને લેણદારો વસિયતી વારસા એ બન્ને આપી દેવા માટે પૂરતી હોય કે ન હોય અને એક્ઝિક્યુટર અથવા વહીવટીકર્તાએ કરેલી વસિયતી વારસાની ચુકવણી સ્વૈચ્છિક હોય કે ન હોય, છતાં જેને પોતાનું લેણું ચૂકવવામાં આવ્યું ન હોય એવો લેણદાર જેને પોતાનો વારસો મળી ગયો હોય તે વસિયતદાર પાસે તે પરત કરવાની માંગણી કરી શકશે.

જેને વસિયતી વારસો મળી ગયો ન હોય અથવા જેને કલમ ૩૫૬ હેઠળ વારસો પરત કરવો પડ્યો હોય તે વસિયતદાર, જેને પૂરો વસિયતી વારસો સોંપી દેવામાં આવ્યો હોય તે વસિયતદારને તે પરત કરવાની ફરજ ક્યારે ન પાડી શકે.

**૩૫૭.** વસિયત કરનારના મૃત્યુ સમયે તમામ વસિયતી વારસા સોંપી દેવા માટે અસ્કયામતો પૂરતી હોય, તો પણ જેને તેણીનો/તેનો વસિયતી વારસો મળી ગયો ન હોય અથવા જેને કલમ ૩૫૬ હેઠળ તે પરત કરવો પડ્યો હોય તે વસિયતદાર, જે વસિયતદારને પૂરો વારસો મળી ગયો હોય તેને તે પરત કરવાની ફરજ પાડી શકે નહિ, પછી ભલે તે વારસો દાવો માંડીને કે માંડ્યા વિના તેને મળ્યો હોય જો કે પાછળથી તે અસ્કયામતો, વહીવટકર્તાના દુર્વ્યયથી ઓછી પડી હોય.

જેને વારસો મળી ગયો ન હોય તેવા વસિયતદારે, જો એક્ઝિક્યુટર નાદાર ન હોય તો તેની સામે પહેલાં કાર્યવાહી કરવી પડશે.

**૩૫૮.** વસિયત કરનારના મૃત્યુ સમયે તમામ વસિયતી વારસા સોંપી દેવા માટે અસ્કયામત પૂરતી ન હોય તો જેને તેણીનો/તેનો વારસો મળી ગયો ન હોય તે વસિયતદાર જેને વારસો મળી ગયો હોય તે વસિયતદાર પાસે તે પરત કરવાની માંગણી કરી શકે તે પહેલાં તેણે જો એક્ઝિકયુટર અથવા વહીવટકર્તા નાદાર ન હોય તો તેની સામે પહેલાં કાર્યવાહી કરવી પડશે; પણ જો એક્ઝિક્યુટર અથવા વહીવટકર્તા નાદાર હોય, અથવા વારસો સોંપી દેવા માટે જવાબદાર ન હોય તો, વારસો મળી ગયો ન હોય તે વસિયતદાર, વારસો મળી ગયો હોય તેવા દરેક વસિયતદારને ફાળે પડતો વારસો પરત કરવાની ફરજ પાડી શકશે.

**૩૫૯.** એક વસિયતદારે બીજાને પરત કરવાની રકમ, મિલકતનો યોગ્ય રીતે વહીવટ કરવામાં આવ્યો હોત અને જેટલી રકમ પૂરતો સોંપી દીધેલો વસિયતી વારસો ઓછો થયો હોત તે રકમ કરતાં વધુ હોવી જોઇશે નહિ.

એક વસિયતદારે બીજાને પરત કરવાની મર્યાદા.

ઉદાહરણ

A એ વસિયતથી B ને રૂપિયા ૨૪,000, Cને રૂપિયા ૪૮,000 અને Dને રૂપિયા ૭૨,000 આપેલ છે. અસ્કયામત ફક્ત ૧૨૦,000 રૂપિયાની છે; અને જેનો યોગ્ય રીતે વહીવટ કરવામાં આવે તો Aને ૨૦,000 રૂપિયા, Cને ૪0,000 રૂપિયા અને Dને ૬0,000 રૂપિયા મળે. Bને માટે કશું રાખ્યા વિના Cને અને Dને તેમના વસિયતી વારસા પૂરેપૂરા સોંપી દેવામાં આવેલ છે. Cને ૮,000 રૂપિયા અને Dને ૧૨,000 રૂપિયા પરત કરવાની B ફરજ પાડી શકશે.

**૩૬૦.** તમામ કિસ્સામાં, પરત કરવાની રકમ ઉપર વ્યાજ લેવામાં આવશે નહિ.

પરત કરવાની રકમ ઉપર વ્યાજ લેવામાં આવશે નહિ.

**૩૬૧.** દેવાં અને વસિયતી વારસા આપી દીધા પછી મૃતક વ્યક્તિની મિલકતનો વધારો અથવા શેષ રહે તે, વસિયતથી શેષ વસિયતદાર નીમવામાં આવ્યો હોય તો તેને સોંપી દેવો જોઇશે.

રાબેતા મુજબ ચુકવણી કર્યા પછી શેષ મિલકત, શેષ વસિયતદાર ને સોંપી દેવા બાબત.

કાયમી વસવાટના દેશમાંના એક્ઝિક્યુટર અથવા વહીવટકર્તાને વહેંચણી કરવા માટે ભારતમાંથી અસ્કયામતોની તબદીલી.

**૩૬૨.** ભારતમાં જેનો કાયમી વસવાટ ન હોય એવી કોઇ વ્યક્તિ, ભારત અને પોતાના મૃત્યુ સમયે જેમાં પોતાનો કાયમી વસવાટ હોય તે દેશ, એ બન્નેમાં અસ્કયામતો મૂકીને મૃત્યુ પામેલ હોય અને ભારતમાંની અસ્કયામત અંગેનું પ્રોબેટ અથવા વહીવટ પત્ર ભારતમાં અને મૃતકના કાયમી વસવાટના દેશમાંની અસ્કયામત અંગેનો વહીવટપત્ર તે દેશમાં આપવામાં આવેલ હોય ત્યારે ભારતમાંનો એક્ઝિક્યુટર અથવા યથાપ્રસંગ, વહીવટકર્તા કલમ ૩૫૫ માં જણાવેલી હોય તેવી નોટિસ આપ્યા પછી, અને તેમાં જણાવેલો સમય પૂરો થયે તેણીને/તેને જેની જાણ હોય એવા કાયદેસરના દાવા ચૂકવ્યા પછી મૃતક વ્યક્તિની મિલકતનો વધારો અથવા તેની શેષ, તે માટે હકદાર હોય એવી ભારતની બહાર રહેતી વ્યક્તિઓને પોતે વહેંચી દેવાને બદલે કાયમી

વસવાટના દેશમાંના એક્ઝિક્યુટર અથવા યથાપ્રસંગ, વહીવટકર્તાની સંમતિથી તેવી વ્યક્તિઓને વહેંચી દેવા માટે તે વધારો અથવા શેષ તેને તબદીલ કરી શકશે.

**નુકસાન માટે એક્ઝિક્યુટર અથવા વહીવટકર્તાની જવાબદારી**

નુકસાન માટે એક્ઝિક્યુટર અથવા વહીવટકર્તાની જવાબદારી.

**૩૬૩.** કોઇ એક્ઝિક્યુટર અથવા વહીવટકર્તા, મૃતક વ્યક્તિની મિલકતનો ગેરઉપયોગ કરે અથવા તેને નુકસાન અથવા હાનિ પહોંચાડે ત્યારે, એ રીતે થયેલું નુકસાન અથવા હાનિ ભરી આપવા માટે તેણી/તે જવાબદાર છે.

ઉદાહરણો

(૧) એક્ઝિક્યુટર, મિલકતમાંથી કોઇ આધાર વિનાનો દાવો ચૂકવે છે. નુકસાન ભરી આપવા માટે તેણી/તે જવાબદાર છે.

(૨) મૃતક વ્યક્તિની તરફેણમાં નોટિસ આપીને તાજો કરી શકાય એવો કીમતી ભાડાપટો હતો. એક્ઝિક્યુટર યોગ્ય સમયે નોટિસ આપવામાં બેદરકારી કરે છે. એક્ઝિક્યુટર નુકસાન ભરી આપવા માટે જવાબદાર છે.

(૩) મૃતક વ્યક્તિની તરફેણમાં તે માટે આપવાના ભાડાની રકમ કરતાં ઓછી કિંમતનો પણ ચોક્કસ સમયે નોટિસ આપવાથી અંત લાવી શકાય એવો ભાડાપટો હતો. એક્ઝિક્યુટર એવી નોટિસ આપવામાં ગફલત કરે છે. નુકસાન ભરી આપવા માટે તેણી/તે જવાબદાર છે.

મિલકતનો કોઇ ભાગ મેળવવામાં બેદરકાર રહેવા માટે એક્ઝિક્યુટર અથવા વહીવટકર્તાની જવાબદારી

**૩૬૪.** કોઇ એક્ઝિક્યુટર અથવા વહીવટકર્તા, મૃતકની મિલકતનો કોઇ ભાગ હસ્તગત કરવામાં બેદરકારી બતાવીને મિલકતને કંઇ નુકસાન કરે, ત્યારે તે રકમ ભરપાઇ કરવા માટે તેણી/તે જવાબદાર છે.

ઉદાહરણો

(૧) એક્ઝિક્યુટર કોઇ સદ્ધર વ્યક્તિ પાસે મૃતકની લેણી થતી રકમ સંપૂર્ણપણે જતી કરે છે અથવા પૂરી રકમ ચૂકવવા શક્તિમાન હોય એવા દેણદાર સાથે સમાધાન કરે છે. એક્ઝિકયુટર તે રકમ ભરપાઇ કરવા માટે જવાબદાર છે.

(૨) દેણદાર દાવાને મુદતનો બાધ છે એવી દલીલ કરી શકે ત્યાં સુધી એક્ઝિક્યુટર કોઇ લેણાં માટે દાવો કરવામાં બેદરકારી બતાવે છે અને તેથી મિલકતને સદરહુ લેણું ખોવું પડે છે. તે રકમ ભરપાઇ કરવા માટે એક્ઝિક્યુટર જવાબદાર છે.

## પ્રકરણ ૬

## વારસા સર્ટિફિકેટો

**૩૬૫.** મૃતક વ્યક્તિ તેણીના/તેના મૃત્યુ સમયે જેની હકૂમતની અંદર સામાન્ય રીતે રહેતી હોય તે જિલ્લા ન્યાયાધીશ અથવા તે સમયે તેણીને/તેને કાયમી રહેઠાણ ન હોય, તો જેની હકૂમતની અંદર મૃતકની મિલકતનો કોઇ ભાગ આવેલો હોય તે જિલ્લા ન્યાયાધીશ આ પ્રકરણ હેઠળ સર્ટિફિકેટ આપી શકશે. હકૂમત ધરાવતી કોર્ટ સર્ટિફિકેટ આપવા બાબત.

**૩૬૬.** (૧) એવાં સર્ટિફિકેટ માટેની અરજી, વાદીએ અથવા વાદીની વતી કોઇ વ્યક્તિએ, દાવા અરજી ઉપર સહી કરવા અને તેની ખરાઇ કરવા માટે દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮(સન ૧૯૦૮ના અધિનિયમ ક્રમાંક ૫મા) થી ઠરાવેલી રીતે અરજદારે અથવા તેના વતી સહી કરેલી અને ખરાઇ કરેલી દાવા અરજીથી જિલ્લા ન્યાયાધીશને કરવી જોઇશે અને તેમાં નીચેની વિગતો જણાવવી જોઇશે- સર્ટિફિકેટ માટે અરજી.

સન ૧૯૦૮ નો ૫ મો.

(ક) મૃતક વ્યક્તિના મૃત્યુનો સમય;

(ખ) મૃતક વ્યક્તિનું તેના મૃત્યુ સમયનું સામાન્ય રહેઠાણ અથવા જેને અરજી કરવામાં આવી હોય તે ન્યાયાધીશની સ્થાનિક હકૂમતની અંદર મૃતક વ્યક્તિનું રહેઠાણ ન હોય તો, એવી હદની અંદર આવેલી મૃતકની મિલકત;

(ગ) મૃતકના કુટુંબના સભ્યો અથવા બીજા નજીકના સગાં અને અનુક્રમે તેમના રહેઠાણો;

(ઘ) અરજદાર કયા હકની રૂએ દાવો કરે છે તેની વિગત;

(ચ) સર્ટિફિકેટ આપવા અંગે અથવા સર્ટિફિકેટ આપવામાં આવે તો તેની માન્યતા અંગે આ ભાગ અથવા કોઇ અન્ય અધિનિયમની કોઇ જોગવાઇ હેઠળ કોઇ હરકત નથી એ હકીકત; અને

(છ) જેના અંગે સદરહુ સર્ટિફિકેટ માટે અરજી કરી હોય તે દેવાં અને જામીનગીરીઓ.

(૨) અરજીમાં જે હકીકત ખોટું હોવાનું ખરાઇ કરનાર વ્યક્તિ જાણતી હોય અથવા માનતી હોય અથવા જે સાચી હોવાનું પોતે માનતી ન હોય તે ખરી હોવાનું જણાવેલ હોય, તો તે વ્યક્તિએ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ ૨૩૫ હેઠળ ગુનો કર્યો છે એમ ગણાશે. સન ૨૦૨૩ નો ૪૫ મો.

(૩) મૃતક લેણદારની કોઇપણ લેણી નીકળતી રકમ અથવા રકમો અથવા તેના કોઇ ભાગ અંગે એવા સર્ટિફિકેટ માટે અરજી કરી શકાશે.

અરજી થતાં અનુસરવાની કાર્યરીતિ. **૩૬૭.** (૧) જિલ્લા ન્યાયાધીશને ખાતરી થાય કે અરજી સ્વીકારવા માટે કારણ છે, તો તેણી/તે અરજીની સુનાવણી માટે તારીખ નક્કી કરશે અને તે અરજીની અને તેની સુનાવણી માટે નક્કી કરેલી તારીખની નોટિસ-

(ક) પોતાના અભિપ્રાય મુજબ જેને સદરહુ અરજીની ખાસ નોટિસ આપવી જોઇએ તે વ્યક્તિને બજાવડાવશે, અને

(ખ) કોર્ટના મકાનના સહેલાઇથી દેખાઇ આવે એવા ભાગ ઉપર ચોંટાડાવશે અને આ અર્થે હાઇકોર્ટે કરેલા નિયમોને અધીન રહીને, પોતાને યોગ્ય લાગે તેવી બીજી રીતે પ્રસિદ્ધ કરાવશે અને નક્કી કરેલી તારીખે અથવા ત્યાર પછી બનતી ત્વરાએ સર્ટિફિકેટ મેળવવાના હક અંગે નિર્ણય કરવા માટે તેઓ સંક્ષિપ્ત રીતે કાર્યવાહી કરશે.

(૨) ન્યાયાધીશ એવો નિર્ણય કરે કે સર્ટિફિકેટ મેળવવાનો અરજદારને હક છે ત્યારે તેને સર્ટિફિકેટ આપવાનો ન્યાયાધીશે હુકમ કરવો જોઇશે.

(૩) કોઇ સંક્ષિપ્ત કાર્યવાહીમાં જેનો નિર્ણય કરવાનું બહુ ગૂંચવણભર્યું અને મુશ્કેલ જણાય એવા કાયદાના અથવા હકીકતના પ્રશ્નોનો નિર્ણય કર્યા વિના ન્યાયાધીશ સર્ટિફિકેટ મેળવવાના હક અંગે નિર્ણય કરી શકે તેમ ન હોય છતાં, તે/તેણી તે સર્ટિફિકેટ મેળવવા માટે પ્રથમદર્શની સૌથી સબળ હક ધરાવતો હોવાનું તે/તેણી જણાય તો તે/તેણી તેને સર્ટિફિકેટ આપી શકશે.

(૪) સર્ટિફિકેટ માટે એકથી વધુ અરજદારો હોય અને ન્યાયાધીશને એવું જણાય કે તેઓ પૈકી એકથી વધુ અરજદારો મૃતકની મિલકતમાં હિત ધરાવે છે, ત્યારે સર્ટિફિકેટ કોને આપવું તેનો નિર્ણય કરતી વખતે ન્યાયાધીશ અરજદારોનું કેટલું હિત છે અને બીજી રીતે તેઓની શું યોગ્યતા છે તે બાબત ધ્યાનમાં લઇ શકશે.

**૩૬૮.** જિલ્લા ન્યાયાધીશ સર્ટિફિકેટ આપે ત્યારે, તેણીએ/તેણે સર્ટિફિકેટ માટેની અરજીમાં જણાવેલા લેણાં અને જામીનગીરીઓ તેમાં નિર્દિષ્ટ કરવાં જોઇશે અને જે વ્યક્તિને સર્ટિફિકેટ આપવામાં આવે તેને તે સર્ટિફિકેટથી એવી તમામ અથવા તેમાંની કોઇ જામીનગીરી અંગે- સર્ટિફિકેટનો મજકૂર.

(૧) તેનું વ્યાજ અથવા ડિવિડન્ડ મેળવવાની, અથવા

(૨) તે વટાવવાની અથવા તબદીલ કરવાની, અથવા

(૩) તેનું વ્યાજ અથવા ડિવિડન્ડ મેળવવાની તેમજ તે વટાવવાની અથવા તબદીલ કરવાની તેઓ સત્તા આપી શકશે.

સર્ટિફિકેટ મેળવનાર પાસેથી જામીનગીરી માંગવા બાબત.

**૩૬૯.** (૧) કલમ ૩૬૭ની પેટા-કલમ (૩) અથવા પેટા-કલમ (૪) હેઠળ પોતે કાર્યવાહી કરવા માંગતા હોય ત્યારે જિલ્લા ન્યાયાધીશે સર્ટિફિકેટ આપવાની પૂર્વશરત તરીકે ફરમાવવું જોઇશે કે પોતે જેને સર્ટિફિકેટ આપવા માંગતા હોય તે વ્યક્તિએ, તેને મળેલાં લેણાં અને જામીનગીરીઓનો હિસાબ આપવા માટે અને તે લેણાં અને જામીનગીરીઓ અથવા તેના કોઇ ભાગ માટે હકદાર વ્યક્તિઓની ક્ષતિપૂર્તિ માટે ન્યાયાધીશને એક અથવા વધુ જામીનો સહિતનું બોન્ડ કરી આપવું અથવા બીજી પૂરતી જામીનગીરી આપવી અને બીજા કોઇ દાખલાઓમાં ન્યાયાધીશ એ પ્રમાણે ફરમાવી શકશે.

(૨) ન્યાયાધીશ, અરજદારે અરજી પરથી ખાતરી થાય એવું કારણ દર્શાવવામાં આવે એટલે અને પોતાને યોગ્ય લાગે એવી જામીનગીરી અંગેની શરતોએ અથવા મેળવેલાં નાણાં કોર્ટમાં અથવા અન્યથા ભરવાની જોગવાઇ કરીને તે બોન્ડ અથવા બીજી જામીનગીરી કોઇ યોગ્ય વ્યક્તિને નામે કરી આપી શકશે અને તે વ્યક્તિ તેમ થતાં સદરહુ બોન્ડ અથવા જામીનગીરી કોર્ટના ન્યાયાધીશને બદલે મૂળથી જ પોતાને આપવામાં આવેલ હોય તે ઉપરથી પોતાને નામે દાવો માંડવા અને હિત ધરાવતી તમામ વ્યક્તિઓના ટ્રસ્ટી તરીકે તે બોન્ડ અથવા બીજી જામીનગીરી હેઠળ વસૂલ કરી શકાય તેટલી રકમ વસૂલ કરવા હકદાર રહેશે.

સર્ટિફિકેટનું વિસ્તરણ.

**૩૭૦.** (૧) આ પ્રકરણ હેઠળનું સર્ટિફિકેટ ધરાવનારની અરજી ઉપરથી જિલ્લા ન્યાયાધીશ, તે સર્ટિફિકેટમાં મૂળભૂત રીતે નિર્દિષ્ટ કરેલ ન હોય એવાં કોઈ લેણાં અથવા જામીનગીરીને તે લાગુ પાડી શકશે અને જે લેણાં અથવા જામીનગીરીને તે લાગુ પાડવામાં આવે તે લેણું અથવા જામીનગીરી તેમાં મૂળભૂત રીતે નિર્દિષ્ટ કરવામાં આવેલ હોય તેમ તે સર્ટિફિકેટ, બીજા લેણાં અથવા જામીનગીરીને લાગુ પડવાની અસર થશે.

(૨) સર્ટિફિકેટ લાગુ પાડવામાં આવે એટલે, સર્ટિફિકેટ પ્રથમવાર આપવામાં આવ્યું હોય તે પ્રમાણે જેને સર્ટિફિકેટ લાગુ પાડવામાં આવ્યું હોય તે કોઈ જામીનગીરી મેળવવા અંગે સત્તા આપી શકાશે અને મૂળ સર્ટિફિકેટ આપતી વખતે ફરમાવી શકાય એ રીતે, કલમ ૩૬૯માં જણાવેલા હેતુઓ માટે બોન્ડ અથવા વધારાનું બોન્ડ અથવા બીજી જામીનગીરી આપવા ફરમાવી શકાશે.

સર્ટિફિકેટનો અને ઉમેરો કરેલા સર્ટિફિકેટનો નમૂનો.

**૩૭૧.** સંજોગો અનુસાર શક્ય હોય ત્યાં સુધી, અનુસૂચિ-૭માં જણાવેલા નમૂનામાં સર્ટિફિકેટ આપવા જોઇશે અથવા તે બીજા લેણાં અને જામીનગીરીઓને લાગુ કરવાં જોઇશે.

જામીનગીરીઓ અંગેની સત્તા બાબતમાં સર્ટિફિકેટ સુધારવા બાબત.

૩૭૨. જિલ્લા ન્યાયાધીશે સર્ટિફિકેટમાં નિર્દિષ્ટ કરેલી જામીનગીરીના સંબંધમાં, સર્ટિફિકેટ ધરાવનારને કોઈ સત્તા આપી ન હોય અથવા ફક્ત જામીનગીરી પર વ્યાજ અથવા ડિવિડન્ડ વસૂલ કરવાની અથવા તે વટાવવાની અથવા તેને તબદીલ કરવાની સત્તા આપી હોય, ત્યારે ન્યાયાધીશ, અરજદાર દ્વારા અરજી કરવામાં આવે અને તેણીને/તેને ખાતરી થાય એવું કારણ દર્શાવવામાં આવે એટલે, કલમ ૩૬૮માં જણાવેલી કોઈપણ સત્તા અથવા તે પૈકી કોઈ એક સત્તાને બદલે, બીજી સત્તા આપીને તે સર્ટિફિકેટ સુધારી શકશે.

સર્ટિફિકેટ અંગે કોર્ટ ફી વસૂલ કરવાની પદ્ધતિ.

૩૭૩. (૧) સર્ટિફિકેટ માટેની અથવા સર્ટિફિકેટ બીજા લેણાં અથવા જામીનગીરીઓને લાગુ પાડવા માટેની દરેક અરજી સાથે માંગેલા સર્ટિફિકેટ અંગે અથવા બીજા લેણાં અથવા જામીનગીરીઓને લાગુ પાડવા અંગે કોર્ટ-ફી અધિનિયમ, ૧૮૭૦ હેઠળ ભરવાની ફી જેટલી રકમ અનામત મૂકવી જોઇશે.

સન ૧૮૭૦ નો ૭ મો.

(૨) અરજી મંજૂર કરવામાં આવે, તો અરજદારે અનામત મૂકેલી રકમ ઉપર જણાવ્યા મુજબ ભરવાની ફી દર્શાવવા માટે, ઉપયોગમાં લેવાનો સ્ટેમ્પ ખરીદવા માટે, ન્યાયાધીશના આદેશ હેઠળ વાપરવામાં આવશે.

(૩) પેટા-કલમ (૧) હેઠળ મળેલી અને પેટા-કલમ (૨) હેઠળ નહિ વપરાયેલી રકમ, અનામત મૂકનાર વ્યક્તિને પાછી આપવામાં આવશે.

સર્ટિફિકેટની સ્થાનિક વ્યાપ્તિ.

૩૭૪. આ પ્રકરણ હેઠળ આપેલું સર્ટિફિકેટ, સમગ્ર ભારતમાં અસરકર્તા રહેશે.

સર્ટિફિકેટની અસર.

૩૭૫. આ પ્રકરણની જોગવાઈઓને અધીન રહીને, જિલ્લા ન્યાયાધીશનું સર્ટિફિકેટ, તેમાં નિર્દિષ્ટ કરેલા લેણાં(દેવાં) અને જામીનગીરીઓ અંગે, એવા લેણાં(દેવાં) અથવા જામીનગીરીઓ માટે જવાબદાર વ્યક્તિ સામે નિર્ણયાત્મક રહેશે, અને કોઈપણ ખામી હોવા છતાં, સર્ટિફિકેટ જેમને આપવામાં આવ્યું હોય તે વ્યક્તિને અથવા તેની સાથે એવા લેણાં(દેવાં) અથવા જામીનગીરીઓ અંગે શુદ્ધબુદ્ધિથી ચૂકવેલી તમામ રકમોના સંબંધમાં અથવા તેની સાથે કરેલી લેવડદેવડના સંબંધમાં, એવી તમામ વ્યક્તિઓને, તે સર્ટિફિકેટથી પૂરી ક્ષતિપૂર્તિ મળશે.

સર્ટિફિકેટ રદ કરવા બાબત.

૩૭૬. આ પ્રકરણ હેઠળ આપવામાં આવેલ સર્ટિફિકેટ, નીચેના કોઈપણ કારણે રદ કરી શકાશે -

(૧) સર્ટિફિકેટ મેળવવા માટેની કાર્યવાહી, મહત્વની બાબતમાં ખામી ભરેલી હોય;

(૨) ખોટું સૂચન કરીને અથવા કેસને લગતી કોઈ મહત્વની બાબત કોર્ટથી છુપાવીને સર્ટિફિકેટ કપટપૂર્વક મેળવવામાં આવ્યું હોય;

(૩) સર્ટિફિકેટ આપવા માટે કાયદાની દ્રષ્ટિએ આવશ્યક હોય એવી કોઈ હકીકતનું ખોટું આરોપણ અજાણતાં અથવા ભૂલથી કર્યું હોય તો પણ એવું આરોપણ કરીને સર્ટિફિકેટ મેળવ્યું હોય;

(૪) તે સર્ટિફિકેટ, સંજોગોવશાત બિનઉપયોગી અથવા બિનઅમલી બન્યું હોય;

(૫) તે સર્ટિફિકેટમાં નિર્દિષ્ટ કરેલાં લેણાં(દેવાં) અને જામીનગીરીઓની બનેલી માલમત્તા અંગે કોઈ સક્ષમ કોર્ટે કોઈ દાવામાં અથવા અન્ય કાર્યવાહીમાં કરેલાં હુકમનામાં અથવા હુકમમાં તે સર્ટિફિકેટ રદ કરવાનું યોગ્ય બન્યું હોય.

અપીલ.

૩૭૭. (૧) આ પ્રકરણની અન્ય જોગવાઈઓને અધીન રહીને, આ પ્રકરણ હેઠળનું સર્ટિફિકેટ આપવાના, આપવાની ના પાડવાના અથવા તે રદ કરવાના જિલ્લા ન્યાયાધીશના હુકમ સામે હાઇકોર્ટને અપીલ થઇ શકશે અને હાઇકોર્ટ પોતાને યોગ્ય લાગે તો અપીલ પર તેનો હુકમ કરીને, સર્ટિફિકેટ કોને આપવું જોઈએ તે ઠરાવી શકશે અને તે માટે અરજી કરવામાં આવે એટલે અગાઉ સર્ટિફિકેટ આપવામાં આવ્યું હોય તો તેને રદ કરી તેને બદલે તદનુસાર સર્ટિફિકેટ આપવાનો જિલ્લા ન્યાયાધીશને આદેશ કરી શકશે.

(૨) દીવાની કાર્યરીતિ અધિનિયમ(સિવિલ પ્રોસિજર કોડ), ૧૯૦૮ હેઠળ અપીલ માટે આપવામાં આવેલ સમયની અંદર પેટા-કલમ (૧) હેઠળની અપીલ કરવી જોઇશે. સન ૧૯૦૮ નો ૫ મો.

(૩) પેટા-કલમ (૧) ની જોગવાઈઓને અને દીવાની કાર્યરીતિ અધિનિયમ(સિવિલ પ્રોસિજર કોડ), ૧૯૦૮ ની કલમ ૧૪૧થી લાગુ પાડ્યા પ્રમાણેની હાઈકોર્ટને રેફરન્સ કરવા અંગેની અને હાઈકોર્ટ દ્વારા રીવિઝન કરવા અંગેની અને ચુકાદાનું પુનર્વિલોકન કરવા અંગેની તે અધિનિયમની જોગવાઈઓને અધીન રહીને, જિલ્લા ન્યાયાધીશનો આ ભાગ હેઠળનો હુકમ આખરી ગણાશે. સન ૧૯૦૮ નો ૫ મો.

અગાઉ આપેલા સર્ટિફિકેટ, પ્રોબેટ અથવા વહીવટપત્રોની સર્ટિફિકેટ ઉપર અસર.

૩૭૮. કોઈ મૃતક વ્યક્તિની મિલકત અને અગાઉ આ અધિનિયમ હેઠળનું કોઈ સર્ટિફિકેટ, અથવા કોઈ પ્રોબેટ અથવા વહીવટપત્ર આપવામાં આવેલ હોય અને તે અમલમાં હોય તો તેની કોઈપણ માલમત્તા અંગે આ અધિનિયમ હેઠળ આપવામાં આવેલું સર્ટિફિકેટ, આ અધિનિયમમાં જોગવાઈ કર્યા પ્રમાણે હોય તે સિવાય, અમાન્ય ગણાશે.

અમાન્ય સર્ટિફિકેટ ધરાવનારને શુદ્ધબુદ્ધિથી કરેલી અમુક ચુકવણી માન્ય ઠરાવવા

૩૭૯. આ પ્રકરણ હેઠળનું કોઈ સર્ટિફિકેટ કલમ ૩૭૬ હેઠળ રદ થયું હોવાને અથવા કલમ ૩૭૭ હેઠળ અપીલમાં કરેલાં હુકમમાં જણાવેલી વ્યક્તિને સર્ટિફિકેટ આપવામાં આવ્યું હોવાને અથવા

અગાઉ કોઈ સટિફિકેટ આપવામાં આવ્યું હોવાને કારણે અથવા બીજા કોઈ કારણે તેના બદલે બીજું સર્ટિફિકેટ આપવામાં આવે અથવા તે અમાન્ય હોય ત્યારે સદરહુ સર્ટિફિકેટ રદ થયું હોવાની અથવા અમાન્ય હોવાની જાણ વિના તેમાં નિર્દિષ્ટ કરેલ લેણાં અને જામીનગીરીઓ સંબંધમાં તે સર્ટિફિકેટ ધરાવનાર વ્યકિતને કરવામાં આવેલી તમામ ચુકવણી અથવા તેની સાથે કરવામાં આવેલી લેવડદેવડ બીજા કોઇ સર્ટિફિકેટ હેઠળના દાવા સામે માન્ય છે એમ ગણાશે.

આ ભાગ હેઠળ કરેલા નિર્ણયોની અસર અને તે હેઠળનું સર્ટિફિકેટ ધરાવનારની જવાબદારી.

૩૮૦. કોઇ પક્ષકારો વચ્ચેના હક સંબંધી કોઈ પ્રશ્ન અંગે આ પ્રકરણ હેઠળના કોઇપણ નિર્ણયથી તે જ પક્ષકારો વચ્ચેના કોઈ દાવા અથવા બીજી કોઈ કાર્યવાહીમાં એ જ પ્રશ્નની ઇન્સાફી કાર્યવાહીને બાધ આવે છે એમ ગણાશે નહિ અને જે વ્યકિત કોઈ લેણું અથવા જામીનગીરી અથવા કોઈ જામીનગીરી ઉપરનું વ્યાજ અથવા ડિવિડન્ડ પૂર્ણત: અથવા અંશત: મેળવે તે વ્યક્તિની તે માટે કાયદેસર રીતે હકદાર વ્યકિતને તેનો હિસાબ આપવાની જવાબદારીને, આ પ્રકરણનો કોઈપણ મજકૂર અસર કરે છે એવો અર્થ કરવામાં આવશે નહિ.

આ ભાગના હેતુઓ માટે નીચલી કોર્ટને, જિલ્લા કોર્ટની હકૂમત આપવા

૩૮૧. (૧) રાજ્ય સરકાર, ગુજરાત સરકારી રાજપત્રમાં જાહેરનામાથી, જિલ્લા ન્યાયાધીશથી નીચલા દરજ્જાની કોઈ કોર્ટને, આ પ્રકરણ હેઠળના જિલ્લા ન્યાયાધીશના કાર્યો બજાવવાની સત્તા આપી શકશે.

(૨) એ રીતે સત્તા આપવામાં આવેલ હોય તેવી કોઈ નીચલી કોર્ટને, પોતાની હકૂમતની સ્થાનિક હદમાં આ પ્રકરણથી જિલ્લા ન્યાયાધીશને આપવામાં આવેલી તમામ સત્તા વાપરવામાં જિલ્લા ન્યાયાધીશ સાથે સહવર્તી હકૂમત રહેશે અને જિલ્લા ન્યાયાધીશને લગતી આ પ્રકરણની જોગવાઈઓ, નીચલી કોર્ટ, જિલ્લા ન્યાયાધીશ હોય તેમ, તેવી નીચલી કોર્ટને લાગુ પડશે:

પરંતુ કલમ ૩૭૭ની પેટા-કલમ (૧)માં જણાવેલી નીચલી કોર્ટના આવા કોઈ હુકમ ઉપર હાઇકોર્ટને નહિ પણ જિલ્લા ન્યાયાધીશને અપીલ થઈ શકશે. અને સદરહુ પેટા-કલમથી, જિલ્લા ન્યાયાધીશના હુકમ ઉપરની અપીલમાં તેણી/તે હુકમ કરીને હાઈકોર્ટ એવી કોઈ જાહેરાત અને આદેશ કરવાનો અધિકાર આપવામાં આવેલ હોય એવો જાહેરાત અને એવો આદેશ તે પોતાને યોગ્ય લાગે તો અપીલમાં હુકમ કરીને કરી શકશે.

સન ૧૯૦૮ નો ૫ મો.

(૩) પૂર્વવતી પેટા-કલમ હેઠળના નીચલી કોર્ટના હુકમ ઉપરની અપીલમાં જિલ્લા ન્યાયાધીશે કરેલ હુકમ, દીવાની કાર્યરીતિ અધિનિયમની કલમ ૧૪૧થી લાગુ કર્યા પ્રમાણે હાઈકોર્ટને રેફરન્સ કરવા અંગેની અને હાઇકોર્ટને રીવીઝન કરવા અંગેની અને ચુકાદાનું પુનર્વિલોકન કરવા અંગની તે અધિનિયમની જોગવાઇઓને અધીન રહીને આખરી ગણાશે.

(૪) જિલ્લા ન્યાયાધીશ કોઈ નીચલી કોર્ટ પાસેથી આ પ્રકરણ હેઠળની કાર્યવાહી પાછી ખેંચી લઇ શકશે અને પોતે તેનો નિકાલ કરી શકશે અથવા જિલ્લા ન્યાયાધીશની હકૂમતની સ્થાનિક હદમાં સ્થપાયેલી અને તે કાર્યવાહીનો નિકાલ કરવાનો અધિકાર ધરાવતી કોઇ બીજી કોર્ટને તે સોંપી શકશે.

(૫) પેટા-કલમ (૧) હેઠળના જાહેરનામાથી કોઈ નીચલી કોર્ટને ખાસ કરીને અથવા કોઈ સ્થાનિક વિસ્તારમાંની એવા વર્ગની કોર્ટોને નિર્દિષ્ટ કરી શકાશે.

(૬) કોઇપણ અધિનિયમન કોઈ હેતુ માટે જિલ્લા ન્યાયાધીશના તાબામાં હોય અથવા તેના નિયંત્રણને અધીન હોય એવી દીવાની કોર્ટ, આ કલમના હેતુઓ માટે જિલ્લા ન્યાયાધીશથી નીચલા દરજ્જાની કોર્ટ છે એમ ગણાશે.

**રદ થયેલાં અને અમાન્ય સર્ટિફિકેટો પાછા સોંપી દેવા બાબત.**

**૩૮૨.** (૧) આ પ્રકરણ હેઠળનું કોઇ સર્ટિફિકેટ કલમ ૩૭૯માં જણાવેલાં કોઇપણ કારણે રદ કરવામાં આવે અથવા અમાન્ય હોય ત્યારે, તે સર્ટિફિકેટ આપનાર કોર્ટ માગણી કરે એટલે તે સર્ટિફિકેટ ધરાવનારે તેને તે પાછું સોંપી દેવું જોઈશે.

(૨) જો તે વ્યક્તિ વાજબી કારણ વિના અને જાણીબુજીને તે સર્ટિફિકેટ એ રીતે પાછું સોપી ન દે તો, તે વ્યકિત દસ હજાર રૂપિયા સુધીના દંડની, અથવા ત્રણ મહિના સુધીની કેદની, અથવા તે બન્ને શિક્ષાને પાત્ર થશે.

## પ્રકરણ – ૭

## પ્રકીર્ણ

**અપવાદ.**

૩૮૩. આ ભાગના પ્રકરણ ૨ માંના કોઈપણ મજકૂરથી વસિયત કરનારને -

(૧) જે વારસાગત મિલકતો તે/તેણી જીવિત વ્યક્તિઓને આપી શક્યા ન હોય તેવી વારસાગત મિલકત આપવાનો;

(૨) જે ભરણપોષણનો કોઈ હક તેણી/તે વસિયતનામાથી અન્યથા તેમને વંચિત કરી શક્યો ન હોત તેવા, કોઈપણ વ્યક્તિના જીવન નિર્વાહના કોઈ હકથી વંચિત કરવા ;

નો અધિકાર મળશે કરશે નહિ.

## ભાગ - ૩

## લિવ-ઇન રિલેશનશિપ

લિવ-ઇન રિલેશનશિપમાં ભાગીદારો/ સાથીદારો દ્વારા નિવેદન (પત્રક) રજૂ કરવા બાબત.

૩૮૪. (૧) રાજ્યની અંદર લિવ-ઇન રિલેશનશિપમાં રહેલા ભાગીદારો/સાથીદારો માટે, પછી ભલે તેઓ ગુજરાતના રહેવાસીઓ હોય કે ન હોય, કલમ ૩૮૭ ની પેટા-કલમ (૧) હેઠળ લિવ-ઇન રિલેશનશિપનું નિવેદન (પત્રક) જે રજિસ્ટ્રાર ની હકૂમતમાં તેઓ એવી રીતે રહેતા હોય તે રજિસ્ટ્રારને સુપરત કરવું ફરજિયાત રહેશે.

(૨) રાજ્યના પ્રદેશની બહાર લિવ-ઇન રિલેશનશિપમાં રહેતા ગુજરાતના કોઈપણ રહેવાસીઓ કલમ ૩૮૭ ની પેટા-કલમ (૧) હેઠળ લિવ-ઇન રિલેશનશિપનું નિવેદન રજિસ્ટ્રારને રજૂ કરી શકશે જે રજિસ્ટ્રારની હકૂમતમાં આવા રહેવાસીઓ સામાન્ય રીતે કહેતા હોય તે રજિસ્ટ્રારને છે.

લિવ-ઇન રિલેશનશિપના બાળકો.

૩૮૫. લિવ-ઇન રિલેશનશિપનું કોઈપણ બાળક, દંપતીનું કાયદેસર બાળક ગણાશે.

લિવ-ઇન રિલેશનશિપ ક્યારે રજીસ્ટર ન કરાવી તે બાબત.

૩૮૬. બે વ્યક્તિઓ વચ્ચેની લિવ-ઇન રિલેશનશિપ રજિસ્ટર (નોંધણી) જોઇશે નહીં, જ્યારે-

(૧) ભાગીદારો/સાથીદારો કલમ ૩ ની પેટા-કલમ (૧) ના ખંડ (ઘ) હેઠળ વ્યાખ્યાયિત કર્યા પ્રમાણે પ્રતિબંધિત સંબંધની પેઢીની અંદર હોય:

પરંતુ જો તે લગ્ન હોય અને જેમના રિવાજો અને પ્રથા સંબંધને મંજૂરી આપતા હોય એવી વ્યક્તિ(વ્યક્તિઓ)ને પ્રતિબંધો પર લાગુ પડશે નહીં,

(૨) ઓછામાં ઓછી એક વ્યક્તિ પરિણીત હોય અથવા તે અગાઉથી જ લિવ-ઇન રિલેશનશિપમાં હોય; અથવા

(૩) ઓછામાં ઓછી એક વ્યક્તિ સગીર હોય; અથવા

(૪) ભાગીદારો/સાથીદારોમાંથી એકની સંમતિ, તેની/તેણીની ઓળખ સહિત, અન્ય સાથીદારને લગતી કોઇ મહત્વની હકીકત અથવા સંજોગો અંગે દબાણ, બળજબરી, અનુચિત પ્રભાવ, ખોટી રજૂઆત અથવા છેતરપિંડી દ્વારા મેળવવામાં આવી હોય.

લિવ-ઇન રિલેશનશિપની નોંધણી માટેની કાર્યરીતિ.

૩૮૭. (૧) લિવ-ઇન રિલેશનશિપમાં રહેલા ભાગીદારો/સાથીદારો અથવા લિવ-ઇન રિલેશનશિપમાં પ્રવેશવા માંગતી વ્યક્તિઓ, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને એવી રીતે, સંબંધિત રજિસ્ટ્રારને લિવ-ઇન રિલેશનશિપનું નિવેદન રજૂ કરી શકશે.

(૨) રજિસ્ટ્રાર, એવી રીતે રજૂ કરેલા લિવ-ઇન રિલેશનશિપના નિવેદનની વિગતોની તપાસ કરશે અને સંક્ષિપ્ત તપાસ હાથ ધરીને તેણીએ/તેણે ખાતરી થવી જોઇશે કે લિવ-ઇન રિલેશનશિપ કલમ ૩૮૬ હેઠળ ઉલ્લેખેલ છે તેવા પ્રકારની નથી.

(૩) પેટા-કલમ (૨) હેઠળ સંક્ષિપ્ત તપાસ હાથ ધરતી વખતે, રજિસ્ટ્રાર, ઠરાવેલી રીતે ખરાઇ થવા માટે ભાગીદારો/વ્યક્તિઓ અથવા અન્ય કોઈપણ વ્યક્તિને બોલાવી શકશે અને જરૂરી જણાય તો ભાગીદારો/વ્યક્તિઓને જરૂરી હોય તો વધારાની માહિતી અથવા પુરાવા પૂરા પાડવાનું ફરમાવી શકશે.

(૪) યોગ્ય ગણવામાં આવે તેવી સંક્ષિપ્ત તપાસ હાથ ધર્યા પછી, રજિસ્ટ્રાર, પેટા-કલમ (૧) હેઠળ લિવ-ઇન રિલેશનશિપનું નિવેદન મળ્યાના ત્રીસ દિવસની અંદર, -

(ક) લિવ-ઇન રિલેશનશિપ રજિસ્ટર કરવા માટે ઠરાવેલા રજિસ્ટરમાં આવું નિવેદન નોંધશે, અને ભાગીદારો (સાથીદારો)/વ્યક્તિઓને ઠરાવેલા નમૂનામાં રજિસ્ટ્રેશન (નોંધણી) સર્ટિફિકેટ કાઢી આપશે; અથવા

(ખ) આવા નિવેદનની નોંધણી કરવાનો ઇનકાર કરશે, જે કિસ્સામાં રજિસ્ટ્રાર ભાગીદારો (સાથીદારો)/વ્યક્તિઓને આવા ઇનકાર માટેના કારણોની લેખિતમાં જાણ કરશે.

ફક્ત રેકર્ડ માટે આ ભાગ હેઠળ નોંધણી.

૩૮૮. કલમ ૩૮૭ ની પેટા-કલમ (૪) ના ખંડ (ક) હેઠળ લિવ-ઇન રિલેશનશિપ સંબંધિ નોંધણી, ફક્ત રેકર્ડના હેતુઓ માટે જ રહેશે.

આ ભાગ હેઠળ રજિસ્ટ્રારની સત્તા, અને રજિસ્ટરોની જાળવણી.

૩૮૯. (૧) રાજ્ય સરકાર, ગુજરાત સરકારી રાજપત્રમાં જાહેરનામાથી, ભાગ-૧ હેઠળ નિમાયેલા રજિસ્ટ્રારને, આ ભાગ હેઠળ રજિસ્ટ્રાર તરીકે કાર્ય કરવા માટેની સત્તા આપી શકશે.

(૨) રજિસ્ટ્રારે, લિવ-ઇન રિલેશનશિપના નિવેદનો અને લિવ-ઇન રિલેશનશિપના સમાપ્તિના નિવેદનો માટેના રજિસ્ટરો અને આવા અન્ય રજિસ્ટર અને ઠરાવવામાં આવે તેવી રીતે જાળવવા જોઇશે.

લિવ-ઇન રિલેશનશિપના સમાપ્તિના નિવેદનની રજૂઆત.

૩૯૦. લિવ-ઇન રિલેશનશિપના બંને ભાગીદારો (સાથીદારો) અથવા તેમાંથી કોઈપણ, તેને લિવઇન રિલેશનશિપને સમાપ્ત કરી શકશે અને ઠરાવેલા ફોર્મેટમાં અને ઠરાવેલી રીતે જેની હકૂમતની અંદર આવા રહેવાસીઓ સામાન્ય રીતે રહેતા હોય તેવા રજિસ્ટ્રારને સમાપ્તિનું નિવેદન સબમિટ કરી શકે છે, અને જો ભાગીદારો/સાથીદારોમાંથી ફક્ત એક જ ભાગીદાર (સાથીદાર) લિવ-ઇન રિલેશનશિપ સમાપ્ત કરે તેવા કિસ્સામાં આવા નિવેદનની નકલ બીજા ભાગીદાર (સાથીદાર)ને પૂરી પાડી શકશે. આવા કિસ્સાઓમાં, રજિસ્ટ્રાર રાજ્ય સરકાર દ્વારા ઠરાવેલા નમૂના (ફોર્મેટ)માં, બંને ભાગીદારો( સાથીદારો)ને લિવ-ઇન રિલેશનશીપનો સંબંધ સમાપ્ત કરવા અંગેનું સર્ટિફિકેટ કાઢી આપશે.

રજિસ્ટ્રારની ફરજો.

**૩૯૧.** (૧) કલમ ૩૮૭ ની પેટા-કલમ (૧) હેઠળ રજૂ કરેલું લિવ-ઇન રિલેશનશિપ અંગેનું કોઈપણ નિવેદન, રજિસ્ટ્રાર દ્વારા સ્થાનિક પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ અધિકારીને રેકર્ડ માટે મોકલવું જોઇશે અને ભાગીદારોમાંથી કોઈ એકની ઉંમર એકવીસ વર્ષથી ઓછી હોય, તેવા કિસ્સામાં, ભાગીદાર(ભાગીદારો)ના માતાપિતા/વાલીઓને પણ જાણ કરવી જોઈશે.

(૨) રજિસ્ટ્રાર એવા નિષ્કર્ષ પર આવે કે કલમ ૩૮૬ હેઠળ જણાવેલ પ્રકારની રિલેશનશિપ છે અથવા કલમ ૩૮૭ની પેટા-કલમ (૧) હેઠળના નિવેદનની વિગતો ખોટી અથવા સંદિગ્ધ છે તો તેણીએ અથવા તેણે યોગ્ય પગલાં માટે સ્થાનિક પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારીને જાણ કરવી જોઈશે.

(૩) કલમ ૩૯૦ હેઠળ રજૂ કરાયેલા એક ભાગીદાર દ્વારા લિવ-ઇન રિલેશનશિપ અંગે સમાપ્તિના કોઈપણ નિવેદન ના આધારે, રજિસ્ટ્રાર, અન્ય ભાગીદાર (સાથીદાર)ને અને કોઇપણ ભાગીદાર(સાથીદાર) એકવીસ વર્ષથી ઓછી હોય, તેવા કિસ્સામાં, આવા ભાગીદાર(ભાગીદારો)ના માતાપિતા/વાલીઓને પણ આવા નિવેદન (પત્રક) અંગેની માહિતી આપશે.

લિવ-ઇન રિલેશનશિપની નોંધણી માટેની નોટિસ.

૩૯૨. લિવ-ઇન રિલેશનશિપના કોઈપણ ભાગીદારે (ભાગીદારો) આવા સંબંધનું નિવેદન રજૂ કરવામાં ચૂક કરી હોય ત્યારે રજિસ્ટ્રાર, આપમેળે અથવા આ સંદર્ભમાં ફરિયાદ અથવા માહિતી મળ્યેથી, નોટિસ દ્વારા, આવા ભાગીદાર(ઓ) ને આવી નોટિસ મળ્યાની તારીખથી ત્રીસ દિવસની અંદર ઠરાવેલી રીતે નિવેદન(પત્રક) રજૂ કરવા ફરમાવી શકશે. આવું નિવેદન(પત્રક) રજૂ કરેથી, રજિસ્ટ્રારે, અગાઉની જોગવાઈઓમાં નિયત કરેલી કાર્યરીતિ અનુસાર કાર્ય કરવાનું રહેશે.

ગુનાઓ અને સજા.

૩૯૩. (૧) જે કોઈ વ્યક્તિ, કલમ ૩૮૭ ની પેટા-કલમ (૧) હેઠળ આવા રિલેશનશીપ (સંબંધ)નું નિવેદન રજૂ કર્યા વિના આવા રિલેશનશીપ (સંબંધ)માં પ્રવેશ્યાની તારીખથી એક મહિનાથી વધુ સમય સુધી લિવ-ઇન રિલેશનશિપમાં રહે તે વ્યક્તિ, દોષિત ઠર્યેથી આવે તો, જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ દ્વારા ત્રણ મહિના સુધીની કેદ અથવા દસ હજાર રૂપિયાથી વધુ ન હોય તેટલા દંડની અથવા તે બંનેની શિક્ષાને પાત્ર થશે.

(૨) કોઈપણ વ્યક્તિ, જે કલમ ૩૮૭ ની પેટા-કલમ (૧) હેઠળ રજૂ કરાયેલા લિવ-ઇન રિલેશનશિપના નિવેદનમાં કોઈ એવી દલીલ કરે છે જે ખોટી હોય અને જે તેણી/તે ખોટું હોવાનું જાણતી હોય અથવા તેમ માનવાનું કારણ ધરાવતી હોય, અથવા રજિસ્ટ્રારના નિર્ણયને અસર કરતી કોઈપણ મહત્વપૂર્ણ હકીકતને છૂપાવે આવા લિવ-ઇન રિલેશનશિપને રજિસ્ટર કરવું (નોંધવું) કે તેમ કરવાનો ઇનકાર કરવો કે કેમ તેવા રજિસ્ટ્રારના નિર્ણયને અસર કરે, તો દોષિત

ઠર્યેથી, તેને ત્રણ મહિના સુધીની કેદની અથવા પચીસ હજાર રૂપિયાથી વધુ ન હોય તેટલા દંડની અથવા તે બંનેની શિક્ષાને પાત્ર થશે.

(૩) લિવ-ઇન રિલેશનશિપ અંગેનો કોઈપણ ભાગીદાર, કલમ ૩૯૨ હેઠળ નોટિસ દ્વારા તેમ કરવાનું ફરમાવ્યેથી લિવ-ઇન રિલેશનશિપનું નિવેદન(પત્રક) રજૂ કરવામાં ચૂક કરે તેને, દોષિત ઠર્યેથી, જ્યૂડિશિયલ મેજિસ્ટ્રેટ દ્વારા છ મહિના સુધીની કેદની અથવા પચ્ચીસ હજાર રૂપિયાથી વધુ ન હોય તેટલા દંડની અથવા તે બંનેની શિક્ષાને પાત્ર થશે.

(૪) જે કોઈ વ્યક્તિ લિવ-ઇન રિલેશનશીપ (સંબંધ) સ્થાપિત કરવા માટે બળજબરી, સખ્તાઇ અથવા છેતરપિંડી દ્વારા કોઈ પણ વ્યક્તિની સંમતિ મેળવે, તેને, પાંચ વર્ષ સુધીની કેદની શિક્ષા થશે અને તે, દંડને પણ પાત્ર થશે.

(૫) જે કોઈ વ્યક્તિ કલમ ૩૮૬ની પેટા-કલમ (૨)નું ઉલ્લંઘન કરીને લિવ-ઇન રિલેશનશિપમાં રહેતી હોય, તેને, પાંચ વર્ષ સુધીની કેદની શિક્ષા થશે અને તે, દંડને પણ પાત્ર થશે:

પરંતુ આ પેટા-કલમમાંનો કોઈપણ મજકૂર, એવી વ્યક્તિને લાગુ પડશે નહીં કે જેણે લિવ-ઇન રિલેશનશિપને સમાપ્ત કરી દીધું હોય અથવા જેના ભાગીદારની સાત વર્ષ કે તેથી વધુ સમય સુધી સુનાવણી કરવામાં આવી ન હોય.

(૬) કલમ ૩૮૬ની પેટા-કલમ (૩)નું ઉલ્લંઘન કરીને સગીર સાથે લિવ-ઇન રિલેશનશિપમાં રહેતી હોય તેવી કોઈપણ પુખ્ત વયની વ્યક્તિ, જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ, ૨૦૧૨ (સન ૨૦૧૨નો અધિનિયમ ક્રમાંક ૩૨-મા)માં સમાવિષ્ટ જોગવાઈઓ અનુસાર શિક્ષાને પાત્ર થશે. સન ૨૦૧૨નો ૩૨ મો.

૩૯૪. કોઈ સ્ત્રીને તેણીના લિવ-ઇન પાર્ટનર(સાથીદાર) દ્વારા ત્યજી દેવામાં આવે, તો તેણી, જ્યાં તેઓ છેલ્લે સહનિવાસ કરતા હતા તેના લિવ-ઇન પાર્ટનર પાસેથી ભરણપોષણનો દાવો કરવા માટે હકદાર થશે, જેના માટે તેણી તે સ્થાનની હકૂમત ધરાવતી સક્ષમ કોર્ટમાં જઈ શકશે અને આવા કિસ્સામાં, આ સંહિતાના પ્રકરણ-૫, ભાગ-૧ માં સમાવિષ્ટ જોગવાઈઓ ઉચિત ફેરફારો સાથે લાગુ પડશે. ભરણપોષણ.

૩૯૫. - રાજ્ય સરકાર, ગુજરાત સરકારી રાજપત્રમાં જાહેરનામાથી, આ ભાગના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે. નિયમો કરવાની સત્તા.

## ભાગ – ૪

## પ્રકીર્ણ

રદ કરવા બાબત અને અપવાદ.

૩૯૬. (૧) આ સંહિતાના કલમ ૨ ની જોગવાઈઓને આધીન રહીને, આ સંહિતા દ્વારા આવરી લીધેલી બાબતોને લગતા આ સંહિતા ના આરંભની તરત પહેલાં રાજ્યમાં અમલમાં રહેલા કોઈપણ કાયદા (વૈધાનિક અથવા અન્યથા), રૂઢિ, રિવાજ અને પ્રથા, આ સંહિતામાં સમાવિષ્ટ કરેલી કોઈપણ જોગવાઈઓ સાથે તે અસંગત હોય તેટલે સુધી રાજ્યના પ્રદેશમાં અમલમાં રહેશે નહિ.

(૨) આ સંહિતામાં સમાવિષ્ટ કોઈપણ મજકૂરથી, આ સંહિતા દ્વારા આવરી લીધેલી બાબતોને લગતા આ સંહિતા ના આરંભ તત્સમયે પહેલાં અમલમાં રહેલા કોઈપણ કાયદા હેઠળ ઉપાર્જિત કોઈપણ અધિકાર, જવાબદારી અથવા ફરજ અથવા શરૂ કરાયેલ કાર્યવાહીઓને અસર થશે નહિ અને આવી કાર્યવાહીઓ આ સંહિતાના આરંભની થયાની તારીખે વિદ્યમાન હોય તેવા કાયદા (વૈધાનિક અથવા અન્યથા), રૂઢિ, રિવાજ અને પ્રથા મુજબ ચાલુ રહેશે.

(૩) ગુજરાત લગ્ન નોંધણી અધિનિયમ, ૨૦૦૬ આથી રદ કરવામાં આવે છે. સન ૨૦૦૬નો ૧૬મો

નિયમો કરવાની સત્તા.

૩૯૭. (૧) રાજ્ય સરકાર, ગુજરાત સરકારી રાજપત્રમાં જાહેરનામાથી, આ સંહિતાના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે.

(૨) પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય આવા નિયમોથી નીચેની તમામ અથવા તે પૈકીની કોઈપણ બાબતો માટે જોગવાઈ કરી શકાશે-

(ક) ઇલેક્ટ્રોનિક રજિસ્ટરો સહિત ઇલેક્ટ્રોનિક અને ડિજિટલ સિસ્ટમો મૂકીને પ્રક્રિયાઓને સરળ બનાવવી અને પક્ષકારોને મૂકરર વેબ પોર્ટલ મારફત રજૂ કરવા અને અરજીઓ કરવાની મંજૂરી આપવા બાબત;

(ખ) સરકાર પ્રયોજિત કલ્યાણ યોજનાઓ હેઠળ લાભો મેળવવા માટે ફરજિયાત નોંધણી સહિત લગ્નો નોંધણીની સરળ બનાવવા અને પ્રોત્સાહન આપવા બાબત; અને

(ગ) નિયમોથી ઠરાવેલા અથવા જોગવાઇ કરવાનું ફરમાવવામાં આવે તેવી અન્ય કોઈપણ બાબત.

મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા.

૩૯૮. (૧) સંહિતાની જોગવાઈઓને અમલમાં મૂકવામાં કોઈ મુશ્કેલી ઊભી થાય, તો રાજ્ય સરકાર, ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ થયેલા હુકમથી, મુશ્કેલી દૂર કરવા માટે જરૂરી અથવા યોગ્ય લાગે તેવી આ સંહિતાની જોગવાઈઓ સાથે અસંગત ન હોય તેવી જોગવાઇઓ કરી શકશે:

પરંતુ આ સંહિતાના આરંભથી **બે** વર્ષની મુદત પૂરી થયા પછી આવો કોઈ હુકમ કરી શકાશે નહિં.

(૨) આ કલમ હેઠળ કરેલો દરેક હૂકમ, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, રાજ્ય વિધાનસભા સમક્ષ મૂકવો જોઇશે.

## અનુસૂચિ - ૧

[જુઓ કલમ ૩(૧)(ઘ)]

પ્રતિબંધિત રિલેશનશીપ (સંબંધો)ની યાદી

### યાદી - ૧

૧. માતા.
૨. પિતાની વિધવા (સાવકી માતા).
૩. માતાની માતા.
૪. માતાના પિતાની વિધવા (સાવકી નાની).
૫. માતાની માતાની માતા.
૬. માતાની માતાના પિતાની વિધવા (સાવકી પરનાની).
૭. માતાના પિતાની માતા.
૮. માતાના પિતાના પિતાની વિધવા (સાવકી પરનાની).
૯. પિતાની માતા
૧૦. પિતાના પિતાની વિધવા (સાવકી દાદી).
૧૧. પિતાની માતાની માતા.
૧૨. પિતાની માતાના પિતાની વિધવા (સાવકી પરદાદી).
૧૩. પિતાના પિતાની માતા.
૧૪. પિતાના પિતાના પિતાની વિધવા (સાવકી પરદાદી).
૧૫. પુત્રી.
૧૬. પુત્રની વિધવા.
૧૭. પુત્રીની પુત્રી.
૧૮. પુત્રીના પુત્રની વિધવા.
૧૯. પુત્રની પુત્રી.
૨૦. પુત્રના પુત્રની વિધવા.

૨૧. પુત્રીની પુત્રીની પુત્રી.
૨૨. પુત્રીની પુત્રીના પુત્રની વિધવા.
૨૩. પુત્રીના પુત્રની પુત્રી.
૨૪. પુત્રીના પુત્રના પુત્રની વિધવા.
૨૫. પુત્રની પુત્રીની પુત્રી.
૨૬. પુત્રની પુત્રીના પુત્રની વિધવા.
૨૭. પુત્રના પુત્રની પુત્રી.
૨૮. પુત્રના પુત્રના પુત્રની વિધવા.
૨૯. બહેન.
૩૦. બહેનની પુત્રી.
૩૧. ભાઈની પુત્રી.
૩૨. માતાની બહેન.
૩૩. પિતાની બહેન.
૩૪. પિતાના ભાઈની પુત્રી.
૩૫. પિતાની બહેનની પુત્રી.
૩૬. માતાની બહેનની પુત્રી.
૩૭. માતાના ભાઈની પુત્રી.

સ્પષ્ટીકરણ - આ ભાગના હેતુ માટે, "વિધવા" શબ્દપ્રયોગમાં છૂટાછેડા લીધેલી પત્નીનો સમાવેશ થાય છે.

**યાદી - ૨**

૧. પિતા.
૨. માતાનો પતિ (સાવકા પિતા).
૩. પિતાના પિતા.
૪. પિતાની માતાનો પતિ (સાવકા દાદા).
૫. પિતાના પિતાના પિતા.
૬. પિતાના પિતાની માતાનો પતિ (સાવકા પરદાદા).
૭. પિતાની માતાના પિતા.
૮. પિતાની માતાની માતાનો પતિ (સાવકા પરદાદા).
૯. માતાના પિતા.
૧૦. માતાની માતાના પતિ (સાવકા દાદા).
૧૧. માતાના પિતાના પિતા.

૧૨. માતાના પિતાના માતાના પતિ (સાવકા પરદાદા).
૧૩. માતાની માતાના પિતા.
૧૪. માતાની માતાની માતાના પતિ (સાવકા પરદાદા).
૧૫. પુત્ર.
૧૬. પુત્રીનો પતિ.
૧૭. પુત્રનો પુત્ર.
૧૮. પુત્રની પુત્રીનો પતિ.
૧૯. પુત્રીનો પુત્ર.
૨૦. પુત્રીની પુત્રીનો પતિ.
૨૧. પુત્રના પુત્રનો પુત્ર.
૨૨. પુત્રના પુત્રની પુત્રીનો પતિ.
૨૩. પુત્રની પુત્રીનો પુત્ર.
૨૪. પુત્રની પુત્રીની પુત્રીનો પતિ.
૨૫. પુત્રીના પુત્રનો પુત્ર.
૨૬. પુત્રીના પુત્રનો પુત્રીનો પતિ.
૨૭. પુત્રીનો પુત્રીનો પુત્ર.
૨૮. પુત્રીની પુત્રીનો પુત્રીનો પતિ.
૨૯. ભાઈ.
૩૦. ભાઈનો પુત્ર.
૩૧. બહેનનો પુત્ર.
૩૨. માતાનો ભાઈ.
૩૩. પિતાનો ભાઈ.
૩૪. પિતાના ભાઈનો પુત્ર.
૩૫. પિતાની બહેનનો પુત્ર.
૩૬. માતાની બહેનનો પુત્ર.
૩૭. માતાના ભાઈનો પુત્ર.

સ્પષ્ટીકરણ - આ ભાગના હેતુ માટે, "પતિ" શબ્દપ્રયોગમાં છૂટાછેડા લીધેલા પતિનો સમાવેશ થાય છે.

## અનુસૂચિ - ૨

## [જુઓ કલમ ૫૫]

## વારસા માટે વારસદારોની યાદી

### વર્ગ – ૧

૧. પુત્ર.
૨. પુત્રી.
૩. વિધવા/વિધુર
૪. માતા અને પિતા.
૫. પૂર્વ મૃત પુત્રનો પુત્ર.
૬. પૂર્વ મૃત પુત્રની પુત્રી.
૭. પૂર્વ મૃત પુત્રીનો પુત્ર.
૮. પૂર્વ મૃત પુત્રીની પુત્રી.
૯. પૂર્વ મૃત પુત્રની વિધવા.
૧૦. પૂર્વ મૃત પુત્રના પૂર્વ મૃત પુત્રનો પુત્ર.
૧૧. પૂર્વ મૃત પુત્રના પૂર્વ મૃત પુત્રની પુત્રી.
૧૨. પૂર્વ મૃત પુત્રના પૂર્વ મૃત પુત્રની વિધવા.
૧૩. પૂર્વ મૃત પુત્રીની પૂર્વ મૃત પુત્રીનો પુત્ર.
૧૪. પૂર્વ મૃતક પુત્રના પૂર્વ મૃતક પુત્રીનો પુત્ર.
૧૫. પૂર્વ મૃતક પુત્રીના પૂર્વ મૃતક પુત્રનો પુત્ર.
૧૬. પૂર્વ મૃતક પુત્રીના પૂર્વ મૃતક પુત્રીની પુત્રી.
૧૭. પૂર્વ મૃતક પુત્રીના પૂર્વ મૃતક પુત્રની પુત્રી.
૧૮. પૂર્વ મૃતક પુત્રના પૂર્વ મૃતક પુત્રીની પુત્રી.

### વર્ગ - ૨

નોંધ ૧. (૧) ભાઈ
(૨) બહેન
નોંધ ૨. (૧) ભાઈનો પુત્ર.
(૨) બહેનનો પુત્ર.
(૩) ભાઈની પુત્રી.
(૪) બહેનની પુત્રી.
નોંધ ૩. (૧) પિતાના પિતા.
(૨) પિતાની માતા.

નોંધ ૪. (૧) પિતાની વિધવા (સાવકી માતા).
(૨) ભાઈની વિધવા.

નોંધ ૫. (૧) પિતાનો ભાઈ.
(૨) પિતાની બહેન.

નોંધ ૬. (૧) માતાના પિતા.
(૨) માતાની માતા.

નોંધ ૭. (૧) માતાનો ભાઈ.
(૨) માતાની બહેન.

## અનુસૂચિ - ૩
## [જુઓ કલમ ૨૭૧(૨)]
## પ્રમાણપત્રનો નમૂનો

હું, ..........., જિલ્લાના ન્યાયાધીશ, આથી પ્રમાણિત કરું છું કે ......... સન................... ના .......મહિનાની............ તારીખે ..................ની કોર્ટે A. B. ના વિલ(વસિયતનામા)નું પ્રોબેટ (અથવા એસ્ટેટનો વહીવટપત્ર)..................ના રહેવાસી .......................C. D. ને અને ..................... ના રહેવાસી E. F. ને આપેલ છે અને સદરહુ પ્રોબેટ (અથવા વહીવટપત્ર) મૃતકની સમગ્ર ભારતમાં આવેલી તમામ મિલકત અંગે અસરકર્તા છે.

## અનુસૂચિ - ૪
## [જુઓ કલમ (૨૮૧) (૪)]
## વાંધાપત્રનો નમૂનો

............. ના રહેવાસી મૃતક A.B. જેઓ સન..............ના મહિનાની .........................તારીખે મુકામે મૃત્યુ પામેલ છે તેની એસ્ટેટની બાબતમાં C.D. ને નોટિસ આપ્યા વિના કોઈએ કશું કરવું નહિ.

## અનુસૂચિ - ૫
## [જુઓ કલમ ૨૮૬]

## પ્રોબેટનો નમૂનો

હું ....................., ....................... જિલ્લાનો ન્યાયાધીશ અથવા.................... (અહીં ડેલીગેટની હકૂમતની હદ દર્શાવવી) માં પ્રોબેટ અથવા વહીવટપત્ર આપવા માટે નીમાયેલો ડેલિગેટ આથી જાહેર કરું છું કે સન................ના મહિનાની........ તારીખે .........ના રહેવાસી મૃતક .................................. નું છેલ્લું વિલ(વસિયતનામું), જેની નકલ આ સાથે જોડેલી છે તે મારી સમક્ષ સાબિત કરવામાં અને નોંધાવવામાં આવ્યું છે અને સદરહુ વિલ(વસિયતનામા)માં જણાવેલા એકઝીક્યુટરે સદરહુ મૃતકની મિલકતનો અને લેણાંનો અને દરેક પ્રકારે તેના વિલ(વસિયતનામા)ને લગતો વહીવટ કરવાનું અને સદરહુ મિલકત અને લેણાંની પૂરી અને ખરી યાદી કરીને આ પ્રોબેટ આપ્યાની તારીખથી છ મહિનાની અંદર અથવા કોર્ટ વખતોવખત આપે તેટલા વધુ સમયની અંદર તે બતાવવાનું તેમજ આ કોર્ટને સદરહુ મિલકત અને લેણાંનો ખરો હિસાબ આપવાનું કબૂલ કર્યું હોવાથી તેને એવો વહીવટ કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે.

## અનુસૂચિ- ૬
## [જુઓ કલમ ૨૮૭]
## વહીવટપત્રનો નમૂનો

હું........................., .......................... જિલ્લાનો ન્યાયાધીશ અથવા ..................... (અહીં ડેલીગેટની હકૂમતની હદ દર્શાવવી) માં પ્રોબેટ અથવા વહીવટપત્ર આપવા માટે નીમાયેલો ડેલીગેટ આથી જાહેર કરું છું ના.................. ના રહેવાસી મૃતક .............................ના પિતાએ ( અથવા, યથાપ્રસંગ, જે હોય તે વ્યકિતએ ) મૃતકના મિલકત અને લેણાંનો વહીવટ કરવાનું અને સદરહુ મિલકત અને લેણાંની પૂરા અને ખરેખરી યાદી કરીને આ કોર્ટને આ વહીવટપત્ર આપ્યાની તારીખથી છ મહિનાની અંદર અથવા કોર્ટ વખતોવખત આપે તેટલા વધુ સમયની અંદર તે બતાવવાનું તેમજ આ કોર્ટને સદરહુ તારીખથી એક વર્ષની અંદર અથવા કોર્ટ વખતોવખત આપે તેટલા સમયની અંદર સદરહુ મિલકત અને લેણાંનો ખરેખરો હિસાબ આપવાનું કબૂલ કર્યું હોવાથી તેને સન................. ના.................. મહિનાની.................. તારીખે મૃતક........................ ની મિલકત અને લેણાંનો (યથાપ્રસંગ, વિલ(વસિયતનામા) સાથેનો અથવા સાથે રાખ્યા વિનાનો) અધિકાર આપવામાં આવ્યો છે.

## અનુસૂચિ – ૭
## [જુઓ કલમ ૩૭૧]

**પ્રમાણપત્ર અને (બીજા લેણાં અને જામીનગીરીઓને) લાગુ પાડેલા પ્રમાણપત્રના નમૂના**

*....................ની કોર્ટમાં*

પ્રતિ A.B.

તમે સન………………….. ના .......................મહિનાની ........................તારીખે 'ગુજરાત સમાન નાગરિક સંહિતા, ૨૦૨૬'ના ભાગ ૨ ના પ્રકરણ ૬ હેઠળ નીચેનાં લેણાં અને જામીનગીરીઓ અંગે પ્રમાણપત્ર માટે અરજી કરી છે.

***લેણાં***

| *અનુક્રમ નંબર* | *દેણદારનું નામ* | *પ્રમાણપત્ર માટેની અરજીની તારીખે લેણાં થતાં વ્યાજ સહિત લેણાંની રકમ* | *કોઈ લેખથી લેણું સુરક્ષિત કરવામાં આવેલ હોય તો તેની તારીખ અને વિગત* |
|---|---|---|---|
| | | | |

***જામીનગીરીઓ***

<table>
<tr><td rowspan="2">અનુક્રમ નંબર</td><td colspan="3">પ્રકાર</td><td rowspan="2">પ્રમાણપત્ર માટેની અરજીની તારીખે જામીનગીરીની બજાર કિંમત</td></tr>
<tr><td>જે નંબર અથવા અક્ષરથી જામીન-ગીરી ઓળખાતી હોય તે નંબર અથવા અક્ષર</td><td>જામીનગીરીનું નામ, શીર્ષક અથવા વર્ગ</td><td>જામીનગીરીની રકમ અથવા મૂળ કિંમત</td></tr>
</table>

તદનુસાર તમોને આ સર્ટિફિકેટ આપવામાં આવે છે અને તેથી તમને તે લેણાં વસૂલ કરવાની (અને) (તે જામીનગીરીઓનું વ્યાજ) (તે જામીનગીરીઓનું ડિવિડન્ડ) (મેળવવાની) (તે

જામીનગીરીઓનો વિનિમય કરવાની) (તે જામીનગીરીઓ તબદીલ કરવાની) સત્તા આપવામાં આવે છે.

આજ તારીખ................ મહિનો................................. સન...............................

*જિલ્લા ન્યાયાધીશ.*

*................................ની કોર્ટમાં,*

સન ..................ના ..............................મહિનાની ..........................તારીખે A, B એ મને કરેલી અરજી ઉપરથી હું આથી આ પ્રમાણપત્ર નીચેના લેણાં અને જામીનગીરીઓને પણ લાગુ પાડું છું.

***લેણાં***

| *અનુક્રમ નંબર* | *દેણદારનું નામ* | *પ્રમાણપત્ર માટેની અરજીની તારીખે લેણાં થતાં વ્યાજ સાથે લેણાંની રકમ* | *કોઈ લેખથી લેણું કરવામાં સુરક્ષિત આવેલ હોય તો તેની તારીખ અને વિગત* |
|---|---|---|---|
| | | | |

***જામીનગીરીઓ***

| *અનુક્રમ નંબર* | *પ્રકાર* | | | *પ્રમાણપત્ર માટેની અરજીની તારીખે જામીનગીરીની બજાર કિંમત* |
|---|---|---|---|---|
| | *જે નંબર અથવા અક્ષરથી જામીનગીરી ઓળખાતી હોય તે નંબર અથવા અક્ષર* | *જામીનગીરીનું નામ, ટૂંકી સંજ્ઞા અથવા વર્ગ* | *જામીનગીરીની રકમ અથવા મૂળ કિંમત* | |

આ લેણાં અને જામીનગીરીઓને સર્ટિફિકેટ લાગુ પાડવાથી A, B ને તે લેણાં વસૂલ કરવાની અને તે જામીનગીરીઓનું વ્યાજ (તે જામીનગીરીઓનું ડિવિડન્ડ) (મેળવવાની) (તે જામીનગીરીઓનો વિનિયોગ કરવાની) (તે જામીનગીરીઓ તબદીલ કરવાની) સત્તા આપવામાં આવે છે

આજ તારીખ ............ માહે............. સન.....................

*જિલ્લા ન્યાયાધીશ.*

## ઉદ્દેશો અને કારણો

રાજ્ય નીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનાં અનુચ્છેદ ૪૪ હેઠળ સમાવિષ્ટ સંવૈધાનિક આદેશ અનુસાર, રાજ્યને સમગ્ર રાજ્યક્ષેત્રમાં તેના નાગરિકો માટે, સમાન નાગરિક સંહિતા સુરક્ષિત કરવાનો પ્રયાસ કરવા માટે આહવાન કરે છે. ગુજરાત સરકારે, ગુજરાતમાં સમાન નાગરિક સંહિતાનો અમલ  કરવાની જરૂરિયાતનું મૂલ્યાંકન કરવા અને ત્યારબાદ મૂલ્યાંકન કરાયેલ જરૂરિયાતના આધારે આવા કાયદાની રૂપરેખા સૂચવવા માટે, નામદાર ન્યાયમૂર્તિ (નિવૃત્ત) રંજના પ્રકાશ દેસાઈના અધ્યક્ષપદ હેઠળ એક સમિતિની રચના કરેલ છે. આ પ્રક્રિયામાં, સમિતિ ગુજરાતના રહેવાસીઓના વ્યક્તિગત દીવાની (નાગરિક) બાબતોનું નિયમન કરવાને લગતા વિદ્યમાન કાયદાની સમીક્ષા કરશે.

પ્રખ્યાત વરિષ્ઠ વકીલ, શિક્ષણવિદો અને સામાજિક કાર્યકર્તાની બનેલી સમિતિએ, વિદ્યમાન વ્યક્તિગત કાયદા, ન્યાયિક ઘોષણાઓ અને અધિકારક્ષેત્રોમાં તુલનાત્મક પ્રથાઓનો વ્યાપક અભ્યાસ હાથ ધર્યો હતો. સ્ટેક હોલ્ડર (હિસ્સેદારો) અને સમુદાયો સાથે વ્યાપક વિચારવિનિમય કર્યા પછી સમિતિએ, લગ્ન, છૂટાછેડા, વારસાહક (ઉત્તરાધિકાર), દત્તકની બાબતોમાં અને સંબંધિત દીવાની (નાગરિક) બાબતોમાં સમાનતા, ન્યાય અને સંવાદિતા સુનિશ્ચિત કરવા માટે, સમાન નાગરિક સંહિતા અપનાવવાની ભલામણ કરતો પોતાનો અહેવાલ રજૂ કર્યો હતો.

હાલના વિધેયકથી, ધર્મ, જાતિ, સંપ્રદાય અથવા લિંગને ધ્યાનમાં લીધા સિવાય, રાજ્યના તમામ નાગરિકો માટે દીવાની (નાગરિક) બાબતોનું સંચાલન કરતું એક સમાન કાનૂની માળખું પૂરું પાડીને, આ ભલામણોને અમલમાં મૂકવા ધાર્યું છે. તેનો ઉદ્દેશ ધર્મનિરપેક્ષતા, લિંગ, ન્યાય અને સામાજિક સુધારાના સિદ્ધાંતોને સમર્થન આપવાનો છે, જેનાથી સમાજની એકતા અને અખંડિતતા મજબૂત બનાવી શકાય.

આ વિધેયક, એવા વિશ્વાસ સાથે રજૂ કરવામાં આવ્યું છે કે સમાન નાગરિક સંહિતા, ફક્ત સંવિધાનના ઘડવૈયાઓના દુરદર્શિતા (વિઝન)ને જ પરિપૂર્ણ કરશે નહિ પરંતુ રાજ્યમાં નિષ્પક્ષતા, સમાવેશકતા અને પ્રગતિશીલ સામાજિક મૂલ્યોને પણ પ્રોત્સાહન આપશે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશોને સિદ્ધ કરવા ધાર્યું છે.

કલમો અંગેની નીચેની નોંધોથી, વિધેયકની કેટલીક અગત્યની જોગવાઈઓ સંક્ષિપ્તમાં સમજાવેલી છે:-

**કલમ ૧.-** આ કલમથી, અધિનિયમની ટૂંકી સંજ્ઞા અને આરંભ માટેની જોગવાઈ કરી છે.

**કલમ ૨.-** આ કલમથી, અનુસૂચિત આદિજાતિને અને વ્યક્તિઓના અમુક અન્ય જૂથોને આ સંહિતા લાગુ ન પડવા માટેની જોગવાઈ કરી છે.

**કલમ ૩.-** આ કલમથી, વિધેયકમાં વાપરેલા અમુક શબ્દોની વ્યાખ્યા કરી છે.

**કલમ ૪.-** આ કલમથી, એવી જોગવાઈ કરી છે કે તેમાં ઉલ્લેખેલી શરતો પરિપૂર્ણ થાય, તો એક પુરુષ અને એક સ્ત્રી વચ્ચે વિધિવત લગ્ન કરી શકશે/લગ્નનો કરાર કરી શકશે.

**કલમ ૫.-** આ કલમથી, તેમાં ઉલ્લેખ્યા મુજબ લગ્ન માટેના સમારોહ માટેની જોગવાઈ કરી છે.

**કલમ ૬.-** આ કલમથી, સંહિતાના આરંભ પછી વિધિવત કરેલા/ કરારથી કરેલા લગ્નની ફરજિયાત નોંધણી માટેની જોગવાઈ કરી છે.

**કલમ ૭.-** આ કલમથી, સંહિતાના આરંભ પહેલાં વિધિવત કરાયેલા/કરાર કરાયેલા લગ્નની નોંધણી માટેની જોગવાઈ કરી છે.

**કલમો ૮ થી ૧૧.-** આ કલમોથી, અનુક્રમે સંહિતાના આરંભ પછી આખરી થયેલા છૂટાછેડા અથવા (લગ્ન) રદ કરવાના હુકમનામાની નોંધણી, સંહિતાના આરંભ પહેલાં આખરી થયેલા છૂટાછેડા અથવા (લગ્ન) રદ કરવાના હુકમનામાની નોંધણી, કલમ ૬ અને કલમ ૭ હેઠળ લગ્નની નોંધણી માટેની મુદત અને કાર્યરીતિ, કલમ ૮ અને કલમ ૯ હેઠળ છૂટાછેડા અથવા (લગ્ન) રદ કરવાના હુકમનામાની નોંધણી માટેની મુદત અને કાર્યરીતિ માટેની જોગવાઈ કરી છે.

**કલમ ૧૨.-** આ કલમથી, રાજ્ય સરકાર દ્વારા રજિસ્ટ્રાર જનરલ અને રજિસ્ટ્રારની નિમણૂક કરવા માટેની જોગવાઈ કરી છે.

**કલમ ૧૪.-** આ કલમથી, નોંધણીને રદ કરવા માટેની અને નોંધણીના અસ્વીકારની સામે અપીલ કરવા માટેની જોગવાઈ કરી છે.

**કલમ ૧૭.-** આ કલમથી, યાદી (મેમોરેન્ડમ) રજૂ કરવામાં બેદરકારી માટે દંડની અને તેના ખોટા નિવેદન બદલ શિક્ષા કરવા માટેની જોગવાઈ કરી છે.

**કલમ ૧૯.-** આ કલમથી, રજિસ્ટ્રારની નિષ્ક્રિયતા માટે દંડ અને આવા દંડની સામે અપીલ કરવા માટેની જોગવાઈ કરી છે.

**કલમ ૨૨.-** આ કલમથી આ સંહિતા હેઠળ નિભાવવામાં આવતા રજિસ્ટરને કોઇ વ્યક્તિ દ્વારા ગુપ્ત રાખવામાં આવે, તેનો નાશ કરવામાં આવે અથવા તેમાં ફેરફાર કરવામાં આવે તે બદલ શિક્ષા માટેની જોગવાઈ કરી છે.

**કલમો ૨૩ અને ૨૪.-** આ કલમોથી, રજિસ્ટ્રાર જાહેર સેવક ગણાશે તેવી અને સામાન્ય ક્ષતિપૂર્તિની જોગવાઈ કરી છે.

**કલમ ૨૫.-** આ કલમથી, આદેશો આપવાની રાજ્ય સરકારની સત્તાની જોગવાઈ કરી છે.

**કલમો ૨૬ અને ૨૭.-** આ કલમોથી, દાંપત્ય અધિકારોની પુનઃસ્થાપનાની અને ન્યાયિક (આંશિક) લગ્ન-વિચ્છેદની જોગવાઈ કરી છે.

**કલમો ૨૮થી ૩૮.-** પ્રકરણ-૪ના ભાગ-૧ની સદરહુ કલમોમાં ઉલ્લેખ્યા પ્રમાણે લગ્ન અને છૂટાછેડા રદ કરવા માટેની જોગવાઈ કરી છે.

**કલમો ૩૯થી ૪૨.-** આ કલમોથી, અનુક્રમે દાવો પડતર હોય તે દરમિયાન (pendente lite) ભરણપોષણ અને કાર્યવાહીના ખર્ચ, કાયમી નિર્વાહ-ખર્ચ અને ભરણપોષણ, બાળકોની કસ્ટડી અને સંભાળ અને મિલકતના નિકાલ માટેની જોગવાઈ કરી છે.

**કલમો ૪૩ થી ૫૧.-** પ્રકરણ-૬ના ભાગ-૧થી સદરહુ કલમોમાં ઉલ્લેખ્યા પ્રમાણે કોર્ટની હકૂમત અને તેની કાર્યરીતિ માટેની જોગવાઈ કરી છે.

**કલમો ૫૨ થી ૫૪.**- પ્રકરણ-૭ના ભાગ-૧થી, પૂરક જોગવાઈઓ જેવી કે હુકમનામા અને હુકમોમાં અપીલ, હુકમનામા અને હુકમોનો અમલ અને ભાગ-૧ના હેતુઓ માટે નિયમો કરવાની સત્તા માટેની જોગવાઈ કરી છે.

**કલમ ૫૫ થી ૬૬.**- ભાગ-૨ ના પ્રકરણ-૧થી, બિન-વસિયતી વારસાહક, ડિગ્રીઓની ગણતરી, ગર્ભમાં બાળકના અધિકાર, એક સાથે થયેલા મૃત્યુના કિસ્સાઓમાં અનુમાન જેવી સામાન્ય જોગવાઈઓ અને તેમાં ઉલ્લેખેલા સંજોગોમાં વારસાહક માટેની ગેરલાયકાતો માટેની જોગવાઈ કરી છે.

**કલમો ૬૭ થી ૬૯.**- આ કલમોથી, વસિયત અને પૂરક વસિયતનામા માટેની જોગવાઈ કરી છે.

**કલમો ૭૦ અને ૭૧.**- આ કલમોથી, આ સંહિતા હેઠળ વસિયત તૈયાર કરવા માટેની જોગવાઈ કરી છે.

**કલમો ૭૨ થી ૭૫.**- આ કલમોથી, તેમાં ઉલ્લેખ્યા મુજબ વસિયત પ્રમાણિત કરવા, રદ કરવા, તેમાં ફેરફાર કરવા અને તેને ફરી અમલમાં મૂકવા માટેની જોગવાઈ કરી છે.

**કલમો ૭૬ થી ૧૧૨.**- આ કલમોથી, તેમાં ઉલ્લેખ્યા મુજબ વસિયતના અર્થઘટન માટેની જોગવાઈ કરી છે.

**કલમો ૧૧૩ થી ૧૧૮.**- આ કલમોથી, કેવા સંજોગો હેઠળ વસિયત રદબાતલ થાય તે માટેની જોગવાઈ કરી છે.

**કલમો ૧૧૯ થી ૧૨૧.**- આ કલમોથી, તેમાં ઉલ્લેખ કર્યા મુજબ વારસો નિહિત કરવા માટેની જોગવાઈ કરી છે.

**કલમો ૧૨૨ અને ૧૨૩.**- આ કલમોથી, બોજાવાળી વિસયતો માટેની જોગવાઈ કરી છે અને વસિયતદાર એકજ વ્યક્તિને આપેલી બે જુદી જુદી અને સ્વતંત્ર વસિયતી બક્ષિસો પૈકીની એક સ્વીકારી શકે છે અને વસિયતદાર બીજી સ્વીકારવાની ના પાડી શકે છે તેવી પણ જોગવાઈ કરી છે.

**કલમો ૧૨૪ અને ૧૨૫.**- આ કલમોથી, અવલંબી વસિયતી બક્ષિસો માટેની જોગવાઈ કરી છે.

**કલમો ૧૨૬ થી ૧૩૭.**- આ કલમોથી, શરતી વસિયતી બક્ષિસો માટેની જોગવાઈ કરી છે.

**કલમો ૧૩૮ થી ૧૪૦.**- આ કલમોથી, ઉપયોગ અથવા ભોગવટા અંગેના આદેશો સાથેની વસિયતી બક્ષિસો માટેની જોગવાઈ કરી છે.

**કલમ ૧૪૧.**- આ કલમથી, એક્ઝિક્યુટર તરીકે નિમાયેલો વસિયતદાર જો પોતે એક્ઝિક્યુટર તરીકે કાર્ય કરવાનો ઈરાદો દર્શાવે નહીં તો તેને કંઈ મળી શકે નહીં તે માટેની જોગવાઈ કરી છે.

**કલમો ૧૪૨ થી ૧૪૯.**- આ કલમોથી, તેમાં ઉલ્લેખ્યા મુજબના યથાનિર્દિષ્ટ વસિયતી વારસાની જોગવાઈ કરી છે.

**કલમો ૧૫૦ અને ૧૫૧.**- આ કલમથી, તેમાં જણાવેલા નિર્દેશિત વારસા માટેની જોગવાઇ કરી છે.

**કલમો ૧૫૨ થી ૧૬૬.**- આ કલમોથી, તેમાં જણાવેલા વારસા-વિચ્છેદ માટેની જોગવાઇ કરી છે.

**કલમો ૧૬૭ થી ૧૭૦.**- આ કલમોથી, વસિયતનામાના સંદર્ભમાં જવાબદારીઓની ચુકવણી માટેની જોગવાઇ કરી છે.

**કલમ ૧૭૧.**- આ કલમથી, જો સામાન્ય શરતોમાં વર્ણવેલ કોઈ વસ્તુની વસિયત હોય, તો વહીવટકર્તાએ વારસાધારક માટે તે ખરીદવું આવશ્યક છે જે વર્ણનનો જવાબ આપવા માટે વાજબી રીતે ગણી શકાય તેવી જોગવાઇ કરી છે.

**કલમ ૧૭૨.**- આ કલમથી, જ્યારે વસિયત તેના હેતુમાં કોઈ સંકેત ન હોય ત્યારે ભંડોળની વસિયત અથવા ઉત્પાદનની પ્રક્રિયા માટેની જોગવાઈ કરે છે.

**કલમો ૧૭૩ થી ૧૭૬.**- આ કલમોથી, તેમાં જણાવેલા વસિયતનામાની વાર્ષિકી માટેની જોગવાઇ કરી છે.

**કલમો ૧૭૭ થી ૧૭૯.**- આ કલમોથી, લેણદારો અને હિસ્સાધારકોને વારસા માટેની જોગવાઇ કરી છે.

**કલમો ૧૮૦ થી ૧૯૦.-** આ કલમોથી, તેમાં જણાવેલા ચૂંટણી થાય તેવા અને કેટલાંક અન્ય આનુષંગિક સંજોગો માટે જોગવાઇઓ કરી છે.

**કલમ ૧૯૧.-** આ કલમથી, મૃત્યુ નજીક છે એમ માનીને આપેલી બક્ષિસો માટેની જોગવાઇ કરી છે.

**કલમો ૧૯૨ થી ૨૦૯.-** ભાગ-૨-ના પ્રકરણ-૩-માં, મૃતકની સંપત્તિના ઉત્તરાધિકાર દ્વારા અધિકારનો દાવો કરતી વ્યક્તિ ખોટા કબજા સામે રાહત માટે અરજી કરી શકે છે, ન્યાયાધીશ દ્વારા કરવામાં આવેલી તપાસ અને પ્રક્રિયા, નિમણૂક, ફરજો અને ક્યુરેટરની સત્તાઓ, ક્યુરેટર્સ દ્વારા ચોક્કસ સત્તાઓના ઉપયોગ પર પ્રતિબંધ, કલેક્ટર પાસેથી અહેવાલ જ્યાં સંપત્તિમાં મહેસૂલ ચૂકવનાર બાળક, સંસ્થા અને બચાવ દાવાનો સમાવેશ થાય છે, તે જ સંપત્તિ માટે બીજા ક્યુરેટરની નિમણૂક પર પ્રતિબંધ, અરજી માટે સમયની મર્યાદા, આ પ્રકરણની લાગુ થવા પર પ્રતિબંધ, સંક્ષિપ્ત કાર્યવાહીના નિર્ણયની દાવો અસર લાવવાના અધિકારની બચત જેવી મૃતકની સંપત્તિના રક્ષણની જોગવાઈ કરવામાં આવી છે.

**કલમો ૨૧૦ થી ૨૧૩.-** ભાગ-૨-ના પ્રકરણ-૪થી, મૃતકની મિલકત વારસામાં જતાં તે મિલકતના પ્રતિનિધિત્વના હક માટેની જોગવાઇ કરી છે.

**કલમો ૨૧૪ થી ૨૩૩.-** આ કલમોથી, તેમાં જણાવેલા પ્રોબેટ અને વહીવટપત્ર આપવા માટેની જોગવાઇ કરી છે.

**કલમો ૨૩૪ થી ૨૩૭.-** આ કલમોથી, તેમાં ઉલ્લેખ કર્યા પ્રમાણેના અમુક સંજોગોમાં, વસિયતનામું ખોવાઇ ગયું હોય અથવા નાશ પામ્યું હોય, ત્યારે મર્યાદિત મંજૂરીને લગતી અમુક જોગવાઇઓ કરી છે.

**કલમો ૨૩૮ થી ૨૪૪.-** આ કલમોથી, ગેરહાજર એક્ઝિક્યુટરના મુખત્યારનામા સાથે જોડાયેલા વસિયતનામા સાથેના વહીવટ, ગેરહાજર વ્યક્તિ, જો હાજર હોય, તો વહીવટ કરવાને હકદાર થાય, તેના મુખત્યારનામા સાથે જોડાયેલ વસિયતનામા સાથેના વહીવટ, વસિયતનામા વિના વહીવટ કરવા હકદાર હોય તેવી ગેરહાજર વ્યક્તિના મુખત્યારનામાના વહીવટ, એકમાત્ર એક્ઝિકયુટર અથવા બાકીના વારસાદારના સગીરપણા દરમિયાન વહીવટ, અનેક એક્ઝિક્યુટર્સ અથવા બાકીના વારસદારના સગીરપણા દરમિયાન વહીવટ, પાગલ અથવા સગીરના ઉપયોગ અને લાભ માટે વહીવટ અને દાવા અનિર્ણિત હોય ત્યાં સુધી વહીવટ જેવા અધિકાર ધરાવતા અન્ય લોકોના ઉપયોગ અને લાભ માટે મંજૂરી આપવા માટેની જોગવાઈ કરી છે.

**કલમો ૨૪૫ થી ૨૬૦.-** આ કલમોથી, તેમાં ઉલ્લેખ કર્યા પ્રમાણેના અમુક સંજોગોમાં ખાસ હેતુઓ માટે મંજૂરી, અપવાદ સાથે મંજૂરી (ગ્રાન્ટ), બાકીની મંજૂરી (ગ્રાન્ટ) વહીવટ વિનાના માલસામાન (મિલકતના ભાગ)ની મંજૂરી અને મંજૂરીમાં ફેરફાર અને તે રદબાતલ કરવા-ને લગતી જોગવાઇ કરી છે.

**કલમો ૨૬૧ થી ૨૯૮.-** આ કલમોથી, તેમાં ઉલ્લેખ કર્યા પ્રમાણેના અમુક સંજોગોમાં, પ્રોબેટ અને વહીવટ-પત્રો આપવા અને રદ કરવાની પ્રથા માટેની જોગવાઇ કરી છે.

**કલમો ૨૯૯ અને ૩૦૦.-** આ કલમોથી, સદોષ એક્ઝિક્યુટર અને તેની જવાબદારી માટેની જોગવાઇ કરી છે.

**કલમો ૩૦૧ થી ૩૨૬.-** આ કલમોથી, તેમાં ઉલ્લેખ કર્યા પ્રમાણેની એક્ઝિક્યુટર અથવા વહીવટકર્તાની સત્તા અને ફરજો માટેની જોગવાઇ કરી છે.

**કલમો ૩૨૭ થી ૩૩૨.-** આ કલમોથી, એક્ઝિક્યુટર અથવા વહીવટકર્તા દ્વારા વસિયતી વારસાને સંમતિ અને તેની અસર બાબતની જોગવાઇ કરી છે.

**કલમો ૩૩૩ થી ૩૩૫.-** આ કલમોથી, તેમાં ઉલ્લેખ કર્યા પ્રમાણેના અમુક સંજોગોમાં, વાર્ષિકીની ચુકવણી અને વહેંચણી માટેની જોગવાઇ કરી છે.

**કલમો ૩૩૬ થી ૩૬૨.-** આ કલમોથી, તેમાં ઉલ્લેખ કર્યા પ્રમાણેના અમુક સંજોગોમાં, વસિયતી વારસા માટે ભંડોળના રોકાણ, વસિયતી વારસો તૈયાર કરવા અને (તેના) હિતસંબંધ અને વસિયતી વારસાના વળતર (રિફંડ) બાબતની જોગવાઇ કરી છે.

**કલમો ૩૬૩ અને ૩૬૪.-** આ કલમોથી, વિનાશ માટે તેમજ મિલકતનો કોઈપણ ભાગ મેળવવામાં અવગણના માટે એક્ઝિક્યુટર અથવા વહીવટકર્તાની જવાબદારી માટેની જોગવાઇ કરી છે.

**કલમો ૩૬૫ થી ૩૮૨.-** આ કલમો સમાવિષ્ટ કરતા ભાગ-૨-ના પ્રકરણ-૬થી, વારસાહકના પ્રમાણપત્રો માટેની જોગવાઇઓ અને કાર્યવાહી બાબત જોગવાઇ કરી છે.
**કલમ ૩૮૩.-** આ કલમથી જોગવાઇ કરી છે કે ભાગ-૨-ના પ્રકરણ-૨-માંનો કોઇપણ મજકૂર, વસિયત કરનારને, જે વારસાગત મિલકતો તેણી/તે જીવિત વ્યક્તિઓને આપી શક્યા ન હોત,

તેવી (વારસાગત) મિલકતનું વસિયત કરવા માટે અને જીવન-નિર્વાહના જે હકથી તેણી/તે વસિયતથી અન્યથા કોઇપણ વ્યક્તિને વંચિત કરી શક્યા ન હોત તેવા (જીવન નિર્વાહના) કોઇ હકથી વંચિત કરવા માટે અધિકૃત કરશે નહિ.

**કલમો ૩૮૪ થી ૩૯૫.-** આ કલમો સમાવિષ્ટ કરતા અધિનિયમના ભાગ-૩થી, લિવ-ઇન રિલેશનશિપ માટેની જોગવાઇ કરી છે.

**કલમ ૩૯૬.-** આ કલમથી, આ અધિનિયમથી આવરી લેવામાં આવતી બાબતોને લગતા આ અધિનિયમના આરંભની તરત પહેલાં રાજ્યમાં અમલમાં હોય તેવા કોઈપણ કાયદા (વૈધાનિક અથવા અન્યથા), પ્રથા, રૂઢિ અને રિવાજ રદ કરવા અને તેના અપવાદ બાબતની જોગવાઇ કરી છે.

**કલમ ૩૯૭.-** આ કલમથી, અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરવા માટેની રાજ્ય સરકારની સત્તા અંગેની જોગવાઇ કરી છે.

**કલમ ૩૯૮.-** આ કલમથી, અધિનિયમના આરંભથી બે વર્ષની મુદતની અંદર ઊભી થતી મુશ્કેલીઓ દૂર કરવા માટેની રાજ્ય સરકારની સત્તા અંગેની જોગવાઇ કરી છે.

હર્ષ સંઘવી,

## નાણાકીય યાદી

રાજ્ય સરકારના વિવિધ વિભાગોનો વિદ્યમાન કર્મચારીવર્ગ (સ્ટાફ), સંહિતાના ઉદ્દેશો પાર પાડવા માટે કાર્યો કરશે અને તેથી, વિધેયક અધિનિયમિત કરવામાં આવે અને અમલમાં લાવવામાં આવે, તો રાજ્યના એકત્રિત ફંડમાંથી કોઈ વધારાનો ખર્ચ થશે નહિ.

હર્ષ સંઘવી,

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકથી, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણી માટેની જોગવાઇ કરી છે:-

**કલમ ૧.-** આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

**કલમ 3.-** (૧) આ કલમની પેટા-કલમ (૪)ના પરિચ્છેદ (ગ)થી, રાજય સરકારને, લિવ-ઇન રિલેશનશિપમાં હોય અથવા આવા સંબંધમાં જોડાવાનો ઇરાદો ધરાવતા હોય તેવા પુરૂષ અને સ્ત્રી દ્વારા જે રીતે સંયુક્ત રીતે સહી કરેલું નિવેદન રજિસ્ટ્રારને રજૂ કરવું જોઇશે તે રીત, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે;

(૨) આ કલમની પેટા-કલમ (૪)ના પરિચ્છેદ (ઘ)થી, રાજય સરકારને, હાલના લિવ-ઈન રિલેશનશીપના કોઈપણ અથવા બંને ભાગીદારો દ્વારા આવા સંબંધનો અંત આવેલ છે તેવું સહી કરેલું સમાપ્તિનું નિવેદન જે રીતે રજિસ્ટ્રારને રજૂ કરવું જોઇશે તે રીત, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

**કલમ ૧૦.-** (૧) આ કલમની પેટા-કલમ (૧)થી, રાજય સરકારને, તેમાં ઉલ્લેખેલા સંજોગોમાં, લગ્નના પક્ષકારોએ, જે રીતે લગ્નની તારીખથી સાઠ દિવસની મુદતની અંદર, યાદી (મેમોરેન્ડમ) રજૂ કરવી જોઇશે તે રીત નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

(૨) આ કલમની પેટા-કલમ (૨)થી, રાજય સરકારને, તેમાં ઉલ્લેખેલા સંજોગોમાં, લગ્નના પક્ષકારોએ, જે રીતે આ સંહિતાના આરંભની તારીખથી એક વર્ષની મુદતની અંદર, જેની હકૂમતની અંદર (૧) લગ્નની વિધિ/લગ્નનો કરાર થયો હોય અથવા (૨) લગ્નના બંને અથવા કોઈ પક્ષકાર રહેતા હોય તે રજિસ્ટ્રારને, યાદી (મેમોરેન્ડમ) રજૂ કરવી જોઇશે તે રીત નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

(૩) આ કલમની પેટા-કલમ (૩)થી, રાજય સરકારને, તેમાં ઉલ્લેખેલા સંજોગોમાં, લગ્નના પક્ષકારોએ, જે રીતે આ સંહિતાના આરંભની તારીખથી એક વર્ષની મુદતની અંદર, યાદી (મેમોરેન્ડમ) રજૂ કરવી જોઇશે તે રીત, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

**કલમ ૧૧.-** (૧) આ કલમની પેટા-કલમ (૧)થી, રાજય સરકારને, તેમાં ઉલ્લેખેલા સંજોગોમાં, હુકમનામાના બંને અથવા કોઈપણ પક્ષકારે, જે રીતે હુકમનામું જે તારીખે આખરી કરવામાં આવે

તે તારીખથી સાઠ દિવસની મુદતની અંદર, યાદી (મેમોરેન્ડમ) રજૂ કરવું જોઇશે તે રીત નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

(૨) આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, રજિસ્ટ્રેશન(નોંધણી) કરાવવા ઇચ્છતા હુકમનામાના બંને અથવા કોઈપણ પક્ષકારો, આ સંહિતાના આરંભની તારીખથી એક વર્ષની મુદતની અંદર, તેમાં જણાવેલા સંજોગોમાં જે રીતે યાદી(મેમોરેન્ડમ) રજૂ કરી શકશે તે રીત, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

**કલમ ૧૨.**- આ કલમથી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, રાજ્ય માટે રજિસ્ટ્રાર જનરલ તરીકે પોતાને યોગ્ય જણાય તેવી વ્યક્તિની નિમણૂક કરવાની સત્તા મળે છે; તેનાથી રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, પોતાને યોગ્ય જણાય તેવા કોઈ વિસ્તાર (વિસ્તારો) માટે રજિસ્ટ્રાર(રજિસ્ટ્રારો)ની નિમણૂક કરવાની પણ સત્તા મળે છે.

**કલમ ૫૪.**- આ કલમથી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, સંહિતાના ભાગ ૧ ના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરવાની સત્તા મળે છે.

**કલમ ૨૧૯.**- આ કલમથી, રાજ્ય સરકારને, જે શરતોને અધીન રહીને, કંપનીને પ્રોબેટ આપી શકાય તે શરતો, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

**કલમ ૨૩૨.**- આ કલમથી, રાજ્ય સરકારને, જે શરતોને અધીન રહીને, વહીવટપત્રો કંપનીને આપી શકાય તે શરતો, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

**કલમ ૨૬૨.**- આ કલમની પેટા-કલમ (૧)થી, ગુજરાત હાઇકોર્ટને, જે સ્થાનિક હદોની અંદર તે, જિલ્લા ન્યાયાધીશ માટે બિન-વિવાદિત કેસોમાં પ્રોબેટ અને વહીવટીપત્રો આપવા માટે પ્રતિનિધિ તરીકે કાર્ય કરવા માટે પોતાને યોગ્ય લાગે તેવા કોઈપણ જિલ્લામાં આવા ન્યાયિક અધિકારીઓની નિમણૂક કરી શકશે તે સ્થાનિક હદો ઠરાવવાની સત્તા મળે છે.

**કલમ ૩૧૨.**- આ કલમની પેટા-કલમ (૨)થી, ગુજરાત હાઇકોર્ટને, જે નમૂનામાં તેમાં જણાવ્યા પ્રમાણેની યાદી (ઇન્વેન્ટરી) અથવા હિસાબ પ્રદર્શિત કરવા જોઇશે તે નમૂના ઠરાવવાની સત્તા મળે છે.

**કલમ ૩૮૧.**– આ કલમની પેટા-કલમ (૧)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, (આ) સંહિતાના પ્રકરણ ૬ હેઠળ જિલ્લા ન્યાયાધીશથી ઉતરતા દરજ્જાની કોઈપણ અદાલતને, જિલ્લા ન્યાયાધીશના કાર્યો કરવાની સત્તા આપવા માટેની સત્તા મળે છે.

**કલમ ૩૮૯.-** આ કલમની પેટા-કલમ (૧) થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, ભાગ-૧ હેઠળ નિમાયેલા રજિસ્ટ્રારને, ભાગ-૩ હેઠળ રજિસ્ટ્રાર તરીકે કાર્ય કરવાની સત્તા આપી છે.

**કલમ ૩૯૨.-** આ કલમથી, રાજ્ય સરકારને, રજિસ્ટ્રારની નોટિસ પ્રાપ્ત થયાની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર તેમાં ઉલ્લેખિત સંજોગોમાં, લિવ-ઇન રિલેશનશિપના કોઈ ભાગીદાર (રો) ને નિવેદન રજૂ કરવું જોઇશે તે રીત, નિયમોથી ઠરાવવાની સત્તા આપી છે.

**કલમ ૩૯૫.-** આ કલમથી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, સંહિતાના ભાગ ૩ના હેતુઓ પૂર્ણ કરવા માટે, નિયમો કરવાની સત્તા આપી છે.

**કલમ ૩૯૭.-** આ કલમની, પેટા-કલમ (૧) થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, સંહિતાના હેતુઓ પૂર્ણ કરવા માટે, નિયમો કરવાની સત્તા આપી છે.

**કલમ ૩૯૮.-** આ કલમની, પેટા-કલમ (૧) થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં પ્રસિદ્ધ થયેલા હુકમથી, સંહિતાના આરંભથી બે વર્ષના સમયગાળામાં ઊભી થતી મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા આપી છે.

રાજ્ય સરકાર દ્વારા જેના સંબંધમાં નિયમો કરી શકાશે તેવી કલમો ૧૩ (૧), ૧૩ (૨), ૧૩ (૨) (ક), ૧૩ (૨) (ખ), ૧૪ (૨) (ખ), ૧૫, ૧૮, ૧૯ (૩), ૩૮૭ (૧), ૩૮૭ (૩), ૩૮૭ (૪) (ક), ૩૮૯ (૨) અને ૩૯૦માં નિર્દિષ્ટ કરેલી બાબતો, કાર્યરીતિ અને વહીવટી પાસાને લગતી બાબતો છે, અને તેથી, તેનો ઉલ્લેખ ધારાકીય સત્તાની સોંપણીમાં કર્યો નથી.

ઉપર્યુકત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ: ૧૭મી માર્ચ, ૨૦૨૬. હર્ષ સંઘવી.

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**[સન ૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક. ૧૭.]**

લગ્ન અને છૂટાછેડા, વારસાહક, લિવ-ઈન રિલેશનશિપ અને તેને સંબંધિત બાબતોને લગતા કાયદાનું સંચાલન અને નિયમન કરવા માટેનું વિધેયક.

**[શ્રી** હર્ષ સંઘવી,

**નાયબ મુખ્ય મંત્રીશ્રી]**

**(સન ૨૦૨૬ના માર્ચ મહિનાની ૧૭મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)**

ચેતન પંડયા,
સચિવ,
ગુજરાત વિધાનસભા.